# કલામે શાહ કરીમ

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામના

મુબારક ફરમાનો

૧૯૫૭ - ૨૦૦૫

# કલામે શાહ કરીમ

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામના
મુબારક ફરમાનો
૧૯૫૭ - ૨૦૦૫

# અનુક્રમણિકા


| અ.ક્ર | તારીખ | સ્થળ | પેજ નં |
|---|---|---|---|
| ૧. | ૧૩-૭-૧૯૫૭ | જીનેવા | ૧ |
| ૨. | ૨૦-૭-૧૯૫૭ | કેરો | ૧ |
| ૩. | ૨૬-૭-૧૯૫૭ | લંડન | ૨ |
| ૪. | ૨૮-૭-૧૯૫૭ | લંડન | ૨ |
| ૫. | ૪-૮-૧૯૫૭ | કરાંચી | ૩ |
| ૬. | ૧૦-૮-૧૯૫૭ | મુંબઈ | ૪ |
| ૭. | ૧૫-૮-૧૯૫૭ | મોમ્બાસા | ૪ |
| ૮. | ૨૧-૧૦-૧૯૫૭ | નેરોબી | ૫ |
| ૯. | ૨૨-૧૦-૧૯૫૭ | નેરોબી | ૭ |
| ૧૦. | ૨૫-૧૦-૧૯૫૭ | કંમ્પાલા | ૭ |
| ૧૧. | ૨૭-૧૦-૧૯૫૭ | કંમ્પાલા | ૮ |
| ૧૨. | ૨૯-૧૦-૧૯૫૭ | મસાકા | ૧૦ |
| ૧૩. | ૧૧-૧૧-૧૯૫૭ | મચાકોસ | ૧૧ |
| ૧૪. | ૧૨-૧૧-૧૯૫૭ | અરૂશા | ૧૧ |
| ૧૫. | ૧૩-૧૧-૧૯૫૭ | મોમ્બાસા | ૧૨ |
| ૧૬. | નવેમ્બર-૧૯૫૭ | મોમ્બાસા | ૧૨ |
| ૧૭. | ૧૪-૧૧-૧૯૫૭ | મોમ્બાસા | ૧૩ |
| ૧૮. | ૧૬-૧૧-૧૯૫૭ | મોમ્બાસા | ૧૪ |
| ૧૯. | ૨૫-૧૧-૧૯૫૭ | દારેસ્લામ | ૧૫ |
| ૨૦. | ૨૬-૧૧-૧૯૫૭ | દારેસ્લામ | ૧૬ |
| ૨૧. | ૨૬-૧૧-૧૯૫૭ | દારેસ્લામ | ૧૭ |
| ૨૨. | ૨૬-૧૧-૧૯૫૭ | દારેસ્લામ | ૧૭ |
| ૨૩. | ૨૭-૧૧-૧૯૫૭ | દારેસ્લામ | ૧૮ |
| ૨૪. | ૨૭-૧૧-૧૯૫૭ | દારેસ્લામ | ૧૯ |
| ૨૫. | ૨૯-૧૧-૧૯૫૭ | ઈરીંગા | ૧૯ |
| ૨૬. | ૩૦-૧૧-૧૯૫૭ | ઝામ્બીયા | ૨૦ |
| ૨૭. | ૨૨-૧-૧૯૫૮ | મુંબઈ | ૨૧ |
| ૨૮. | ૨૩-૧-૧૯૫૮ | કરાંચી | ૨૨ |
| ૨૯. | ૨૫-૧-૧૯૫૮ | કરાંચી | ૨૩ |
| ૩૦. | ૨૮-૧-૧૯૫૮ | કરાંચી | ૨૪ |
| ૩૧. | ૨૯-૧-૧૯૫૮ | કરાંચી | ૨૪ |
| ૩૨. | ૧૨-૨-૧૯૫૮ | ઢાકા | ૨૫ |
| ૩૩. | ૧૧-૩-૧૯૫૮ | મુંબઈ | ૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૩૪. | ૨૩-૩-૧૯૫૮ | મુંબઈ | ૨૭ |
| ૩૫. | ૫-૫-૧૯૫૮ | લીયોપોલ્વીલે | ૨૭ |
| ૩૬. | ૧૦-૫-૧૯૫૮ | કીંગાલ | ૨૮ |
| ૩૭. | ૨૯-૫-૧૯૫૮ | કરાંચી | ૨૮ |
| ૩૮. | ૨૯-૫-૧૯૫૮ | તાનાનારીવ | ૨૯ |
| ૩૯. | ૨૯-૧૦-૧૯૫૮ | પાકિસ્તાન | ૩૦ |
| ૪૦. | ૨૧-૯-૧૯૫૯ | કરાંચી. રણછોડલાઈન | ૩૦ |
| ૪૧. | ૨૨-૯-૧૯૫૯ | કીસુમું | ૩૧ |
| ૪૨. | ૨૪-૯-૧૯૫૯ | નૈરોબી | ૩૨ |
| ૪૩. | ૨૪-૯-૧૯૫૯ | નૈરોબી | ૩૨ |
| ૪૪. | ૧-૧૦-૧૯૫૯ | દારેસ્લામ | ૩૩ |
| ૪૫. | ૪-૧૦-૧૯૫૯ | મોમ્બાસા | ૩૩ |
| ૪૬. | ઑક્ટોબર ૧૯૫૯ | મોમ્બાસા | ૩૪ |
| ૪૭. | ઑક્ટોબર ૧૯૫૯ | મોમ્બાસા | ૩૫ |
| ૪૮. | ૯-૧૦-૧૯૫૯ | દારેસ્લામ | ૩૫ |
| ૪૯. | ૧૩-૧૦-૧૯૫૯ | નૈરોબી | ૩૭ |
| ૫૦. | ૧૩-૧૦-૧૯૫૯ | નૈરોબી | ૩૭ |
| ૫૧. | ૧૩-૧૦-૧૯૫૯ | નૈરોબી | ૩૮ |
| ૫૨. | ૧૬-૩-૧૯૬૦ | રંગુન | ૩૮ |
| ૫૩. | ૨૦-૩-૧૯૬૦ | રંગુન | ૩૮ |
| ૫૪. | ૨૧-૩-૧૯૬૦ | રંગુન | ૩૯ |
| ૫૫. | ૨૩-૩-૧૯૬૦ | રંગુન | ૪૦ |
| ૫૬. | ૨૬-૯-૧૯૬૦ | કરાંચી-ગાર્ડન | ૪૦ |
| ૫૭. | ૨૬-૯-૧૯૬૦ | કરાંચી | ૪૧ |
| ૫૮. | ૨૭-૯-૧૯૬૦ | કરાંચી | ૪૬ |
| ૫૯. | ૨-૧૦-૧૯૬૦ | મોમ્બાસા | ૪૮ |
| ૬૦. | ૧૭-૧૦-૧૯૬૦ | ઢાકા | ૪૮ |
| ૬૧. | ૨૬-૧૦-૧૯૬૦ | કરાંચી | ૪૯ |
| ૬૨. | ૨૨-૧૨-૧૯૬૦ | સુજાવલ પાકિસ્તાન | ૫૦ |
| ૬૩. | ડીસેમ્બર ૧૯૬૦ | પાકિસ્તાન | ૫૦ |
| ૬૪. | ૧૦-૧૨-૧૯૬૧ | નૈરોબી | ૫૧ |
| ૬૫. | ૨૯-૯-૧૯૬૨ | થાણા-ભારત | ૫૧ |
| ૬૬. | ૨૯-૯-૧૯૬૨ | પુના-ભારત | ૫૨ |
| ૬૭. | ૩૦-૯-૧૯૬૨ | પુના-ભારત | ૫૩ |
| ૬૮. | ૨-૧૦-૧૯૬૨ | મુંબઈ-દરખાના | ૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૬૯. | ઑક્ટોબર ૧૯૬૨ | પુના-ભારત | ૫૪ |
| ૭૦. | ૩-૧૦-૧૯૬૨ | મુંબઈ દરખાના | ૫૪ |
| ૭૧. | ૪-૧૦-૧૯૬૨ | નૈરોબી | ૫૭ |
| ૭૨. | ૪-૧૦-૧૯૬૨ | નૈરોબી દરખાના | ૫૭ |
| ૭૩. | ૭-૧૦-૧૯૬૨ | કંમ્પાલા | ૫૯ |
| ૭૪. | ૮-૧૦-૧૯૬૨ | હોઈમારોડ. કંમ્પાલા | ૬૦ |
| ૭૫. | ૮-૧૦-૧૯૬૨ | કંમ્પાલા | ૬૧ |
| ૭૬. | ૧૩-૫-૧૯૬૩ | પેરીસ | ૬૧ |
| ૭૭. | મે- ૧૯૬૩ | પેરીસ | ૬૨ |
| ૭૮. | ૭-૯-૧૯૬૩ | નૈરોબી | ૬૩ |
| ૭૯. | ૭-૯-૧૯૬૩ | નૈરોબી દરખાના જમાતખાના | ૬૪ |
| ૮૦. | ૭-૯-૧૯૬૩ | નૈરોબી દરખાના | ૬૪ |
| ૮૧. | ૭-૯-૧૯૬૩ | નૈરોબી | ૬૫ |
| ૮૨. | ૯-૯-૧૯૬૩ | લીયોપોલ્ડવીલ | ૬૫ |
| ૮૩. | ૨૧-૧૧-૧૯૬૩ | કરાંચી | ૬૭ |
| ૮૪. | ૧૦-૧૨-૧૯૬૩ | નૈરોબી દરખાના | ૬૭ |
| ૮૫. | ૨૫-૯-૧૯૬૪ | મુંબઈ | ૬૮ |
| ૮૬. | ૨૧-૧૧-૧૯૬૪ | કરાંચી | ૬૯ |
| ૮૭. | ૨૧-૧૧-૧૯૬૪ | કરાંચી, ગાર્ડન | ૬૯ |
| ૮૮. | ૨૧-૧૧-૧૯૬૪ | પાકિસ્તાન, કરીમાબાદ,કરાંચી | ૭૦ |
| ૮૯. | ૨૩-૧૧-૧૯૬૪ | પેશાવર-પાકિસ્તાન | ૭૦ |
| ૯૦. | ૨૪-૧૧-૧૯૬૪ | રાવળપીંડી, પાકિસ્તાન | ૭૨ |
| ૯૧. | ૨૪-૧૧-૧૯૬૪ | કરીમાબાદ, કરાંચી | ૭૩ |
| ૯૨. | ૨૫-૧૧-૧૯૬૪ | લાહોર, પાકિસ્તાન | ૭૩ |
| ૯૩. | ૨૬-૧૧-૧૯૬૪ | કરાંચી | ૭૪ |
| ૯૪. | ૨૭-૧૧-૧૯૬૪ | ગુજરાનવાલા-પાકિસ્તાન | ૭૫ |
| ૯૫. | ૨૭-૧૧-૧૯૬૪ | સરગોધા, પાકિસ્તાન | ૭૫ |
| ૯૬. | ૨૯-૧૧-૧૯૬૪ | કરાંચી, ગાર્ડન | ૭૬ |
| ૯૭. | ૨૯-૧૧-૧૯૬૪ | કરાંચી, દરખાના | ૭૮ |
| ૯૮. | ૧-૧૨--૧૯૬૪ | સુલતાનાબાદ ઢાકા | ૭૮ |
| ૯૯. | ૨-૧૨-૧૯૬૪ | ખુલના બંગલાદેશ | ૭૯ |
| ૧૦૦. | ૩-૧૨-૧૯૬૪ | સુલતાનાબાદ-ઢાકા | ૮૦ |
| ૧૦૧. | ૩--૧૨-૧૯૬૪ | ચીત્તાગંગ-બંગલાદેશ | ૮૦ |
| ૧૦૨. | ૫-૧૨-૧૯૬૪ | ઢાકા | ૮૧ |
| ૧૦૩. | ૮-૧૨-૧૯૬૪ | સુલતાના બાદ-ઢાકા | ૯૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૪. | ૯-૧૨-૧૯૬૪ | ઢાકા | ૯૩ |
| ૧૦૫. | ૯-૧૨-૧૯૬૪ | સુલતાનાબાદ-ઢાકા | ૯૪ |
| ૧૦૬. | ૯-૧૨-૧૯૬૪ | સુલતાનાબાદ-ઢાકા | ૯૫ |
| ૧૦૭. | ૧૦-૧૨-૧૯૬૪ | કરાંચી | ૯૬ |
| ૧૦૮. | ૧૩-૧૨-૧૯૬૪ | કરાંચી | ૯૬ |
| ૧૦૯. | ૧૬-૧૨-૧૯૬૪ | કરાંચી-ગીનાન મહેફીલ | ૧૦૦ |
| ૧૧૦. | ૨૧-૧૨-૧૯૬૪ | હૈદ્રાબાદ-પાકિસ્તાન | ૧૦૧ |
| ૧૧૧. | ૨૨-૧૨-૧૯૬૪ | ટંડોમોહમદખાન-પાકિસ્તાન | ૧૦૧ |
| ૧૧૨. | ૨૩-૧૨-૧૯૬૪ | તલ્હાર-પાકિસ્તાન | ૧૦૨ |
| ૧૧૩. | ૨૩-૧૨-૧૯૬૪ | હૈદરાબાદ-પાકિસ્તાન | ૧૦૨ |
| ૧૧૪. | ડીસેમ્બર-૧૯૬૪ | લાયન્સકલબ-હૈદરાબાદ | ૧૦૩ |
| ૧૧૫. | ૨૫-૧૨-૧૯૬૪ | કરાંચી | ૧૦૩ |
| ૧૧૬. | ૨૬-૧૨-૧૯૬૪ | નૈરોબી | ૧૦૪ |
| ૧૧૭. | ૫-૫-૧૯૬૫ | પેરીસ | ૧૦૬ |
| ૧૧૮. | ૨૦-૧૦-૧૯૬૫ | પેરીસ | ૧૦૭ |
| ૧૧૯. | ૮-૧૦-૧૯૬૬ | એલ્ડોરેટ | ૧૦૮ |
| ૧૨૦. | ૧૯-૧૦-૧૯૬૬ | નૈરોબી | ૧૦૮ |
| ૧૨૧. | ૨૨-૧૦-૧૯૬૬ | મોશી | ૧૦૯ |
| ૧૨૨. | ૮-૧૧-૧૯૬૬ | કીગોમાં | ૧૧૦ |
| ૧૨૩. | ૧૯-૧૧-૧૯૬૬ | તાનાનારીવે | ૧૧૦ |
| ૧૨૪. | ૧૫-૩-૧૯૬૭ | પાર્કલેન્ડ, નૈરોબી | ૧૧૧ |
| ૧૨૫. | ૧૫-૩-૧૯૬૭ | નૈરોબી-દરખાના | ૧૧૨ |
| ૧૨૬. | ૨૫-૧૦-૧૯૬૭ | આફ્રિકાની સઘળી જમાતજોગ | ૧૧૪ |
| ૧૨૭. | ૬-૧૧-૧૯૬૭ | મુંબઈ-દરખાના | ૧૧૪ |
| ૧૨૮. | ૬-૧૧-૧૯૬૭ | મુંબઈ-કરીમાબાદ | ૧૧૫ |
| ૧૨૯. | ૬-૧૧-૧૯૬૭ | મુંબઈ-કરીમાબાદ | ૧૧૬ |
| ૧૩૦. | ૮-૧૧-૧૯૬૭ | મુંબઈ-વાડી | ૧૧૬ |
| ૧૩૧. | ૮-૧૧-૧૯૬૭ | મુંબઈ-વાડી | ૧૧૯ |
| ૧૩૨. | ૯-૧૧-૧૯૬૭ | કરીમાબાદ-મુંબઈ | ૧૨૦ |
| ૧૩૩. | ૧૪-૧૧-૧૯૬૭ | સિધ્ધપુર-ભારત | ૧૨૫ |
| ૧૩૪. | ૧૯-૧૧-૧૯૬૭ | યવતમાલ-ભારત | ૧૨૮ |
| ૧૩૫. | ૨૨-૧૧-૧૯૬૭ | કરીમાબાદ-મુંબઈ | ૧૨૯ |
| ૧૩૬. | ૨૬-૧૧-૧૯૬૭ | મુંબઈ | ૧૩૨ |
| ૧૩૭. | ૩૦-૧૧-૧૯૬૭ | પેશાવર-પાકિસ્તાન | ૧૩૩ |
| ૧૩૮. | ૨૨-૨-૧૯૬૯ | પુના-ભારત | ૧૩૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૯. | ૨૩-૨-૧૯૬૯ | પુના-ભારત | ૧૩૪ |
| ૧૪૦. | ૨૩-૨-૧૯૬૯ | મુંબઈ | ૧૩૭ |
| ૧૪૧. | ૨૨-૧-૧૯૭૦ | ખુલના-બંગલાદેશ | ૧૩૮ |
| ૧૪૨. | ૨૩-૧-૧૯૭૦ | ખુલના-બંગલાદેશ | ૧૩૯ |
| ૧૪૩. | ૧૯૭૦ | પાકિસ્તાન સિંધ યુનિર્વસીર્ટી | ૧૪૦ |
| ૧૪૪. | ૧૫-૨-૧૯૭૦ | કરાંચી-દરબાર | ૧૪૧ |
| ૧૪૫. | ૧૬-૧૧-૧૯૭૦ | કંમ્પાલા | ૧૪૧ |
| ૧૪૬. | ૨૪-૨-૧૯૭૨ | કંમ્પાલા | ૧૪૨ |
| ૧૪૭. | ૩૦-૬-૧૯૭૨ | પેરીસ | ૧૪૩ |
| ૧૪૮. | ૨૭-૧૧-૧૯૭૩ | મુંબઈ-દરખાના | ૧૪૪ |
| ૧૪૯. | ૧૫-૨-૧૯૭૬ | દરખાના-નૈરોબી | ૧૪૯ |
| ૧૫૦. | ૧૫-૨-૧૯૭૬ | નૈરોબી સ્ટુડન્ટસ | ૧૫૦ |
| ૧૫૧. | ૧૫-૨-૧૯૭૬ | નૈરોબી (પાર્કલેન્ડ) | ૧૫૨ |
| ૧૫૨. | ૧૫-૨-૧૯૭૬ | ઈસ્ટલેન્ડ જમાતખાના-નૈરોબી | ૧૫૩ |
| ૧૫૩. | ૧૯-૨-૧૯૭૬ | કરાંચી-ગાર્ડન | ૧૫૪ |
| ૧૫૪. | ૧૫-૩-૧૯૭૬ | કરાંચી-દરબાર | ૧૫૬ |
| ૧૫૫. | ૧૮-૩-૧૯૭૬ | કરાંચી-ગાર્ડન | ૧૫૭ |
| ૧૫૬. | ૨૫-૧૧-૧૯૭૭ | લંડન (ઈન્સ્ટીટયુટ) | ૧૫૮ |
| ૧૫૭. | ૯-૧-૧૯૭૮ | અંધેરી-મુંબઈ | ૧૫૯ |
| ૧૫૮. | ૯-૧-૧૯૭૮ | દમાસ્કસ-સીરીયા | ૧૬૩ |
| ૧૫૯. | ૩૦-૩-૧૯૭૯ | રાવળપીંડી-પાકિસ્તાન | ૧૬૩ |
| ૧૬૦. | ૩૦-૧૦-૧૯૭૯ | કરીમાબાદ-ઢાકા | ૧૬૪ |
| ૧૬૧. | ૧૨-૧૧-૧૯૭૯ | ખારાધર-કરાંચી | ૧૬૪ |
| ૧૬૨. | ૧૦-૭-૧૯૮૨ | પેરીસ | ૧૬૫ |
| ૧૬૩. | ૧૨-૧૦-૧૯૮૨ | નૈરોબી | ૧૬૬ |
| ૧૬૪. | ૯-૧-૧૯૮૩ | સીંગાપુર | ૧૬૭ |
| ૧૬૫. | ૧૫-૩-૧૯૮૩ | કરાંચી | ૧૬૭ |
| ૧૬૬. | ૨૨-૩-૧૯૮૩ | ઈસ્લામાબાદ-પાકિસ્તાન | ૧૬૮ |
| ૧૬૭. | ૨૫-૩-૧૯૮૩ | કરાંચી | ૧૬૯ |
| ૧૬૮. | ૧૩-૬-૧૯૮૩ | શીકાગો- યુ એસ.એ | ૧૭૧ |
| ૧૬૯. | ૧૧-૧૧-૧૯૮૫ | કરાંચી (યુનિવરસિર્ટી) | ૧૭૩ |
| ૧૭૦. | ૬-૧૧-૧૯૮૬ | શીકાગો -યુ.એસ.એ | ૧૭૪ |
| ૧૭૧. | ૮-૧૧-૧૯૮૬ | હયુસ્ટન. અમેરીકા. | ૧૭૬ |
| ૧૭૨. | ૯-૧૧-૧૯૮૬ | હયુસ્ટન યુ.એસ.એ | ૧૭૭ |
| ૧૭૩. | ૧૧-૧૧-૧૯૮૬ | ન્યુર્યાક-અમેરીકા | ૧૭૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૪. | ૧૧-૧૧-૧૯૮૬ | અમેરીકા | ૧૭૯ |
| ૧૭૫. | ૧૦-૪-૧૯૮૭ | પોર્ટુગલ (સ્ટુડન્ટસ) | ૧૮૦ |
| ૧૭૬. | ૨૨-૧૧-૧૯૮૭ | ઈસ્લામબાદ-પાકિસ્તાન | ૧૮૩ |
| ૧૭૭. | ૨૪-૧૧-૧૯૮૭ | લાહોર-પાકિસ્તાન | ૧૮૩ |
| ૧૭૮. | ૨૬-૧૧-૧૯૮૭ | લાહોર-પાકિસ્તાન. | ૧૮૪ |
| ૧૭૯. | ૬-૧૦-૧૯૮૮ | દારેસ્લામ | ૧૮૫ |
| ૧૮૦. | ૯-૧૦-૧૯૮૮ | મ્વાન્ઝા | ૧૮૭ |
| ૧૮૧. | ૧૧-૧૨-૧૯૮૮ | નેરોબી | ૧૮૯ |
| ૧૮૨. | ૧૯૮૯ | ભારત-પધરામણી | ૧૯૧ |
| ૧૮૩. | ૧૧-૩-૧૯૮૯ | હૈદરાબાદ(સ્ટુડન્ટસ)-પાકિસ્તાન | ૧૯૩ |
| ૧૮૪. | ૨૧-૩-૧૯૮૯ | કરીમાબાદ-કરાંચી | ૧૯૪ |
| ૧૮૫. | ૧-૧૨-૧૯૯૦ | એગ્લોમા-પેરીસ | ૧૯૮ |
| ૧૮૬. | ૧૧-૭-૧૯૯૧ | નેરોબી | ૨૦૦ |
| ૧૮૭. | ૧૧-૭-૧૯૯૧ | દારેસ્લામ | ૨૦૦ |
| ૧૮૮. | ૧૦-૧૧-૧૯૯૨ | સુરત-ભારત | ૨૦૧ |
| ૧૮૯. | ૧૧-૧૧-૧૯૯૨ | માળિયાહાટીના-ભારત | ૨૦૩ |
| ૧૯૦. | ૧૮-૧૧-૧૯૯૨ | હૈદરાબાદ-ભારત | ૨૦૪ |
| ૧૯૧. | ૨૩-૧૧-૧૯૯૨ | બાન્દ્રા- મુંબઈ | ૨૧૩ |
| ૧૯૨. | ૫-૮-૧૯૯૪ | લંડન | ૨૧૫ |
| ૧૯૩. | ૮-૮-૧૯૯૪ | લંડન | ૨૧૭ |
| ૧૯૪. | ૧૪-૮-૧૯૯૪ | લંડન-(દરબાર) | ૨૧૭ |
| ૧૯૫. | ૧૩-૧૧-૧૯૯૪ | ઈસ્લામાબાદ-પાકિસ્તાન | ૨૨૦ |
| ૧૯૬. | ૨૯-૧-૧૯૯૫ | મોસ્કો-રશિયા | ૨૨૨ |
| ૧૯૭. | ૨૪-૫-૧૯૯૫ | દાશેમ્બે-તાજીકિસ્તાન | ૨૨૫ |
| ૧૯૮. | ૨૬-૫-૧૯૯૫ | રીજદ-બદકશાન-તાજીકિસ્તાન | ૨૨૬ |
| ૧૯૯. | ૨૬-૫-૧૯૯૫ | મુર્ગાબ-બદકશાન-તાજીકિસ્તાન | ૨૨૮ |
| ૨૦૦. | ૨૭-૫-૧૯૯૫ | રૂશાન-બદકશાન-તાજીકિસ્તાન | ૨૨૯ |
| ૨૦૧. | ૧-૧૦-૧૯૯૬ | ગીલગીટ-પાકિસ્તાન | ૨૩૦ |
| ૨૦૨. | ૧-૧૦-૧૯૯૬ | ગુપીસ-પાકિસ્તાન | ૨૩૧ |
| ૨૦૩. | ૧-૧૦-૧૯૯૬ | અલીયાબાદ-ઉઝા-પાકિસ્તાન | ૨૩૨ |
| ૨૦૪. | ૧૮-૧૨-૧૯૯૬ | લીસ્બન-પોર્ટુગલ | ૨૩૪ |
| ૨૦૫. | ૧૯૯૭ | ઢાકા | ૨૩૪ |
| ૨૦૬. | ૧૦-૩-૧૯૯૭ | કંમ્પાલા | ૨૩૫ |
| ૨૦૭. | ૧૩-૩-૧૯૯૭ | નેરોબી | ૨૩૭ |
| ૨૦૮. | ૧૪-૩-૧૯૯૭ | દારેસ્લામ | ૨૩૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૯. | ૨૪-૩-૧૯૯૭ | ઝાઝીબાર | ૨૪૩ |
| ૨૧૦. | ૧૧-૭--૧૯૯૮ | લીસ્બન-પોર્ટુગલ | ૨૪૬ |
| ૨૧૧. | ૧૨-૮-૧૯૯૮ | મોઝામ્બીક- (માપુટો) | ૨૪૬ |
| ૨૧૨. | ૨૫-૯-૧૯૯૮ | પાર્શનીવ તાજીકિસ્તાન | ૨૪૯ |
| ૨૧૩. | ૨૭-૯-૧૯૯૮ | યોગેદ-બદકશાન | ૨૫૨ |
| ૨૧૪. | ૧૮-૧૦-૨૦૦૦ | ગાહકુચ-પાકિસ્તાન | ૨૫૩ |
| ૨૧૫. | ૧૮-૧૦-૨૦૦૦ | ઊઝા - પાકિસ્તાન | ૨૫૩ |
| ૨૧૬. | ૧૮-૧૦-૨૦૦૦ | ગીલગીટ-પાકિસ્તાન | ૨૫૪ |
| ૨૧૭. | ૨૨-૧૦-૨૦૦૦ | કરાંચી-દરખાના | ૨૫૪ |
| ૨૧૮. | ૨૨-૧૦-૨૦૦૦ | ખારાધર-કરાંચી | ૨૫૬ |
| ૨૧૯. | ૨૩-૧૦-૨૦૦૦ | કરાંચી-દરખાના | ૨૫૭ |
| ૨૨૦. | ૨૩-૧૦-૨૦૦૦ | કરાંચી-કરીમાબાદ | ૨૫૯ |
| ૨૨૧. | ૨૪-૧૦-૨૦૦૦ | કરાંચી-ખારાધર | ૨૬૦ |
| ૨૨૨. | ૨૪-૧૦-૨૦૦૦ | દરખાના-કરાંચી | ૨૬૪ |
| ૨૨૩. | ૨૫-૧૦-૨૦૦૦ | કરાંચી-દરખાના | ૨૬૭ |
| ૨૨૪. | ૨૫-૧૦-૨૦૦૦ | કરીમાબાદ-કરાંચી | ૨૬૮ |
| ૨૨૫. | ૨૬-૧૦-૨૦૦૦ | દરખાના-કરાંચી-સવાર | ૨૬૯ |
| ૨૨૬. | ૨૬-૧૦-૨૦૦૦ | દરખાના-કરાંચી | ૨૧૭ |
| ૨૨૭. | ૨૭-૧૦-૨૦૦૦ | કરીમાબાદ-કરાંચી | ૨૭૧ |
| ૨૨૮. | ૨૭-૧૦-૨૦૦૦ | દરખાના-કરાંચી | ૨૭૨ |
| ૨૨૯. | ૧૦-૧૧-૨૦૦૧ | સીરિયા-સલમીયા | ૨૭૪ |
| ૨૩૦. | ૪-૧૨-૨૦૦૩ | બુની, અપ્પર ચિત્રાલ | ૨૭૫ |
| ૨૩૧. | ૪-૧૨-૨૦૦૩ | ગરમ ચશ્મા, લોઅર ચિત્રાલ | ૨૭૬ |
| ૨૩૨. | ૧૩-૧૨-૨૦૦૩. | દુબઈ-યુ.એ.ઈ | ૨૭૭ |
| ૨૩૩. | ૧૯-૩-૨૦૦૫ | દારેસ્લામ-ટાન્ઝાનિયા | ૨૭૯ |
| ૨૩૪. | ૨૦-૩-૨૦૦૫ | કમ્પાલા-યુગાન્ડા | ૨૮૧ |
| ૨૩૫. | ૨૨-૩-૨૦૦૫ | નૈરોબી-કેન્યા | ૨૮૨ |
| ૨૩૬. | ૮-૬-૨૦૦૫ | ટોરેન્ટો-કેનેડા-સવાર ૧૦ વાગે | ૨૯૧ |
| ૨૩૭. | ૮-૬-૨૦૦૫ | ટોરેન્ટો-કેનેડા-સાંજ | ૩૦૧ |
| ૨૩૮. | ૧૦-૬-૨૦૦૫ | વેનકુવર- કેનેડા-સવાર | ૩૦૩ |

## તાલીકા મુબારક:

તા. ૧૩-૭-૧૯૫૭-જીનીવા

અમારા પ્યારા પુજનીય યાદના દાદાજાનની સંપૂર્ણ ઈચ્છા અને નિમણુંક મુજબ પવિત્ર ઈમામતની મારી ગાદીનશીની નિમિત્તે અમો આખી દુનિયાના બધા વહાલા રૂહાની બચ્ચાઓને અમારા માતા અને પિતા તરીકેના ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. ....ખાનાવાદાન.

ફરમાન: ૧ તા. ૧૩-૭-૧૯૫૭ જીનીવા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.

તમો અમારા સઘળા રૂહાની બચ્ચાઓને અમો ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમો સુખી અને આબાદ રહો.

અમારા દાદાએ જીંદગીના છેવટ સુધી પોતાના રૂહાની બચ્ચાઓની ભલાઈ માટે કામ કર્યું હતું અમો પણ અમારી જીંદગી તમોને અર્પણ કરીએ છીએ.

ફરમાન : ૨ તા.૨૦ -૭-૧૯૫૭, કેરો

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.

અમો તમોને માતા અને પિતા તરીકેના ઉત્તમ દુઆ-આશિષ ફરમાવીએ છીએ.

અમારા દાદા પ્રત્યે તમોએ જે ભક્તિભાવ અને વફાદારી બતાવી છે તેની અમારા દિલ ઉપર ઘણી ઉંડી અસર થઈ છે. અમો અમારા દાદાની જેમ તમારી ભલાઈ માટે અમારી જીંદગી અર્પણ કરીએ છીએ. .....ખાનાવાદાન

ફરમાન:૩ તા. ૨૬ -૭-૧૯૫૭ લંડન

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.

અમારા માટે આ એક ગમગીની ભર્યો તથા બહું આનંદનો પ્રસંગ છે. કારણ કે અમારા પ્રિય દાદાજાને દુનિયા બહાને આ જગત છોડયું, ત્યાર પછી પહેલી જ વાર અમો તમોને મળીએ છીએ. તમોએ આપણા એક શ્રેષ્ઠ ઈમામને ગુમાવ્યા અને અમોએ એક એવા દાદાજાન ગુમાવ્યા કે જે દુનિયામાં બીજા બધાઓના દાદા કરતાં વધું પ્રેમથી અમને ચાહતા હતા પરંતુ તમો એમ માની ન બેસતા કે તેઓ આપણી સાથે શારીરિક રીતે દુનિયા બહાને નથી એટલે અમો તમારો ખ્યાલ નહિ રાખીએ.

અમારા વખતમાં કોમ સુખી રહે અને અમારા દાદાજાને બતાવેલ માર્ગે તમારી દેખભાળ અને ચડતી થતી રહે એ માટે અમો અમારાથી બનતું બધું કરી છુટશું.

સાથે સાથે આ અમારા માટે એક બહું જ ખુશીનો પ્રસંગ છે કારણ કે અમો ઈમામ તરીકે તમોને પહેલી જ વાર મળીએ છીએ અને અમો તમોને અમારા માતા અને પિતા તરીકેના ઉત્તમ દુઆ આશીષ ફરમાવીએ છીએ. ....ખાનાવાદાન

ફરમાન: ૪ લંડન - ૨૮-૭-૧૯૫૭

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.

અમારા દાદાશ્રીએ ફરમાવેલ તે મુજબ તમારે સઘળાઓએ એક જ ક્ષેત્રમાં અથવા એકજ વિષયમાં જવું તે તમારા માટે વ્યાજબી નથી. અમો તમોને સલાહ આપીએ

છીએ કે, તમો, જુદા જુદા ક્ષેત્રોમાં અને જુદા જુદા વિષયોમાં ફેલાઈ જાઓ, અને આવી રીતે જુદી જુદી બાબતોમાં આગળ વધો અલબત્ત એવા વિષયોમાં કે જે તમોને હવે પછીની જીંદગીમાં ઘણા ઉપયોગી નીવડે. .....ખાનાવાદાન

ફરમાન : ૫ કરાચી. ૪-૮-૧૯૫૭

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.

ઈમામ તરીકેની અમારી નવી જવાબદારીઓ સંભાળ્યા બાદ પાકીસ્તાનની આ પહેલી મુલાકાત દરમ્યાન તમોને આજે મળીને અમોને બેહદ ખુશી ઉપજી છે. તમારી લાગણીઓની અમે કદર કરીએ છીએ.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, અમો જ્યારે તમારી સમક્ષ ફરમાવી રહ્યા છીએ, ત્યારે સાથે સાથે તમારા ગત ઈમામની યાદીયોને અમારી અંજલીઓ અર્પણ કરીએ છીએ. જ્યારે આપણે એવણશ્રીને યાદ કરીએ છીએ, ત્યારે એવણશ્રીની ઘણી ઘણી યાદો આપણા ખ્યાલમાં આવે છે. એવણશ્રીએ પોતાની જીંદગી દરમ્યાન આપણી જમાત માટે જે કાર્ય કર્યું છે, તે સાધારણ રીતે હાંસલ કરવા માટે કેટલીક સદીઓ વીતી જાય. એવણશ્રીના કાર્યો એટલા બધા ભવ્ય અને પ્રભાવશાળી હતા કે સમસ્ત દુનિયાના લોકોએ એવણશ્રીને જે અંજલીઓ આપી તે સાચી રીતે પુરવાર કરે છે, એવણશ્રી અમારા માટે હમેંશા પ્રેરણાદાયક રહેશે અને એમના નકશે કદમ ઉપર ચાલવાની હમેંશા અમારી સંપુર્ણ ઈચ્છા રહેશે.

પાકિસ્તાનના ઉજવળ ભાવિ માટે એવણશ્રીને ખુબજ

શ્રધ્ધા હતી અને અમોને કહેતા ઘણી જ ખુશી ઉત્પન્ન થાય છે કે, અમારી પણ એજ શ્રધ્ધા અને મંતવ્યો છે. આ મુલક તરફ અમારા દીલનું ખેંચાણ છે, કારણ કે તમો સઘળા સમજો છો કે અમારા પ્યારા દાદાશ્રીની તે જન્મભુમિ પણ છે.

અમો તમોને ખાત્રી આપીએ છીએ કે તમો સઘળા અમારી નઝદીક છો અને હમેંશા અમારા દીલમાં અને વિચારોમાં રહ્યા કરો છો. અમોએ અમારી જીંદગી દુનીયાના સઘળા ઈસ્માઈલીઓની ઉન્નતી અને આબાદી માટે અર્પણ કરી છે, અને તમારા સુખ અને તરક્કી માટે અમો દુઆ કરીએ છીએ. ......ખાનાવદાન

ફરમાન: ૬ મુંબઈ - ૧૦-૮-૧૯૫૭

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.

તમો જાણો છો તેમ, તંદુરસ્ત બુધ્ધિનો આધાર તંદુરસ્ત શરીર ઉપર છે. ......ખાનાવદાન

ફરમાન: ૭ તા. ૧૫ - ૮-૧૯૫૭ મોમ્બાસા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.....

દુનિયાભરમાં ફેલાયેલા ઈસ્માઈલીઓની તરક્કી અને પ્રગતિ માટે અમોએ અમારૂં જીવન અર્પણ કરેલ છે. અને તમારી સફળતા અને સુખ માટે નિરંતર દુઆ કરીએ છીએ.

અમો ઈચ્છીએ છીએ કે તમો યાદ રાખો કે આત્મા માટે બંદગી અને શરીર માટે કસરત કરવા સાથે શુભેચ્છા

અને સહકારની ભાવના કેળવશો તો તમોને હમેશાં સફળતા મળશે.

ફરીથી તમો સઘળાઓને અમો અમારા અતિ ઉત્તમ દુઆ આશીષ ફરમાવીએ છીએ. .........ખાનાવાદાન

ફરમાન:૮ તા. ૨૧-૧૦-૧૯૫૭, નૈરોબી

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.....

સાચા ઈસમાઈલીઓ તરીકેની એ ફરજો પ્રમાણે તમારે યાદ રાખવું જોઈએ કે, તમારી હંમેશા મુખ્ય બે ફરજો રહેવાની છે, આમાંની પહેલી અને સર્વોપરી મહાન ફરજ તે તમારા ઈમામ અને ઈસ્લામ ધર્મ પ્રત્યેની ધાર્મિક ફરજ છે.

તમારી બીજી ફરજ દુન્યવી છે. જે દેશમાં તમો વસવાટ કરો છો, અને તમારી સલામતી અને પ્રગતી માટે જે પણ સરકાર જવાબદાર હોય તેને તમારે હંમેશા વફાદાર રહેવું જોઈએ..... અમે માનીએ છીએ તે એવી જાતની ચોક્કસ ખાત્રી રૂપે છે, કે જે વડે તમો તમારૂં ઈમાન અને શહેરીપણું ટકાવી શકો છો.

આ બે ફરજો પ્રત્યેની તમારી વફાદારીથી આપણી કોમ ટોચની નજદીક પહોંચશે.

ઈમાનવાળા ગરીબ માણસનું જીવન તે ઈમાન વગરના ધનવાન કરતાં ઘણું જ કિંમતી છે.

પૈસા અને દુન્યવી ન્યામતો એ ખરી ફત્તેહમંદીથી ઘણા જ દુર છે.

અમારી નસીહત પ્રમાણેના સિદ્ધાંતો ઉપર મજબૂત રહીને અમલ કરશો તો અમોને પાકી ખાત્રી છે કે તમારી જીંદગી કુદરતી બક્ષીસોથી ભરપૂર અને સુખી બનશે.

દરેક જમાત સંખ્યાબંધ વ્યક્તિઓની બનેલી હોય છે. આ દરેક વ્યક્તિના આચરણની જમાત ઉપર અસર થાય છે અને જમાત તેવી કહેવાય છે.

તો પછી તમારી દરેકની શું ફરજ છે, અને દરેકે પોતાના ભલા માટે કેવી રીતે વર્તવું જોઈએ તે સમજવું જોઈએ.

આમાં પ્રથમ સ્થાન કેળવણીનું છે. જુવાન વય દરમ્યાન શાળાઓમાં પુસ્તકોમાંથી ભણી લઈએ એટલે આપણી કેળવણી પુરી થઈ જતી નથી, પરંતુ ત્યાર બાદ આપણા ચાલું જીવનમાંથી પણ ઘણા પાઠ શીખવાના હોય છે. આપણા રોજીંદા જીવનમાંથી નિખાલસતા, પ્રમાણિકતા, શિસ્ત અને માનવતાના ઉંચા સદ્‌ગુણો કેળવી શકાય છે. તે માટે ખાસ પંડિતની જેમ બહુંજ ભણીને વિદ્વાન થવાની પણ જરૂર નથી.

આ સિવાય સારૂં આરોગ્ય પણ બહુંજ જરૂરી છે, સારી તંદુરસ્તી હોવી એ કંઈ નાનીસુની વાત નથી. આપણા શરીરની બનાવટ બહુંજ ગુંચવાડા ભરેલી છે, તે બગડે પછી તેને સુધારવા ડૉકટરની પાસે જવું તે કરતાં તે પહેલાં જ નિયમિત રીતે ડૉકટર પાસે તપાસ કરાવતા રહેવું જરૂરી છે. બાળકોની બાબતમાં પણ આવુંજ વલણ લેવું. ....ખાનાવાદાન.

ફરમાન: ૯ તા. ૨૨ - ૧૦ -૧૯૫૭ નેરોબી

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું....

દુનિયામાં આગળ વધવાની અને નવા ફેરફારોની જે હીલચાલ શરૂ થઈ છે, તેને અંગે હવે પછીના વર્ષોમાં નવી અઘરી બાબતો ઉભી થશે, પરંતુ આપણે એનાથી ડરવું જોઈએ નહિ, તમારા દીનમાં જો ચુસ્ત રહેશો અને તમારા મઝહબના શિક્ષણ મુજબ એક ઈન્સાન તરીકેની ફરજ પ્રમાણે અને સહનશીલતા વડે મુશ્કેલીઓનો સામનો કરશો તો જરૂર તમે એ કોયડાને પહોંચી વળી શકશો. ભવિષ્યનો બોજો જેઓના શિરે પડવાનો છે એ યુવાન વર્ગ માટે આ ખાસ અગત્યનું છે. તમારા વડવાઓનો મઝહબ જ તમોને ટકાવી રાખશે. અને આ દુનિયામાં તેમજ પેલી દુનિયામાં શાંતિમય જીવન જીવવા શક્તિમાન બનાવશે. .......ખાનાવાદાન.

ફરમાન: ૧૦ તા.૨૫- ૧૦-૧૯૫૭, કમ્પાલા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.....

શીયા ઈમામી ઈસ્માઈલીઓના ઈમામ તરીકેનો દરજ્જો અમો ધરાવીએ છીએ જે રાજદ્વારી નથી, અને કોઈપણ દિવસ તેમ થશે નહિ.

આજકાલ આપણું સર્વેનું ધ્યાન દુન્યાની પ્રગતિ તરફ વધું છે. યુગાન્ડામાં આપણી કોમનો મોટો ભાગ પોતાની હોંશિયારી અને મહેનતથી આબાદ થયો છે. જે આબાદી ખાસ કરીને અમારા પૂજ્ય દાદાશ્રીની ડહાપણ ભરેલી શિખામણ અને દોરવણીનો માન ભરેલો પુરાવો છે.

પણ ધન દોલતમાં સર્વે સમાઈ જતું નથી. આપણો મઝહબ શિખવે છે તે મુજબ નમ્રતા અને ભક્તિભાવનો જુસ્સો દરજ્જામાં સૌથી ચડી જાય છે.

તમારામાં અરસપરસ ક્ષમાવૃતિ, એકબીજા પ્રત્યે માન અને આપસ આપસમાં સાથે મળીને કામ કરવાની ધગશ હોવા જોઈએ. આજ રીતે આપણે એક થઈ સુખ મેળવી શકશું આપણા ઈમાનની સાચી પ્રગતિ માટે પણ એ જ રીત જરૂરી છે. .......ખાનાવાદાન.

ફરમાન: ૧૧ તા. ૨૭ - ૧૦- ૧૯૫૭, કમ્પાલા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.....

આપણા બાળકોના ભવિષ્ય માટે મઝહબી તાલીમ બહું જ અગત્યની છે. મઝહબી જ્ઞાન તેમજ ઈમાન વીના ઈન્સાન ધુળ મીસાલ છે અને તે વીના તેની જીંદગી અર્થ વગરની છે.

હાઝર ઈમામે પુછયું કે, બદ્રની લડાઈ શું છે ? અબુબકર કોણ હતા ?

ખાસ કરીને ઈસમાઈલી ઈતિહાસ, ઈમામ અને ઈમામત એ વિષયોનો અભ્યાસ કરી તેને સમજવાની ખાસ જરૂર છે.

ત્યાર બાદ લાયબ્રેરીમાં ફરીને મુલાકાત લીધી અને કબાટ તથા ચોપડીઓ વિગેરે તપાસતાં મૌલાના હાજર ઈમામે પુછયું કે આ ચોપડીઓ કઈ છે ? ત્યારે ચેરમેને કહયું કે ખુદાંવીદ, આ ગુજરાતી નોવેલ્સ છે. મૌલાએ પુછયું કે, તમો બધી ધાર્મિક

બુક્સ ક્યાં રાખો છો ? ત્યારે ચેરમેને જવાબ આપ્યો કે, ખુદાવીંદ રશીયન પ્રોફેસર ડૉ. ઈવાનહોના ઈસ્માઈલીઝમ ઉપર લખેલા અને ભાષાંતર કરેલા બધા પુસ્તકો, ઉપરાંત ઈસ્લામ ઉપર જસ્ટીસ અમીરઅલીના લખેલા પુસ્તકો પણ છે. ત્યાર બાદ મૌલાના હાજર ઈમામે ફરમાવ્યું; કે તમારે મી. હેમીલટને લખેલા પુસ્તકો પણ વસાવવા જોઈએ ઉપરાંત બીજા જર્મન લેખકોના પૂર્વના અને ચાલું જમાનાના સાહિત્યમાં ઈસ્લામ અને ઈસ્માઈલીઝમ ઉપર લખેલા પુસ્તકો પણ વસાવવા જોઈએ. સ્કુલની માફક લાયબ્રેરી પણ એક એવી સંસ્થા છે કે જેમાં વધું ઉચ્ચ અને અભ્યાસ કરવા લાયક સાહીત્યો વસાવવા જોઈએ અને ઈસ્માઈલીઓને આપણા ધર્મની ફીલોસોફી અને તે ઉપરના અભ્યાસ કરવા લાયકના સાહીત્યોમાં ચોક્કસ રસ લેતા કરવા જોઈએ. તેમાં ખાસ કરીને યુવાનો માટે આ ઘણું જ જરૂરનું છે.

ત્યાર બાદ મૌલાના હાજર ઈમામે પેટ્રનો અને લાઈફ મેમ્બરોના નામના બોર્ડ જોઈ ઘણી જ ખુશી બતાવી હતી, અને ફરમાવ્યું કે, આવા લોકોએ લાયબ્રેરીની જુદી જુદી જરૂરીઓતોમાં મદદ કરેલ છે, તેઓને ઘણી ઘણી દુઆ-આશીષ ફરમાવીએ છીએ

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, તમારી સંભાળ અને ભલાઈ હંમેશા અમારે માટે સૌથી વધું કાળજીની બાબત રહેશે. અમને ખાતરી છે કે અમે તમને જે હિદાયત આપી છે તેનું પાલન કરશો તો તમોને અને તમારા બાળકોને લાભ થશે. અમો તમને સૌને અમારા ઉત્તમ પ્યાર ભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

............ખાનાવાદાન.

ફરમાન: ૧૨ તા. ૨૯ - ૧૦ - ૧૯૫૭, મસાકા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.,

માવિત્રોએ બાળકોના શિક્ષણ માટે સ્કુલના કાર્યક્રમમાં ઉંડો રસ લેવો જોઈએ. એ બહું જરૂરી છે કે તમારા બાળકોની પ્રગતિ તેઓની સ્કુલની પ્રગતિ ઉપરાંત તેઓના ચારિત્ર અને રીતભાત માટે તમો બહું જ ચિવટપુર્વક નિયમિત પુછપરછ કરતા રહો, આમાં તેઓના શિક્ષકો તમોને મદદ કરવા માટે જરૂર ઈન્તેઝાર હોય, પરંતુ તમારા ખરા સહકાર વિના તેઓ બહું વધારે ન કરી શકે.

ઘર અને સ્કુલને જાણે એકબીજા સાથે કંઈ સંબંધ ન હોય તેમ એકબીજાથી જુદુ ગણવાની ભુલ આપણે સહેલાઈથી કરી નાખીએ છીએ પણ તે ભુલ વિનાશકારક છે. સ્કુલમાં અપાતું શિક્ષણ એ ઘરમાં અપાતા શિક્ષણનો જ એક વધારાનો અંગરૂપી ભાગ છે. અને કોઈ જુદી વસ્તુ નથી એ યાદ રાખવું જોઈએ.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, તમારી દેખભાળ અને ઉન્નતી એ હંમેશા અમારી મોટામાં મોટી ચિંતા રહેશે. અમોને ખાત્રી છે કે જો અમારી ભલામણો અને સલાહો પ્રમાણે ચાલશો તો તમોને તથા તમારી ભાવી પ્રજાને ઘણો જ ફાયદો થશે.

વધું પડતી મીઠાઈઓ, ચોકલેટ, ટોફી વિગેરે સ્વીટસ દાંતને નુકશાન કરે છે અને ગંદા તથા સડી ગયેલા દાંતથી ઘણી ગંભીર બિમારીઓ આવે છે.

અમો તમો સૌને અમારા ઉત્તમ દુઆ-આશિષ ફરમાવીએ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન: ૧૩ તા. ૧૧-૧૧-૧૯૫૭, મચાકોસ

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

તમારા બચ્ચાઓના શિક્ષણ બાબત અમો તમારૂં ખાસ લક્ષ દોરવા ઈચ્છીએ છીએ. તેઓને અંગ્રજી પુરેપુરૂં શીખવવું ઘણું જ જરૂરી છે. ભલે તે પોતાનો ધંધો કરે કે બીજું, પણ તેઓને જીવનના દરેક ક્ષેત્રમાં અંગ્રેજી ભાષાની બહું જ જરૂરત રહેશે.

બીજી અગત્યની બાબત તમારા બચ્ચાઓની તંદુરસ્તીની છે. તેઓને કંઈ તકલીફ અગર બિમારી થાય ત્યારે માવિત્રો પોતે પારખી શકે ત્યાં સુધી નહિ થોભતા તુંરત ડૉકટરની સલાહ લેવી જોઈએ.

દશ વર્ષથી નીચેની ઉંમરના બચ્ચાઓને સાંજે સાડાસાત વાગ્યા પહેલા સુવડાવી દેવા જોઈએ કારણ કે પુરતી ઉંઘના અભાવે તેમની થવી જોઈએ તેવી સરખી રીતે શારીરિક ખીલવણી થતી નથી પંરિણામે જીંદગીભર તેમને તે માટે સહન કરવું પડે છે.

દશથી વીસ વર્ષની ઉંમર દરમ્યાન બચ્ચાંઓની શારીરિક ખીલવણી થતી હોવાથી તે માટે પુરેપુરૂં ધ્યાન આપવું. તે સમય દરમ્યાન તેમના શરીર બંધાય છે અને તે પછી શરીરનું કદ વગેરે વધી શકતા નથી. .....ખાનાવાદાન.

ફરમાન: ૧૪ તા. ૧૨ - ૧૧-૧૯૫૭, અરૂશા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

આપણા માટે ફક્ત એક જ પ્રવૃતિ છે. અને તે છે શિક્ષણ સંપાદન કરવાની. તમને પોતાને પુરૂં ભણવાની કદાચ

તક મળી ન હોય પણ હવે એટલું તો જરૂર કરજો કે તમારા બચ્ચાઓ પૂરે પુરૂં ભણીને સમર્થવાન બની શકે.

....ખાનાવાદાન

ફરમાન: ૧૫ તા. ૧૩ - ૧૧- ૧૯૫૭, મોમ્બાસા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

કેળવણી એટલે પરિક્ષાઓમાં મોટા પ્રમાણમાં માર્કસ મેળવવા એ વસ્તું સત્ય નથી. અમે ઈચ્છીએ છીએ કે તમો મુસીબતોનો સામનો કરવા શક્તિશાળી બનો.

તેઓ પાસે પ્રમાણિકતા, નિતિમત્તા, વિનમ્રતા અને ઈમાન પણ હોવા જોઈએ. કારણ કે તેઓની સામે જ્યારે કોયડાઓ આવે, પછી તે ચાહે કૌટુંબીક હોય, ધંધાકિય હોય, અથવા તો ઈમાનના સમજુતીના લગતા કોયડા હોય ત્યારે તેઓ તેનો સામનો કરવા માટે સુસજ્જ હોય.

......ખાનાવાદાન.

ફરમાન: ૧૬ તા.નવેમ્બર ૧૯૫૭, મોમ્બાસા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમે જ્યારે શિક્ષણનો ઉલ્લેખ કરીએ ત્યારે તેનો અર્થ અમે ફક્ત જ્ઞાન સંપાદન, વધારામાં વધારે હકીકતો, આંકડાઓ અને પુસ્તકીયું જ્ઞાન સંપાદન કરવું એવું નથી કરતા, શિક્ષણ એ જીંદગીભરનો એક એવો અનુભવ છે જેને પરિણામે ઈન્સાનની અંદર પ્રમાણિકતા, માનસિક શિસ્ત, નમ્રતા અને વફાદારી જેવા સદગુણો ઘડાય છે.

......ખાનાવાદાન.

ફરમાન: ૧૭ તા. ૧૪-૧૧-૧૯૫૭, મોમ્બાસા

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

મૌલાના હાજર ઈમામે ઈસ્માઈલીયા એસોસીએશન મોમ્બાસા કમીટીના મેમ્બરોને ફરમાવ્યું કે, આ એક ઘણી જ અગત્યની બાબત છે, જે તમો હમેંશના માટે યાદ રાખો એવી અમારી ઈચ્છા છે, અને તે બાબત ભવિષ્યના માટે ઘણું જ જરૂરનું છે.....આપણે નાના બાળકોને બની શકે તેટલી વધું કેળવણી આપીએ છીએ જો બાળકો કેળવણી પ્રાપ્ત કરશે તો ખાત્રીથી માનજો કે તે કંઈક એવા સવાલો પુછશે, કારણ કે ભણતરનો અર્થ એ જીજ્ઞાસા છે, અને પચાસ ટકા સવાલો તો તમોને પુછવાના જ છે, એટલે અમોને એમ જણાય છે કે આપણા બાળકોને ફક્ત આપણી જમાતખાનાની ધાર્મિક રીતરસમો અને તેના અર્થ પુરતી સમજણ આપવા ઉપરાંત આપણા ઈસમાઈલી ઈતિહાસની સમજણ આપો. અમો ઈચ્છીએ છીએ કે તેઓ ફાતિમાઈત ખિલાફતના ઈતિહાસથી વાકેફગાર બને, તેઓ ઈસ્લામની શરૂઆતના વખતમાં થયેલી મહાન જીતો અને તેની જાહોજલાલીથી પણ વાકેફગાર બને. ઉપરાંત મુખ્ય ઈતિહાસિક બનાવો જેવા કે મુઆવીયા અને હઝરત અલી (અ.) વચ્ચે શું બનવા પામેલ ? વગેરે બાબતો જાણે અને સમજે બીજા ઘણા સવાલો કે જે તેઓ છેવટે પુછવાના જ છે તે સૌ બાબતથી તેઓ જાણકાર બને. ઈમામ જાફર-અસ સાદિક અ. કોણ હતા ? તેમની જીવન કારકિર્દી શું હતી ? તેમનો ઈતિહાસ શું છે ? તેવી જ રીતે નાસિર ખુસરો કોણ હતા ? વગેરે સર્વે ઈતિહાસથી ઈસમાઈલી બાળકો સ્કુલમાં વાકેફગાર બને એમ અમો ઈચ્છીએ છીએ....ખાનાવાદાન.

ફરમાન: ૧૮ તા. ૧૬-૧૧-૧૯૫૭, મોમ્બાસા
ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.,

કેળવણી બે ધારી છે. શિક્ષકો સારા હોય પણ વિધાર્થીઓ શીખવા માટે તૈયાર ન હોય તો સ્કુલ કદી પણ સારી ન હોઈ શકે. તેવી જ રીતે વિધાર્થીઓ હુશીયાર હોય પણ શિક્ષકો સારા ન હોય તો તે સ્કુલ પણ સારી ન હોઈ શકે. અહીં તમારી પાસે બન્ને છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ બન્ને સારા છે. અને તેથી અમો તમોને ખાતરી પૂર્વક કહી શકીએ છીએ કે આ શાળાઓએ અમારી આ મુસાફરી દરમ્યાન અમોને સૌથી વધારે ખુશી અને ગૌરવવંત કરેલ છે.

કેળવણી તે ફકત સીદ્ધાંતો અને હકીકતો શીખી અથવા લખતાં વાચતાં આવડવું એ પુરતું નથી. કેળવણીની એક જુદી જ દીશા છે અને તે છે સંસ્કારની કેળવણી. આ સંસ્કારની કેળવણીથી તમારા બચ્ચાઓ માટે ભવિષ્યમાં ઉભા થતા કોયડાઓનો સામનો અને ઉકેલ કરવા માટે તેઓ પાસે આવી કેળવણી હોવી જોઈએ. તેઓમાં પ્રમાણિકતા, ચપળતા, ઈન્સાનીયત અને ઈમાનદારી એવા ગુણો હોવા જોઈએ, કે જેથી જ્યારે તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવે ત્યારે ગમે તેવી તકલીફ હોય પણ તેઓ તે માટે તૈયાર થઈ ગયેલા હોવા જોઈએ. આવી તકલીફો અને મુશ્કેલીઓ પછી તે વ્યાપારીક હોય કે, કુટુંમ્બ સંબંધી હોય કે પોતાના ધર્મના સીદ્ધાંતો સંબંધી હોય કે ધર્મના અર્થો સમજવાના કોયડાઓ સંબંધી હોય પણ આની અંદર બધું સમાવેશ થઈ જાય છે.

મૌલાના હાજર ઈમામે ફરમાવ્યું .....અમોને ચોક્કસ પણે ખાત્રી છે કે તમો તમારા બચ્ચાઓની જો પુરતી સંભાળ રાખશો તો ભવિષ્યમાં તમારા બચ્ચાઓ લીડરો બનશે.

.........ખાનાવાદાન.

ફરમાન: ૧૯ તા. ૨૫-૧૧-૧૯૫૭, દારેસ્લામ

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.,

તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે એકલી કેળવણી જ પુરતી નથી. તમારામાં ઈમાન અને મઝહબ માટે પ્રેમ પણ હોવા જોઈએ.

તમો કોઈ વેળાએ બસમાં અગર બીજે ક્યાંએ જઈ રહયા હો અને જો તમારા પાસે તસ્બીહ હોય તો અચુક ત્યાં અને ત્યારે જ તમારી દુઆ ગુજારી લ્યો અને તેમાં જરાએ અચકાઓ નહીં અથવા શરમાઈને મુલતવી રાખો નહીં. અમો તમોને ફરી એકવાર સલાહ આપીએ છીએ કે કેળવણી અને મઝહબ એ બન્ને બહું જ અગત્યના અંગ છે. અને તેના થકી તમોને સફળતા પ્રાપ્ત થશે. અમો તમોને તમારા કાર્ય માટે ફરીથી અમારા ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

કેળવણી એ અત્યારના ઝમાનામાં એક બહું જ જરૂરી વસ્તું છે. ઘણી વખતે માણસની સામે મુશ્કેલીઓ અને નિરાશાઓ આવે છે. પરંતુ તેનો સામનો કરી તેને ઉકેલવી જોઈએ જો તમો તમારી પોતાની જીંદગીના કોયડાઓ ઉકેલી શકો તો પણ તે તમારા માટે પુરતું છે.

......ખાનાવાદાન.

ફરમાન: ૨૦ તા. ૨૬-૧૧-૧૯૫૭, દારેસ્લામ

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

નાનાં બચ્ચાંઓ જેઓ જમાતખાને આવે છે તેઓને કોઈ બિમારી લાગું નથી પડી, તે તમારી સફાઈ કમીટી જમાતખાનું સાફસુફ રાખે છે તેના લીધે હોવું જોઈએ એમ અમો માનીએ છીએ. તમો ખુદાનું ઘર સાફ રાખો છો તેથી અમો ઘણા ખુશી થયા છીએ. અને તેના માટે તમોને ઘણાં ઘણાં ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમો વોટર સોસાયટીના સઘળા મેમ્બરોને ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમો બહું જ સારામાં સારી ખીદમત કરો છો. હ. નબી મુહમ્મદ મુસ્તફા (અ.સ.) ના જમાનાથી એવી માન્યતા છે કે તરસ્યાઓને પાણી પીવડાવવામાં સવાબ છે. તેજ પ્રમાણે તમો જમાતને પાણી પીવડાવો છો તે માટે અમો તમોને ઉત્તમોત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ઈસ્લામમાં ત્રણ ચીજ છે; ઈસ્લામ ધર્મ, પાણી અને ખજૂર એ ત્રણેની અંદર મુખ્ય જે પાણી છે એ તમો પીવડાવો છો. પાણી ખોરાકની માફક જરૂરી છે, અને એ લોહીના માટે ઉપયોગી છે, આ કામ જે તમો વોટર સોસાયટીવાળા કરી રહ્યા છો તેથી અમો ઘણાં ખુશી થયા છીએ. તમો અમારા રૂહાની બચ્ચાઓની સારામાં સારી ખિદમત બજાવો છો તેના માટે અમો તમોને ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ઈન્સાનમાં બે ચીજો છે એક શરીર અને બીજો આત્મા. આત્માને રૂહાની ખોરાકની જરૂર પડે છે. તેજ પ્રમાણે શરીરને

કસરતની જરૂર પડે છે. કસરતથી શરીર સારું અને તંદુરસ્ત રહે છે. આત્મા અને મનનો આધાર તંદુરસ્ત શરીર ઉપર હોય છે. ....ખાનાવાદાન.

ફરમાન: ૨૧ તા. ૨૬-૧૧-૧૯૫૭, દારેસ્લામ

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

તમારી એશોસીએશનને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમોએ આવી જાતનું ગ્રુપ બનાવેલ છે તે માટે અમો ઘણા ખુશી થયા છીએ.

શિક્ષણ કંઈ ઓગણીસ કે વીસ વર્ષની વયે પુરૂં થતું નથી, ત્રીસ વર્ષની વયે પણ પુરૂં થતું નથી. માણસ આ દુનિયા છોડી જાય ત્યાં સુધી શિક્ષણ લઈ શકે છે. મોટા કોયડાઓની બાબતો સંબંધી સારી સારી બુક્સ વાંચો, વાંચન સારૂં રાખો. દુનિયામાં ઉભા થતા કોયડા અને મુશ્કેલીઓ સંબંધી પુરતું જ્ઞાન મેળવવું જોઈએ આજ પ્રમાણે શિક્ષણ તથા તંદુરસ્તી સંબંધી જ્ઞાનનો ફેલાવો કરો.તમે જે સેવા કરી રહ્યા છો તેથી અમો ખુશી થયા છીએ હજુ વધુંને વધું સારૂં કાર્ય કરો. તમો સઘળાઓને ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.. .....ખાનાવાદાન.

ફરમાન: ૨૨ તા.૨૬-૧૧-૧૯૫૭, દારેસ્લામ

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.....

ઈમાન એ મોટામાં મોટી વસ્તું છે. રસ્તામાં ધુળ પડી હોય તેની કંઈ કિંમત નથી તેમ ઈમાન વગરના માણસની કિંમત ધુળ મિસાલ છે.

એક જમાનો એવો હતો કે જ્યારે ઈસમાઈલીઓનું રાજ્ય હતું તે વખતે તેઓનું ઈમાન મજબુત હતું. તેઓ ઈમાનને બરાબર જાળવી રાખતા હતા. તમો એવું કામ કરો કે દુન્યામાં બીજી કોમના માણસો પણ તમારો દાખલો લીએ કે ઈસમાઈલી કોમના યુવાનો ઘણા જ સેવાધારી છે. તમો કેળવણી બરાબર લેજો. ડીસીપ્લીન બરાબર રાખજો અને બરાબર ધ્યાન રાખજો.

તમારૂં ઈમાન અને ડીસીપ્લીન એવાં હોવા જોઈએ, કે જેઓમાં આ વસ્તું ન હોય, તેના પર પણ તમો છાપ પાડી શકો. તમો તમારા ઈમાન અને ડીસીપ્લીનથી દુન્યાને બતાવી આપો કે, આ અમારૂં ઈમાન છે અને આ અમારો ધર્મ છે. એવો દાખલો બેસાડવો એ કંઈ નાની સુની વાત નથી અમો તમોને વહાલ અને મહોબ્બત ભર્યા દુઆ આશિષ ફરમાવીએ છીએ.

......ખાનાવાદાન.

ફરમાન: ૨૩ તા.૨૭-૧૧-૧૯૫૭ દારેસ્લામ

તમારે એ ભુલી જવું જોઈએ નહિ કે, જે બાળકોને કેળવણી મળેલ છે, તેનો માનસીક વીકાસ, કેળવણી વગરના બાળકો કરતાં ઘણો જ વધારે થયેલ હોય છે. કેળવણીનો અર્થ ફક્ત, સ્કુલમાં મળેલ શિક્ષણ એમ અર્થ થતો નથી. ઈમાન અને નમ્રતા ગ્રહણ કરેલા આવા ગુણો સંપુર્ણ ઈન્સાનીયતને કેળવવા માટે જરૂરી છે કે જે કેળવણીની સાથો સાથ હોવા જોઈએ. જો આવા સદ્‌ગુણો તમારા બાળકોમાં હશે તો અમો માનીએ છીએ કે તમો હમેંશા સુખી થશો.

તમારા યુવાનોમાંથી ઘણા લોકો શીક્ષકો થાય એવું જોવા માટે અમો ઈચ્છીએ છીએ કારણ કે સોળ વરસની ઉમર બાદ ઈન્સાન ખરી ઈન્સાનીયત મેળવે છે. ....ખાનાવાદાન.

ફરમાન: ૨૪ તા. ૨૭-૧૧-૧૯૫૭, દારેસ્લામ

ખુદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું.....

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, અમો ઈચ્છીએ છીએ કે તમો યાદ રાખો કે હવેથી તમારામાંના જે શિક્ષકની લાઈનમાં જાય છે તેમને અમો કોમના આગેવાનો તરીકે લેખીએ છીએ. શિક્ષણ આપવાનો ધંધો એ હસ્તી ધરાવતા ધંધાઓમાંથી સૌથી અગત્યનો અને સૌથી વધું માનનીય ધંધો છે. શિક્ષણ આપવાની લાઈન એ એક એવી વસ્તું છે કે જે તમારા બાળકોને દોરવણી આપે છે. તમારામાંના જેઓ આ ધંધો અખત્યાર કરે છે. તેઓને અમો અમારા ખાસ વહાલ ભર્યા દુઆ આશિષ ફરમાવીએ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન: ૨૫ તા. ૨૯-૧૧-૧૯૫૭, ઈરીંગા.

ખુદાવંદ નુર મોલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

તમે સઘળા શિક્ષકો અને શિક્ષીકાઓને ઘણા ઘણા ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમોને મળીને અમો બહું જ ખુશી થયા છીએ. તમો બહું જ મોટુ કામ કરી રહયા છો જો કે અહીંના લોકોની નજરમાં તમો દેખાવમાં આવતા નથી, પણ તમો બહું જ મહાન કાર્ય બજાવો છો. જો કે તમારી પાસે કોઈ ટાઈટલ નથી પણ તમો ઈસમાઈલી કોમના સાચા આગેવાનો અને લીડરો છો. તમારો ટીચર્સનો ટાઈટલ

એ સૌથી મહાન ટાઈટલ છે. માવિત્રો પોતે કેળવાયેલા ન હોવાથી તેઓને આ ખ્યાલ નથી હોતો કે એજ્યુકેશનની કેટલી જરૂર છે. માવિત્રોના નાના વેપાર આપણી નવી પેઢીને કંઈ કામ આવશે નહિ. અગર જો બચ્ચાઓ પુરે પુરા ભણેલા ન હોય તો તેઓ શું કરશે ? આપણી કોમમાં માવિત્રો આવા હોવાથી તમારી ઉપર બમણી ફરજ એ આવી પડે છે કે તમો બચ્ચાઓના શિક્ષકો તો છો એટલું જ નહિ પણ તમો બચ્ચાંઓના માવિત્રો પણ છો એવું દિલ રાખી બચ્ચાંઓને કેળવણી આપો.

તમોએ તમારા બચ્ચાઓના ચારિત્ર, ચાલચલગત અને આચાર વિચાર પ્રત્યે ધ્યાન અને કાળજી રાખવી જોઈએ.

બાળકોને આવી બાબતો શીખવવાની અને સમજાવવાની ખાસ જરૂર છે કે ખીલાફત શું છે ? અને ઈમામત શું છે ? આ બન્નેમાં શું તફાવત છે, તે બાળકોને બરાબર રીતે સમજાવવાની જરૂર છે. ઇશ્નાઅશરી અને ઇસમાઈલીમાં શું તફાવત છે, આ મુળભૂત બાબતો જાણવાની અને સમજવાની પણ ખાસ જરૂર છે. સાથે સાથે તેઓને ઈસ્લામીક ઇતિહાસ પણ શીખવો. .....ખાનાવાદાન.

ફરમાન: ૨૬ તા.-૩૦-૧૧-૧૯૫૭ - ઝામ્બેયા

માવિત્રો ઉપર ખાસ ફરજ સમાએલી છે કે, બચ્ચાઓનું સ્કુલે જવું અથવા ઘેર હોય ત્યારે બાળકોનું પુરેપુરૂ ધ્યાન રાખવું તેઓની ચાલચલગત, રહેણી કરણી, આચાર-વિચાર, શિસ્તપાલન વિગેરે કેવા છે, તેની ખાસ કાળજી અને તકેદારી રાખવી. ......ખાનાવાદાન.

ફરમાન: ૨૭ તા.૨૨-૧-૧૯૫૮, મુંબઇ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારે સમસ્ત ઇસ્લામ વિષે જ્ઞાન સંપાદન કરવું જોઈએ, જેથી કોઇ બાબત ઉપસ્થિત થાય તો તેનો જવાબ આપી શકો. તમારે કુરઆને શરીફને તેની સામાન્ય સમજુતી સાથે સમજવું જોઈએ. તમારામાંના કેટલા જાણે છે કે સ્પેનના પહેલા મુસ્લિમ ખલીફા કોણ હતા ? કુરાને શરીફમાં સુરતે ફીલની હકીકત શું છે ? તમારે એ પણ જાણવું જોઈએ કે બીજા મુસ્લિમો સાથે આપણો શો સંબંધ છે, તમારે કુરાને શરીફના કેટલાક પ્રકરણો સામાન્ય અર્થ સાથે જાણવા જોઈએ, એ પ્રકરણો સાથે શું સંબંધ છે તે પણ તમારે જાણવું જોઈએ.

મૌલાના હાજર ઈમામે ફરમાવ્યું કે, તમારામાંના કેટલાક લોકો ઈસ્લામના શરૂઆતમાં થયેલા મહાન યુદ્ધો જેવા કે, જંગે બદર, જંગે ઓહદ અને જંગે સીફીન વિશે જાણકાર છો ? અમ્રબીન આસ અને ખાલીદ બીન વલીદ કોણ હતા તે વિશે તમો જાણો છો ? અમ્ર બીન આસ અને ખાલીદ બીન વલીદ મોટા સીપેહસાલારો હતા. તેઓએ ઈસ્લામના ઇતિહાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. નહેરે સુએઝનો પ્રદેશ જીતવામાં તેઓએ મોટો ભાગ ભજવ્યો છે...... ઈસ્લામના ઘડતરમાં મહાન ભાગ ભજવનારાઓના જીવનનો આપણને અવશ્ય ખ્યાલ હોવો જોઈએ.

તમારે ઇમામત અને ખિલાફત એટલે શું અને ઇમામને શા માટે માનવા જોઇએ, એ હકીકતોને અક્કલ કબુલ કરે તેવી સમજપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

ભાવિ પ્રજા આપણને જો એવા પ્રશ્નો કરે તો તેમને જેવો સમય હોય તે પ્રમાણે આપણે આવા જ્ઞાન થકી જવાબો આપી શકીએ. તમો સઘળાઓને અમારા અતિશય વહાલભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ. ......ખાનાવાદાન.

ફરમાન : ૨૮ તા. ૨૩-૧-૧૯૫૮, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમને પુરી ખાત્રી છે કે ઈસ્લામી ભાવનાની સંપૂર્ણ અસરવાળી મજબુત તાલીમ થકી આપણું ભવિષ્ય સુખી બનશે.

દુન્યવી પ્રગતીથી ડરવું અગર તેની દરકાર કરવી નહિ એવું અમે માનતા નથી. પણ ફક્ત દુન્યવી પ્રગતીના જ વિચારો આપણા મગજનો કબજો કરી લઈ આપણા જીવનમાં ઘર કરી ન બેસે એ ભય સામે ચેતવું જોઈએ.

આપણા માણસોને જ્ઞાન અને શિક્ષણના નવા ક્ષેત્રોમાં આગળ વધારવા માટે આપણો મઝહબ અથવા તેના રૂઢી અને રીવાજો કોઈપણ રીતે આડા આવતા નથી. કારણ કે મઝહબી તાલીમ થકી આપણું ભવિષ્યનું સુખ સલામત હોવાની ખાત્રી રાખી શકીએ છીએ, જેથી ફક્ત દુન્યવી પ્રગતીના વિચારોજ આપણા મગજનો કબજો કરીને આપણા આત્માની શાંતિનો નાશ ન કરે.

આપણો મઝહબ અને રૂઢી-રસમો આપણા આચાર અને વિચારને સદાએ પ્રેરણા આપતા રહેશે કારણ કે એવો ખાત્રી પૂર્વકનો વિશ્વાસ અને મજબૂત ઈમાન આપણને હાંસલ થયેલ છે. .....ખાનાવાદાન.

ફરમાન : ૨૯ તા. ૨૫-૧-૧૯૫૮, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે ઈચ્છીએ છીએ કે તમે સમજો કે આ દુનિયામાં ઈમાન વગરના માનવીની જિંદગીની કિંમત રસ્તા પરની ધુળ જેટલી પણ નથી. જ્યાં સુધી તે ઈમાન ધરાવતો નથી ત્યાં સુધી તે ક્યાંય પણ પહોંચી શકશે નહિ. વળી જો તે આ જિંદગીમાં ક્યાંક પહોંચે તો પણ તે પછીથી દુ:ખી થશે કારણ કે ઈમાન વગર તમારી જિંદગીનો કોઈ અર્થ નથી.

કોઈપણ બાબતોનો ઈતિહાસ સહેલાઈથી સમજવાને માટે એને લગતા સવાલોની તલાસ કરવાની જરૂર છે. આપણી કોમની તવારીખ માટે તમો તે કામ કરો એમાં અમો ખાસ કરીને રાજી છીએ.

તમો જે અમારા મુખ્ય રૂહાની બચ્ચાઓ છો તે તમારી પોતાની તવારીખને તપાસી જે પ્રગતિઓ થઈ છે તેને સમજવાની કોશિષ કરો કે જેથી તમો તમારા બચ્ચાઓને સમજાવી શકો કે ઈમામનો અર્થ શું છે ? અને ઈમાનનો અર્થ શું છે ?

તમારા બચ્ચાઓનો જમાનો તમારા કરતાં વધારે કઠણ હશે ત્યારે તમારી સમજણ તેઓને દોરવશે. તમારા ઈમાનની તમારી ખરી સમજથી તેમને તેઓના ઈમાનની સાચી સમજણ તરફ દોરવવા જોઈએ અને એજ રીતે અને એજ માફક હમેશાં થવું જોઈએ.

તમારી સમક્ષ આ એક એવો દાખલો છે કે, અમારા એક નાના રૂહાની બાળકે તમારી સમક્ષ વાયેઝ કરેલ છે, અને તે દેખાડી આપે છે અને સમજાવી શકે છે કે, તમો

તમારા ઈમાનમાં મુસ્તકીમ હશો, અને તેવી જ રીતે તમારા બચ્ચાઓ અને તેના બચ્ચાઓ, અને તેઓના પણ વંશજો તેઓના ઈમાનમાં મુસ્તકીમ રહેશે. એમ અમે ઈચ્છીએ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૩૦ તા.૨૮-૧-૧૯૫૮, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ગરમીના મહીનાઓમાં જ્યારે હવા ભેગી ધુળ બહું જ ઉડે છે ત્યારે ખાસ કરીને સૌથી નાના બચ્ચાઓના શ્વાસમાં હવામાં ઉડતી એ ધુળ ન જાય તેની કાળજી રાખવી જોઈએ. કારણ કે શ્વાસમાં જતી એ માટી અને રેતીથી મોટી ઉમરમાં દમની બિમારી થાય છે. અને તેને મટાડવામાં બહું જ મુશ્કેલી પડે છે. માટે તમારા બચ્ચાઓને તેથી બચાવવા ખાસ કાળજી રાખવી જોઈએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૩૧ તા. ૨૯-૧-૧૯૫૮, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જો ઈસ્લામે પોતાનું ભૂતકાલિન ગૌરવ પાછું મેળવવું હોય તો તેણે પોતાની જૂની પ્રણાલિકાઓને આજના સદંતર જુદા સંજોગો માટે અનુંકુળ બનાવવી જોઈએ. જો આપણે આમ કરવામાં નિષ્ફળ જઈશું તો આપણે આપણી પોતાની તરક્કી માટે નિષ્ફળ જઈશું, એટલું જ નહિં પરંતુ યુવાન પેઢી ભ્રમણાગ્ન બનીને એવા વિદેશી તેમજ જડવાદી માર્ગનો શિકાર બની જશે જેને ઈસ્લામ સાથે કશું સામ્ય નહીં હોય.

મઝહબનું ચેતનવંતુ તત્ત્વ ઈન્સાનની પ્રગતિના દરેક કણમાં સંચાય તો ઈસ્લામનું ભૂતકાળનું ગૌરવ પુન: મેળવી શકાય. .....ખાનાવાદાન.

ફરમાન : ૩૨ તા.૧૨-૨-૧૯૫૮, ઢાકા(બંગલાદેશ)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આ મુલકની સપાટીની નીચે મઝહબનું એક અગાધ ઊંડાણ છે. અને એ પણ એવા મઝહબનું કે જેના માટે એક સમાન જીવનનો રસ્તો અગત્યનો છે. આ બંધન એવું છે કે જે કોઈ માનવીથી તુટવું એ મુશ્કેલ છે. આ બંધન કાળના અંત સુધી ટકાવાનું છે.

તમો બધાયે ખાસ કરીને યુવાન પ્રજાએ એ વિચારવું જોઈએ કે તમારો દેશ માત્ર જનમ લેવા કે મોટા થવા, પૈસા કમાવવા, લગ્નો કરવા, અને મુત્યું પામવાના સ્થાન કરતાંય કંઈક વિશેષતા ધરાવે છે.

શાળાઓમાં ફરજીયાત ઈસ્લામી શિક્ષણ એ ડહાપણ ભર્યુ હશે એમ અમો માનીએ છીએ પરંતુ જો એ મઝહબી શિક્ષણ ભૂતકાળની રૂઢીઓમાં વધું પડતું જકડાઈ જશે તો તેનો પુરતો ફાયદો ઉઠાવી શકાશે નહિ.

આપણા મઝહબની મહાન પ્રણાલિકાઓની ઉપેક્ષા કરવાની કોઈ જરૂરીયાત નથી. પરંતુ એને આજના તદ્દન જુદા સંજોગોમાં પ્રકાશને અનુરૂપ અને વધું ચેતનવંતા બનાવવાની જરૂર છે.
......ખાનાવાદાન.

ફરમાન : ૩૩ તા. ૧૧-૩-૧૯૫૮, મુંબઈ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

દુનિયામાં સાથે મળીને રહેનારાઓએ એક બીજાના દિલ જીતી લેવા માટે આપસ આપસમાં નમ્રતા ભરેલી વર્તણુંક, બીજાના ભલાના ખાતર અગવડ સહન કરી લેવાની શક્તિ, અને બીજા તરફ માન ભરેલી લાગણી અને અંદરો અંદર સચ્ચાઈ ભરેલો અને કુડ કપટ વગરનો વહેવાર રાખવો જોઈએ.

દુનિયામાં તમો ગમે તે હાલતમાં હો, તવંગર કે ગરીબ, વેપાર કરતા હો કે ઉધોગ, મજુરી વડે રોજી કમાતા હો કે મગજ શક્તિથી, પણ ધર્મની બાબતમાં તમો સર્વે ઉપર ફરજ એક સરખીજ છે.

ક્યામતના દિવસે તમારો તોલ તમો જે રીતે તમારૂં રોજીદું જીવન ગાળતા હો, તમારી સાથે વસનારા સ્ત્રી અને પુરૂષો તરફ જેટલા પ્રમાણમાં સદ્‌ભાવના ધરાવતા હો અને સૌથી વધું તો અલ્લાહ ઉપર તમોને કેટલું ઈમાન છે તે ગણત્રી ઉપર કરવામાં આવશે.

ઈસમાઈલીઓને ફરમાવીશું કે, મઝહબ ઉપરનું તમારૂં ઈમાન એ હંમેશા તમારા પરીચયમાં હોવું જોઈએ.

એક બીજા પ્રત્યેની સદ્‌ભાવના, સહન કરવાની શક્તિ સનમાન, પ્રમાણિકતા તથા નિખાલસ વર્તનથી તમો તમારા સાથીદારો સાથે ખરી મિત્રતા પ્રાપ્ત કરી શકશો.

.....ખાનાવાદાન.

ફરમાન : ૩૪ તા. ૨૩-૩-૧૯૫૮, મુંબઈ-અંધેરી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારી ફરજ છે કે તમારે રોજ કંઈ ને કંઈ બચત કરવી જોઈએ. જે બચત ભવિષ્યમાં તમોને ઘણી જ મદદ કર્તા નિવડશે. તમો દરરોજ માત્ર બબ્બે આના, ચાર ચાર આના અથવા જેટલી વધું બને તેટલી બચત કરશો તો તેજ બચત તમોને અમુક વર્ષો બાદ મોટી રકમ તરીકે જોવા મળશે જે તમોને તમારા ભાવિ ઉપયોગ માટે મદદ કર્તા થઈ પડશે. આ રકમ મોટી નથી પણ તે થોડું થોડું કરતાં મોટી થશે અને તે તમોને મુશ્કેલીમાં કામ આવશે અને આગળ જતાં પરિણામે તે પાંચ, દશ અને પચાસ હજાર થશે, માટે તમારે થોડું થોડું બચાવવું જોઈએ..... અમારી ઈચ્છા છે કે તમો આ વાત ધ્યાનમાં લઈને તે પ્રમાણે અમલ કરી બચત કરજો.

.....ખાનાવાદાન.

ફરમાન :૩૫ તા.- ૫-૫-૧૯૫૮ લીઓપોડવીલે

અહીંની જમાતોએ હાથમાં હાથ મીલાવી જે કાર્ય કરે છે, તેથી આ જમાતખાનું તમોને પ્રાપ્ત થયું છે. તમો જેટલી મહેનત, ઈમાનદારી, વફાદારી અને પ્રમાણિકતાથી આગળ વધશો તેટલા જ તમારા બાળકો ભવિષ્યમાં તમારૂં અનુંકરણ કરી આગળ વધી શકશે. તમારી બંદગી અને ધાર્મિક ફરજોનું પણ તમારા બચ્ચાઓ તમારૂં અનુંકરણ કરીને આગળ વધી શકશે.

.......ખાનાવાદાન.

ફરમાન : ૩૬ તા.૧૦-૫-૧૯૫૮, કીગાલી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું....

અમે જાણીએ છીએ કે પૂર્વ આફ્રિકામાં આપણા લોકોમાંના અમુક મોટા પ્રમાણમાં સુવ્વરનું માંસ ખાય છે. અને તેમના કુમળા અને અણસમજુ બાળકોને પણ તે ખવડાવે છે. સુવ્વરનું માંસ જેમ દરેક મુસલમાન માટે હરામ છે તેમ દરેક ઈસમાઈલી માટે પણ હરામ છે. તે બિલકુલ ખાવું ન જોઈએ.કોઈપણ ઈસમાઈલી સુવ્વરનું માંસ ન ખાય. તેરસોથી વધું વર્ષોના ઈતિહાસમાં સુવ્વરના માંસને હરામ કહેવામાં આવ્યું છે. તે ખાવાથી ઈન્સાનની અંદર હેવાનીયત પેદા થાય છે. અમારા દાદાજાન સુવ્વરનું માંસ ખાવાથી બહું જ વિરૂદ્ધ હતા. બ્રિટનના રાજાના સમારંભમાં પણ તેમની આ અરૂચીનું સન્માન કરવામાં આવતું અને તેમના માટે કોઈપણ આંતરરાષ્ટ્રીય અને શાહી સમારંભમાં બેકન, હેમ, પૉર્ક વગેરે ન વપરાય તેની ચીવટ રાખવામાં આવતી.

.......ખાનાવાદાન.

ફરમાન : ૩૭ તા. ૨૯-૫-૧૯૫૮, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમે સઘળા એકબીજાના ભાઈઓ અને બહેનો છો એવું ફરમાન નબી સાહેબે જે ફરમાવેલ છે તે તમોને દિવસની એકે એક મિનિટ તમારા મગજમાં યાદ રાખવા અમો ફરમાવીએ છીએ.

અમારા દાદાશ્રીએ વખતો વખત તમોને ફરમાવ્યું છે કે, જ્યારે જ્યારે તમો પોત પોતામાં ઝગડા કરો છો ત્યારે

અમોને તકલીફ થાય છે. તમો ખાત્રી પૂર્વક માનજો કે તેનાથી અમને પણ બહુંજ તકલીફ થાય છે.

જ્યારે જ્યારે અમો તમારામાં અંદરો અંદર દુષ્ટતા, હસદ, ખરાબ અને પાપી વર્તણુંક તથા એકબીજાની ચાડીચુગલી કરતાં જોઈએ છીએ ત્યારે ત્યારે અમને બહું જ દુ:ખ થાય છે. તમને પણ તેથી બહું જ નુકસાન થાય છે જે તમે જોઈ શકતા નથી. તમો આજથી જ એકબીજાની સાથે ભાઈ બહેનની માફક જીવવાની શરૂઆત કરો.

.....ખાનાવાદાન.

ફરમાન :૩૮ તા.- ૨૯-૫-૧૯૫૮ તાનાનારીવ

એ યાદ રાખો કે અમારા દાદાશ્રીએ તમોને એક વખત ફરમાવેલું છે, અને અમો ઘણીએ વખત તમોને ફરમાવેલું હતું કે દરેક વખતે જ્યારે તમો પોતપોતામાં ઝઘડા કરો છો ત્યારે તેવણશ્રીને ઘણી જ તકલીફો થતી હતી, અને અમો પણ તમોને ખાત્રીપુર્વક કહીએ છીએ કે જ્યારે તમો અંદરો અંદર ઝઘડા કરો છો, તો તેનાથી પણ અમોને તકલીફો પેદા થાય છે દરેક વખતે તમારામાંથી એક બીજાના માટે ખરાબ અદેખાઈપણું, ખરાબ અને પાપી વર્તણુકો, ચાડીચુગલીઓ અને ગંદી વાતો અમો જ્યારે સાંભળીએ છીએ ત્યારે અમોને ઘણું જ દુ:ખ પેદા થાય છે. તેથી તમોને પણ નુકશાન થાય છે, જે તમો પોતે જોઈ શકતા નથી. આજથી જ તમો પોતાના દીલ સાથે ખાત્રી કરો અને સગાભાઈઓ અને બહેનો તરીકે જીવન જીવવાની કોશીષ અને શરૂઆત કરો.

......ખાનાવાદાન.

ફરમાન : ૩૯ તા.૨૯-૧૦-૧૯૫૮, પાકિસ્તાન
(ઈસમાઈલીયા એશોસીએશન ઉપર નવાજેશ ફરમાવેલ સંદેશ મુબારક)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારામાંના દરેકને પોતાના મઝહબનું ઊંડું જ્ઞાન અને સાચી સમજ હોવી જોઈએ.

આ જ્ઞાન તેમજ સમજ મેળવવામાં જેઓ બીજાઓને સહાય કરે છે તેઓને અને પોતાના મઝહબ વિષે માહિતી મેળવવાની જેઓએ નેમ રાખી છે તેઓને અમો અમારા ઉત્તમ પ્યાર ભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

......ખાનાવાદાન.

ફરમાન :૪૦ તા.૨૧-૯-૧૯૫૯, કરાંચી (રણછોડ લાઇન)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારામાંથી જેઓએ ઈસ્લામના ઈતિહાસનો અભ્યાસ કર્યો છે તેઓને ખબર હશે કે સાચો મુસલમાન ક્યારે પણ સ્થિર થઇને બેસી રહ્યો નથી, પરંતુ પ્રગતિ માટે નિરંતર પ્રયાસ કરતો રહ્યો છે. ન તો ઈસ્લામ કે ન તો ઈસમાઇલી ઈતિહાસ આપણને જડ બનીને બેસી રહેવાનું શીખવે છે. ખાસ કરીને ઈસમાઈલી ઈતિહાસ આનો સાક્ષી છે. જેથી તમારે પ્રગતિ માટે શક્ય બધું કરવું જોઈએ તમારી ફરજ છે કે ઈસ્માઈલી ઈતિહાસના પ્રકાશમાં તમો આગળ વધો અને તમારૂં જીવન ધોરણ ઉંચું લાવો જેના માટે તમારે આજથી જ શરૂઆત કરવી જોઈએ.

અમો ઈચ્છીએ છીએ કે તમારા બાળકો માંદા તેમજ અભણ ન હોવા જોઈએ. તેઓ કરજદાર નહિ પણ

સાધન સંપન્ન હોવા જોઈએ. કે જેથી પોતાના પગ ઉપર ઉભા રહી શકે. એટલું જ નહી પણ પોતાના કુટુંબને સહાયતા કરી શકે. તેઓએ પોતાની દુન્યવી તેમજ રૂહાની જીંદગીમાં પણ પ્રગતિ કરવા શક્તિમાન થવું જોઈએ કે જે સફળતાની ચાવી છે. આ તેઓના તેમજ તમારા ભવિષ્ય માટે જરૂરી છે. તમો સઘળાઓને એક એકને અમારા ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ.

....ખાનાવાદાન.

ફરમાન : ૪૧ તા. ૨૨-૯-૧૯૫૯,કીસુમું

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારી ભવિષ્યની જીંદગીમાં તમારા બાપ દાદાઓ કરતાં તમારે ઘણી મુસીબતોનો સમાનો કરવાનો રહેશે. અમો એમ નથી કહેતા કે તમારી ભાવી જીંદગીમાં મુસીબતો સિવાય બીજું કંઈ નહી હોય, પરંતુ અમારી ઈચ્છા એ છે કે તમોએ તમારા ભાવિ પ્રગતીનો ગંભીર પણે વિચાર કરવો જોઈએ.

ઝડપથી ફેરફારના કારણે દુન્યાના બીજા ભાગો સાથે એકાદ કલાકમાં સંપર્ક સાધી શકાશે, કે ત્યાં જઈ શકાશે. જ્યારે આગળના વખતમાં આ જાતની મુસાફરીઓ કે સંપર્ક સાધવા માટે ઘણા દિવસો લાગી જતા હતા. એ પણ શક્ય છે કે ભવિષ્યમાં લોકો આ દુનિયાને મુકી બીજી દુનિયામાં જઈ પાછા ફરી શકશે. હું ઈચ્છું છું કે જે દુનિયામાં તમો વસો છો તેનો તમારે વિચાર કરવો જોઈએ.

એક અંશ છે તે બહું ઉત્તમ છે અને તે ઈન્સાનીયતનો

અંશ છે. જો આપણામાં ઈમાનનો અંશ હોય તો આપણે જે કાર્ય કરીએ છીએ તે ઉત્તમ બની જાય છે. આજ અંશ છે જે તમોને ઈસ્લામ શીખવે છે. ઈસ્લામમાં ઈમાન લાવી અને આ માન્યતાઓને રોજિંદા જીવનમાં અમલમાં મુકવાથી તમારા જીવનના મુલ્યોમાં વધારો થશે. .....ખાનાવાદાન.

ફરમાન : ૪૨ તા. ૨૪-૯-૧૯૫૯, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા દાદાશ્રીએ વખતો વખત તમને ફરમાવ્યું હતું કે તમે ઘોડાને પાણી સુધી લઈ જઈ શકો છો પરંતુ તેને તમે બળજબરીથી પાણી પીવડાવી શકતા નથી. આથી અમે આશા રાખીએ છીએ કે તમે અમારા ફરમાનો ધ્યાનમાં રાખશો.

......ખાનાવાદાન.

ફરમાન : ૪૩ તા.-૨૪-૯-૧૯૫૯ નૈરોબી

પયંગમ્બર હ. મહમદના સમયથી આપણા મુખ્ય સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત એ પણ ચાલતો આવ્યો છે કે ઈમાન ટકાવી રાખવું, પણ વખતને અનુસરીને પોતાના વિચારો બદલતા જવા અને અમો જોઈએ છીએ કે અહીં નૈરોબીની અમારી જમાત આ સિદ્ધાંતને અનુસરી છે અમોને ખાત્રી છે કે જ્યાં સુધી તમો આ સિદ્ધાંત પ્રમાણે વરતશો અને તમોએ આજે જે કરી બતાવ્યું છે તેમ કરવું ચાલું રાખશો ત્યાં સુધી તમોને તમારા ભવિષ્ય માટે કોઈ મુશ્કેલી આવશે નહિ.

......ખાનાવાદાન.

ફરમાન :૪૪ તા. ૧-૧૦-૧૯૫૯, દારેસ્લામ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા દાદાશ્રીએ તમને ફરમાવેલું અને અમો પણ તમને ફરમાવીએ છીએ કે જીંદગીને સફળ બનાવવાનો આદર્શ તમોને તમારા મઝહબમાંથી જ મળી શકશે.

જો તમો કોઈ બીજા દેશોની ખોટી દોરવણી ઉપર ચાલીને તમારા મઝહબને છોડી દેશો, જો તમે તમારા મઝહબને પુરાણા જમાનાની નકામી ચીજ સમજીને ગણકારશો નહિ તો અમો નક્કી માનીએ છીએ કે તમારૂં જીવન ચારેકોરથી નિષ્ફળતાઓમાં ઘેરાઈ જશે. તે એટલે હદ સુધી કે તમારા બાળકો પણ જેમ જેમ મોટા થતા જશે તેમ તેમ તેમને પણ એ નિરાશાની અસર થતી જશે.

પણ જો તમને તમારા મઝહબ ઉપર ઈમાન હશે તો તમારા બાળકોને તેના સિદ્ધાંતો શીખવી શકશો અને તેમને તેનો અનુભવ કરાવી શકશો આવી રીતે અનુભવની લાગણીથી તે જેટલું સમજશે તેટલું જ શીખશે તે સિવાય તમે ઠોકી વગાડીને તેને ગમે તેટલું સમજાવશો તો પણ તેમને મઝહબનું જ્ઞાન થશે નહિ. ........ખાનાવાદાન.

ફરમાન : ૪૫ તા.૪-૧૦-૧૯૫૯, મોમ્બાસા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

કેટલાક લોકોએ અમને અરજ કરી છે કે, અમે ઈબાદત બંદગીમાં હંમેશા એક ધ્યાન નથી થઈ શકતા આથી તેઓને ચિંતા થાય છે. ખેર અમે ઈચ્છીએ છીએ કે તમે એ સમજો કે આ કોઈ કોયડો નથી, આ કોયડો તો તમારા પોતાના

મનનો છે. પરંતુ હકીકતમાં એ કોઈ કોયડો નથી. આપણે માનવજાત છીએ વળી જો તમારાથી એક ધ્યાન ન થવાતું હોય તો એ વધુ સારૂં છે કે ટૂંકી એવી દુઆ-બંદગી કરી ત્યાંજ અટકી જવું અને જ્યારે તમે હૃદયથી દુઆ-બંદગી કરતા હો ત્યારે વધું લાંબી ઈબાદત કરો. તમારો રૂહ કાંઈ મશીન નથી.

જે સિદ્ધાંતો આપણા સમક્ષ હમેશાં હોવા જોઈએ તે ઈસ્લામ અને ખાસ કરીને ઈસ્માઈલીઝમના સિદ્ધાંતો છે, અને તેથી જ અમો હમેંશા ઈચ્છીએ છીએ કે તમો તમારા મઝહબને જાણો એટલું જ નહિ પણ તે સિદ્ધાંતો કે જેના પર તે રચાએલો છે તેને સમજો. .....ખાનાવાદાન.

ફરમાન : ૪૬ ઓકટોમ્બર-૧૯૫૯, મોમ્બાસા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

હવે આપણી સાથે હમેશાં જે સિદ્ધાંતો હોવા જોઈએ તે ઈસ્લામના અને ખાસ કરીને ઈસમાઈલીવાદના સિદ્ધાંતો છે; તેથી જ અમે હમેશાં ઈચ્છીએ છીએ કે તમે ન માત્ર તમારો મઝહબ જાણો પરંતુ તે કયા સિદ્ધાંતો ઉપર આધારિત છે તે પણ સમજો જેમ કે બીજા કેટલાંક દેશોની બાબતમાં છે તેમ અમારા રૂહાની બચ્ચાઓ કુરઆન અને ગિનાને શરીફ ફક્ત મોંઢે કરે એમ અમે નથી ઈચ્છાતા, આ હિસ્સાઓને મોંઢે કરવા સારા છે અને વ્યવહારમાં જરૂરી પણ છે. પરંતુ સાથે તમે તમારા મઝહબને સમજવા શક્તિમાન બનો એમ પણ અમે ઈચ્છીએ છીએ અને જો કોઈ પ્રશ્નો હોય તો પુછતાં અચકાવ નહિ, તમારામાં નિરાશાની લાગણી રહે તે કરતાં પુછીને જવાબ મેળવવો વધું ઈચ્છાવા યોગ્ય છે. ....ખાનાવાદાન.

ફરમાન:૪૭ ઓકટોમ્બર ૧૯૫૯, સ્ટુડન્ટ કોન્ફરન્સ મોમ્બાસા
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ટુંકી દ્રષ્ટીવાળા ન બનો એમ નહિ સમજતા કે તમારા માવિત્રોને પોતાના બચ્ચાંઓ માટે કોયડા નહિ હોય. ઘણા લોકો આ રીતે વિચારતા હોય છે; અચ્છા હું યુવાન છું તો હું મારા બાળકોને કેવા બનાવું અને શું કરવું તે શીખવીશ, ખેર પરંતુ આમ બનતું નથી કારણ કે બચ્ચાઓ બદલતા સમાજમાં ઉછરે છે. આ સમાજને સમજવો અને જાણવો એ તમારા ઉપર અવલંબે છે, જેથી આ રીતે જાણ્યા પછી તમે તમારા બાળકોને ઉત્તમ પ્રકારે માર્ગદર્શન આપી શકો.

.......ખાનાવાદાન.

ફરમાન : ૪૮ તા. ૯-૧૦-૧૯૫૯, દારેસ્લામ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમે જો વિચાર કરો કે તમે આ પૃથ્વી મુકીને અઠવાડીયાના અંતનો સમય ગાળવા ચંદ્ર અથવા શુક્ર કે એવા કોઈક ગ્રહ ઉપર જઇ શકશો તો આજે આ હકીકત તમારે માટે બહું દુરની હોય, પરંતું અમે ઇચ્છીએ છીએ કે તમે સમજો કે એ વિચાર તમારા બાળકો માટે દુરનો નહિ હશે, તેથી તમારે તેઓને કોઈક એવી વસ્તું આપવી જોઇએ કે જેની ઉપર પોતાના જીવનના આદર્શોનો પાયો બનાવી શકે આ પાયો કયો હશે ? અમારા દાદાશ્રીએ ફરમાવ્યું હતું એવી જ રીતે અમે પણ ફરમાવ્યું છે કે ફક્ત એકજ એવું સાધન છે કે જેમાંથી તમે મુળભૂત આદર્શો અને સિદ્ધાંતો મેળવી શકો તેમ છો અને તે છે તમારો ધર્મ.અમને ખાતરી છે કે જો તમે

કેટલાક બીજા દેશોની નકલ કરશો અને તમારા ધર્મને તજી દેશો, જો તમે તેને ભુતકાળની કોઈ વસ્તું તરીકે લેખશો તો તમારે જરૂર તમારી પુરી જીંદગી દરમ્યાન મોટી નિષ્ફળતાઓનો સામનો કરવો પડશે અને તેમાં સપડાઈ જશો. કારણ જો કે તે કંઈક એવી વસ્તું નથી કે જે તમે પ્રત્યક્ષ જાણી શકશો, એ તો કંઈક એવી વસ્તું છે કે જેને તમારા બાળકો જેમ જેમ તેઓ મોટા થતા જશે તેમ તેમ તેનો અનુભવ કરી શકશે. જો તમે ઈમાન ધરાવતા હશો, જો તમે તેઓને ધર્મના સિધ્ધાંતોનું શિક્ષણ આપી શકો તેમ હશો તો તેઓ તેને અનુંભવી શકશે.

ઘણીએ વખત તમે એક બાળકને તેના ધર્મનું શિક્ષણ તેના મગજમાં પરાણે ઠાંસીને શીખવી ન શકો. જેટલું એ લેકચરો સાંભળીને શીખે છે તેટલું જ લાગણી થકી, અર્થસમજણ થકી શીખે છે.

અમો તમોને એક વાત કહેવા ઈચ્છીએ છીએ કે હજુએ જેમ વધું મહેનત અને બરાબર અભ્યાસ કરશો તેમ તમારૂં ભાવિ ઉજ્જવળ બનશે. ઉજ્જવળ ભાવિની આ એકજ અને ખાત્રી ભરી ચાવી છે. મહેનત કરો. વધું મહેનત કરો અને વધું મહેનત કરો.

બીજી વાત એ છે જે તમો ભલે તમારા બાહ્ય સુખ અને આંતરીક સુખ માટે કામ કરો. પરંતુ તમારા મઝહબને બરાબર વળગી રહેજો. તમારી દુઆ-બંદગી નિયમિત ગુજારો તમારા મઝહબ વિષે અને ઈસ્લામ વિષે શીખો.

....ખાનાવાદાન.

ફરમાન : ૪૯ તા.૧૩-૧૦-૧૯૫૯, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે એક વખત ફરીથી ફરમાવીએ છીએ કે તમારો સમય પલટાતો રહ્યો છે. અગર અમે ફરમાવીએ કે તમારા બાળકો ચાંદ ઉપર ચાનો એક કપ પીશે તો તમારામાંથી ઘણા લોકો આ વાતને મજાક સમજશે અને એ પર હસશે. ઠીક સરસ આ એવી રીતે હોવું જોઇએ, આજે અમે એ વાત પર હસીએ છીએ. પણ તમારા બાળકો એ પર નહિ હસે.

......ખાનાવાદાન.

ફરમાન : ૫૦ તા.૧૩-૧૦-૧૯૫૯, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જો તમો નવા ક્ષેત્રમાં આગળ વધશો તો તમોને નવી કલ્પનાઓ મળશે. અમો તમોને ફરમાવીએ છીએ કે આ ઉત્તમ છે અને આ કલ્પનાઓથી ડરવું નહિ. અમો માત્ર તમોને એક ચેતવણી આપીએ છીએ જે એક એવી ચેતવણી છે કે અમારા પૂર્વજોમાંથી કોઈ એકે પણ બદલાતા કાળમાં પોતાના રૂહાની બચ્ચાઓને આપી ન હોય.

જો તમો તમારા સન્માનને જાળવી રાખવા ઈચ્છતા હો તો તમો સર્વ વસ્તુઓને બદલી શકતા નથી સન્માનો, સિદ્ધાંતો, અને સદાચારો (જમાતોમાં) જરૂર રહેવા જોઈએ અને અમો જાણીએ છીએ અને અમોએ જમાતોમાં જોયું છે કે તે જળવાયેલું છે.

....ખાનાવાદાન.

ફરમાન : ૫૧ તા.૧૩-૧૦-૧૯૫૯, નૈરોબી
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આનંદ મેળવવાની જો કોઈ ચોક્કસ ખાત્રીવાળી ચાવી હોય તો તે બંદગીજ છે.

તમારામાંથી કોઈ ઉપર કદાચ ખરાબ વખત આવી પડે કે કોઈ જાતનું અંગત દુ:ખ પેદા થાય તો તે દુર કરવાનો બંદગી જ એક સાચો રસ્તો છે. પણ મુશ્કેલીના વખતે જ બંદગી કરવી એવું નથી સુખનો વખત હોય ત્યારે પણ બંદગી કરવી જ જોઈએ.

દરેકે બંદગી કરવી જરૂરી છે. તેથી માણસાઈ આવે છે જે તમો દરેક પાસે હોવી જોઈએ. ......ખાનાવાદાન.

ફરમાન :૫૨ તા.૧૬-૩-૧૯૬૦- રંગુન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની ફરજંદો જે દેશમાં તેઓ રહેતા હોય તે દેશના તેઓ પ્રમાણિક, વફાદાર અને પહેલા વર્ગના નાગરીક બનીને રહે. ......ખાનાવાદાન.

ફરમાન : ૫૩ તા. ૨૦-૩-૧૯૬૦, રંગુન (મંડપમાં)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું....

અમારા વહાલા રૂહાની ફરજંદો હમેશાં અમારા હૃદયમાં અને અમારા વિચારોમાં છે. અને જો કે જીસ્માની રીતે અમે તેઓ સાથે નથી પરંતુ તમારી બંદગીઓમાં અમે હમેશાં દરેક સમયે તેઓ સાથે જ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૫૪ તા. ૨૧-૩-૧૯૬૦, રંગુન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આજના નવરોજ પ્રસંગે અમો તમારામાંના એક એકને ઈદ મુબારક ઈચ્છીએ છીએ અને દુઆ કરીએ છીએ કે નવા વરસ દરમ્યાન તમારા દુન્યવી અને રૂહાની સુખમાં દસગણો વધારો થાય અને દર વર્ષે એમ જ થતું રહે. અમો અમારા રૂહાની બચ્ચાઓ સાથે આજે પહેલી જ વખત નવરોઝ ઉજવી રહ્યા છીએ આ પ્રસંગે અમો તમારામાંના એક એકને અમારા ખાસ વહાલ ભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

દરેક નવરોઝ તમારી જાતને પુછે છે; અમે અમારૂં કાર્ય પુરૂં કરી લીધું છે ? જો તમે પુરૂં કર્યુ હોય તો ખરેખર અમે અત્યંત રાજી થઈશું.

અમે સૌથી નાની વયનાથી લઈને સૌથી મોટી વય સુધીના અમારા સઘળા વહાલા રૂહાની બાળકોને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

નવરોઝ પ્રસંગે ફરી એક વખત તમો સઘળાઓને અમો નવરોઝની મુબારકીઓ આપીએ છીએ અને ભવિષ્યમાં તમારા જીવનમાં થોડી વધું પ્રગતિ કરવા માટેની વિચારણા કરવાની તમે આ નવા વરસથી શરૂઆત કરો એમ અમે ઈચ્છીએ છીએ.

તમે જો એકબીજાની સાથે ભાઈ બહેનની માફક હળી મળીને કામ કરો અને એક બીજાને મદદ કરો તો એક જ વરસની અંદર તમે ઘણા જ આગળ વધો અને પાંચ વરસમાં તો તમો ખુબ જ પ્રગતિ કરો એવી સ્થિતીમાં છો પણ આ

પ્રગતિનો આધાર અમારા ઉપર નહિ પણ તમારા ઉપર છે.

જો તમો કાર્ય કરશો, કરકસરથી રહેશો, બચત કરશો, હળીમળીને ભાઈ બહેન તરીકે રહેશો, એક બીજાને મદદ કરશો અને તમારા પોતાના ભલા માટે સ્થપાએલી બધી જમાતી સંસ્થાઓને ટેકો આપવો જોઈએ એ બાબત લક્ષમાં રાખશો તો અમોને ખાત્રી છે કે પાંચ જ વર્ષમાં તમો ઘણા આગળ વધી ગયા હશો. .....ખાનાવાદાન

ફરમાન : ૫૫ તા. ૨૩-૩-૧૯૬૦, રંગુન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અહિંના અમારા રૂહાની ફરજંદોમાં અમને સાચું ઇસ્માઇલી ખમીર જોઈને ઘણી ખુશી થઈ છે. અને તમો મુખી-કામડીયા તેને જાળવી રાખવાનું કાર્ય કરતા રહેજો એવી અમે આશા રાખીએ છીએ. .....ખાનાવાદાન

ફરમાન :૫૬ તા. ૨૬-૯-૧૯૬૦, કરાંચી-ગાર્ડન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, અમો એ જોઈને ઘણા ખુશી થયા છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ ઘણી સારી સંખ્યામાં જમાતની અંદર ઉત્સાહ પુર્વક કાર્ય કરી રહ્યા છે. ઘણી વખતે અમોએ તમને ફરમાવેલ છે કે અગર આપણે પ્રગતિ કરીશું તો તે ફક્ત બીજાઓની ભલાઈને માટે કાર્યો કરવા થકી જ અને નહી કે પોતાના માટે. અમે આશા રાખીએ છીએ કે આ સારૂં કાર્ય તમે હમેંશા ચાલુ રાખશો. બીજાઓ માટે કાર્ય કરવું અને નહી કે પોતાના માટે એ

ઈસ્લામનો મુખ્ય સિધ્ધાંત છે. આ બાબત ભુલશો નહિ યાદ રાખજો અને સારી રીતે અમલ કરજો.

તમો જ્યારે યુનીવર્સીટીની ડીગ્રીઓ મેળવવા માટે ઉચ્ચ કેળવણી લઈ રહ્યા છો ત્યારે તમારે એ વસ્તું લક્ષમાં રાખવી જોઈએ કે જીવનના દરેક ક્ષેત્રમાં તમારે લોજીકને અનુંસરવું જોઈએ આનો અર્થ એ નથી થતો કે તમો તમારું ઈમાન જતું કરો પરંતુ ઈસ્લામનો ખરો સિધ્ધાંત એ છે કે ઈમાન તર્ક અને બુદ્ધિ ઉપર આધાર રાખે છે. ઈસ્લામ અક્કલમાં ઉતરે એવો મઝહબ ન હોત તો આજે તે જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં રહેવા પામત નહીં આ બાબત તમારે લક્ષમાં રાખવી જોઈએ.

.....ખાનાવાદાન

ફરમાન : ૫૭ તા. ૨૬-૯-૧૯૬૦, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

મૌલાના હાજર ઈમામે પાકિસ્તાનની ઈસ્માઈલીયા એસોસીએશનને ખાસ મુલાકાત આપી કરમબક્ષીસ ફરમાવી ફરમાવ્યું કે આજે આપણે જે વાએઝ સાંભળી છે, તે વાએઝ અમોએ અત્યાર સુધી સાંભળેલી વાએઝોમાંથી એક સૌથી અસરકારક વાએઝ હતી, અને જેઓ ઈસ્લામીક ઈતિહાસના સુંદર હવાલાઓ અને દાખલા દલીલો સહીતની યોગ્ય અને સરસ વાએઝ કે જે મગજમાં ઉતરે, તેવા દાખલાઓ સહીત, ખરા આકાર અને સ્વરૂપમાં રજુ કરવાની પધ્ધતીઓ સમજવા અને જાણવા ઈચ્છે છે, તેઓએ આએ વાએઝની રેકર્ડ સાંભળવી જોઈએ, અને તેની સારી રીતે નોંધ લેવી જોઈએ. અમો

માનીએ છીએ કે, આ વિદ્યાર્થીનીએ ઘણી જ સરસ કામગીરી બજાવી છે. ઘણી જ સરસ.

હવે ઈસ્માઈલીયા એશોસીએશન સામે જે કામ પડેલું છે, તે બાબત ઉપર અમો આવીએ છીએ. અત્યારે આપણી સામે અગત્યનો અને વધારે અગત્યનો સવાલ એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાનો છે, જેઓ આપણા ઇતિહાસના અસલ પુસ્તકોનો તેઓ અભ્યાસ કરવાને શક્તિમાન હોય. તેઓ અરેબીક, પરશીયન, ઉર્દુ, ગુજરાતીમાં અને બીજી કોઈપણ ભાષામાં લખાએલા એવા પુસ્તકોના અભ્યાસ કરવાને પુરતા શક્તિમાન હોય.

વધુમાં બીજા કોઈ વખત કરતાં આજે આપણે પ્રાથમીક સાધનો ઉપર રચાયેલા ત્રીજી અને ચોથી કક્ષાના પુસ્તકો ફરી ફરીને વાંચવાનો કોઈ અર્થ નથી આથી આપણે બીજા લોકોએ તારવેલા અર્થની અસરમાં આવી જઈને મૂળ હકીકતો ને છોડી આપણે દુર દુર થતા જઈશું. અને સત્ય ઢંકાઈ જવાથી આપણે સંપૂર્ણ ગુંચવાડામાં પડી જઈશું. અમો એમ નથી કહેતા કે આમ થવા પામ્યું છે. પરંતુ અમો કહીએ છીએ કે આમ બનવાનો ભય છે. જેને આપણે દુર કરવો જોઈએ.

આ કારણથી અમો ઈચ્છીએ છીએ કે આવતા વરસો દરમ્યાન ઈસ્માઈલીયા એશોસીએશન એવા બાહોશ અને કાબેલ વિદ્યાર્થીઓને પસંદ કરી, એવી યુર્નિવરસીટીમાં તાલીમ લેવા માટે સ્કોલરસીપો આપે કે જ્યાં તેઓ પરશીયન અને અરેબીકનો અભ્યાસ કરી શકે અથવા પાકિસ્તાનમાં તેઓ

એવા ભાગમાં જાય કે જ્યાં ઉચ્ચ પ્રકારનું અને છટાદાર ઉર્દુ બોલી શકે અને બોલતા શીખે. આવા પ્રકારનું સઘળું કાર્ય કરવા શક્ય એવા તમામ પ્રયાસો કરવા જોઈએ. આવા વિદ્યાર્થીઓને સ્કોલરશીપો અને મુળભુત તાલીમ મળવી જોઈએ, ત્યાર બાદ તેઓને જરૂરી ભાષા શીખવા માટે મોકલવા જોઈએ. તેઓને ત્યાર બાદ દસ્તાવેજોનો અભ્યાસ કરવા માટે આપવા જોઈએ. તેઓ પોતાનો અભ્યાસ પુર્ણ કરી પાછા ફરે, ત્યારે તેઓએ મેળવેલી પ્રાથમીક માહીતી ઉપરથી એશોસીએશનમાં આવી કામ કરવું જોઈએ.

તમારામાંના કેટલાકો કે, જેઓએ આ બાબતમાં અમોએ લીધેલા રસથી વાકેફગાર છે, તેંઓને જાણ હશે કે અમોએ ઈસ્લામના નવા (એન સાઈકલોપીડીયા) માટે વખતો વખત ભલામણ કરી છે, કારણ કે પ્રખ્યાત પ્રોફેસરોની દોરવણી હેઠળ નવા એન સાઈકલોપીડીયા માટે બીજા કક્ષાના દસ્તાવેજો જતા કરવામાં આવે છે અને પ્રાથમીક દસ્તાવેજોનો આશારો લેવામાં આવે છે, અને આ પ્રાથમીક દસ્તાવેજો આપણે તપાસવા જોઈએ.

અમો આ વાએજ સાંભળીને એટલા ખુશી થયા છીએ, તેનું કારણ એ કે, આપણે તેમાં કુરાને શરીફની કેટલીક અત્યંત સુંદર સુરાઓ અને આયાતો વખતો વખત સાંભળી છે . આ આયાતો દરેક મુસ્લીમ માટે અર્થોથી ભરપુર છે, અને તેનો સ્પષ્ટ અર્થ થાય છે, તથા તેની એક જ તારવણી નીકળે છે, જેથી અમો એશોસીએશનના મેમ્બરોને ખાસ ભાર પૂર્વક ભલામણ કરીએ છીએ કે, તેઓ આપણા ઈતિહાસનું

પુરતું જ્ઞાન ધરાવતા તે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની દીશામાં કામ કરે, જેથી તેઓ જ્યારે અસલ દસ્તાવેજોનો અભ્યાસ કરવા બહાર જાય, ત્યારે તેઓ સમજી શકે કે તેઓ શેની શોધમાં આવેલા છે, કારણ કે ઢગલાબંધ સાધન સામગ્રીઓ એકઠી કરીને અભ્યાસ કરે, અને ત્યાર બાદ પોતે શેની શોધમાં આવેલા છે, તે પ્રશ્ન જ્યારે ઉપસ્થિત થાય,ત્યારે તેનો કોઈ અર્થ નથી. તમારે આ બાબત તરફ લક્ષ આપવું જોઈએ, અને તે ઉપરથી તમો જાણી શકો કે કયા દસ્તાવેજોને પડતા મુકવા જેવા છે.

બીજું આવા વિધ્યાર્થીઓને આગળ લાવવા માટે તેઓ ભાષા શીખે ત્યારથી તેમના દસ્તાવેજો મેળવે અને સાધનો એકઠા કરી, પુસ્તક પ્રગટ થાય ત્યાં સુધી સંશોધન કાર્યમાં દોરવણી આપવી જોઈએ. આજે તમો જ્યારે યુનિવરસીટીની ડિગ્રી મેળવવા માટે, ઉચ્ચ કેળવણી લઈ રહ્યા છો, ત્યારે તમારે એ વસ્તું ધ્યાનમાં રાખવી જોઈએ કે, જીવનના દરેક ક્ષેત્રમાં તમારે લોજીકને અનુંસરવું જોઈએ. આનો અર્થ એ નથી થતો કે તમો તમારૂં ઈમાન જતું કરો. પરંતુ ઈસ્લામનો ખરો સિધ્ધાંત એ છે કે ઈમાન હંમેશા બુદ્ધિ અને તર્ક ઉપર આધાર રાખે છે. ઈસ્લામ જો અક્કલમાં ઉતરે એવો મઝહબ ન હોત તો આજે તે જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં રહેવા પામત નહીં આ બાબત તમારે લક્ષમાં રાખવી જોઈએ. આજે આખા આફ્રિકામાં, આફ્રિકનો મુસ્લિમ બની ગયા છે, કારણ કે તેઓ ઈસ્લામને સમજી શક્યા છે.

અમોએ પહેલા વાએઝની બાબતમાં ફરમાવ્યું છે, અને

અમોએ જણાવ્યું છે કે, આ ઘણી જ નોંધપાત્ર વાએઝ હતી. બીજી બાબત એ છે કે અમોએ વિદ્યાર્થીઓને તાલીમ લેવા માટે બહાર મોકલવા અને અસલી દસ્તાવેજોની સામગ્રીઓ મેળવવા જણાવ્યું હતું આ સામગ્રીઓને મેળવવા જણાવ્યું હતું અને બીજી બાબત કે, આ સામગ્રીઓને બુધ્ધીમાં ઉતરે તેવી રીતે રજું કરવા જણાવ્યું છે. કારણ કે ઈસ્લામનું ખરું રહસ્ય બુદ્ધિમાં ઉતરે એવું છે. ઈસ્લામ કંઈ અસ્ટમપસ્ટમ ધર્મ નથી. તથા તેમાં કોઈ અર્થ વગરની વાતો નથી તે સ્પષ્ટ અને સરળ રીતે સમજી શકાય તેવો ધર્મ છે. તમારામાંના જેઓએ આનો બારીકાઈથી અભ્યાસ કર્યો છે તેઓને આ વસ્તું સ્પષ્ટ રીતે દેખાઈ આવશે

હમણા વાએઝમાં ઘણી જ ખુબીથી રજૂ કરવામાં આવ્યું હતું કે, ઈસ્લામનો અર્થ માત્ર શ્રધ્ધા નથી. પરંતુ સાથે કાર્ય પણ છે. એનો અર્થ એક એવી દુનિયાનું સર્જન કરવાનો છે કે જેમાં તમો તમારા મઝહબનું સારામાં સારી રીતે પાલન કરી શકો. તમારે તમારા મઝહબ ઉપર અમલ કરવા માટે આ કાર્ય કરવાને શક્તિમાન બનવું જોઈએ. અને મઝહબનો અમલ કરવા માટે તમારે એવી દુનિયાનું સર્જન કરવાનું છે. અમો ફરીથી તમો સઘળાઓને અમારા અત્યંત વહાલ ભર્યા દુઆ-આશિષ ફરમાવીએ છીએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૫૮ તા. ૨૭-૯-૧૯૬૦, કરાંચી (પાકિસ્તાન)
(મૌલાના હાઝર ઈમામે સઘળા વાએઝીન વિદ્યાર્થીઓને વાએઝીન સર્ટિફિકેટો એનાયત કર્યા હતા હાજરીન વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થીની ગુલશન અલીદીનાએ મૌલાના હાઝર ઈમામની ઉપસ્થિતિમાં વાએઝ કરી હતી.)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એસોશીએશન સમક્ષ જે કાર્યો પડેલા છે. તેમાંના થોડાંક કાર્યો વિષે અમે જણાવશું આજે આપણા માટે મહદઅંશે અતિ મહત્ત્વની સમસ્યા એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાની છે કે જેઓ ભુતકાળ તરફ દ્રષ્ટી કરી શકતા હોય, આપણા ઈતિહાસ વિષેના મુળ લખાણો વાંચી શકતા હોય, અરબી ભાષામાં લખાયેલ મુળ પ્રતો વાંચી શકતા હોય, ફારસી ભાષાની મૂળ પ્રતો વાંચી શકતા હોય, ઉર્દુ ભાષાની પ્રતો વાંચી શકતા હોય, ગુજરાતી ભાષામાં લખાયેલી મુળ પ્રતો વાંચી શકતા હોય અને કોઈ પણ ભાષામાં લખાયેલ લખાણોને વાંચી શકતા હોય. આજે હવે કાયમ માટે આપણે મુખ્ય ઉદ્‌ભવસ્થાન પર આધારિત અધિકૃત દસ્તાવેજો પ્રગટ કરવા માટે શક્તિમાન હોવાજ જોઈએ.

ત્રીજા કે ચોથા પ્રકારના દસ્તાવેજોને અવાર-નવાર વાંચ વાંચ કરવાથી કોઈ મૂદ્દાની સ્પષ્ટતા થતી નથી. બીજા લોકોએ કરેલા અર્થઘટનોથી આપણે ફક્ત આંટીઘુંટીમાં પડી શકીએ છીએ. મૂળ વિચારથી વધારે અને વધારે દૂર પડતા જઈએ છીએ. અને સત્ય શું હશે એ બાબત પર તો ગુંચવાડામાં પડીને ભ્રમિત થઈ જઈએ છીએ. જો કે અમે નથી કહેતા કે આમ બનવા પામ્યું છે, પરંતુ અમે કહીએ છીએ કે હાનિની પૂરેપુરી સંભાવના છે. હાનિના આ ભયને આપણે ટાળવો જોઈએ.

અમે એશોસીએશનને ભાર પૂર્વક સલાહ આપી છે જેથી કરીને વિધાર્થીઓ જ્યારે આ મૂળ આધારિત દસ્તાવેજોનો અભ્યાસ કરવા બહાર જાય ત્યારે તેઓ સૌ પ્રથમ જાણતા હોવા જોઈએ કે તેઓ શું શોધી રહયા છે. કારણ કે બહાર જવું અને પુષ્કળ સામગ્રી એકઠી કરવી અને તે સામગ્રીને વાંચ્યા કરવી અને હું શોધી રહયો છું એમ કહયા કરવું એનો કોઈ અર્થ નથી તેથી મૂળ દસ્તાવેજો જ શોધી લેવા જોઈએ.

તમારે ઈતિહાસને તર્કબધ્ધ રીતે રજૂ કરવો એ બીજો મહત્વનો મુદ્દો છે. અમે નથી ઈચ્છતા કે આપણા કોઈ પણ કાર્યમાં આ તર્ક શક્તિને ગુમાવી દેવામાં આવે.

બીજું તાલીમ માટે વિધાર્થીઓને બહાર જવા માટે અને અસલ સામગ્રી મેળવવા માટે ફરમાવ્યું છે. ત્રીજું પ્રાપ્ત કરેલ સામગ્રીને તર્કબધ્ધ રીતે ગોઠવીને રજૂ કરવા માટે ફરમાવ્યું છે કારણ કે ઈસ્લામનું ખરેખર હાર્દ બુદ્ધિ ગમ્યતા છે. એમાં કોઈ પ્રપંચ નથી, એમાં કોઈ અર્થ વગરની વાત નથી તે સ્પષ્ટ છે.

અમે તમને એ યાદ કરાવીએ છીએ કે તમારા જીવનમાં ગમે તે બને સારૂં કે નરશું, પણ સૌ પ્રથમ બાબત તમારૂં ઈમાન છે. અને ઈમાન એ દરેક બાબતથી ચડિયાતું હોવું જોઈએ.

એ યાદ રાખો કે ખાસ કરીને આ જમાતમાં ઈલ્મની જ્યોતને જારી રાખીને તેના પ્રકાશને આગળ પ્રસરાવવોજ જોઈએ, આગળ ધપાવવોજ જોઈએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૫૯ તા. ૨-૧૦-૧૯૬૦, મોમ્બાસા
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જે રૂહાની બચ્ચાઓ શિક્ષકો છે તે બધાને અમો અમારા રૂહાની બચ્ચાઓના અગ્રેસરો ગણીએ છીએ. તેઓ સન્માનને યોગ્ય છે. તેઓએ યાદ રાખવું જોઈએ કે અમારા રૂહાની બચ્ચાઓમાંના દરેક શિક્ષક કે જે ખરા અંત:કરણથી શિક્ષણનું કાર્ય હાથ ધરે છે. તેને અમો હમેશાં આગેવાન ગણશું.

.....ખાનાવાદાન.

ફરમાન : ૬૦ તા. ૧૭-૧૦-૧૯૬૦, ઢાકા, બંગલાદેશ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમોને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શિખવવાની ઈસ્માઈલીયા એશોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તે ઉપર લક્ષ આપી અમલમાં લેવાશે તો જ આપણી આ અદ્‌ભુત પ્રણાલિકાઓ આપણે ચાલુ રાખી શકશું નહીંતર આપણે અતી અગત્યનો એવો ભુતકાળનો અમુક વારસો ગુમાવી બેસશું કે જે વારસો આપણી જીંદગી પર્યંત અને હવે પછી જે બાળકો જન્મવાનાં છે તે અમારા સર્વે રૂહાની બચ્ચાઓના જીવન માટે અતિ અગત્યનો છે.

અમારા એ રૂહાની બચ્ચાઓ જેઓ ઓછી આવકવાળા છે. તેમને અમો બે અથવા ત્રણ જણને ગ્રુપ અથવા શક્ય હોય તો વધું સંખ્યાના ગ્રુપ બનાવવાની સલાહ આપીએ છીએ. જો તમો એક જ પ્રકારનો વેપાર કરતા હો તો સાથે જોડાઈ જાઓ, તમારી મુડીને એકત્ર કરો એના નાના સહકારી

ધોરણે વેચાણ કરવાની પધ્ધતીને અપનાવો. મુડીને એકત્ર કરવાથી તમો વધું માલ ખરીદી શકશો. વધું માલ ખરીદવાથી તમોને ભાવમાં ફાયદો થશે. જેના લીધે તમારા નફામાં પણ થોડો વધારો થશે.

....ખાનાવાદાન.

ફરમાન : ૬૧ તા. ૨૬-૧૦-૧૯૬૦, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આજ દિવસ સુધી અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના ધર્મના રીત-રીવાજો અને રૂઢીઓ જેમ સંભાળી રાખ્યા છે. તેમ હમેશાં એને સંભાળી રાખે અને હંમેશની જેમ પોતાની ઈબાદત-બંદગી નિયમિત ગુજારતા રહે.

બચ્ચાંઓને તેમનો મઝહબ શીખવવો અને સમજાવવો એટલું જ નહી પણ તેને કેવી રીતે પાળવો તે અમલ કરી બતાવી દોરવણી આપજો.

માવિત્રો ઉપર ખાસ ફરજ છે કે અમારા રૂહાની બચ્ચાંઓ અમારા નાના રૂહાની બચ્ચાંઓને તેમનો મઝહબ શીખવે અમારી જમાતો એ યાદ રાખે કે આ સિવાય અન્ય કોઈ કામ કરવાનો કોઈ અર્થ નથી.

આ બહું જ જરૂરી છે જે દરેકે દરેક ખાસ ધ્યાનમાં રાખે એમ અમે ઈચ્છીએ છીએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૬૨ તા. ૨૨-૧૨-૧૯૬૦, સુજાવલ - પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે એક વસ્તુ બીજી તમામ વસ્તુઓ કરતાં વધારે અગત્યની છે તે એ છે કે તમારે જમાતખાનાની હાજરીમાં નિયમિત રહેવું જોઈએ. તમારી દુઆ-બંદગી નિયમિત ગુજારવી જોઈએ. તમારે નિયમિત સેવા બજાવવી જોઈએ. અને તેથી વધારે તમારે હંમેશા ઈસ્લામની ભાવના મૂજબ જીવન ગુજારવું જોઈએ. આનો અર્થ એ થાય છે, કે તમારે હંમેશા સગાભાઈઓ અને બહેનો તરીકે રહેવું જોઈએ.

....ખાનાવાદાન.

ફરમાન : ૬૩ તા.- ડીસેમ્બર -૧૯૬૦ -પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે દ્રઢતા પુર્વક માનીએ છીએ કે પહેલા કરતા આજના સમયમાં ઈન્સાનને આધુનિક પધ્ધતિનું જીવન-જીવવું શક્ય છે. અને સાથે સાથે ખરૂં ધાર્મિક જીવન પણ જીવી શકાય છે.

એવા પ્રકારના કોયડાઓ દુર કરવા જોઈએ કે જેમાં ઈન્સાન એવી પરિસ્થિતીમાં મુકાય કે જેથી તેને એક અથવા બીજો માર્ગ અપનાવવાની ફરજ પડે અને અમારી માન્યતા પ્રમાણે આ ઈસ્લામની એક શક્તિ છે.

......ખાનાવાદાન.

ફરમાન : ૬૪ તા. ૧૦-૧૨-૧૯૯૧, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમને દરરોજ વરસના પ્રત્યેક દિવસ જોતા રહીએ છીએ. અમે તમારી સફળતા કે તમારી નિષ્ફળતાને રસપૂર્વક ધ્યાનમાં લેતા રહયા છીએ અને અમે ઈચ્છીએ છીએ કે તમે એ જાણો કે અમે તમારી સફળતા ચાહીએ છીએ. માટે સખત મહેનત કરો, નિયમિત જમાતખાને આવો કારણ કે દુઆ-બંદગી વગરના માનવીનો આ જગત ઉપર કોઈ ઉપયોગ નથી. તો જમાતખાને આવો, તમારા ધર્મનું નિયમિત પાલન કરો અને સખત મહેનત કરો. અમે તમને અમારા અતિશય વહાલભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

નિયમિત ઈબાદત- બંદગી કરવાનું અને સખત મહેનત કરવાનું યાદ રાખો. .....ખાનાવાદાન.

ફરમાન : ૬૫ તા. ૨૯-૦૯-૧૯૯૨, થાણા -ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો ઈચ્છીએ છીએ કે તમો માવિત્રો તમારા બચ્ચાઓને આપણા સત્ય મઝહબના રસ્તાની પુરેપરી તાલીમ આપવાની ઉંચી અને સારી આશા રાખો.

તમારામાં જે માવિત્રો છે જેમને યુવાન છોકરા અને છોકરીઓ છે, અમે ઈચ્છીએ છીએ કે તમે તેમના માટે મહત્વાકાંક્ષી બનો; અમે ઈચ્છીએ છીએ કે તમે બે રીતે મહત્વાકાંક્ષી બનો. અમે ઈચ્છીએ છીએ કે તમે મહત્વાકાંક્ષી બનો કે જેથી તમે તેમને યોગ્ય રીતે ધર્મનું પાલન શિખવી

શકો. દુન્યવી બાબતમાં પણ તેઓ સારી પ્રગતિ કરી શકે તે માટે પણ મહત્વાકાંક્ષી બનો તેવું અમો ઈચ્છીએ છીએ.

તમારા બાળકોની ધાર્મિક પ્રગતિ માટે તમારી પાસે મુખી કામડીયા, એશોસીએશન, ઓનરરી મિશનરીઓ, વાએઝીનો અને સૌથી વિશેષ તમો માવિત્રોની સલાહ અને સહાયની જરૂરત છે.

તેમની દુન્યવી પ્રગતિ માટે તમે બે બાબત ઉપર આધાર રાખી શકો છો એક છે શિક્ષણ અને બીજું તંદુરસ્તી.

.......ખાનાવાદાન.

ફરમાન : ૬૬ તા. ૨૯-૦૯-૧૯૬૨, પુના (ભારત)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આ સફરમાં અમોએ જોયું છે કે અમારા ત્રણ નાની ઉમરના રૂહાની બચ્ચાઓને માતાની રસી કઢાવવામાં ન આવેલ, તેના કારણે તેઓ જીંદગીભર માટે આંખની રોશની ગુમાવી બેઠા છે. આ એવી વસ્તુ છે, જે અમે કદી પણ અમારી જમાતમાં કબુલ નહિ કરીએ આવા માવિત્રોને અમે બીલકુલ બેદરકાર ગણીએ છીએ અને અમે અમારી હિંદુસ્તાનની જમાતમાં હવે પછી આવું જોવા ઈચ્છતા નથી.

તમે યાદ રાખજો કે તમારા ભવિષ્યની સલામતી માટે એક જ રસ્તો છે, તે એ છે કે તમારા બચ્ચાઓની પ્રગતી માટે કોશિષ કરો. અને તેમ કરવા માટે તેમને કેળવણી લેવા પુરેપુરી તક આપો તેમને સારામાં સારી સ્કુલમાં મોકલાવો તેમને કેળવણી સંબંધી તેમના ઉપર ચાલુ નિગાહ રાખો

તેમને જોઈતી મદદ કરો અને દોરવણી આપો. તેઓ પોતાની કેળવણી પુરી ન કરી લ્યે ત્યાં સુધી તેમને સ્કુલમાંથી ઉઠાડી લેશો નહિ જો તેઓ સારી પેઠે કેળવણી લેતા હોય તો તેમને પ્રોફેશનલ ડીગ્રીઓ મેળવવા તક આપજો. ......ખાનાવાદાન.

ફરમાન : ૬૭ તા. ૩૦-૦૯-૧૯૯૨, પુના (ભારત)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

યાદ રાખો કે અમો તમોને અવાર નવાર દુન્યવી ફાયદા માટે ફરમાન ફરમાવીએ છીએ પરંતુ અમો જોઈએ છીએ કે તમારામાંના ઘણાખરા દુનિયા પાછળ લાગેલા હોય છે. અને દુન્યવી પ્રગતીને જ પોતાના જીવનનો ધ્યેય બનાવેલ છે. આવા લોકો અળવે રસ્તે દોરવાઈ ગએલા છે.

ખરો માર્ગ એ છે કે તમો તમારી બંદગીના વખતને બરાબર સંભાળો અને એકાગ્રતાથી ખરૂં સુખ મેળવો.

.....ખાનાવાદાન.

ફરમાન : ૬૮ તા. ૨-૧૦-૧૯૯૨, મુંબઈ (દરખાના)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો ઈચ્છીએ છીએ કે તમો એ બાબત ખ્યાલમાં રાખો કે તમારી બંદગી વખતે નિયમિત રીતે હાજરી આપવી અને તમારા દીનની પયરવી કરવી એ તમારા માટે સૌથી વધારે મહત્વની બાબત છે. તમારી જીંદગીમાં જે પણ કંઈ બનતું હોય તેને ગણકાર્યા વગર હવે પછી બીજી કોઈ પણ વસ્તુને આના કરતાં વધું મહત્વની સમજવી જોઈએ નહિ.

......ખાનાવાદાન.

ફરમાન : ૬૯ તા.-૧૯૬૨, ઓકટોબર, પુના (ભારત)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

માણસ જાતના ઈતિહાસમાં અગાઉ ફેર ફારો બહું ધીમે ધીમે થતા પણ હવે તો બહું જ ઝડપથી ફેરફાર થાય છે.

અગાઉ આપણી પૃથ્વી સિવાય બીજી દુનિયાઓ (ગ્રહો) નો વિચાર કરવાનું કામ ફિલસુફો અને નિષ્ણાતો જ કરતા પણ હવે તો એ બધી વાતો એકદમ સાધારણ બની ગઈ છે. અને આપણી આવતી પેઢીના બાળકોને એવા ગ્રહો ઉપર પહોચવાની તક જરૂર મળવાની હોઈ તેમણે તે બાબતોનો વિચાર કરવાનો રહેશે. જેથી કુદકે ને ભુસ્કે વધતી જતી માણસની શક્તિની સાથે રહી શકે તેવી કેળવણી આપણા બાળકોને જરૂર આપવી પડશે.

જમાનાની સાથો સાથ રહી શકે તેવી રીતે આપણી ઉગતી પ્રજાને તૈયાર કરવાનો જો તમારી સંસ્થાનો મકસદ હોય તો તે ખરેખર મહાન સેવા બજાવી રહી છે.

....ખાનાવાદાન.

ફરમાન : ૭૦ તા.૩ -૧૦-૧૯૬૨, દરખાના - મુંબઈ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારે એ સમજવું જોઈએ કે આ દુનિયાની અંદર આપણે ઘણા થોડા સમય માટે છીએ.

આ દુનિયાનો જ્યારે આપણે ત્યાગ કરીશું ત્યારે દુન્યવી ઉન્નતી માટે જે કાંઈ કર્યું હશે તે આપણે આપણી સાથે લઈ જઈ શકશું નહિ. માટે દુન્યવી વસ્તુઓ પાછળ અવિચારી

બની ભટકવું એ માત્ર નાદાની જ નહિ પણ મોટી મુર્ખતાજ છે.

હવે પછીના આવતા વર્ષોમાં તમોને મદદ કર્તા અને દોરવણી રૂપ થઈ પડે તે માટે વખતો વખત તમોને ફરમાનો મોકલતા રહીશું.

એ અગત્યનું છે કે આ એ ફરમાનોના અર્થ તમારે સંપૂર્ણ રીતે સમજવા જોઈએ. અને તે ઉપર તમારે બરાબર અમલ કરવો જોઈએ.

જમાતમાં તમો નાની ઉમરવાળા મોટી સંખ્યામાં છો. તમારા હાથમાં જીંદગી વીતાવવાનો હજું લાંબો સમય છે. એટલે હમણાંથી જ જો તમો તમારા દીન વિષે શીખવાનું અને સારી આદતો કેળવવાનું શરૂ કરો તો ઘણું કરી શકશો. તમારા દીન ઉપર બરાબર મુસ્તકીમ થઈને રહો કે જેથી તમારી જીંદગીમાં તમને સુખ મળે.

તમોને કંઈ પણ થાય પણ જો તમારા દીનમાં ચુસ્ત હશો તો કદી પણ દુ:ખી નહિ થાવ, કદાચ તમો ગમગીન થશો, તમને વ્યાધી થશે. પણ તમે દુ:ખી નહિ થાવ.

જો કે જાહેરીમાં અમો તમારી વિદાય લેશું, પરંતુ તમે હંમેશાં અમારા દિલમાં, અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં હશો તમે હંમેશા અમારી સાથે છો, તમારામાંના એક એકને વ્યક્તિગત રીતે અમારા ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમો જે જે કામ કરો છો તે અમો બહું જ ધ્યાનથી

જોતા રહીએ છીએ બીજા કોઈ પણ કામ કરતાં તમારી જમાતખાનાની હાજરીમાં અને તમારી ધાર્મિક ફરજો બજાવવામાં તમો કેટલા નિયમિત છો એ ધ્યાનમાં રાખવું વધું જરૂરી છે.

અહીંના અને બીજી જમાતોના અમારા રૂહાની બચ્ચાંઓ કાઉન્સીલના મેમ્બરો થવા અને ટાઈટલો મેળવવા દોડા દોડી કરે છે. પણ તેમણે સમજવું જોઈએ કે એ બધી દુનિયાની નજીવી વસ્તુઓ છે તેનું મહત્વ કંઈ નથી.

સાચું મહત્વ નિયમિતપણે ધાર્મિક ફરજો બજાવી તે થકી પ્રાપ્ત થતુ સુખ મેળવવામાં છે.

તમારૂં ચાલું જીવન તમે ગમે તેમ સુખ દુ:ખમાં પસાર કરો તે મોટો સવાલ નથી પણ તમારા દિલમાં તમારા મઝહબ પ્રત્યેની તમારી શું હાલત છે, તમો વખતસર બંદગી કરો છો કે નહી, તમારી ધાર્મિક ફરજો બજાવવામાં તમો નિયમિત છો કે નહીં આ બાબત સૌથી વધારે મહત્વની છે.

અમારા રૂહાની બચ્ચાઓ વર્ષોથી જમાતની સેવા બજાવી રહેલા હોવા છતાં પોતાને કદી ટાઈટલ મળવાની આશા રાખતા નથી કદાચ તેઓને કદી પણ ટાઈટલ ન મળે તો પણ એ કંઈ બહું અગત્યની વસ્તુ નથી. અમો તેમને હંમેશા જમાતના આગેવાનો તરીકે ગણીએ છીએ. તેમને ઈમામના દુઆ આશિષ મળતા રહે અને તેઓના દિલ ગવાહી આપતા રહે કે તેઓ તેમની ધાર્મિક ફરજોમાં નિયમિત રહે છે તો એજ વસ્તુ અગત્યની છે.

......ખાનાવાદાન.

ફરમાન : ૭૧ તા. ૪-૧૦-૧૯૬૨, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમોને એ ખાત્રી કરાવવા ઈચ્છીએ છીએ કે જાહેરી ટાઈટલો આપવા એ મઝહબથી તદ્દન જુદી વસ્તુ છે. આ ટાઈટલો અને હોદ્દાઓ ફક્ત જાહેરી સેવા માટે છે. આને મઝહબ સાથે તેને કંઈ લેવા દેવા નથી. ઈમામના દુઆ-આશિષો એ એક ઉત્તમ પ્રકારનો બદલો છે. અને કોઈ પણ ટાઈટલ કરતાં તે ઘણો જ ઉંચો છે. કોઈ રૂહાની બચ્ચાઓ જ્યારે પોતાના ભાઈ કે બહેન માટે કે કાકા-કાકી માટે ટાઈટલો કે હોદ્દાઓ માટે પ્રયત્ન કરે છે ત્યારે અમને હસવું આવે છે. ફક્ત પાઘડી અને ઝભ્ભો પહેરવાથી તમે મહાન નથી બની જતા. જે વસ્તું અંત:કરણમાં છે તે જ ખરી હકીકત છે અને તેના વગર દુન્યવી હોદ્દાઓનું કંઈ મહત્ત્વ નથી.

.....ખાનાવાદાન.

ફરમાન : ૭૨ તા. ૪-૧૦-૧૯૬૨, નૈરોબી - દરખાના

હમેંશાં એ યાદ રાખો કે, વઝીર અથવા કાઉન્ટ અથવા ઈત્માદીનો ટાઈટલ હોવાનું અથવા ઝબા અને પાઘડી પહેરવા કરતાં તમારા હૃદયમાં કેવી ભાવના છે તે વધારે મહત્ત્વનું છે. તેથી કરીને એ ઘણું જ અગત્યનું છે કે, જે રૂહાની બચ્ચાઓ જમાતખાનાની હાજરીમાં નિયમિત છે, જેઓ પોતાની ધાર્મિક ફરજોમાં હમેંશા નિયમિત છે તેજ રૂહાની બચ્ચાઓ હમેંશા મઝહબના રસ્તા ઉપર આગળ અને આગળ છે.

તમો દરેક જણ હજું ઘણા યુવાન છો તમારી પાસે જીવવા માટે આખી જીંદગી છે. તમો બદલાતા જગતમાં

જીવતા હશો, તેમાં તમારે કેટલાક કોયડાઓનો સામનો કરવો પડશે પરંતુ અમો ઈચ્છીએ છીએ કે તમો એ યાદ રાખો કે તમારા જીવનમાં તમારી સામે બે બાબતો હશે જેમાંની એક બાબત એ હશે કે તમોને સાચે રસ્તે ચાલવા માટેની વધુંમાં વધું તકો મળશે કે જેથી તમારા જીવનમાં સફળતા મેળવો. તમો યુવાન છો અને અમો નથી ઈચ્છતા કે તમો તમારા સમયને વેડફી નાંખો. અમો ઈચ્છીએ છીએ કે તમે સખત મહેનત કરો, વધું અને વધું મહેનત કરો. અમો ઈચ્છીએ છીએ કે તમે જે કામ કરો છો તેમાં હરીફાઈ નહી હોય તો વધું સારું કામ નહી કરી શકો.

જો તમો તમારી સાથે વસતા બીજા માણસોની સરખામણીમાં વધારે શક્તિવાળા, વધારે ભણેલા, વધારે અક્કલવાળા હશો. ત્યારે જ તમોને સફળતા મળશે.

એ સૌથી વધારે અગત્યનું છે કે તમોને સાચું યકીન હોવું જોઈએ. અને પુરે પુરૂં ઈમાન હોવું જોઈએ. અને તમારી ધાર્મિક ફરજોમાં તમો નિયમિત હોવા જોઈએ. કોઈ પણ જાતની મુશ્કેલીઓ આવી પડે, તેની પરવા ક્યાં વગર તમો તમારી ફરજોમાં મજબૂત હશો, તમો નિયમિત દુઆ-બંદગી ગુજારતા હશો, તમોને બૈતુલખ્યાલમાં દાખલ કરવામાં આવેલા હોય, અને તમો વહેલી સવારે દુઆ બંદગીમાં આવતા હો, ત્યારે જ તમો શક્તિ અને બળ હાંસલ કરી શકશો, તમોને સુખ મળશે, અને તમારા મેળવેલા આ સુખને કોઈપણ છીનવી શકશે નહિ, કારણ કે આ એવી વસ્તું છે કે જે સુખને તમોએ તમારા ઈમાનમાંથી ઉત્પન્ન કરેલ છે અમો ઈચ્છીએ

છીએ કે, તમો આ ફરમાનોને હમેંશા યાદ રાખજો.

જો તમારામાં સાચું ઈમાન હશે. તમો નિયમિત દુઆ-બંદગી ગુજારતા હશો તો જરૂર શોધી શકશો કે આ મુશ્કેલીઓ અને તકલીફો તદ્દન નકામી, નજીવી અને તુચ્છ જાણાશે.

......ખાનાવાદાન.

ફરમાન : ૭૩ તા. ૭-૧૦-૧૯૬૨, કંપાલા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

કેટલાક રૂહાની બચ્ચાઓ ટાઈટલોની પાછળ દોડવામાં કે પોતાને ટાઈટલ મળે તેવી ભલામણો મેળવવાની કોશીષમાં અને કાઉન્શીલમાં તેઓને હોદ્દો મળે તે માટેની ભલામણો મેળવવામાં પોતાને અક્કલમંદ સમજ્યા છે.

છેલ્લા ૧૩૦૦ વરસમાં અમારી જમાતોએ દુન્યવી બાબતોને પોતાના મઝહબથી ચડીયાતી ગણવાની કદી ભુલ કરી નથી. આજે પણ વખત એવો નથી કે એવી ભુલ કરવી યોગ્ય ગણાય.

એટલે જ અમો અમારા જે રૂહાની બચ્ચાઓ પોતાની ધાર્મિક ફરજોમાં નિયમિત રહી વખતસર જમાતખાને આવે છે અને જેઓ બૈતુલખ્યાલમાં છે અને વખતસર બૈતુલખ્યાલમાં જાય છે તેમને અમારા ટાઈટલધારી રૂહાની બચ્ચાઓ કરતાં વધારે ચઢીયાતા ગણીએ છીએ.

તમારે યાદ રાખવું જોઈએ કે તમારા નામની આગળ કઈ પદવી છે તેની ચિંતા કરવા કરતાં તમારા દિલની અંદર કેવી ભાવના રહેલી છે તેની દરકાર રાખવી વધું જરૂરી છે.

અમારા રૂહાની બચ્ચાઓ દુન્યવી બાબતોને વધું જરૂરી સમજે એવું અમે ઈચ્છતા નથી. એવું ન થાય કે બીજા પૈસાદાર પરંતુ ધર્મમાં નહિ માનનાર બેઈમાન દેશો જેવા તમે કાફીરૂન બની જાવ, અમારા કોઈ પણ રૂહાની બચ્ચા માટે આ શબ્દ વપરાવવો જોઈએ નહિ. તમો દરેકે દરેક આ ફરમાનને યાદ રાખજો.

ઝબ્બા અને પાઘડીઓ પહેરી ટાઈટલધારી બનવા કરતાં તમારી ફરજો નિયમિત બજાવી ઈમામના દુઆ આશિષો મેળવવા એ વધારે ચડિયાતું છે. આ બાબત યાદ રાખવી ઘણી જ જરૂરી છે.

.....ખાનાવાદાન.

ફરમાન : ૭૪ તા. ૮-૧૦-૧૯૬૨, હોઈમા રોડ-કંપાલા.
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જો તમો તમારી દુઆ બંદગીમાં નિયમિત હશો, જો તમો તમારી ધાર્મિક ફરજોમાં નિયમિત હશો તો તેમાંથી તમારા રૂહને સંતોષ મળશે, કે જે સંતોષ તમોને બીજી કોઈપણ વસ્તુંમાંથી મળી શકશે નહિ. દુન્યવી બાબતોની પાછળ દીવસોના દીવસો પડયા રહેવું, તેનો કોઈ અર્થ નથી.

તમારે એ સમજવું જોઈએ કે ખોટે રસ્તે દોરવાઈ જઈને, અને દુન્યવી ફાયદાઓની પાછળ ફક્ત મંડી પડયા રહીને તમો દુન્યામાં ગમે તેટલી પ્રગતી કરશો તો પણ તેમાંથી તમો સાચું સુખ મેળવી શકશો નહિ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૭૫ તા. ૮-૧૦-૧૯૬૨, કંપાલા.

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જેઓએ બૈતુલખ્યાલમાં નિયમિત હાજર રહી વહેલી સવારની ઈબાદતથી પોતાના દિલમાં રોશની પ્રાપ્ત કરી છે, તેઓ એ સમજે છે કે આ આનંદ, અનેરો આનંદ અને ખુશી છે કે જે આનંદ અમારા રૂહાની બચ્ચાઓ ઈબાદત થકી મેળવે છે તે બીજા દુન્યવી સુખો કરતાં ઘણું જ ઉત્તમ અને ઘણું જ ચડિયાતું છે.

અમોએ આ ફરમાન ઈસ્ટ આફ્રિકાની જમાતો ઉપર નારાજ થઈને કર્યા છે એવું કોઈ ન સમજે. પરંતુ જ્યારે ઈમામને લાગે કે તમારી ભુલ થાય છે ત્યારે તમોને ચેતવણી આપે છે. અમો નથી ઈચ્છતા કે તમો આવી ભુલો કરો. આ બાબત ધ્યાનમાં રહે અને તમે અવળે રસ્તે ચડી ન જાવ તે યાદ રાખવા માટે અમોએ આ ફરમાન કર્યા છે.

જો તમો આવી ભુલો કરશો તો તમો કોઈપણ દિવસ ઉજ્જવળ ભવિષ્ય મેળવી શકશો નહિ.

જો તમો મઝહબના ખરા સિદ્ધાંતો અનુસાર પોતાનું જીવન જીવશો નહિ તો તમો સત્ય રસ્તો અને ખરૂં સુખ મેળવી શકશો નહિ. .....ખાનાવાદાન.

ફરમાન : ૭૬ તા. ૧૩-૫-૧૯૬૩, પેરીસ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જમાતના તમે દરેક જણ સુરા ફાતેહા જાણો છો ? તમો સઘળાઓ માટે વખતસર બંદગી ગુજારવી કેટલી જરૂરી છે તેની અગત્યતા ઉપર લક્ષ આપવા અમો ભારપૂર્વક ભલામણ કરીએ છીએ.

તમારામાંના ઘણાખરા અત્રે યુરોપની સફરે આવેલા મુસાફરો છો અને મુસાફરીમાં ફરતા હોવાના કારણે તમારૂં જીવન થોડું ઘણું અવ્યવસ્થિત હોય તે દેખીતું છે.

મુસાફરીમાં હો ત્યારે વખતસર બંદગીમાં પહોંચવાનું કઠણ છે એ ખરૂં પણ બંદગી એ તમારા રૂહાની જીવનનો પાયો છે એ તમો ભુલી જશો નહિ. આ બાબત હંમેશને માટે બહું જ જરૂરી અને મહત્વની છે.

બંદગીથીજ રૂહાની આનંદ મળે છે. અને અમારા રૂહાની બચ્ચાઓ હંમેશા એ રૂહાની આનંદ મેળવતા રહે એવું અમે ઈચ્છીએ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન :૭૭ તા.-૧૯૬૩મે, પેરિસ, ફ્રાંસ,

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ,

ઘણા રૂહાની બચ્ચાંઓ કે જેઓ એ પોતાના વહાલા આપ્તજનોને ગુમાવ્યા છે, તેઓ શોકમગ્ન અને આંખોમાં આંસુઓ સાથે અમારી પાસે આવે છે. પણ જો તેઓને ફક્ત એટલી ખબર પડે કે ગુજરનારની રૂહો પેલી દુનિયામાં કેટલી ખુશહાલ છે તો તેઓ અફસોસ નહિં કરે.

આ દુનિયાની જીંદગી અલ્પકાલિક અને ઘણી જ ટૂંકી છે. માટે હવે પછીની જીંદગી કે જે હંમેશા રહેનાર છે તેના સુખ માટે આપણે દરેકે કાર્યો કરવા જોઈએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૭૮ તા. ૭-૯-૧૯૬૩, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જો તમે અહીંયા અથવા બીજી કોઈ પણ જગ્યાએ અથવા કોઈ પણ રીતે કટોકટીમાં સંડોવાઈ જાઓ તો એવી એક જ વસ્તું છે કે જે તમને તેમાંથી પસાર કરી શકશે અને તે છે ઈમાન. જો કદાચ તમને દુન્યવી મુશીબતો હશે. તો પણ તે તમને આ કટોકટીમાંથી સુખરૂપ પસાર કરી શકશે.

આ ઈમાને ઈતિહાસના ૧૯૦૦ વર્ષમાંથી જમાતોને પસાર કરી છે. અને આ એક પ્રણાલિકા છે. આ અમુક એવી વસ્તું છે. કે જેને અમે ચાહીએ છીએ કે તમે યાદ રાખો અને તમારા બચ્ચાઓ તથા તેઓના બચ્ચાઓને શિખવાડો.

વારંવાર ફક્ત દુન્યવી બાબતો ઉપર જ ફરમાનો કરીએ છીએ અને રૂહાની બાબતોમાં નહીં તેનું કારણ એ છે કે, અમો માનીએ છીએ કે તમારૂં ઈમાન મજબૂત છે. સૌથી અગત્યની બાબત તો તમારા દિલમાં રહેલ ઈમાનને અમો ગણીએ છીએ.

પણ અમોને લાગે છે કે તમારા બાળકોના જીવન ધોરણની જામીનગીરી તરીકે અમારે દુન્યવી બાબતોમાં ફરમાનો કરવા જરૂરી છે.

અમારા દાદાશ્રીએ તથા અમોએ તમને ફરમાવ્યું છે કે તમારા સઘળા ઈંડા એક જ ટોપલામાં રાખતા નહિ. આનો મતલબ એ કે આવતા થોડા મહીનાઓ દરમ્યાન અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના લાભ એક જ જગાએ ન રોકતાં જુદા જુદા ક્ષેત્રોમાં રોકવાં જોઈએ.

અમોને તમારી કદર તમારા દિલમાં રહેલા ઈમાન અને તમારા આત્મામાં રહેલા ભક્તિભાવ ઉપરથી થાય છે.....ખાનાવાદાન.

ફરમાન : ૭૯ તા.૭-૯-૧૯૬૩, નૈરોબી- દરખાના જમાતખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો દરેક વખતે જ્યારે અમારા રૂહાની બચ્ચાઓને જોઈએ છીએ, ખાસ કરીને અમારા નાનકડા રૂહાની બચ્ચાઓને જોઈએ છીએ, ત્યારે અમો તેઓને સખત મહેનત કરવાની સલાહ આપીએ છીએ..... અને અમો માનીએ છીએ કે તમો ખુબ મહેનત કરો, કારણ કે તમો ફક્ત તમારી મગજ શક્તિથી શુદ્ધ અને સાફ હૃદયથી જ જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકશો પણ અગર જો તમો ભણેલા અને બુદ્ધિશાળી નહિ હો, તો તમારા માટે આગળ વધવું એ ઘણું જ મુશ્કેલ બની જશે.

ફરમાન : ૮૦ તા. ૭-૯-૧૯૬૩, નૈરોબી - દરખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો દુન્યવી બાબતો ઉપર ફરમાનો ફરમાવી રહ્યા છીએ, એટલે આ અગત્યની બાબત તરફ તમારૂં ધ્યાન ખેંચીએ છીએ. ઘણીવાર કેટલાક રૂહાની બચ્ચાઓએ દુન્યાના કેટલાક ભાગોમાં અમારી મુલાકાત લેતી વખતે અમોએ તેઓને તેઓના અંગત પ્રશ્નો ઉપર દોરવણી આપેલ છે, કે જે જમાતમાં વાંચવામાં આવેલ અને જમાતે એમ ધાર્યું હતું કે આ દોરવણી આખી જમાત માટે છે. પણ એ યાદ રાખવું ઘણું જ જરૂરનું છે, અને એ કે જ્યારે અમો કોઈ પણ વ્યક્તિ, બે અથવા ત્રણ રૂહાની બચ્ચાઓને, તેઓના પોતાના ઉપર જ ફક્ત માર્ગદર્શન આપીએ છીએ, ત્યારે તે ફક્ત તેઓના ધંધો રોજગાર માટે હોય છે. અને જમાત માટે નથી, અગર જો અમારે જમાતને ફરમાનો ફરમાવવાના જ હોય છે ત્યારે અમો તમોને સીધા ફરમાનો મોકલીએ છીએ...........ખાનાવાદાન.

ફરમાન : ૮૧ તા. ૭ -૯- ૧૯૬૩ નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમે સારી રીતે સમજી શકો છો કે, તમારા અંત :કરણમાં જે લાગણીઓ છે અને તમારા હૃદયમાં જે ભાવના છે, તેના થકી અમો તમારૂં મુલ્ય આંકીએ છીએ

અમો તમોને ભાર પુર્વક આગ્રહ કરીએ છીએ કે તમારા બચ્ચાઓ અને તેઓના બચ્ચાઓ અને તેઓના બચ્ચાઓ ચોખ્ખું અને ઉજળું ભવિષ્ય જોઈ શકે તેના માટે હવે પછીના દિવસોમાં તમારે પુરેપુરી સંભાળ રાખવી જોઈએ.

.......ખાનાવાદાન.

ફરમાન : ૮૨ તા. ૯-૯-૧૯૬૩, લીઓપોલ્ડવીલ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એક વાત ખાસ યાદ રાખજો, કોઈ પણ ચીઝ કટોકટીના સમયે તકલીફના સમયે, દુ:ખની વેળાએ કે વિજયના અવસરે તમોને સમતોલ રાખી શકે તેમ હોય તો તે તમારૂં ઈમાન જ છે.

તમો આજે બહું જ સારી હાલતમાં હો, પણ કદાચ તમને ખ્યાલ પણ ન હોય તેવા કોઈ કારણથી આવતી કાલે તમારી સ્થિતી પલટાઈ જાય તો પણ જો તમારામાં ઈમાન હશે તો આ પલટાની અસર તમારા મન ઉપર રહેશે નહિ.

છેલ્લા ત્રણ વરસમાં તમો ઘણા ખરા ખુબ પૈસા કમાયા છો પણ એનાથી બમણો પૈસો તમો હવે પછીના ત્રણ વરસોમાં ગુમાવી દીઓ એવી ગંભીર સ્થિતી બને તો પણ તમારી દુઆ બંદગીમાં નિયમિત હશો તો તમારા ઉપર તેની માઠી અસર

થશે નહિ. કારણ કે તમારા ભવિષ્ય ઉપર તમોને વિશ્વાસ હશે.

જે દિવસથી તમો દુનિયાની વસ્તુઓને જ તમારૂં ધ્યેય માનશો અને દુનિયાની વસ્તુંઓને જ બીજી બધી વસ્તુઓ કરતાં ચડિયાતી ગણશો તો તે દિવસથી તમારૂં ઈમાન નાબુદ થશે તમો પોતાને ઈમાનદાર કહેવડાવી શકશો નહિ.

જ્યારે તમો આ દુનિયા છોડી જશો ત્યારે તમારી સાથે તમારા નાણા, તમારૂં મકાન, તમારા કુટુંમ્બીજનો અથવા તમારાં બચ્ચાઓ કોઈને તમે તમારી સાથે લઈ જઈ નહિ શકો. પણ તમારા જીવનમાં શું બની રહેલું છે તે અને તેમાં જે બહું જ અગત્યની વસ્તુ જે તમારૂં ઈમાન છે એ બાબતનો ખ્યાલ રાખો.

આ ઈમાન થકી જ આપણી જમાત ૧૯૦૦ વરસ થયા જીવંત રહી છે. આ લાંબો કાળ ટકી રહેવામાં જમાતને દુનિયાની ઘણી કઠણ બાબતનો સામનો કરવો પડેલ છે. અને મજબૂત સંગઠનથી પોતાનો ફેલાવો કરતી રહી છે. અમારા રૂહાની બાળકો આ ઈતિહાસને યાદ કરીને હિંમતવાન બને. અમોને નથી જોઈતું કે તમો હિમંત હારી જઈને અમારી પાસે આવીને એમ કહો કે અમે બધું ગુમાવ્યું છે અને અમો બહું જ દુ:ખી છીએ.

અગર તમો બધું ગુમાવી બેસો પણ જો તમારામાં ઈમાન હોય તો કંઈ વાંધો નહિ કારણ કે ઈમાન તમોને બીજી વસ્તુઓ ઉપરાંત નવીન શરૂઆત કરવા માટે જો જરૂરત પડે તો સો વખત નવીન શરૂઆત કરવા માટે હિંમત અને ચેતન આપશે.

.....ખાનાવાદાન.

ફરમાન : ૮૩ તા. ૨૧-૧૧-૧૯૬૩, કરાંચી - પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમો હાલ જે સ્થિતીમાં રહો છો તેમાં સુધારો લાવવા માટે હવે પછીના વર્ષો દરમ્યાન આપણી જમાતોએ ઘણું સખત કાર્ય કરવાનું છે.

પણ યાદ રાખજો કે તમારી દુન્યવી હાલત તમો ગમે તેટલી સુધારો પણ જ્યાં સુધી તમો તમારા મઝહબને ખરી રીતે નહિ સમજો અને તેને નિયમિત રીતે નહિ પાળો ત્યાં સુધી તમારી પ્રગતિનો કોઈ અર્થ નથી.

ખરૂં ઈમાન જ્યાં સુધી તમારામાં નથી ત્યાં સુધી ફક્ત દુન્યવી હાલત સુધારીને તમો કંઈ સુખ મેળવી શકવાના નથી આ બાબતનો મતલબ શીખીને તમારો મઝહબ સમજવો જોઈએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૮૪ તા.૧૦-૧૨-૧૯૬૩, નેરોબી - (દરખાના)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જમાતમાં તેઓના ઈમાનમાં પુરેપુરો વિશ્વાસ અને હિંમતની પુરી લાગણી જોઈશું ત્યારે અમો વધુ આનંદ અને વધું ખુશી મનાવીશું.

.....ખાનાવાદાન.

ફરમાન : ૮૫ તા. ૨૫-૯-૧૯૬૪, ભારત-મુંબઈ

ભારત ખાતેના ઈસ્માઈલીયા એસોશીએશને યોજેલી અખિલ ભારતીય ધાર્મિક પરિષદ પ્રસંગે મૌલાના હાઝર ઈમામે પાઠવેલ સંદેશ :

ઓલ ઈન્ડિયા રીલીજીયસ કોન્ફરન્સના ઉદ્દઘાટન પ્રસંગે અમારો સંદેશો નીચે મુજબ છે : -

અમને ખાત્રી છે કે જેમાં ભારત ખાતેની અમારી જમાતોના હિત ઉત્તમ રીતે જળવાય રહે એવા નિર્ણયો પર આવવા માટે તમે તમારી સઘળી જાણકારી અને બુધ્ધિ બળનો ઉપયોગ કરશો. જેની ચર્ચા તમે કરવાના છો એ ધાર્મિક વિધિઓ અને રીત—રીવાજો આપણા મઝહબની કરોડરજ્જું એટલે કે મુખ્ય આધાર છે. અને આના કારણે તમારી ચર્ચાઓ, સ્પષ્ટ વિચારણા, સંયમ અને સૌથી વિશેષ ઈમાન થકી દોરવાયેલી હોવી જોઈએ.

અમને ખાત્રી છે કે તમે એ બાબતને કદી પણ ભૂલશો નહિ કે આપણો મઝહબ હજારો વર્ષના ઈતિહાસ પર રચાયેલો છે. અને આ બાબત આપણે તવારીખમાંથી શીખવું જોઈએ અને એવું નહિ વિચારવું જોઈએ કે આપણો વિતી ગયેલો સમય હવે કોઈ ઉપયોગનો નથી અને તેથી તેનો અસ્વીકાર કરવામાં આવે અને ટુંકાવી દેવામાં આવે કે તેમાં ફેરફાર કરવામાં આવે.

માવિત્રોએ તેમના બાળકોને એવી તાલીમ આપવી જોઈએ કે જેથી તેઓ માત્ર નામના મુસ્લિમો નહિ પણ ખરા દિલથી મુસ્લિમ બને.

......ખાનાવાદાન.

ફરમાન : ૮૬ તા.૨૧-૧૧-૧૯૬૪, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

વખતો વખત અમે તમને દુન્યવી બાબતો વિષે ફરમાનો ફરમાવીએ છીએ પરંતુ જે અગત્યનું છે, જે અગત્યનું રહયું છે, અને હંમેશાં રહેશે તે એ છે કે અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના ધર્મનો અર્થ સમજવો જોઈએ અને તેઓએ નિયમિતપણે પોતાના ધર્મનું પાલન કરવું જોઈએ પછી ભલે ૫૦૦ વરસ ભુતકાળનો સમય હોય કે ૫૦૦ વરસ ભવિષ્યકાળનો. ખરા સુખનું એક માત્ર મુળ, પોતામાં શાંતી અને નુર પામવાનું એક માત્ર મુળ તમારા ધર્મમાંથી છે. અને અમે ઈચ્છીએ છીએ કે તમે આ બાબત તમારા બાળકોને શીખવો અને અમો ઈચ્છીએ છીએ કે તમે પોતે પણ એ સમજો.

તમે દરરોજ જે નિયમિતતા અને ખુલ્લા મને દુઆ-બંદગી કરો છો એ તમારી સફળતાની ચાવી બની રહેવી જોઈએ.

......ખાનાવાદાન.

ફરમાન:૮૭ તા.૨૧-૧૧-૧૯૬૪, કરાંચી-પાકિસ્તાન-ગાર્ડન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમો જમાતખાનામાં આવો ત્યારે યાદ રાખો કે તમો અહીં બંદગી ગુજારવા આવેલ છો. તમો અહી એવી ફરજ બજાવવા માટે આવેલ છો કે જે ફરજ તમને દુ:ખમાં હિંમતવાન બનાવી શકે છે અને સફળતા વખતે નમ્ર બનાવી શકે છે. સાચા સુખનું આ એક માત્ર સાધન તમો પોતાના મઝહબ મારફતે પ્રાપ્ત કરી શકો છો.

અમારા રૂહાની બચ્ચાઓ પોતાના હૃદયમાં ઈસ્લામની ભાવના સહિત જમાતખાનામાં આવે તેઓ પોતાના બંધુઓ અને બહેનોના પ્યાર સહિત અહીં આવે તેઓ એવા જ્ઞાન સહિત જમાતખાનામાં આવે કે જો તેઓને મદદ માટે બોલાવવામાં આવે તો તેઓએ મદદ આપવી જોઈએ તથા તેઓ હંમેશા ભાઈઓ અને બહેનો છો એવું સમજતા રહેવું જોઈએ.

માવિત્રોએ પોતાના બચ્ચાઓને એવી રીતના કેળવણી આપવી જોઈએ કે જેથી તેઓ સમજી શકે કે તેઓ ખરા દિલથી મુસ્લિમ છે. ......ખાનાવાદાન.

ફરમાન :૮૮ તા. ૨૧-૧૧-૧૯૬૪, કરાંચી-પાકિસ્તાન-કરીમાબાદ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા રૂહાની બાળકો એ યાદ રાખો કે તમે સફળતા પૂર્વક કંઈક મેળવ્યું હોય તે હવે બેસી રહીને કંઈ પણ ન કરવા માટે કોઈ કારણ નથી. તમે કંઈક સિધ્ધ કર્યું હોય ત્યારે પણ તમારે પ્રગતી માટેના પ્રયાસો જારી રાખવા જોઈએ એમ અમે ઈચ્છીએ છીએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૮૯ તા.૨૩-૧૧-૧૯૬૪, પેશાવર-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એક પિતા જે પોતાના બાળકોને માટે હંમેશને માટે જે ઉત્તમમાં ઉત્તમ હાલત હોય તે મેળવવા ઈચ્છે છે તેવી રીતે અમો પણ તમારા માટે દુન્યવી અને રૂહાની બાબતોમાં સૌથી ઉત્તમ હાલત તમોને પ્રાપ્ત થાય તેમ ઈચ્છીએ છીએ.

રૂહાની બાબતોમાં અમો ઈચ્છીએ છીએ કે તેર સો વરસથી ચાલતી આવતી આપણી જમાતની પ્રણાલિકાઓ મુજબ અમારી જમાત ઈમામતની રસીને મજબુત પણે વળગી રહે.

આ દુનિયામાં માત્ર એક જ વસ્તુ એવી છે કે જે તમને અનંત સુખ આપી શકે, તમને ગરીબીમાં પણ સુખ આપી શકે, તકલીફોનો સામનો કરવાની શક્તિ પણ આપી શકે અને તવંગરીમાં સુખ આપે છતાં પણ તેની ફત્તેહમંદીના નશામાં તમને છકાવી ન મુકતાં નમ્ર બનાવી શકે તેવી એક જ ચીજ છે કે તમે તમારા મઝહબનું મજબુતીથી પાલન કરો અને નિયમિત જમાતખાને હાજરી આપી આપણી જમાતની પ્રણાલિકાઓનું પાલન કરો.

જ્યારે તમે સાથે મળીને દુઆ બંદગી ગુજારો અને તમારા ઉપરની તકલીફોનો સાથે મળીને સામનો કરો. ત્યારે કોઈ પણ જાતના મતભેદ વગર ભાઈ-બહેનો હોવ તેવું એકદીલ રાખો અને ફતેહમંદી હાંસલ થાય ત્યારે પણ ભાઈ બહેનોની માફક ભેદભાવ વગર તેનો લાભ ઉઠાવો ભાઈઓ અને બહેનો વચ્ચેની કુટુંમ્બ તરીકેની આ એકસંપીમાં તમો દુન્યવી ફતેહમંદી પણ હાંસલ કરો એવું અમો ઈચ્છીએ છીએ.

રહેવા માટે સારાં ઘરો, સુંદર સ્કુલો અને દુન્યવી ઘણી ચીજો હોવા છતાં જો કુટુંમ્બમાં એક બીજા વચ્ચે કુસંપ હશે તો તમો ક્યારેય પણ ફત્તેહમંદી મેળવી શકશો નહિ. જો તમો સંગઠિતપણે સાથે મળીને કામ કરી સફળતા મેળવવા માટેના પ્રયાસ કરશો તોજ ફત્તેહમંદી પામશો.

અમે અમારી જમાતોને ભારપૂર્વક ભલામણ કરીએ છીએ કે તમો આપણી પ્રણાલિકાઓને અને મઝહબને મજબૂત પણે વળગી રહો. જમાતખાનામાં નિયમિત રીતે હાજરી આપો અને નિયમિત રીતે દુઆ બંદગી ગુજારો. આ એક જ વસ્તું છે કે જે તમને સાચું સુખ આપી શકશે.

તમોએ દુન્યામાં ગમે તે સ્થાન પ્રાપ્ત કર્યું હોય, ગમે તે સિધ્ધી મેળવી હોય પણ તે કંઈ મહત્ત્વનું ગણાશે નહિ. ઈબાદત બંદગી, દુઆ અને ધાર્મિક ફરજો બજાવવામાં નિયમિતતા એજ માત્ર વસ્તુઓ છે કે જે તમને મુસીબતો અને અવળા સંજોગોમાં બળ આપશે તથા સફળતામાં તમોને નમ્ર બનાવશે.

સફળતા એ તમારો હક છે એવું તમો નહિ સમજ્જો એ તો અલ્લાહની મરજી ઉપર આધાર રાખે છે. .....ખાનાવાદાન.

ફરમાન : ૯૦ તા.૨૪-૧૧-૧૯૬૪, રાવલપીંડી - પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એક વસ્તુ કે જે ઘણી મહત્વતા ધરાવે છે. અને અમો ઈચ્છીએ છીએ કે તમો એ હંમેશા યાદ રાખો કે, તમારી જીંદગી દરમ્યાન જમાતખાનાની હાજરીમાં હંમેશા નિયમિત રહેજો, તમારી મઝહબી ફરજોમાં હમેશાં નિયમિત રહેજો. તમારી દુઆ-બંદગીમાં હમેશાં નિયમિત રહેજો. એવું અમો ઈચ્છીએ છીએ.

કારણ કે ફક્ત આ રીતે જ તમો તમારી તકલીફોનો સામનો કરી શકશો અને તેમ કરવા માટે તમો બળ પ્રાપ્ત

કરી શકશો, તમારા જીવનમાં નમ્રતા પેદા થશે અને જ્યારે તમો સફળતા મેળવશો તો તેનાથી તમો મગરૂર થશો નહિ. આ બાબત ઘણી જ જબરી મહત્ત્વતા ધરાવે છે. અને અમો ઈચ્છીએ છીએ કે તમે આ બાબતને હંમેશાં યાદ રાખો.

......ખાનાવાદાન.

ફરમાન : ૯૧ તા. ૨૪-૧૧-૧૯૬૪, કરાંચી - કરીમાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો વખતો વખત દુન્યવી બાબતોને લગતા ફરમાનો ફરમાવીએ છીએ પણ જે વસ્તુની અગત્યતા છે. અને જે હંમેશના માટે અગત્યની રહેવાની છે, તે એ છે કે અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના મઝહબનો અર્થ સમજવો જોઈએ. અને તેઓએ નિયમિત રીતે પોતાના મઝહબના સિધ્ધાંતો મુજબ ચાલવું જોઈએ. પછી તે સિધ્ધાંતો ૫૦૦ વરસ ભુતકાળમાં હોય કે ૫૦૦ વરસ હવે પછીના ભવિષ્યમાં હોય પણ સુખનું એક માત્ર મુળ, પોતામાં શાંતી અને નુર પામવાનું એક માત્ર મુળ તમારા ધર્મમાંથી છે અને અમે ઈચ્છીએ છીએ કે તમો તમારા બાળકોને પણ આ બાબતની પુરેપુરી તાલીમ આપો અને તમો પણ આ બાબત બરાબર સમજો.

ફરમાન : ૯૨ તા.૨૫-૧૧-૧૯૬૪, લાહોર - પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું....

અમે એમ પણ ઈચ્છીએ છીએ કે તમારામાંના દરેકે દરેક એ યાદ રાખે કે તમારે તમારી દુઆ-બંદગીમાં નિયમિત રહેવું જોઈએ કારણ કે આજ વસ્તું છે જે તમને જીવનનું ટુંકાપણું અને હવે પછીના જીવનની મહાનતાની યાદ આપશે.

અમે ચાહીએ છીએ કે તમે દુ:ખના સમયે મજબૂત અને હિંમતવાન બનો અને સફળતા વખતે નમ્ર બનો. વળી એ સમજો કે આ સફળતા ફક્ત માનવીની અક્કલને કારણે જ છે એમ નથી.

અમે નથી ઈચ્છતા કે અમારા રૂહાની બચ્ચાઓ એ ભુલી જાય કે આ પૃથ્વી ઉપરનું જીવન અનંતતામાંનો માત્ર એક ઘણો ટુંકો એવો માર્ગ છે. અને તમારે એમ ન માનવું જોઈએ કે તમો અહી માત્ર એક જ હસ્તી માટે છો અને ત્યાર પછી તમારે કોઈ હિસાબ આપવાનો નથી.

એ ઘણું જ અગત્યનું છે કે તમે દુઆ-બંદગીમાં નિયમિત રહો અને અમે આ બાબત ઉપર ભાર મુકીએ છીએ કારણ કે અમારી જમાત આ સમજશે કે તેઓ દુઆ-બંદગીમાંથી અને ધાર્મિક ફરજોના પાલનમાંથી એ સુખ મેળવશે કે જે બીજે ક્યાંય મળી શકે તેમ નથી અને ન તો કોઈપણ બીજી વસ્તુ તેનું સ્થાન લઈ શકે તેમ છે. .....ખાનાવાદાન.

ફરમાન: ૯૩ તા.૨૬-૧૧-૧૯૬૪,કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારી જમાત આજથી જ નવા જમાતખાનાને ઉપયોગમાં લેવાની શરૂઆત કરે અમો ઈચ્છીએ છીએ કે, જ્યારે તમો જમાતખાનામાં આવો ત્યારે એ યાદ રાખો કે, તમો અહીં દુઆ બંદગી ગુજારવા માટે આવો છો, અને તમારા ઉપર રહેલી ફરજોનું પાલન કરવા માટે અહીં જમાતખાનામાં આવો છો. આ એક એવી ફરજ છે કે જે તમોને તકલીફોમાં સહાય અને હિંમત આપે છે અને જ્યારે તમો ફત્તેહમંદી હાંસલ કરો

છો, ત્યારે તમોને નમ્ર બનાવે છે અમો ઈચ્છીએ છીએ કે, તમો એ બરાબર સમજો કે, સાચા અને સત્ય સુખ મેળવવાનો ફક્ત આ એક જ રસ્તો છે, કે જે તમો મેળવવા માટે ઈચ્છા રાખી શકો અને તે સુખ તમોને તમારા મઝહબમાંથી મળી શકશે. અમો ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ પોતાના હૃદયમાં ઈસ્લામની સાચી સમજ અને ભાવનાથી અહીં જમાતખાનામાં આવે. .....ખાનાવાદાન.

ફરમાન : ૯૪ તા. ૨૭-૧૧-૧૯૬૪, ગુજરાનવાલા-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એક બાબત ખૂબ સ્પષ્ટ છે કે સાવ એકલા દુઆ-બંદગી ગુજારવી એ સારી બાબત છે. પરંતુ જ્યારે શક્ય હોય ત્યારે તમારે સાથે રહીને દુઆ બંદગી ગુજારવી જોઈએ આ બાબત અત્યંત અગત્યની છે. .....ખાનાવાદાન.

ફરમાન : ૯૫ તા. ૨૭-૧૧-૧૯૬૪, સરગોધા - પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

બીજી સઘળી બાબતો કરતાં જે સૌથી વધારે અગત્યની બાબત છે તે તમને યાદ રખાવવા ઈચ્છીએ છીએ, આ બાબત એ છે કે તમારી દુન્યવી હાલતનો સૌથી અગત્યનો હિસ્સો તમારી ધાર્મિક ફરજ છે.

અમો અમારા રૂહાની બાળકો માટે ઉત્તમ સુખ, ઉચ્ચતર સફળતા અને ઉંચી સિધ્ધીઓ માટેની આકાંક્ષા સેવીએ છીએ. હકીકતમાં અમે તમારા સઘળા માટે ઉચ્ચતમ વસ્તુંઓ સિવાય બીજી કશાની અપેક્ષા રાખતા નથી. .....ખાનાવાદાન.

ફરમાન :૯૬ તા. ૨૯-૧૧-૧૯૬૪, કરાંચી-ગાર્ડન
(રીલીજીયસ -નાઈટસ્કુલ)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેનીં હાઝર ઇમામે ફરમાવ્યું,

તમો તમારા ઈતિહાસના અભ્યાસમાંથી પ્રેરણા લ્યો. તે તમોને ઈસ્લામની ભાવના મુજબ જીવન જીવવા માટે સહાય રૂપ થશે.

એક રિવાયત અગર હદીસમાં કહેવામાં આવ્યું છે કે, હઝરત પયગમ્બર સ. અ. પોતાના હાથ ધોયા વગર કદી જમતા નહિ આએ રિવાયત કદી સોએસો ટકા સાચી ન પણ હોય અને ભલે તે એક નાની બાબત હોઈ ફરજિયાત પણ ન હોય છતાં તે એક એવી ટેવ છે કે જે તમારા રોજીંદા જીવનમાં સહાયરૂપ થશે.

મતલબ એ છે કે, જ્યારે તમે કુરઆનનો, ઈમામોના ઈતિહાસનો, અગર ઈસ્લામની શરૂઆત પહેલાંના અરબસ્તાનનો અભ્યાસ કરો ત્યારે તેમાંથી એવી વસ્તુઓ ગ્રહણ કરો કે જે તમને ઈસ્લામની ભાવના મુજબનું જીવન જીવવા સહાય રૂપ થાય. એ ભાવના સમજીને તમો પ્રમાણિકતાથી વર્તો, નિખાલસતાથી રહો. તમે સઘળાં ભાઈઓ અને બહેનો છો એમ સમજીને રહો કે જેથી કોઈને પણ તમારી સહાયની જરૂર પડે ત્યારે તેને તમો મદદ કરવા તત્પર હોવ તેવા ઉદાર અને પ્રમાણિક બનો.

અલ્લાહતઆલાએ કુરઆનમાં સ્ત્રીઓ અને પુરૂષોને સંબોધન કરતાં ફરમાવેલ છે કે -ખલક કુમ મિન નફિસન વાહિદતિને- એટલે કે તેણે તમોને એકજ નફસ (રૂહ) માંથી

પેદા કરેલ છે. અને તમો હંમેશાં ભાઈઓ અને બહેનો છો ફક્ત માનવા ખાતર નહિ પણ ખરેખર તમે એક જ પેદાસમાંથી જન્મેલા ભાઈ બહેનો છો એ ભાવના અને સમજદારીથી એક જમાત તરીકે તમો ભાઈ બહેનો તરીકે કાર્ય કરી શકો છો

ઈસ્લામની ભાવનાથી ભરેલા સદ્‌ગુણો તમોને આખા કુરાને શરીફમાંથી, હ. મહમદ પયંગમ્બરના સમગ્ર જીવનમાંથી, પવિત્ર ઈમામોના જીવન ચરિત્રમાંથી અને ઈતિહાસના તમારા અભ્યાસમાંથી તમોને જોવા મળશે. તમો ફક્ત તેના શબ્દોને નહિ પણ ભાવનાને અનુસરો એવું અમો ઈચ્છીએ છીએ.

આ ભાવનાની અસરમાં કદી ફરક નથી પડતો તેને અનુસરવાથી તમો તમારી સફળતા વખતે મગરૂર નહિ બનો અને મુશ્કેલી તથા ગુંચવણોમાં ગભરાઈ જઈ ક્યારે પણ તમારા પ્રયાસોને છોડી નહિ આપો. આ ભાવના તમારામાં મક્કમ થવાથી જેમ સફળતા મળે ત્યારે તમે મગરૂર નથી બનતા તેમ નિષ્ફળતા વખતે પણ તમો પોતાને અશકત અને નકામા ન ગણતા તમારા પ્રયાસોને છોડી નહિ આપો કારણકે સફળતા અને નિષ્ફળતા એ કંઈ જરૂરી બાબત નથી.

જરૂરનું તો એ છે કે તમારે ઈસ્લામની ભાવનાને સમજવી જોઈએ. અને તેમાંથી રૂહાની સુખની પ્રાપ્તી કરવી જોઈએ. અમારી જમાતો માટે બીજી તમામ વસ્તુઓ કરતાં આ વસતુને અમો વધારે ઈચ્છનિય ગણીએ છીએ.

.....ખાનાવાદાન

ફરમાન : ૯૭ તા.૨૯-૧૧-૧૯૬૪, કરાંચી-દરખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમને ખ્યાલ છે કે વિતેલા વરસો દરમિયાન સખત કાર્ય કરવાને લીધે એકતાબારામાં, શિસ્ત, સેવા અને મઝહબના પાલનમાં અમારી જમાતોએ ન ફક્ત દુન્યવી ક્ષેત્રે, પરંતુ રૂહાની ક્ષેત્રે પણ પ્રગતિ કરી છે. હવે અમે ઈચ્છીએ છીએ કે ભુતકાળની જેમ તમારે પ્રગતી જારી રાખવી જોઈએ.

તમે એમ નહિ સમજતા કે તમે તમારા રસ્તાના (મંઝીલના) આખરી છેડા સુધી પહોંચી ગયા છો પણ તમારે એ યાદ રાખવું જોઈએ કે તમો હંમેશાં તે રસ્તાના શરૂઆતના તબક્કામાં છો.

દુન્યવી તેમજ રૂહાની રીતે પ્રગતી કરવા બને તેટલું શક્ય તમારે કરવું જોઈએ.

તમારે ઠાઠમાઠ ભર્યું કે અમીરી જીવન જીવવું ન જોઈએ કે જે માત્ર તમનેજ નહિ, પણ તમારા બાળકોને અને તમારા કુટુમ્બને નુકશાન પહોંચાડે છે.

અમે તમોને ભારપૂર્વક ફરમાવીએ છીએ કે તમે સાવચેતીથી, અક્કલ હુશિયારીથી અને કરકસરથી રહો.

ફરમાન :૯૮ તા. ૧-૧૨-૧૯૬૪, સુલતાનાબાદ-ઢાકા- બંગલાદેશ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

સિર્ફ મઝહબના પાલન થકી જ તમારામાં સંકટોનો સામનો કરવાનું બળ અને હિંમત આવશે અને તમારામાં સફળતા સાથે જીવવા માટે જરૂરી એવી નમ્રતા આવશે આ

બાબત બેહદ મહત્વની છે.

અમો તમોને એ યાદ અપાવીએ છીએ કે તમે ઈસ્લામની ભાવના મુજબ તમારૂં જીવન ગુજારો એ ઘણું જ જરૂરનું છે. એટલે કે તમે દરેકે દરેક સાથે મળીને કાર્ય કરે, સહકાર કરે અને જ્યારે તમારામાંના કોઈ ઉપર મુશ્કેલી આવી પડે અને તમે જમાતના બીજા કોઈ સભ્યને અપીલ કરો તો તે બીજા સભ્યે તરત જ મદદ કરવી જોઈએ, માર્ગદર્શન આપવું જોઈએ અને ટેકો આપવો જોઈએ.

.......ખાનાવાદાન

ફરમાન: ૯૯ તા.૨-૧૨-૧૯૬૪,ખુલના-બંગલાદેશ

(રીલીજીયસ નાઈટસ્કુલ)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

એક વ્યક્તિના કાર્યની ગુણવત્તા સુધારવા માટે એક વ્યક્તિના મનના આરામ માટે અને સખત પરિશ્રમ ભર્યા બીજા દિવસે સ્વસ્થ અને તંદુરસ્ત રહેવા માટે દરરોજ થોડીક કસરત કરવી એ ઉત્તમ બાબત છે.

અમો ઈચ્છીએ છીએ કે તમે દુઆ અને તેના અર્થો શીખો. અમો ઈચ્છીએ છીએ કે તમે તમારા ગિનાન શીખો. આજ રાત્રે તમો જે ઢબથી ગિનાન બોલ્યા તેથી અમો ઘણા જ પ્રભાવિત થયા છીએ. અમો ઈચ્છીએ છીએ કે તમો જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો. અને ઈસ્લામની ભાવના મુજબનું તમારૂં જીવન ગુજારો.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૦૦ તા. ૩-૧૨-૧૯૬૪, ઢાકા - સુલતાનાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

અમારી ખાસ ઈચ્છા છે કે અમારા રૂહાની બચ્ચાઓ શિક્ષકોનો ધંધો અપનાવે. ઈસ્ટ આફ્રિકાના અમારા રૂહાની બચ્ચાઓ આ ધંધાની અમુક વરસો થયાં અવગણના કરેલ છે. તેમને અમોએ જેમ ફરમાવેલ તેમ તમોને પણ આજે ફરીથી ફરમાવીએ છીએ કે અમારા જે રૂહાની બાળકો ધાર્મિક અગર દુન્યવી તાલીમના શિક્ષકો તરીકેનો ધંધો અપનાવે છે તેને અમો અમારી જમાતના આગેવાનો ગણીએ છીએ.

દુન્યવી લાભની ગણત્રીએ તમો કદાચ બીજા ધંધાઓ તરફ ખેંચાતા હશો પણ અમારી નવી સ્કુલોમાં અમે ખાસ તકેદારી રાખશું કે અમારા જે રૂહાની બચ્ચાઓ અમારી જમાતની કેળવણીમાં સેવા આપતા હોય તેમનાં હક્કોનું પુરેપુરૂં વળતર આપવામાં આવે.

શિક્ષણના ધંધામાં પડવાની બાબત ઘણી જ જરૂરી છે. અમારા રૂહાની પુત્રી અને પુત્રોમાંથી અમુક સંખ્યા જો આ ઉમદા અને સુંદર ધંધામાં જોડાવાનું નક્કી કરશે તો અમો ઘણા જ ખુશી થઈશું. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૦૧ તા. ૩-૧૨-૧૯૬૪, ચિત્તાગોંગ- બંગલાદેશ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો એ પણ ઈચ્છીએ છીએ કે તમો હંમેશા પોતાને દુન્યવી અને રૂહાની રીતે ઉત્તમો ઉત્તમ બનવાનો પ્રયાસ કરો. દુન્યવી રીતે ઘણી જ કાળજીથી અને કરકસરથી તમારી જીંદગી ગુજારો અને તમારી જીંદગી માટે તેનો દરજ્જો

વધારે સારો અને તેનાથી ઉચ્ચ બનાવવાનો પ્રયાસ કરો. કે જેથી તમો તમારા બચ્ચાઓને તમારા પોતાના કરતાં વધારે સારું જીવન આપી શકો છો. અને તમારા બચ્ચાઓએ પણ તેઓના બચ્ચાઓને પણ અને એવી રીતે વંશપરંપરા માટે પણ સતત પ્રયાસો કરવા જોઈએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૦૨ પમી ડીસેમ્બર ૧૯૬૪

પવીત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસૈની હાઝર ઈમામે તા.પમી ડીસેમ્બર ૧૯૬૪ ના ઢાકા (પૂર્વ પાકિસ્તાન) ખાતે કરીમઆબાદમાં ઈસ્માઈલીયા એસોસીએશનની મુલાકાત વખતે ફરમાવ્યું :

ઈસ્માઈલીયા એસોસીએશન તેમજ બીજી સઘળી જુદી જુદી સંસ્થાઓના અમારા સઘળા રૂહાની બચ્ચાંઓને,તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમો અમારા અત્યંત ઉમળકાભર્યા,અતિશય પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ. ખાનાવાદાન, ખાનાવાદાન.

તમો જમાતમાં જે કાર્ય કરી રહ્યા છો તે કોઈ પણ જમાતી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતું એક અત્યંત અગત્યનું કાર્ય છે. અમો ઈચ્છીએ છીએ કે, અમારા રૂહાની બચ્ચાઓ એ સમજે કે, તમે જે કાર્ય કરી રહ્યા છો તે આવતી કાલ માટેનું છે અને તે આવનારી પેઢીઓ માટેનું છે, આ કારણે અમો તેને આટલું મહત્ત્વ આપીએ છીએ. તમારૂં રોજબરોજનું જીવન તમારા પરદાદાઓના જીવન જેવું નથી, વળી તમારા પૌત્રાઓનું જીવન તમારા અત્યારના જીવનથી સંપૂર્ણપણે જુદું જ હશે. પણ જે અગત્યનું છે, તે એ કે, તેમનો મઝહબ

શું છે, તેમની માન્યતાઓ શું છે, તેઓ આ મઝહબને પોતાના દિલમાં જાળવી રાખવા માટે હંમેશા શક્તિમાન હોવા જોઈએ આ એક અતિશય અગત્યની બાબત છે.

અમો નથી ઈચ્છતા કે, અમારા રૂહાની બચ્ચાઓ એ ભૂલી જાય કે તેઓએ પોતાના મઝહબને સઘળા સમયે પોતાના દિલમાં અને પોતાના રૂહમાં જાળવી રાખવો જોઈએ. તમો હમણાંથીજ દુન્યવી રીતે ઘણા વ્યસ્ત રહો છો, તમારૂં સમસ્ત જીવન કામમાં રોકાયેલું રહે છે અને તમારી પાસે જીવનની અગત્યની બાબત માટે ઓછામાં ઓછો સમય હોય છે. અને અમો ઈચ્છીએ છીએ કે, અમારા રૂહાની બચ્ચાઓ એ સમજે કે, આપણી પ્રેકટીસ એ દિલની પ્રેકટીશ છે, એ રૂહની પ્રેકટીસ છે. અને તે અક્કલ કબુલ કરે એવી પ્રેકટીસ પણ છે. આ બન્ને બાબતોને તમારે સમજવી જોઈએ અને જમાતના મેમ્બરો સુધી તેને પહોંચાડવા તમારે શક્તિમાન બનવું જોઈએ. આમ કરવું ઘણું સખત છે અને તે મુશ્કિલ કામ છે. અને આ કારણે અમો અમારા રૂહાની બચ્ચાઓ અહીં જે કાર્ય કરી રહ્યા છે તેને અત્યંત ઊંચી મહત્ત્વતા આપીએ છીએ.

અમો ઈચ્છીએ છીએ કે, તમે તમારા મનમાં એ પણ સ્પષ્ટ કરી દો કે, આપણી પ્રેકટીસમાં કઈ ચીજ અગત્યની છે. એ ફક્ત દુઆજ નથી, એ ફકત જમાતખાનાની હાજરીજ નથી, એ ફક્ત ઈમામ અને જમાતની ખિદમતજ નથી, પરંતુ એ ઈબાદત પણ છે. એવા રૂહાની બચ્ચાઓ છે કે, ઈબાદતનો અર્થ સમજતા નથી, જેઓ કદર કરતા નથી. જે બાબત મહત્ત્વની છે તે એ છે કે, અમારા રૂહાની બચ્ચાઓએ

સમજવું જોઈએ કે, તેઓ પાસે બે ચીજો છે જે તેઓના જીવનકાળ પર્યંત મહત્વની છે; પહેલી તમારી દુન્યવી જીંદગી છે. અને બીજી તમારી રૂહાની જીંદગી છે. આ બેમાંથી કોઈપણ જીંદગી એકલી ન હોવી જોઈએ. અમો નથી ઈચ્છતા કે, તમે ફક્ત દુન્યવી રીતે જ તમારૂં જીવન ગુજારો અને અમો એમ પણ નથી ઈચ્છતા કે, તમારે તમારું જીવન સમગ્ર રીતે રૂહાની બાબતો માટેજ અર્પણ કરવું જોઈએ કે, જે કરવા માટે તમારે તમારા કુટુંમ્બો, તમારા બચ્ચાઓ વિગેરે પ્રત્યેની તમારી સામાજીક જવાબદારીઓને તજી દેવી પડતી હોય.

પયંગમ્બર સાહેબની એક બહું જાણીતી હદીસ છે, કદાચ તે ખરી હોય, કદાચ તે ખરી ન પણ હોય, પરંતુ કોઈપણ સંજોગમાં તે એ વખતનાં સમાજનું માળખું કેવું હતું તે બતાવે છે. પયગંબર સાહેબની મુલાકાત બે મુસલમાનો સાથે થઈ. તેમાંનો એક ઘણો પાક માણસ હતો અને તે હમેંશા દુઆમાં અને ઈબાદતમાં મશગુલ રહેતો હતો. બીજો માણસ નિયમિત રીતે ઈબાદત કરતો હતો પરંતુ તે દુન્યવી રીતે દુન્યવી જીવન પણ ગુજારતો હતો. અને દુન્યવી માણસે પયગમ્બર સાહેબને કહ્યું : આ જે માણસ છે તે ઘણો પાક છે, તેના ઉપર કોઈ જવાબદારીઓ નથી, તે પોતાનું જીવન દુઆમાં અને ઈબાદતમાં ગુજારે છે. ત્યારે પયગમ્બર સાહેબે બીજા માણસ તરફ ફરીને પુછ્યું તમે શું કરો છો ? તે બીજા માણસે કહ્યું ; હું ઈબાદત કરૂં છું, હું દુઆ પઢું છું, પરંતુ હું દુન્યવી જીવન પણ ગુજારૂં છું કે, જેથી હું આ પાક માણસની સંભાળ લઈ શકું એટલે કે આ પાક માણસના જીવન નિર્વાહનો ખર્ચ હું આપું છું. પયંગમ્બર સાહેબે ફરમાવ્યું એ

સંજોગોમાં તમે વધું સારા મુસલમાન છો.

આનો અર્થ એ છે કે અમો નથી ઈચ્છતા કે, અમારા રૂહાની બચ્ચાઓ આ બન્નેમાંથી કોઈ એક યા બીજી જવાબદારીની અવગણના કરે પણ જો તમે એક યા બીજી જવાબદારીની અવગણના કરશો તો ચોક્કસ પણે તમે ખુશ નહી થઈ શકો.

તમારા જીવનકાળ દરમ્યાન તેમજ તમારા બચ્ચાઓના જીવનકાળ દરમ્યાન રૂહાની બાજુની અવગણના કરવાનું વલણ રહેશે, આવું વલણ રહેશે. તમારામાંના કોઈએ પણ આની અવગણના નહી કરવી જોઈએ. જો તમે આમ કરશો તો, તમે નાખુશ થશો અને તમારા બચ્ચાંઓ નાખુશ થશે કારણ કે, પોતાના મઝહબની પ્રેકટીશ કર્યા વગર જીવન ગુજારવું એ શક્ય નથી. ઈબાદત નહી કરવી છતાં ખુશ રહેવું એ શક્ય નથી. તેનું કારણ એ છે કે, તે ફક્ત આ મઝહબજ છે જે તમને મુસીબતોનો સામનો કરવાનું બળ અને હીંમત આપશે તે તમને વિનમ્રતા બક્ષશે કે, જે તમારી દુન્યવી સફળતા વખતે તમારી પાસે હોવી જોઈએ; તે તમને તમારામાં હસ્તી ધરાવતા ભાઈચારાની સમજણ આપશે.

આ કારણે અમે ફરી એક વખત અમારા રૂહાની બચ્ચાંઓને આગ્રહ કરીએ છીએ કે, એસોસીએશનમાં કામ કરતા અમારા રૂહાની બચ્ચાંઓ દ્વારા તમને જે શીખવવામાં આવે છે તેના ઉપર બહુંજ કાળજી પૂર્વક અમલ કરો. અને સમજો કે, એ ફક્ત જાહેરી બાબતો નથી કે, જે મહત્વની છે. પરંતુ એ ઈબાદત પણ છે, (એ પણ મહત્ત્વનું છે કે) જે તમારા દિલમાં હોય છે.

અમો તમને એક બીજી મિસાલ આપીશું એક બીજી હદીસ છે જે કદાચ ખરી હોય અથવા ન પણ હોય. પયગમ્બર સાહેબના જીવનકાળ દરમ્યાન મક્કા અથવા મદીનામાં ઘણા મુસલમાનો લડાઈઓમાં યા ખિદમતમાં યા સંસ્થાઓના કામકાજમાં રોકાએલા રહેતા હતા અને તે વખતના મુસલમાનો ઉપર જે મઝહબી ફરજો લાઝમ હતી તેનું હમેંશા પાલન કરી શકતા નહોતા અને પયગમ્બર સાહેબ તે લોકોને કે, જેઓ નિયમિત રીતે પાલન નહોતા કરી શકતા તેઓને ફરમાવતા, આ એ બાબત નથી જે મહત્ત્વની હોય, જે મહત્ત્વનું છે તે એ છે કે, જો તમે અત્યારે તેનું પાલન કરી શકતા નથી તો તમે તેનું પાલન પછી કરો, જો તમે તમારી દુઆ-બંદગી અપાએલા સમયે ગુજારી શકતા નથી તો બીજા કોઈ સમયે પણ તમારે તે ગુજારવી જરૂરી છે.

જે મહત્વનું છે તે એ છે કે, તમારે તમારા મઝહબને તમારા દિલમાં અને તમારા રૂહમાં જાળવી રાખવો જોઈએ આ ઈબાદતનો અર્થ છે. અને જો ઈસમાઈલીઆ એસોશીએશનના અમારા રૂહાની બચ્ચાંઓ આ બાબતને સમજે અને તેઓ જમાતના મેમ્બરો સુધી તેને પહોંચાડવા શક્તિમાન બને તો તમોએ અતિ ઊંચામાં ઊંચી ખિદમત, અતિ ઊંચામાં ઊંચી ખિદમત બજાવેલી ગણાશે. અને અમો ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ આ બાબતને બીજાઓ સુધી પહોંચાડે, અને આને તમે તમારા દિલમાં અને તમારા રૂહમાં જાળવી રાખો.

હવે અમોને કહેવામાં આંવેલ છે કે, તમો અહીં ઢાકામાં ઈસ્માઈલીયા એસોસીએશનમાં ઘણું ઘણું સારૂં કાર્ય કરી રહ્યા

છો. આ ચીજ છે જે અમને ઘણી જ વધારે ખુશી અને ઘણો જ વધારે ગર્વ આપે છે, કેમ કે, ઈમામ અહીં તમને દોરવણી આપવા માટે હાઝર હોય છે. જો તમે ઈમામની દોરવણી મુજબ ચાલો તો અમો માનીએ છીએ કે તમને રૂહાની અને દુન્યવી સુખ નસીબ થાય અને અમારા ફરમાનો કે, જે તમને વખતો વખત આપવામાં આવે છે તે આ સુખ હાંસલ કરવા માટે જ આપવામાં આવે છે.

અમો તમારામાંના દરેકે દરેકને અમારા અત્યંત ઉમળકા ભર્યા,અતિશય હેતપૂર્વકના પ્યાર ભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ અને અમો તમને એ યાદ રાખવાનો આગ્રહ કરીએ છીએ કે, આપણો તરીકો એ ઈબાદતનો (તરીકો) છે. એ કે જે ઈબાદતની અવગણના કરે છે અથવા ઈબાદતને ભુલી જાય છે, એ કે જે ભુલી જાય છે, તે ખોટા માર્ગ ઉપર છે, તે ખોટા માર્ગ ઉપર છે; એક મુસલમાન હોવા માટે ફક્ત જાહેરી બાબતોનુંજ નહીં પરંતુ તમારા દિલ અને તમારા રૂહમાં જે હોવું જોઈએ તેનું પણ મહત્વ છે, કેમ કે, એ તમારૂં દિલજ છે અને તમારો રૂહજ છે કે, જે ઈમાન વડે ભરપુર હોવા જોઈએ.

અમો ફરી એક વખત તમને અમારા અત્યંત ઉમળકાભર્યા, અતિશય હેતપૂર્વકના પ્યાર ભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ. ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

એક બીજું ફરમાન છે, જે અમે તમને ફરમાવવા ઈચ્છીએ છીએ. તમારામાંના ખાસ કરીને યુવાનો, આજે આપણે જેમાં

રહીએ છીએ તેનાથી એક જુદી જ દુનિયામાં ઉછેર પામશે, તમો ઘણું કરીને બીજા ગ્રહો ઉપર જવા શક્તિમાન બનશો, તમારી પાસે શક્તિ ઉત્પાદન કરવાનાં મુળ આજે આપણી પાસે છે તે કરતાં તદ્દન જુદાંજ હશે. દવાશાસ્ત્ર આજે જે કંઈ છે તેનાથી ઘણું આગળ હશે. ઘણા એહલે-કિતાબ માટે, એક ખુદામાં માનનારા ઘણાંઓ માટે, ખાસ કરીને ક્રિશ્ચિયનો માટે, પોતાની માન્યતાઓ સાથે આ પ્રગતીનો સુમેળ સાધવો એક કોયડો રહ્યો છે. આપણા માટે તે (પ્રગતિ) ખુદાની અનંતતા અને તેના અસ્તિત્વની એક વધું સાબીતીજ છે. અને અમો ઈચ્છીએ કે, અમારા રૂહાની બચ્ચાંઓ, વખતો વખત આ બાબત વિષે વિચાર કરે.

એ કેમ કરીને છે કે, માનવીઓ જેને તેઓ પ્રગતી કહે છે તે કરવાનું તથા જેમાં તેઓ રહે છે તે દુનિયા વિશે વધું અને વધું જાણવાનું ચાલુ રાખી શક્યા છે અને છતાં પણ જે કંઈ જાણવાનુ છે તેના પુરે પુરા માપને જો તમો (ખ્યાલમાં) લો તો, વાસ્તવિકમાં, તેઓ ઘણું કરીને તે (દુનિયા) વિશે બિલકુલ કાંઈજ જાણતા નથી ! આ બાબત છે જેમાં અમારા રૂહાની બચ્ચાઓ ખરેખર ઘણાજ ભાગ્યશાળી છે, કેમ કે તેઓ પાસે તેમની જીંદગીઓ દરમ્યાન દરરોજ તેમના સમક્ષ ખુદાની અનંતા અને તેના અસ્તીત્વની વધારાની સાબિતીઓ હોય છે. અને આ પ્રગતીને અમોએ જે રીતે સમજી છે અને જેના વિશે તમને વાત કરીએ છીએ તે રીતે તેને ન સમજી શકવાનું કોઈ કારણ તમારી પાસે નથી. કોઈ તાર્કિક કારણ તમારી પાસે નથી, કારણ કે તેમની તાર્કિક સમશ્યાઓ છે જેનો સુમેળ તેઓ સાધી શકતા નથી, કારણકે, તેમની વિચારસરણી,

આપણી વિચારસરણીથી જુદી છે. પયંગમ્બર સાહેબ આખરી પયંગમ્બર હતા અને તેઓએ જે સંદેશો આપ્યો તે સઘળા સમય માટેનો સંદેશ હતો જો તમે પાયાના સિધ્ધાંતને સમજી શકો છો તો પછી અમો માનીએ છીએ કે, તમે મઝહબને સમજી શક્યા છો અને પછી તમે ખુશીથી રહી શકશો તમને કોઈ શક નહિ રહે. તમારી પાસે કોઈ સવાલ નહી હોય અને અચકાવાનું કોઈ કારણ નહિ હોય અંધારામાં રહેવાનું તમારી પાસે કોઈ કારણ નથી. આ બાબતો છે જે ઘણું વધારે મહત્ત્વ ધરાવે છે.

એમ કહેવું કે, તેઓએ અવકાશ સર કર્યુ છે. તો તે માનવ-મિથ્યાભિમાનજ છે (અલબત્ત) તેઓએ અવકાશ સર કર્યુ છે, પરંતુ ખરી રીતે તે કોઈ ફત્તેહ નથી, તે તો શિખવાની એક ક્રીયા છે. એ પ્રમાણે કરવાનું કામ તેઓનું નથી, તેઓનું કામ એ શીખવાનું છે કે, તેઓ સમક્ષ મર્યાદાઓ રહેલી છે. આ વસતુ છે જે તમારે સમજવી જોઈએ. તમે એવો ખ્યાલ કરો કે, તમે રૂહાની રીતે આગળ વધ્યા છો તો સમજવાની કોશીષ કરો, એ જોવાની કોશીષ કરો કે, તેની માયના શું છે. આ અગત્યનું છે કે તમારે માયના સમજવી જોઈએ, તમારે તે વિશે વિચાર કરવો જોઈએ, એ સમજવાની કોશીષ કરો. અને જો તમને કોઈ મુશ્કેલીઓ જણાય તો ઈસ્માઈલીયા એસોસીએશનના મેમ્બરો સાથે તેની ચર્ચા-વિચારણા કરો. જો કોઈ વધારે મુશ્કીલ બાબત હશે તો અમે જ્યારે જીસમાની રીતે ફરીવાર અહીં પધારીશું ત્યારે તમને તે વિષે સમજાવીશું. ઈસ્લામમાં એવી મર્યાદાઓ નથી જેવી બીજાઓ દ્વારા સમજવામાં આવી છે. તેઓને મઝહબમાં મર્યાદાઓ જણાય છે. જ્યારે

આપણા માટે તો તે અનંતાની વિસારસરણીની એક વધૂ સાબિતીજ છે. અમો નથી ઈચ્છતા કે, અમારા રૂહાની બચ્ચાંઓ તર્કની ઉપેક્ષા કરીને મઝહબ પાળે. ઈસ્લામજ માત્ર એક મઝહબ છે જેમાં આનો સુમેળ સાધી શકાય છે. એનો બીજો કોઈ ઉપાય નથી; આ બન્ને વચ્ચેનું વિભાજન જરૂરી નથી. અમે ઈચ્છીએ છીએ કે, અમારા રૂહાની બચ્ચાઓ આને સમજે અને સમજાવે. જો જરૂરત પડી તો, અમે જ્યારે ફરીવાર પાછા આવીશું ત્યારે તે વિષે વધું સમજાવીશું. અમો તમોને મુબારકી આપીએ છીએ કે જેઓએ પરીક્ષાઓ પાસ કરી છે. અને આશા રાખીએ છીએ કે, તેઓ સારા રૂહાની બચ્ચાંઓ બની રહેશે અને ફક્ત મૌખીક રીતેજ નહિં પરંતુ યોગ્ય રીતે વર્તીને પણ તેઓ અમારી જમાતોની મદદ કરશે.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમો ગીનાન તથા વાયઝ સાંભળીને ખરેખર ઘણાં ખુશી થયા છીએ. તમને યાદ હશે કે, અમોએ તમને ઘણાં પ્રસંગોએ ફરમાવ્યું છે કે, તમો ભાઈઓ અને બહેનો છો. એવા રૂહાની બચ્ચાંઓ છે જેઓ આ સમજતા નથી. એવા રૂહાની બચ્ચાંઓ જેઓ સમજતા નથી કે, તેઓમાંથી કોઈ એકજણ મુશ્કેલીમાં હોય તો, તેની યા તેણીની મદદ કરવી એ બીજાની ફરજ છે પરંતું, અમો ઈચ્છીએ છીએ કે, તમે કુરાનની આયાતના એક ખાસ ભાગને યાદ રાખો, જે કહે છે: ખલ્ક કુમ મીન નફસીન વાહિદતીન. તેણે તમોને, તમો બન્નેને એટલે કે, તમો પુરૂષોને અને સ્ત્રીઓને એક જ રૂહમાંથી પેદા કર્યા છે અને તેણે તમને પરૂષ અને સ્ત્રી તરીકે અલગ કર્યા છે. આ વાત છે જે અમોએ તમને ફરમાવેલ છે કે, તમો

ફક્ત દુન્યવી રીતે જ નહીં પરંતુ રૂહાની રીતે પણ ભાઈઓ અને બહેનો છો. અને આ કારણથી અમે ઈચ્છીએ કે, તમે આને તમારા દિલમાં રાખો. તમે જ્યારે એક બીજાને મળો ત્યારે તમારે યાદ રાખવું જોઈએ કે, તમો ભાઈઓ અને બહેનો છો. આ સમજણ તમને હોવી જોઈએ, કેમ કે, ભાઈઓ અને બહેનો હોવાનો આ ખરો અર્થ છે.

એ ફક્ત એટલું નથી કે જ્યારે તમે મળો ત્યારે તમારે એકબીજાને સલામ કરવી જોઈએ પરંતુ તમારા દિલમાં ભાઈઓ અને બહેનો વચ્ચે હસ્તી ધરાવતી મહોબ્બત પણ હોવી જોઈએ. આ બાબત અતિ અગત્યની છે. આજે અમો તેના ઉપર ભાર મુકીએ છીએ, કારણ કે,જો પ્રત્યેક રૂહાની બાળક, જમાતમાં તેની હાલત ગમે તેવી હોય, પૈસાદાર રૂહાની બચ્ચાંઓ હોય કે ગરીબ રૂહાની બચ્ચાંઓ હોય, ગમે તે પરિસ્થિતિ હોય, જો દરેકના દિલમાં આ ભાવના હશે તો,આગેવાનો અને કાઉન્સિલો અને સંસ્થાઓ વચ્ચે કદીપણ કોઈ દુન્યવી કોયડાઓ નહિ હોય, કેમ કે, તમો બધા ભાઈઓ અને બહેનો છો. અને તમારામાંના દરેક માટે આ ઘણું મહત્વનું છે કે, આ દુનિયામાં તમારી હાલત ગમે તેવી હોય, તમે ભાઈઓ અને બહેનો છો એ સત્ય વાત ઉપર તેની કોઈ અસર નહિં પડવી જોઈએ અને આ ઘણું અગત્યનું છે, કેમ કે, જો તમારામાંથી કોઈજણ ક્યારે પણ એવો વિચાર કરે કે, કારણ કે તે અહીં છે અથવા તો તે ત્યાં છે તેથી, બીજા રૂહાની બાળકથી તેની હાલત રૂહાની રીતે જુદી છે, તો તે ગંભીર ભૂલ કરી રહ્યો છે, ઘણીજ ગંભીર ભૂલ કરી રહ્યો છે. આ કારણસર અમોએ અમારા બધા ફરમાનોમાં અમારી

જમાતોને વખતો વખત ફરમાવ્યું છે, અમોએ સો વખત ફરમાવ્યું છે કે, તમો ભાઈઓ અને બહેનો છો. આનો અર્થ એ છે કે, તમારા દિલમાં એવી ભાવના હોવી જોઈએ.

એથી ફરક નથી પડતો કે તમે ટાઈટલ ધરાવો છો, એથી ફરક નથી પડતો કે, તમે કાઉન્સિલમાં છો કે કાઉન્સિલમાં નથી, એથી ફરક નથી પડતો કે, તમે આ બોર્ડમાં કામ કરો છો કે પેલા બોર્ડમાં કામ કરો છો, જમાતમાં દરેક વ્યક્તિ દરેક બીજી વ્યક્તિનો ભાઈ છે અથવા બહેન છે. અને આ બાબત છે જેને અમો ઈચ્છીએ છીએ કે, અમારા રૂહાની બચ્ચાંઓ દ્વારા પુરેપૂરી રીતે સમજવામાં આવવી જોઈએ. કારણ કે ઈસ્લામની સાચી માયનાઓમાંની આ પણ એક માયના છે. અને અમો ઈચ્છીએ છીએ કે તમારા દિલોમાં આ ભાવના હોવી જોઈએ. અને અમો કહેશું કે વાસ્તવમાં, તે આનાથી પણ વધારે આગળ જાય છે, તે આગળ જાય છે, કારણ કે એક ખુદામાં માનનારા બીજા લોકો સાથે પણ તમે ભાઈચારાની ભાવના કેળવી શકો છો, કેમ કે, તેઓ એક ખુદામાં ઈમાન ધરાવે છે. તેઓનો સંદેશ તે આપણો સંદેશ નથી. તેઓનો સંદેશ આપણા સંદેશ જેટલો ચોક્કસ નથી. તેઓનો સંદેશ સમયમાં મર્યાદિત્ત હતો, આપણો સંદેશ (સમયમાં બંધાએલ) નથી, પરંતુ અમો જે ઈચ્છીએ છીએ તે એ છે કે, તમો ભાઈચારાની આ વિચારસરણીને સમજો જે જમાતમાં તમારા વચ્ચે હોવી જોઈએ. જો જમાતોમાં તમારા વચ્ચે તે હશે તો આગળ જતાં બીજા બધા "એહલે કિતાબ" લોકો સુધી તેને પહોંચાડવા તમે શક્તિમાન બની શકશો, માટે આ અગત્યનું છે.

પરંતું, પ્રથમ અમો અમારી જમાતોમાં આ (ભાઈચારો) જોવા માંગીએ છીએ; તે ફક્ત અહીં જ નહિ પરંતુ દુનિયાભરમાં અને પહેલી વર્લ્ડ ઈસ્માઈલીયા સોશિયા-ઈકોનોમિક કોન્ફરન્સમાં જોવાનું ઘણું જ રસપ્રદ બની રહેશે કે, અમારા રૂહાની બચ્ચાંઓ આ વિચારસરણીને સમજ્યા છે કે નહિ. જો તેઓ સમજ્યા નહી હોય તો તમે રૂહાની બચ્ચાંઓને ઉભા થતા અને એમ કહેતા જોશો કે, અમોએ પૂર્વ આફ્રીકામાં જે કર્યુ તે તમોએ પાકિસ્તાનમાં જે કર્યુ અને ભારતમાં જે કર્યુ તે કરતા સારૂં કર્યું વધારે સારૂં હોવાનો કે વધારે ખરાબ હોવાનો કોઈ પ્રશ્ન નથી, કારણ કે, તમે ભાઈઓ અને બહેનો છો. તમે જે કંઈ કહી શકો છો તે એ છે કે, ફલાણા ફલાણા વિસ્તારમાં થયેલું કાર્ય વધારે અસરકારક અથવા ઓછું અસરકારક હોય શકે છે. એ કાર્ય છે, નહિં કે દિલ, અને તમારે આને સ્પષ્ટ તથા નિશ્ચીત કરવું જોઈએ અને આને તમારા દિલમાં રાખો એવું અમો ઈચ્છીએ છીએ. અને ઈચ્છીએ કે, તમે આ સમજો, અને આ નાના રૂહાની બચ્ચાંઓ માટે ખરૂં છે તે મોટી ઉમરના રૂહાની બચ્ચાઓ માટે પણ ખરૂં છે. અને જો તમે એક બીજાના ભાઈ અને બહેન હોવાના અર્થને સાચી રીતે સમજી શકો છો તો આ (ભાઈચારો) તમને મજબૂત બનાવશે, અને તમને સંગઠિત કરશે.

અમો અહિ હાઝર રહેલા તમારામાંના દરેકે દરેકને અમારા અત્યંત ઉમળકાભર્યા, ઘણાં જ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

.....ખાનાવાદાન,ખાનાવાદાન.

ફરમાન :૧૦૩ તા.૮-૧૨-૧૯૬૪, ઢાકા બંગલાદેશ સુલતાનાબાદ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે ઈચ્છીએ છીએ કે દુન્યવી બાબતોમાં જે ઉત્તમ હોય તે મેળવવા માટે તમારે હંમેશાં પ્રયાસ કરવા જોઈએ અને રૂહાની બાબતોમાં પણ જે ઉત્તમ હોય તે મેળવવા માટે પ્રયાસો કરવા જોઈએ. જ્યાં સુધી અમારી જમાતો જો આની ખોજ ચાલું રાખશે અને જ્યાં સુધી તમે ઈમામના ફરમાનોનું પાલન કરશો તો અમને ખાતરી છે કે અમારી જમાતોનું ભાવિ સુખદ અને સમૃધ્ધ હશે. ......ખાનાવાદાન.

ફરમાન :૧૦૪ તા. ૯-૧૨-૧૯૬૪, ઢાકા -બંગલાદેશ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જમાત વિચાર કરે કે એક વ્યક્તિના જીવનમાં જન્મ દિવસનો શું અર્થ થાય છે ?

કોઈ પણ વ્યક્તિના જીવનમાં હોય છે, તેમ ઈમામના જીવનમાં પણ આ ખુશીનો દિવસ હોવો જોઈએ.

જમાત ઈમામને તેમના જન્મ દિવસે શું આપી શકે કે જે ઈમામને ખરેખર ખુશ કરે છે.

જમાત સંગઠિત રહીને, પોતાની ક્રિયાઓમાં નિયમિત બનીને તથા અમારા રૂહાની બચ્ચાઓની ઉત્તમ પ્રણાલિકાઓનું પાલન કરીને અમોને ખુશ કરી શકે છે.

ઈમામના જીવનમાં આ ખુશાલી તેમની જમાત તરફથી આવે છે, જ્યારે જમાત સંગઠિત નથી રહેતી, જમાત કાર્ય નથી બજાવતી ત્યારે ઈમામને ઉંડુ અને બેહદ દુ:ખ થાય છે. જેમ તમે વધારે સાથે મળીને રહેશો તથા કામ કરશો તેમ અમો પણ વધારે ખુશી થઈશું. ......ખાનાવાદાન.

ફરમાન :૧૦૫ તા.૯-૧૨-૧૯૬૪, ઢાકા- સુલતાનાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

સેંકડો વરસોથી અમારી જમાતોમાં એવી રૂઢીઓ ચાલતી આવી છે, કે જે રૂહાની બચ્ચાઓને કોઈ પણ મુંઝવણ હોય, તો તેઓ ઈમામને લખી શકે છે. આ રૂઢી પ્રથાને લઈ અમોને અમારા રોજંદા જીવનમાંથી પુષ્કળ સમય અને પુષ્કળ શક્તિ આપવાની હોય છે આ એક એવી પ્રણાલીકા છે કે, જેને અમો ચાલું રાખવા ઈચ્છીએ છીએ અને જો અમારા રૂહાની બચ્ચાઓને કોઈ પણ જાતની અથવા કોઈ પણ બાબત ઉપર મુંઝવણ હોય, તો તેઓએ પોતાની કાઉન્સીલો મારફતે અમોને લખાણ કરવું જોઈએ, પણ પોતાની ગંદકી જાહેરમાં લાવવી તેનો કોઈ અર્થ નથી આ તમો કદી પણ ભુલશો નહિ કે અમોએ જમાતના અમલદારોની નિમણુંક તમારા ભલા માટે કરી છે. અગર જો આ અમલદારો સબંધી તમોને કોઈ બાબત મુંજવતી હોય તો તે વિશે તમારા ઈમામને લખો . પણ તેના બદલે તમો તરેહ તરેહની વાતો, સઘળા એવા પાયા વગરની વાતો આપણી જમાતમાં અથવા અન્ય ખુલ્લા છાપાઓમાં પ્રગટ કરવામાં આવે તેનો કોઈ અર્થ નથી. અમો ઈચ્છીએ છીએ કે આ બાબતને સારી રીતે સમજવામાં આવે, કારણ કે આપણી જમાત તે એક મોટા કુટુંમ્બની માફક છે, અને તેથી કરીને જમાતની અંદર કુટુંમ્બો વચ્ચેના તથા દીનદારો વચ્ચેના કોયડાઓનો ઉકેલ હમેંશાં ચર્ચાથી અથવા મીત્રાચારીના સંબંધથી થવો જોઈએ જો અમારા રૂહાની બચ્ચાઓને કોઈ બાબતસર મુશ્કેલી અથવા કોઈપણ જાતની મુંઝવણ હોય તો તેઓએ જમાતને નુકસાન

પહોંચે, તેવી રીતે મોટા પ્રમાણમાં જુઠી બાબતો પ્રસીદ્ધ કરવાને બદલે જો પોતાના ઈમામને લખશે એવી અમો આશા રાખીએ છીએ. .......ખાનાવાદાન.

ફરમાન : ૧૦૬ તા.૯-૧૨-૧૯૬૪, ઢાકા -સુલતાનાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારી જમાતે સઘળી બાબતોમાં જે માત્ર ઉત્તમ હોય તેનોજ ફક્ત સ્વીકાર કરવો એટલે કે તમારે આપણા મઝહબની હદમાં રહીને જ્યાં સુધી રહો ત્યાં સુધી તમારી દુન્યવી હાલત સુધારવા માટે શક્ય તેવા દરેક સાધનો દ્વારા પ્રયાસો કરવા જોઈએ, રૂહાની રીતે આનો એવો અર્થ થાય છે કે તમારે દુઆ બંદગીમાં નિયમિત રહેવું, ખિદમત બજાવવામાં નિયમિત રહેવું અને જમાતખાનાની હાજરીમાં નિયમિત રહેવું.

જો કોઈ પણ રૂહાની બાળક તેની જમાત પ્રત્યેની પોતાની દુન્યવી ફરજો અને તેની રૂહાની ફરજો બજાવવાનું ભુલી જશે તો અમે અત્યંત નાખુશ થશું. ખુબ નાખુશ થશું અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકો દુન્યવી અને રૂહાની બાબતોમાં ઉત્તમત્તા પ્રાપ્ત કરે અને દરેક વખતે સંગઠીત રહે એટલે કે માત્ર જમાતી તંત્રમાંજ નહિ પણ અમારી સંસ્થાઓમાં પણ એકતા પૂર્વક રહે.

અમે દુઆ કરીએ છીએ કે આ દુનિયામાં જે સર્વોત્તમ છે તે તમે પ્રાપ્ત કરો અને રૂહાની જગતમાં જે સૌથી ઉત્તમ છે તે તમે પ્રાપ્ત કરો અને આ દુનિયામાં તેમજ આવતી દુનિયામાં તેમને જે જોઈએ તે સઘળું તમે પ્રાપ્ત કરો.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૦૭ તા. ૧૦-૧૨-૧૯૬૪, કરાંચી-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જે અમને જરૂરનું લાગે છે, તે એ છે કે અમારા રૂહાની બાળકો પોતાના વિચારો, ઉમીદો અને દ્રષ્ટિબિંદુઓની આપલે કરે, જેથી કરીને જુદા જુદા વિસ્તારોમાં દુન્યવી અને રૂહાની તરક્કી માટે એક બીજાના જ્ઞાન, શક્તિઓ અને સુચનોનો ઉપયોગ કરી શકે. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૦૮ ૧૩-૧૨-૧૯૬૪, કરાંચી
મૌલાના હાઝર ઈમામે કરાંચી ખાતે સાલગ્રેહ દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન:

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

આજે તમે અમોને અમારી જન્મદિનની મુબારકી આપવા અને તમારા ઈમામ પ્રત્યેની તમારી વફાદારી અને પ્રેમની પુન : સાબિતી આપવા અહીં એકઠા થયા છો આ પ્રસંગે તમારી સાથે હોવાના કારણે અમારો આનંદ ઊંડો અને શુદ્ધ છે. અમારા સર્વે વિચારો, અમારી સર્વે આશાઓ અને અમારી સર્વે દુઆઓ તમારે માટે છે.

૧૧ મી જુલાઈ ૧૯૫૭ થી અમારા સર્વે હેતુઓ અને મહત્વકાંક્ષાઓ અમારા રૂહાની બચ્ચાઓને રૂહાની અને દુન્યવી બાબતોમાં સહાયરૂપ થવા અને દોરવણી આપવા માટે અર્પણ કરેલ છે. અમે અમારા કાર્યમાંથી જે આનંદ પ્રાપ્ત કર્યો છે વધુંમાં વધું જવાબદારીઓ ઉપાડવા અને વધુંમાં વધું યોજનાઓ હાથ ધરવા માટેનું પ્રોત્સાહન અને સંઘળી બાબતોમાં સત્ય માટેની સતત શોધ તે સઘળું તમારા થકી છે.

સેંકડો વરસથી અમારા રૂહાની બચ્ચાઓ ઈમામતની રસ્સી દ્વારા દોરવણી મેળવતા રહ્યા છે. તમે સઘળી બાબતોમાં સલાહ અને સહાય માટે ઝમાનાંના ઈમામ તરફ દ્રષ્ટી કરી છે અને પોતાના રૂહાની બચ્ચાઓ પ્રત્યેના તમારા ઈમામના અતિશય પ્રેમ અને વહાલ થકી તેમના નુરે તમારી રહેનુમાઈ કરેલ છે કે તમારે રૂહાની અને દુન્યવી સંતોષ પ્રાપ્ત કરવા ક્યાં અને કઈ દિશામાં મોઢું ફેરવવું જોઈએ.

આવતી પેઢીઓ દરમ્યાન તમે વધતી જતી ભૌતિક સમૃદ્ધિ અને ભારે દુન્યવી પ્રવૃત્તિ ધરાવતા એવા જગતમાં જીવી રહ્યા હશો કે જેમાં માનવીના મોટા વર્ગનું બુદ્ધિ કૌશલ્ય અને વિચારશક્તિ તમને દુન્યવી લાભો પુરા પાડવા તરફ વળેલાં હશે. કદાચ એક દિવસ અમુક માનવીઓના મનમાં મઝહબના અર્થ અને તેની જરૂરત વિષે કંઈક ગુંચવણ પેદા થશે,અને જો અમારા રૂહાની બચ્ચાઓ કદાચિત પોતાના જીવનનું કંઈક એવી રીતે ઘડતર કરે કે પોતાના માનસને સર્જાયેલને બદલે સર્જક ગણવા માંડે અને પોતાના દુન્યવી સુખ-ચેનને જોતાં રૂહાની વિનમ્રતાને બિનજરૂરી માનવા પ્રેરાય તો અમે તમને હમણાં જ કહી શકીએ છીએ કે એ સાચા અને વાસ્તવિક સુખ કે જેને માણવા તમે ભાગ્યશાળી થાવ એવી અમારી દુઆ છે તે તમારા હૃદયને કદી સ્પર્શ નહીં કરે.

તમારી આસપાસના દુન્યવી વાતારણમાં આવેલું કોઈપણ ઝડપી પરિવર્તન તમારે માટે અતિશય દુ:ખદાયક, અતિશય ચિંતા કરાવનારૂં અને હતાશા લાવનારૂં બનશે. તમે સમજી નહીં શકો કે દુન્યવી લાભોએ તમારા હૃદયમાં માત્ર અસંતોષ અને ભ્રમણા પેદા કર્યા છે. જ્યારે હકીકતમાં દરરોજ સુર્યોદયથી

સુર્યાસ્ત સુધી આ દુનિયાથી બીજી સઘળી દુનિયાઓ સુધી પદાર્થના ઝીણામાં ઝીણા કણથી ખુદ જીવનના સર્જન સુધી તમારી સમક્ષ એક પ્રત્યક્ષ અને બુદ્ધિગમ્ય સાબિતી મૌજુદ છે કે માનવી પોતે જે જગતમાં વસી રહ્યો છે તે જગત ઉપર પોતાની અસર પાડવા માટે હજું માત્ર થોડેક અંશે જ સફળ થયો છે અને તે પણ એ અસર મનુષ્ય જીવનના માત્ર એ પાસાઓ ઉપર થયેલ છે કે જેને કેટલાક ગેરમાર્ગે દોરવાએલાઓ જગત ઉપરના મનુષ્ય જીવનનું અર્થસુચક પાસું માને છે અને તે છે ભૌતિક પાસું.

આપણી વિચારસરણીએ હંમેશાં દુન્યવી બાબતોને તેના પોતાના યોગ્ય સ્થાને રાખેલ છે. અને અમને ખાતરી છે કે સમગ્ર રીતે જોતાં અમારી જમાત એવા બીજા અનેકો કરતાં ખુબ વધારે પ્રમાણમાં સુખી છે. જેઓ અમર્યાદિત દુન્યવી દૌલત ધરાવે છે પરંતુ તેઓ જાણતા નથી કે તેઓનું આ ધન આવે છે ક્યાંથી ? તેનું મુલ્ય કેટલું છે ? અને તે શા માટે છે ? વ્યવહારૂ રીતે પણ જોતાં આ ધન-દૌલત આશીર્વાદરૂપ બનવાને બદલે તે વધુ અને વધુ બોજારૂપ બનવાની વલણ ધરાવે છે.

આજના આ આનંદમય દિને અમારા રૂહાની બચ્ચાઓ સાથે હોવા બદલ અમો ખુશી અનુભવીએ છીએ. અમોને એ જાણીને પણ આનંદ થાય છે કે .તેઓનું રૂહાની અને નૈતિક બળ એવા પ્રકારનું છે કે "તે કે જેની પાસેથી આપણે આવ્યા છીએ અને જેની તરફ આપણે પાછા ફરવાના છીએ." તેનું (અલ્લાહનું) સ્મરણ તજી દીધા વગર અને તેને આધિન રહીને પણ અનેકાનેક દુન્યવી લાભોનો લ્હાવો માણવા છુટ આપે છે.

આ પ્રસંગે અહીં હાજર રહેલા અને આજે આ જગત ઉપર અસ્તિત્વ ધરાવતા દરેકે દરેક રૂહાની બચ્ચાંને અમો અમારા માતા પિતા તરીકેના અતિશય પ્યાર અને મમતાભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન,

(આપણા અડતાલીસમાં ઈમામ હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ) ના જન્મસ્થળ ઉપર મૌલાના હાઝર ઈમામ માટે એક નવું મકાન બનાવી આપવાની પાકિસ્તાનની જમાતોની અરજ કબૂલ કરી મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું :)

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમોને એ જાણીને અતિશય હર્ષ થયો છે કે જે સ્થળે અમારા દાદાશ્રીનો જન્મ થયો હતો તે સ્થળે પાકિસ્તાનની જમાતે અમારે માટે એક મકાન ધરાવવાનું શક્ય બનાવ્યું છે.

અમો આ સ્થળ માટે ઊંડો અનુરાગ ધરાવીએ છીએ અને આ નવા મકાનમાં રહેવા અને અમારી જીંદગીના ઘણા સુખદ અને ઊંડી ખુશીભર્યા દિવસો ગાળવા માટે અમો ખરેખર આતુર છીએ. અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાતો એ જાણે કે આ અમારી મનગમતી વાત છે. આનો સંબંધ એ હકીકત સાથે નથી કે અમે એક મકાન ધરાવતા થશું, પરંતુ એ હકીકત સાથે છે કે અમારા પિતાજી અને અમારા દાદાશ્રી પ્રત્યે અમને જે પ્રેમ હતો તેમાં અમોને જમાત પ્રત્યેના અમારા પ્રેમ અને વ્હાલનું પ્રતિબિંબ પણ જોવા મળે છે.

જે રૂહાની બચ્ચાંઓએ આજના પ્રસંગને આટલો બધો સફળ બનાવવા અને અમારા પ્રવાસને અમારે માટે આટલો

બધો સુખદ બનાવવા માટે શ્રમ લીધો છે તે સઘળાઓને આ પ્રસંગે અમો મુબારકી આપીએ છીએ.

અમો આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમે હંમેશા સુખી રહો, સફળતા મેળવો અને સર્વે ઉપરાંત તમારા દિલ હંમેશ નુર, ઈમાન, નમ્રતા અને આનંદથી ભર્યા રહે ........ખાનાવાદાન, ખાનાવાદાન.

જેઓ બંગલામાં અને આ મંડપની બહાર સેવા આપી રહ્યા હોવાને કારણે અહીં આવી શક્યા નથી એ સઘળા રૂહાની બચ્ચાંઓને અમો અમારા અતિશય માયાળુ અને પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન :૧૦૯ તા. ૧૬-૧૨-૧૯૬૪, કરાંચી-ગીનાન મહેફીલ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો ઘણી વખત અમારા રૂહાની બચ્ચાઓને ભલામણ કરેલ છે કે તેમણે ગીનાનો યાદ કરવા જોઈએ, ગીનાનોની માયના સમજવી જોઈએ અને ગીનાનોની સમજણ પોતાના દિલમાં લેવી જોઈએ.

અમારા રૂહાની ફરજંદો જગતના ગમે તે ભાગના રહેવાશી હોય પણ તેમના માટે ખાસ જરૂરી છે કે જુગાજુગ અને પેઢી દર પેઢી તેઓ આ પ્રણાલિકાને પકડી રાખે આપણી આ પ્રણાલિકા અજોડ છે અને અમારી જમાત માટે અતિશય મહત્વની છે.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૧૦ તા. ૨૧-૧૨-૧૯૬૪, હૈદરાબાદ-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમોએ અમારા વહાલા રૂહાની ફરજંદોને વખતો વખત દીની અગર દુન્યવી બાબતોના ફરમાનો કરેલ છે, જે સઘળામાં એક બાબત બહુંજ મહત્ત્વની છે તે બાબત એ છે કે તમારે જમાતખાનામાં વખતસર હાજરી આપવામાં, ઈબાદત ગુજારવામાં અને ખિદમત બજાવવામાં નિયમિત રહેવું જોઈએ. દરેક વખતે તમારામાં ભાઈ અને બહેનની લાગણી ભરેલો સંબંધ દરેકના હૈયામાં ભરેલો હોવો જોઈએ, કારણ કે સર્વે મુસ્લીમોએ આ માન્યતા ઉપરજ જીવન વિતાવવાનું છે.

અમારી જમાતોને જ્યારે જ્યારે અઘરા પ્રશ્નો ઉકેલવાના હોય ત્યારે અંદરો અંદર એકબીજાની મદદ, ટેકો અને દોરવણીથી તેનો ઉકેલ લાવવો જોઈએ આજ ફક્ત એક ઉપાય છે કે જેથી અમારી જમાત દીન અને દુન્યવી રીતે ભવિષ્યમાં આગળ વધવા માટે બળ મેળવી શકશે.

.....ખાનાવાદાન.

ફરમાન :૧૧૧ તા.૨૨-૧૨-૧૯૬૪, ટંડો મોહમ્મદખાન-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જે રૂહાની બાળકોએ જમાતને બૈયતુલખ્યાલના હોલની ભેટ આપી છે તેઓને જમાતની સામે અમારા ખાસ વહાલભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

આ ભેટથી અમે વિશેષ રાજી થયા છીએ કારણ કે બૈતુલખ્યાલના હૉલની ભેટ આપી છે તેઓને જમાતની સામે અમારા ખાસ વહાલભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

આ ભેટથી અમે વિશેષ રાજી થયા છીએ કારણ કે બૈતુલખ્યાલનો હૉલ જમાતને બંધાવી આપવો એનું મહત્વ ખૂબ મોટું છે તે જમાત જાણે છે. અમે બૈતુલખ્યાલને વધારે માં વધારે મહત્ત્વતા આપીએ છીએ કારણ કે ઈબાદત-બંદગી એ આપણી માન્યતાના પાયામાંનો એક પાયો છે. અને આ પાયાને મજબૂત કરવો એ ઈમામની અને જમાતની ઉત્તમ ખિદમત છે. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૧૨ તા. ૨૩-૧૨-૧૯૬૪, તલ્હાર - પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારે ઈસ્લામની ભાવના પ્રમાણે ભાઈઓ અને બહેનો તરીકે જીવન ગુજારવું જોઈએ આની મતલબ એ છે કે તમારે હર હંમેશા એકબીજાને મદદ કરવી જોઈએ, એકબીજાને માર્ગદર્શન આપવું જોઈએ, એકબીજાને ટેકો આપવો જોઈએ અને જે રૂહાની બાળકો જમાત માટે કોઈ પણ રીતે કોઈ પણ કાર્ય કરવાની શક્યતા ધરાવતા હોય તો તેઓએ એ કાર્યને અંજામ આપવો જોઈએ કારણ કે ફક્ત આ રીતે જ તમે સારી અને સંગીન પ્રગતી કરી શકશો. ......ખાનાવાદાન.

ફરમાન :૧૧૩ તા.૨૩-૧૨-૧૯૬૪, હૈદ્રાબાદ - પાકીસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આ નવા જમાતખાનાનું બાંધકામ અમોને બેહદ ખુશી અને બેહદ આનંદ આપશે. અમે ઈચ્છીએ છીએ કે અમારી જમાતો જમાતખાનાની હાજરીમાં ખૂબ નિયમિત રહે અને એ યાદ રાખે આ જમાતખાનામાં તમોને શાંતિ અને સુખ પ્રાપ્ત થવા જ જોઈએ અને તેથી કરીને તમારે નિયમિત રીતે

જમાતખાનામાં આવવા શક્તિમાન બનવું જોઈએ. કારણકે આ એ સ્થળ છે કે જ્યાં તમો એ હકીકતથી સભાન રહેશો કે દુન્યવી બાબતો પૂરેપૂરી મહત્વની નથી, દુન્યવી બાબતોને પોતાનું મહત્વ છે ખરૂં પરંતુ બધી બાબતોમાં જે સૌથી વધું મહત્વનું છે તે એ છે કે તમારા મઝહબનું નિયમિત રીતે પાલન કરો. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૧૪ ડિસેમ્બર-૧૯૬૪, લાયન્સ કલબ(હૈદ્રાબાદ)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

કેટલાક વર્ષોથી અમોને એ ભય રહયો છે કે અહીં તથા બીજા દેશોમાં આટલી ઝડપથી જે પ્રગતી થઈ રહી છે તે આપણી પ્રણાલીકાઓ, ઐતિહાસીક ભુમિકાઓ અને કમનસીબે કેટલીક વેળા આપણા ઈમાન સુધ્ધાના ભોગે થઈ રહી હોવાથી બહું જ ખતરનાક છે. માનવી, માનવી વચ્ચેનાં અસાધારણ પ્રમાણમાં વધેલો સંપર્ક આપણી ઘણીખરી અસ્મિતાને ગુમાવી દેવાની વલણ ધરાવે છે. તે પ્રત્યે આપણા અપુરતા લક્ષણ દ્વારા અસ્મિતાની આ ખોટને વધારવી એ આપણી ભાવિ પેઢીઓ પ્રત્યે એક પ્રકારના અત્યાચાર સમાન છે એમ અમારૂં માનવું છે. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૧૫ તા.૨૫-૧૨-૧૯૬૪, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે દુઆ કરીએ છીએ કે તમે સુખી હો, તમારામાં શક્તિ હોય, તમારામાં સંપ હોય, તમારા દિલોમાં પ્રમાણિકતા અને નમ્રતા હોય તેમજ તમારામાંના દરેક એ રૂહાની સંતોષ ધરાવતા હોય કે જે તમારા જીવન દરમ્યાન તમને દોરવણી

આપે, ભલે તમારા સંજોગો જે પણ હોય.

અમારી જમાત નિખાલસ દિલની, પ્રમાણિક અને વફાદાર છે. અને પોતાના હૃદયમાં એવા ગુણો ધરાવે છે કે જે ગુણો તમારા પોતાનામાં અને બાળકોમાં જળવાઈ રહેશે એવી અમે આશા રાખીએ છીએ અને તેના માટે દરરોજ દુઆ ફરમાવીએ છીએ. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૧૬ તા. ૨૬-૧૨-૧૯૬૪, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા મુખી સાહેબોએ અમોને જણાવ્યું છે કે અમારા જમાતખાનાઓમાં તમારી હાજરીનું પ્રમાણ બહું જ સુંદર છે. આ જાણીને અમને ખુબજ આનંદ થયો છે. હંમેશને માટે અમારી ખ્વાઈશ છે કે અમારા રૂહાની બચ્ચાઓ જમાતખાનાની હાજરીમાં, બંદગીના વખતે તથા ખિદમત બજાવવામાં બહું જ નિયમિત રહે.

અમોએ ઘણી વખત તમને ફરમાવેલ છે કે ભલે તમો તમારી દુન્યવી ઉન્નતી માટે ખુબ મહેનત કરો, પણ જે ખરી અને જરૂરી બાબત છે તે તમારી જમાતખાનાની હાજરી અને તમારી ઈબાદત છે.

જ્યારે અમારા રૂહાની બચ્ચાંઓ દુન્યવી સંજોગોની સુધારણાને રૂહાની પ્રગતી સાથે ગુંચવી નાખે છે ત્યારે અમોને બહું જ ખેદ થાય છે.

અમારા રૂહાની ફરજંદોએ અહીં છેલ્લા વરસો દરમ્યાન એકંદરે ઠીક ઠીક મેળવ્યું છે પણ હવે એવો વખત નથી કે

તેઓએ ખુબ મેળવ્યું છે એમ બોલ્યા કરવુ અગર તેનો દેખાવ કરવો. તમો પોતાની આવકથી વધું ખર્ચ ન રાખો એવું અમે ઈચ્છીએ છીએ તવંગરીનો દેખાવ કરી ખુબ ભપકાથી અમારી જમાત ન રહે એવું અમને ખપે છે. તમો દરેક પોતાની રહેણી કરણીનું ધોરણ સહેલાઈથી નભાવી શકાય તેવું રાખો. જ્યારે વખત આવશે ત્યારે અમો પોતે ફરમાન કરશું કે હવે તમો અગાઉની માફક ઠાઠમાઠથી રહી શકો છો પણ અત્યારના સંજોગોમાં જ્યારે ઈસ્ટ આફ્રિકાનું નવું ઘડતર થઈ રહ્યું છે ત્યારે અમારા રૂહાની ફરજંદો આંજી નાખે અને નજરે ચડી જાય તેવું જીવન ધોરણ રાખે તે વ્યાજબી નથી. અમે તમને મુશ્કિલ આસાન અને સફળતા માટે અમારા ઉત્તમ દુઆ આશિષો અને અમારી દુઆઓ ફરમાવીએ છીએ. .......ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા રૂહાની બચ્ચાઓ વખતસર જમાતખાનામાં હાજર રહી નિયમિત દુઆ અને ખિદમત બજાવે એ ઘણું જરૂરી છે. કારણ કે દુનિયાની હાલત સુધારવા ગમે તેટલી મહેનત કરવામાં આવે પણ જમાતખાનાની હાજરી અને બંદગીનું મહત્વ તો સૌથી વધી જાય છે.

અમારા રૂહાની બચ્ચાઓ જો દુનિયાની પ્રગતીને ધાર્મિક પ્રગતી સાથે ગુંચવી નાખશે તો અમો ઘણા જ નારાજ થઈશું.

બધી જમાતોએ પોતે પોતાના જ્ઞાન, આવડત અને અનુભવનો લાભ અરસપરસ એક બીજાને આપે તે તમને બધાને લાભ થાય. દુનિયાભરના ઈસ્માઈલીઓ વચ્ચે બંધુભાવના કેળવો તો તમોએ કદી ન ધારેલ તકો તમારા હાથમાં આવશે

આગળ પડીને કામ કરવાની આવડત તથા કેળવણીથી નવા કામકાજો શરૂ કરવાની જે શક્તિ તમારામાં પેદા થતી જાય છે તેનો આ રીતે અરસપરસ લાભ હવે લેવો જોઈએ.

તમારી આ નાની ઉંમરમાં જ તમારે જાણવું જોઈએ કે દુનિયાના બીજા લોકોની માફક આપણી જમાત નથી. આપણે ધર્મને દુનીયાની બીજી બધી બાબતોથી ઉપર ગણીએ છીએ. એટલે જ આ નાની ઉંમરમાંથી જ તમોએ તમારી જમાતખાનાની હાજરીમાં હંમેશાં નિયમિત રહેવું, દુઆ પડવામાં નિયમિત રહેવું અને જમાત તથા ઈમામની ખિદમતમાં નિયમિત રહેવું.

આમ કરશો તો જ તમને હમણાં અને જ્યારે તમે મોટા થશો ત્યારે સમજ પડશે કે મુશ્કેલીઓ અને તકલીફોનો સામનો કરવામાં જે હિંમત, સહન શક્તિ અને દીલાશાની જરૂર પડશે તે તમને તમારા ધર્મમાંથી મળશે અને તે ધર્મને લીધે જ તમારા દિલમાં નમ્રતા પેદા થશે કે જેથી તમો વિજયની ઘડીએ છકી જઈને ખોટું કામ કરતાં બચશો.

........ખાનાવાદાન.

ફરમાન : ૧૧૭ પેરીસ, ૪થી અને ૫ મી મે, ૧૯૬૫

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આવતા ૫૦ વરસ માટેનો મુખ્ય પ્રશ્ન એ છે કે, અગર લોકો પૈસાવાળા હોય યા ગરીબ, અગર તેઓ નાના મકાનમાં રહેતા હોય યા બે કે ત્રણ માળના મકાનમાં, આપણે જોવાનું છે કે તેમનો અકીદો શું છે અને તેનું પાલન તેઓ કઈ રીતે કરે છે અને પછી તેમને કહેવાનું છે કે તેઓએ પોતાના મઝહબની તાલીમ મુજબ કંઈ રીતે રહેવું જોઈએ

આપણે આસપાસ નજર કરીએ છીએ અને જોઈએ છીએ કે, રૂહાની જીવનને લોકોએ છોડી આપેલ છે. અગર તેઓ ગરીબ હોય તો તેઓ દુ:ખી હોય છે અને અગર તેઓ પૈસાવાળા હોય તો તેમને રૂહાની જીવનમાં રસ હોતો નથી. અત્યંત મહત્ત્વનું એ છે કે તેઓ પાસે રૂહાની પાશ્ચાદ્‌ભૂમિકા હોવી જોઈએ. તેઓ એ ઉચ્ચ દુન્યવી શિક્ષણ સામે આ ચીજોને જાળવી રાખવા શક્તિમાન થવું જોઈએ. આ આપણો મુખ્ય સિદ્ધાંત છે..... ઈબાદતથી તેઓ પોતાના મઝહબ સાથે આ ચીજોનો મેળ સાધી શકશે. હવે, જેઓ ઈમાનવાળા છે તેમને આપણે ઉચ્ચ વિદ્વત્તા સભર ચીજો નહિ આપીએ પરંતુ ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરેલ લોકો સાથે આપણે તેમના ધોરણે વાત કરીશું.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૧૮ તા. ૨૦--૧૦-૧૯૬૫, પેરીસ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમો તમારા ઈમામ પાસે છાંટા માટે આવો છો, ત્યારે ખુલ્લા અને સાફ દિલ સાથે આવો છો, એમ સમજીને આવવાનું છે. તમારી થયેલી ભુલો તમો ભુલી જઈને માફી મેળવવાની ઈચ્છાથી જ તમારે આવવું જોઈએ. અમોને નથી જોઈતું કે, અમારા રૂહાની બચ્ચાઓ, ફક્ત પાણીનો છાંટો નંખાવવા અમારી પાસે આવે. આપણે અવશ્ય સમજવું જોઈએ કે, આપણે એવા મતલબથી છાંટો નંખાવીએ છીએ કે, હવે પછી આપણે નક્કી કરીએ કે, ભૂતકાળમાં આપણે જે ભુલો કરી અને ગુનાહ કર્યા હતા તે આપણે ફરીથી કરશું નહિ.

........ખાનાવાદાન.

ફરમાન : ૧૧૯ તા.૮-૧૦-૧૯૬૬,એલ્ડોરેટ,

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા રૂહાની બચ્ચાઓમાં જે બે ખરાબ કુટેવો પડી છે, તે સબધંમાં છે અને આમાંની પહેલી કુટેવ સીગારેટ પીવાની અને બીજી કુટેવ દારૂ પીવાની છે. અમોએ અમારા રૂહાની બચ્ચાઓને સીગારેટ પીવાની અને દારૂની બદીઓથી દુર રહેવા ફરમાનો કરેલા છે. જો તમારે આ ફરમાનો ઉપર ચાલવું ન હોય, તે તમારી મરજીની વાત છે, અને તેના દુષ્ટ પરીણામો માટે તમોજ જવાબદાર છો...... આ એક અનહદ બેવકુફીપણું અને મુર્ખાઈભરેલું કામ છે.

આમ કરવાથી ચોક્કસ પરીણામો એ આવે છે કે તમોને ફેફસાનું, મોઢાનું કે ગળાનું કેન્સર થાય છે અમો નથી ઈચ્છતા કે અમારા રૂહાની બચ્ચાઓને આવી ભયંકર બીમારીઓ ભોગવવી પડે..... તે કુટેવ સદંતર બંધ થવી જ જોઈએ આ એક ઘણી જ ખરાબ કુટેવ છે. જે ધીક્કારને પાત્ર છે. દારૂ પીવાથી તમો તમારૂં માન ગુમાવો છો અને જમાતની નામનાને તેથી ખરાબ અને બુરી છાપ પડે છે. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૨૦ તા.૧૯--૧૦-૧૯૬૬,નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા સર્વે નાના રૂહાની બચ્ચાઓએ અવશ્ય જમાતખાને આવવું જોઈએ. દરેકે દરેક રૂહાની બચ્ચાઓએ જમાતખાને આવી દુઆ પડવાની બાબતને તમારા જીવનના એક ભાગ તરીકે ગણવું જોઈએ. એ બહું જ જરૂરી છે. વરસોના વરસો સુધી સુખ મેળવવા માટે, તથા દિલની સલામતી

અને શાંતીની ખાત્રી તમો આ વસ્તુમાંથી પ્રાપ્ત કરી શકશો. આ વસ્તુને ઘણી જ મહત્વની સમજી તેના ઉપર અમલ કરવાની કોશિષ કરો આપણે સૌએ નિયમિતપણે અને નમ્રભાવે આ ફરજ બજાવવાની છે. .........ખાનાવાદાન.

ફરમાન : ૧૨૧ તા. ૨૨-૧૦-૧૯૬૬, મોશી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

એક સિધ્ધાંત એ છે કે તમારે હંમેશા જમાતખાનામાં નિયમિત હાજરી આપવી જોઈએ. દરેક રૂહાની બચ્ચાઓ માટે આ પહેલો સિધ્ધાંત છે. તમારા જીવનમાં જો તમો આ સિધ્ધાંતનું પાલન કરશો તો અમો તમોને જણાવીએ છીએ કે, મુશ્કેલીઓનો સામનો કરવા માટે તમોને શક્તિ અને હિંમત પ્રાપ્ત થશે. આનાથી તમોને નમ્રતા પણ શીખવા મળશે. અને આવી નમ્રતા થકી તમો સમજી શકશો કે જીંદગીની સફળતા તે તમારા જ્ઞાનથી નહી પણ અલ્લાહની રહેમતો થકી મળે છે. આ વસ્તુનું પાલન કરવું એ તમારા માટે ઘણી જ અગત્યની બાબત છે. અને અમોને ખાત્રી છે કે તમો આજથી જ આ વાતને તમારા દીલ સાથે અપનાવી લેશો કે જેથી તમો તમારા જીવનમાં હિંમતથી અને વિશ્વાસથી તમારો રસ્તો મોકળો કરી શકશો.

મુખીએ અમોને જણાવ્યું છે કે, જમાતખાનાની હાજરીમાં તમો ઘણા જ નિયમિત છો અને અમારી જમાતો આવી ઉમદા પ્રણાલિકાને જાળવી રાખે છે એ જાણી અમોને ઘણો જ આનંદ થાય છે. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૨૨ તા.-૮-૧૧-૧૯૬૬,કીગોમાં

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા રૂહાની બચ્ચાઓને દારૂ પીવાની ભયંકર આદત પડી છે, એટલું જ નહિ પણ તેઓમાંના ઘણા લોકો દારૂડીયા બની ગયા છે. અમો અમારા રૂહાની બચ્ચાઓને સખત ચેતવણી આપીએ છીએ કે આ ઘણી જ ભયંકર અને ખરાબ આદત છે. શરાબી બનવું તે દરેક મુસલમાન માટે, પછી ભલે તે શિયા હોય કે સુન્ની હોય, પણ દારૂ ઈસ્લામ ધર્મમાં પાપ છે. અને અમો માનીએ છીએ કે તમારે આ વસ્તુંને બરાબર સમજવી જોઈએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૨૩ તા.૧૯--૧૧-૧૯૬૬, તાનાનારીવે

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

અમારી જમાત એ યાદ રાખે કે, તમારી જીંદગીના બે વિભાગો છે. એક તમારી દુન્યવી જીંદગીનો ભાગ છે કે જેમાં તમારા કુટુંબો, તમારી જમાત અને તમારા દેશ પ્રત્યેની તમારી ફરજો અને જવાબદારીઓ છે.

અને બીજો ભાગ તમારી રૂહાની જીંદગી માટેની તમારી ફરજો અને તમારી બીજી જે અમર જીંદગી છે તેની તૈયારીઓ કરવા માટે તમારે અવશ્ય જમાતખાનાની હાજરીમાં અને તમારી દુઆ-બંદગીમાં નિયમિત રહેવું જોઈએ.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૨૪ તા. ૧૫--૩-૧૯૬૭, પાર્કલેન્ડસ જમાતખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

તમારામાંના જેઓ ચિંતામાં ઘેરાયેલા છે, તેઓને ચિંતાઓ સાથે જીવવું જોઈએ. થોડોક વખત વીતાવવા દેવો જોઈએ. થોડોક વખત વિતાવા આપો અમોને ખાત્રી છે કે, વખતના વહેવા સાથે અમારા રૂહાની બચ્ચાઓને ખાત્રી થશે કે જે કોયડાઓ તેઓને મુજવી રહ્યા હતા, તે પ્રશ્નો ધીમે ધીમે અને ક્રમવાર આપો આપ પોતાની જગ્યાએ સમાઈ જશે.

અગર જો કોઈ માણસ તમોને આવીને એમ કહે કે, તેઓ હાઝર ઈમામના અહીં દીદાર કર્યા કે ત્યાં દીદાર કર્યા, અને હાઝર ઈમામે આમ ફરમાવ્યું કે તેમ ફરમાવ્યું; તો એવું અમોને નથી જોઈતું કે તમો આવી વાતો સાંભળો. અગર જો અમોને કોઈ ફરમાનો ફરમાવવાના હશે, તો અમો આવા ફરમાનો જમાતના આગેવાનો મારફતે કરીશું, કે જેઓને અમોએ જમાતી કાર્ય બજાવવા જમાતની આગેવાની સોંપેલી છે, અને તેઓ અમારા એ સંદેશાઓ આપશે, અને અમો ઈચ્છીએ છીએ કે જમાત તેનું પાલન કરે પણ અમો અમારી આ જમાતને ચેતવણી આપીએ છીએ આવા વખતે કોઈ પણ જાતની અફવા ફેલાવે નહિ અને તે સાંભળે નહિ. અમો અમારી જમાતને આગ્રહ કરીએ છીએ કે તેઓ શાંતી જાળવે, પોતાના જીવનમાં બહું જ મહેનતું અને શાણા બને, હમેંશા વફાદાર રહો.

એક બીજી બાબત કે જે અમારી જમાતના ભવિષ્ય ઉપર શું વલણ લેવું તે માટે છે. અમો નથી ઈચ્છતા કે, તમો

પીછેહઠ કરો, અથવા બેસીને રાહ જુઓ, અથવા સાંભળીને જોયા કરો. અમો ઈચ્છીએ છીએ કે તમો ચપળ, મહેનતું બનો, કે જેનાથી તમો તમારા વિશ્વાસ અને વફાદારીની ઉંચામાં ઉંચી સાબીતી અને પુરાવાની ખાત્રી બતાવી શકો. અમો ઈચ્છીએ છીએ કે, ભુતકાળમાં જેમ તમોએ કર્યું છે, તેવી જ રીતે તમો તમારા કામને આગળ ધપાવો.

આટલું યાદ રાખો, વિશ્વાસ રાખો, અફવાઓનો પ્રચાર કરો નહિ, અફવાઓ ઉપર ધ્યાન નહિ આપો, અગર જો અમારે ફરમાનો ફરમાવવાના હશે તો અમો જમાતના આગેવાનો મારફતે પાઠવશું, વિશ્વાસ રાખો, શ્રદ્ધા રાખો.

.....ખાનાવાદાન.

ફરમાન :૧૨૫ તા.૧૫-૩-૧૯૬૭ નૈરોબી, દરખાના જમાતખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

પુર્વ આફ્રિકાની અમારી છેલ્લી પધરામણી બાદ ઘણા અગત્યના બનાવો બની ગયા છે, અને અમોને સુવિદીત છે કે, જે બનાવો અને નિર્ણયો જગતના આ ભાગમાં લેવાયા છે, તેની અસર અમારી જમાતો ઉપર પડી છે.

આજે અમો તમોને એક ફરમાન ફરમાવવા ચાહીએ છીએ કે જેના ઉપર પુર્વ આફ્રિકાની બધી જમાત પુરેપુરો અમલ કરે. અમો નથી ઈચ્છતા કે જે બનાવો બનવા પામ્યા છે, તે સબંધી અમારા રૂહાની બચ્ચાઓ ઉતાવળો અભિપ્રાય બાંધી લ્યે, અમો એ પણ નથી ઈચ્છતા કે, અમારા રૂહાની બચ્ચાઓ અફવાઓ સાંભળે અને અફવાઓ ફેલાવે, અમો

એ પણ નથી ઈચ્છતા કે, અમારા રૂહાની બચ્ચાઓ અંદરો અંદર વાતો કરે કે ફલાણો માણસ એક મહિના અગાઉ હાઝર ઈમામને મળ્યો હતો અને હાઝર ઈમામે તેને આવી જાતની દોરવણી આપી હતી, આવી રીતે જમાતની એક વ્યક્તિની જ અંગત બાબત બીજી વ્યક્તિપાસે લઈ જાય, તે બાબત અમોને વ્યાજબી લાગતી નથી. જો અમારે ફરમાનો ફરમાવવાના હશે તો અમો નીમેલા જમાતના આગેવાનો મારફતે મોકલાવશું.

બીજી બાબત એ છે કે, તમો બહાર દેખાવમાં વૈભવ અને વિલાસ અને એશઆરામવાળું અને ઉડાઉપણાનું જીવન જીવો તે અમો જરાએ જોવા ઈચ્છતા નથી. જો મહેનતું બની હિંમતથી અને સારી રીતે કામ કરો, તો તમોને ધન્યવાદ છે. પરંતુ જો તમો ઠાઠમાઠથી જીવન જીવો તે અમો ઈચ્છતા નથી. અમારી જમાતે આવી વસ્તુંને ઘણી સાવચેતી અને ધ્યાનપુર્વક સંમજવી જોઈએ

અમારા રૂહાની બચ્ચાઓ

દરખાના જમાતના મુખીએ અમારી જમાત માટે અમોને વાત કરી છે કે, જેનાથી અમોને ઘણો જ આનંદ થયો છે, અને તે બાબત એ છે કે છેલ્લા થોડા મહિનાઓમાં તમારી બૈતુલખ્યાલની હાજરી ઘણા જ પ્રમાણમાં વધેલી છે. આનાથી અમો ખરેખર ઘણા જ ખુશી થયા છીએ, કારણ કે અમો સમજીએ છીએ કે, અમારી જમાતને અમોએ આજે કરેલા ફરમાનો સમજી શક્યા છે અને અમો ઈચ્છીએ છીએ કે જમાત પોતાની ફરજોને મજબૂતાઈથી પાલન કરે છે. અને આ બાબત કે જે સૌથી ઉત્તમ છે અને તે વિશ્વાસ, સુખ

અને હિંમતથી તમોને મુશ્કેલીઓનો સામનો કરવા માટે મજબૂત પાયારૂપે બનશે. અમો આ હકીકતથી ઘણા જ ખુશી થયા છીએ, અને અમો ઈચ્છીએ છીએ કે, અમારા રૂહાની બચ્ચાઓ કે જેઓ બૈતુલખ્યાલમાં નિયમિત આવે છે, તેઓ આ બાબત બરાબર સમજે. અમો ઈચ્છીએ છીએ કે જમાત સમજે કે અમો કેટલા ખુશી થયા છીએ. .....ખાનાવદાન.

ફરમાન:૧૨૬ તા.૨૫-૧૦-૬૭, આફ્રિકાની સઘળી જમાતોજોગ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

જેમ વરસો પસાર થાય છે, તેમ માણસોના પહેરવેશ અંગેના રીતરીવાજો તથા રૂઢીઓમાં ફેરફારો થતા જાય છે, અને ખરી રીતે આ બાબત તરફ તમારૂં ધ્યાન ખેંચવા માટે અમારા માટે જરૂરી બનેલ છે. જ્યારે તમો જમાતખાનમાં આવો ત્યારે તમારે યોગ્ય અને લાયક કપડા પહેરીને આવવું જોઈએ. અમો નથી ઈચ્છતા કે, અમારા રૂહાની બચ્ચાઓ કે જેઓએ દુન્યવી રીતે પ્રગતી કરેલ હોય, તે અંગેની ફત્તેહમંદીનો ખ્યાલ અને દેખાવ કરવા અથવા તો શાંત અને નિર્મળ વાતાવરણ અંગેના તમારા ધર્મને અયોગ્ય હોય, તેવા કપડા તમો પહેરો એવું અમો ઈચ્છતા નથી.

ઉપરોકત બાબત વિશ્વવ્યાપી છે, અને ઈસ્લામના સિદ્ધાંતોને બંધન કર્તા છે અને આમ બધા મુસ્લીમોએ અનુંસરવું જોઈએ, કારણ કે આએ સિદ્ધાંતો હ. પયંગમ્બર સાહેબે પોતે જ સ્થાપેલા હતા.

.......ખાનાવાદાન.

ફરમાન : ૧૨૭ તા. ૬-૧૧-૧૯૬૭, મુંબઈ -દરખાના

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારા કુટુંબો યોગ્ય વાતાવરણમાં રહે, તમારા સંતાનો યોગ્ય રીતે કેળવાયેલા હોય અને જ્યારે તેઓ પુખ્ત ઉમરના થાય ત્યારે તેઓ યોગ્ય પ્રણાલિકાઓ અને સારી ટેવોથી સભર હોય તેની ખાતરી પૂર્વક ચોકસાઈ કરતા રહેવાના મહત્ત્વના ઉપર અમારા દાદાશ્રી તમને અવાર નવાર ભાર પૂર્વક ફરમાવતા હતા. .....ખાનાવાદાન.

ફરમાન :૧૨૮ તા.૬-૧૧-૧૯૬૭,મુંબઈ-કરીમાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમે તમારી બંદગીમાં નિયમિત રહો, તમારી દુઆમાં નિયમિત રહો, જ્યારે તમે દુઆ પઢો ત્યારે દુઆનો શું અર્થ થાય છે એ સમજીને દુઆ પઢો, તમે દુઆને સમજો અને તમારી દુઆ-બંદગીમાં નિયમિત રહો એવું અમે ઈચ્છીએ છીએ. (બોર્ડિંગના બાળકો સમક્ષ ત્રીજે માળે)

જેમ જેમ તમારા બાળકો મોટા થતા જાય તેમ તેમ તેઓને સાચા સિદ્ધાંતો શીખવો તમે તેઓને શીખવો કે તેઓ પોતામાં મઝહબનું નિયમિત રીતે પાલન કરેં અને આજુબાજુના વાતાવરણમાં સ્વચ્છ જીવન ગુજારે, સખત પરિશ્રમ કરે અને પોતાના ભાવિ માટે સારી રીતે તૈયાર થાય. તેઓમાં સારી ટેવો પાડો, સખત કાર્ય માટે અભિરૂચી પેદા કરો અને તેઓમાં પોતાના ભવિષ્ય માટે અભિરૂચી પેદા કરો અને તેઓમાં પોતાના ભવિષ્ય માટે મહત્વકાંક્ષા પ્રગટાવો.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૨૯ તા. ૬-૧૧-૧૯૬૭, મુંબઈ—કરીમાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારી રૂહાની દિકરીઓને બે બાબતની ચોકસાઈ કરવાની ફરજ છે કે જેમ જેમ તમારા બાળકો મોટા થતા જાય તેમ તેમ તેઓને ખરા સિધ્ધાંતો વિષે તાલિમ આપો. તેઓને પોતાના ધર્મનું નિયમિત પાલન કરવાની અને તેઓને તંદુરસ્તી ભર્યા વાતાવરણમાં સ્વચ્છતા પૂર્વક રહેવાની, સખત મહેનત કરવાની તેમજ ભવિષ્ય માટે પોતાને સારી રીતે તૈયાર કરવાની તાલીમ આપો તેઓમાં સારી ટેવોનું, સખત મહેનત કરવાની ચાહનાનું સિંચન કરો. એ બાબતની ચોકસાઈ રાખો કે તમારા બાળકો શિક્ષણ લેતા હોય તે દરમ્યાન અને જેમ જેમ તેઓ મોટા થતા જાય તેમ તેમ તેઓ સારી રીતે આગળ વધતા રહે તે જોવાની ખાસ કરીને તમારી ફરજ છે, એ તમે ભુલી જાવ એમ અમે ઈચ્છતા નથી.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૩૦ તા. ૮-૧૧-૧૯૬૭, મુંબઈ-વાડી-ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમને ફરી એકવાર યાદી આપીએ છીએ કે તમે એ સમજો કે તમારામાંના હરકોઈ એક રૂહ ધરાવે છે અને આ રૂહ જ અમર છે. વળી તમારામાંના દરેકની એ ફરજ અને જવાબદારી છે કે એ યાદ રાખો કે તમે એક રૂહ ધરાવો છો આજ કારણસર દરેક વ્યક્તિ માટે એ જરૂરનું છે કે નિયમિત જમાતખાને આવે અને પોતાની બંદગીમાં તેમજ દુઆમાં નિયમિત રહે.

રોજિંદા જીવનમાં એ ભુલશો નહિ કે અગર જો તમને ચિંતા હોય, મુશ્કેલી હોય, દુ:ખ હોય અથવા તો તમે જીવનમાં સફળતા મેળવી હોય ભલે તમે ગમે તેવા સંજોગોમાં મુકાએલા હો તમારા દુન્યવી જીવનનું અગત્ત્યનું પાસું તમારો ધર્મ, તમારૂં ઈમાન અને તમારો રૂહ છે.

અમે તમને પુછીએ છીએ કે શું તમે પોતાની જમાતખાનાની હાજરીમાં નિયમિત રહેશો ?

(જમાતે અરજ કરી; આમીન ખુદાવિંદ)

અમે તમને એક બીજો સવાલ પુછીએ છીએ, જીવનમાં તમારી પહેલી જવાબદારી કઈ છે ?

(જમાતે અરજ કરી; ઈબાદત, ખુદાવિંદ)

તો પછી જો તમે જવાબ જાણો છો તો જ્યારે અમે શારીરિક રીતે અહીં હાજર ન હોઈએ ત્યારે પણ તમારે આ ન ભુલવું જોઈએ.

અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ એ યાદ રાખે કે તમે પૈસાદાર હો કે ગરીબ પરંતુ તમારી દુઆ-બંદગી પાયાની, ફરજીયાત અને જરૂરી છે.

જ્યારે તમે શારીરિક રીતે આ દુનિયા છોડી જશો ત્યારે તમે તમારી દુકાન પોતાની સાથે નથી લઈ જઈ શકતા, તમે તમારો ઉધોગ પોતાની સાથે નથી લઈ જઈ શકતા, તમે તમારા પૈસા પોતાની સાથે નથી લઈ જઈ શકતા, તમે તમારા કપડા પોતાની સાથે નથી લઈ જઈ શકતા; તમારો એક માત્ર અંશ જે અમર છે તે તમારો રૂહ છે, આ કદી પણ ભુલશો નહી.

વળી તમારામાંના જેઓએ દુન્યવી રીતે સારી પ્રગતી

કરી છે તેઓ એ યાદ રાખે કે આ બધું અલ્લાહની રહેમતો થકી છે અને તમારે અહેસાન મંદ હોવું જોઈએ તેમજ પોતાની દુઆ-બંદગીમાં અલ્લાહના શુક્રાના અદા કરવા જોઈએ; તમારામાંના જેઓને તકલીફો અને મુસીબતો હોય તેઓએ તેની પાસેથી શક્તિ માટે આજીજી કરવી જોઈએ; અને એમ કહેવું પૂરતું નથી કે હવે તો હું સારી પ્રગતી કરી રહયો છું આ બધું મેં પોતે જ કર્યું છે, હું ઘણો જ સુખી છું, મારી પાસે તો એક અજબ એવું કાર્ય છે.

પૈસાદાર તેમજ ગરીબ તમારી સહુની એ ફરજ છે કે નિયમિત જમાતખાનામાં હાજર રહો, પોતાની દુઆ-બંદગી નિયમિત અદા કરો, નમ્ર બની રહો, નહી કે અભિમાની, અહેસાનમંદ બની રહો, અને નહી કે અહંકારી. અને અમે ઈચ્છીએ છીએ કે તમે આ યાદ રાખો જગતભરની અમારી જમાત માટે આ હકીકત છે.

ભલે તેઓ જ્યાં પણ હોય. તમે જમાખાનાની હાજરીમાં નિયમિત છો એ જાણીને અમને જેટલી ખુશી થશે તેથી વધું ખુશી અમને બીજી કોઈ પણ બાબતથી નહી થાય; અને તમે જમાતખાનાની હાજરીમાં નિયમિત નથી તે જાણીને અમને જેટલું દુ:ખ થશે તેટલું બીજી કોઈપણ બાબતથી નહીં થાય. અમે ખરેખર આ બાબત તદ્દન ચોખ્ખી કરી દેવા માગીએ છીએ આ અમારા જગતભરના સઘળા રૂહાની બચ્ચાઓ માટે છે.

અમે નાના રૂહાની બચ્ચાઓને ફરમાવીએ છીએ કે જ્યારે તમે દુઆ શીખો તો દુઆના અર્થ પણ શીખો. અમે નથી ઈચ્છતા કે તમે દુઆના અર્થ જાણ્યા વગર દુઆ પડો. એ જરૂરી છે કે આપણા નાના બાળકો દુઆના અર્થ જાણે.

વળી અમે ચાહીએ છીએ કે ભવિષ્યમાં તમે ધાર્મિક સ્કુલોમાં નાના છોકરાઓ અને નાની છોકરીઓને દુઆના અર્થ શીખવવા ખાસ કોશિષ કરો.

અમે ઈચ્છીએ છીએ કે, તમે એ યાદ રાખો કે લગ્ન જીવન સંબંધી તમારી જવાબદારીઓ ખરેખર ઘણી જ ગંભીર છે અમે નથી ઈચ્છતા કે યુવાન રૂહાની બચ્ચાઓ એ બાબત હળવે મને લઈને લગ્ન કરે. પુરૂષો - સ્ત્રીઓ લગ્ન કરે અને એકાદ બે વર્ષ પછી તેઓમાં મતભદે પડે, અણબનાવ થાય અને પછી કાઉન્સિલ પાસે જઈ એમ કહે કે તેઓ હવે છુટા થવા માંગે છે. જ્યારે તમે લગ્ન કરવાનું નક્કી કરો છો કે જે તમારી જિંદગીનો એક અગત્યનો નિર્ણય હોય છે તેને હળવી રીતે અથવા તો ઉતાવળે ન લેવો જોઈએ અથવા એક વખત લગ્ન કર્યા પછી તે બાબતને હળવી રીતે કે બેદરકારી પુર્વક ન લેખવી જોઈએ. યુવતીઓના અને યુવાનોના લગ્ન મારફત દર વરસે જે નવા કુટુંબોનું સર્જન થાય છે તે સર્વેની સધ્ધરતા અને શક્તિને આપણે જાળવી રાખીએ.....ખાનાવાદાન.

ફરમાન:૧૩૧ તા. ૮-૧૧-૧૯૬૭, મુંબઈ- વાડી જમાતખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારે એ સમજવું જોઈએ કે તમારા દરેકમાં રૂહ છે અને આ રૂહ જ કેવળ અનંત છે. તમારા દરેકમાં રૂહ છે એ હકીકત યાદ રાખવી એ તમારા હર કોઈની ફરજ અને જવાબદારી છે. આ કારણસર એ જરૂરી છે કે દરેક વ્યક્તિ જમાતખાનામાં નિયમિત હાજરી આપે અને તમારી બંદગી અને તમારી દુઆઓમાં નિયમિત રહે. ........ખાનાવાદાન.

ફરમાન : ૧૩૨ તા. ૯-૧૧-૧૯૬૭, મુંબઈ-કરીમાબાદ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમે ચાહીશું કે કોઈપણ રૂહાની બાળક જે અહિં હાજર છે અને જે ધાર્મિક નાઈટ સ્કુલમાં જાય છે તે અમને જવાબ આપે.

મલિકિન્નાસનો શો અર્થ થાય છે ? તમે એ સુરા જાણો છો કે જે જણાવે છે, કુલ અઊઝું બિ રબ્બિન્નાસ, મલિકિન્નાસ, ઈલાહીન્નાસ. અહીં કયો રૂહાની બાળક છે કે જે અમને મલિકિન્નાસનો અર્થ જણાવી શકે તેમ છે ?

(એક રૂહાની બાળકે અરજ કરી કે; મલિકિન્નાસ એટલે લોકોના માલિક. મૌલાના હાજર ઈમામે ખુશી દર્શાવતાં ફરમાવ્યું)

સરસ, ઘણું સરસ !

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે આગળ વધશું. આ સુરા આવે છે : કુલ અઊઝું બિ રબ્બિન્નાસ, મલિકિન્નાસ, ઈલાહીન્નાસ મિનશર્રલ વસ્વાસિલ ખન્નાસ. વસ્વાસ શબ્દનો શો અર્થ થાય છે ? આનો અર્થ જાણવો અગત્યનું છે.

(એક રૂહાની બાળકે વસ્વાસ નો અર્થ ગુજરાતીમાં વસવસો થતો હોવાનું જણાવ્યું જેથી મૌલાના હાજર ઈમામ રાજી થયા અને ફરમાવ્યું,)

સરસ, ઘણું સરસ

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે એ જોઈને ઘણા ખુશી થયા છીએ કે અમે તમને એવા સવાલો પુછી શકીએ છીએ કે જે મુશ્કેલ છે અને તેના અર્થ જાણતા હોય એવા કોઈને કોઈ હમેંશ હાજર હોય છે

આ ઘણી ઘણી જ સારી બાબત છે. અમે એક વધું સવાલ પુછીશું : યોમિદ્દીનનો શો અર્થ થાય છે ? અમે ઈચ્છીએ છીએ કે અહીં હાજર રહેલામાંના કોઈ અમને યોમિદ્દીનનો અર્થ જણાવે.

(એક રૂહાની બાળકે અરજ કરી : ઈન્સાફનો દિવસ)

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ

અમને એ જોઈને ખુશી થઈ છે કે દુઆ તેમજ કુરઆને શરીફની બીજી સુરાઓ એમ બન્ને બાબતોનું તમારૂ જ્ઞાન અને તમારી સમજણ અમે છેલ્લે અહી હતા તે સમયે જેવી હતી તેના કરતાં ઘણી ઘણી વધારે સારી થઈ છે.

અમે ચાહીએ છીએ કે તમે દુઆના તેમજ કુરઆનના એ ભાગો કે જે આપણા રોજિંદા જીવનમાં, આપણા ધર્મની સમજણ મેળવવા આપણે માટે અગત્યના છે. તે વિશેના તમારા જ્ઞાન અને તમારી સમજણને વધું સારી બનાવવાનું ચાલું રાખો.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે ચાહીએ છીએ કે તમને એક વધું સવાલ પુછીએ, જે અમે જાણીએ છીએ કે મુશ્કેલ છે. અને તેનો જવાબ તમે જાણતા હો એવી અમે ધારણા નથી રાખતા આમ છતાં અમે એ જાણવા માંગીએ છીએ કે તમે તેનો જવાબ જાણો છો કે કેમ ! તમે જવાબ જાણતા જ હો એ જરૂરી નથી, પણ જો તમે જાણતા હો તો તેનો જવાબ આપી શકો છો.

શું તમે જાણો છો કે અલ-હલ્લાજ કોણ હતો ? અંહી એવો કયો રૂહાની બાળક છે જે અમને કહી શકે તેમ છે કે

અલ-હલ્લાજ કોણ હતો ?

(એક રૂહાની બાળકે અરજ કરી; મન્સુર અલ-હલ્લાજ)

જીવનમાં તેનો મુખ્ય હેતું શો હતો ?

(એજ રૂહાની બાળકે ફરી અરજ કરી; અલ્લાહ સાથે એક થઈ જવાનો, અને વધુંમાં ઉમેર્યુ મન્સુરે ફનાફિલ્લાહનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો અને તે અનલ-હક્ક કહેતો હતો)

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે જે સવાલ પુછયો તે મુશ્કેલ હતો તે ઘણો જ મુશ્કેલ પ્રશ્ન હતો કારણ કે તેને આપણા ઈતિહાસ સાથે સબંધ નહોતો પરંતું તેનો એક વિચારસરણી સાથે સબંધ હતો ઈસ્લામના પાલનની એક એવી વિચારસરણી જે આપણી વિચારસરણીની નજીક છે. જે રૂહાનિયતની વિચારસરણી છે.

અલ- હલ્લાજ શહીદ થઈ ગયો કારણ કે તે એમ માનતો હતોં કે તેણે પોતાના રૂહને ઊચ્ચે દરજ્જે પહોચાડયો હતો અને તેણે સર્વે દુન્યવી બાબતોને પુરતી રીતે દુર કરી હતી કે જેથી તેનો રૂહ તોહીદ સાથે, સર્વવ્યાપક એકતા સાથે એકરૂપ થાય.

તેણે જાહેરમાં અનલ હક્કનો દાવો કર્યો જેનો અર્થ થાય છે હું સત્ય છું અને તે સમયના મુસ્લિમોએ તેની ગણના ધર્મથી ફરી ગયેલામાં કરી અને તેને ધર્મથી ફરી ગયેલો ગણીને મારી નાખવામાં આવ્યો.

આ સવાલ પુછવાનું કારણ એ હતું કે અમારા રૂહાની બચ્ચાઓ આવતા વરસો દરમ્યાન ઈસ્લામની બે વિચારસરણી સમજે. રૂહાની વિચારસરણી જે આપણી છે. તેમજ ઈસ્લામની

કેટલીક બીજી શાખાઓની એટલે કે તેઓની કે જેઓ એમ કહે છે કે નહીં ઈસ્લામનું કોઈ બાતુંની સ્વરૂપ નથી, ફક્ત એક જાહેરી સ્વરૂપ જ છે.

આજ કારણસર અમે પુછયું હતું કે અલ-હલ્લાજ કોણ હતો અને અમે ઘણા જ ખુશી થયા છીએ તેમજ અલ-હલ્લાજ કોણ હતો એ જાણનાર રૂહાની બાળકને અમે મુબારકી આપીએ છીએ.

તમારામાંના અમુક એવા રૂહાની બચ્ચાઓ છે કે જેઓ હવે આપણા ધર્મ વિશેની પાયાની વિગતો અને ઇતિહાસના વધું ઊંડાણમાં જઈ શકે એવા ધાર્મિક જ્ઞાનની પુરતી સપાટીએ છે. એ અગત્યનું છે કે તમારામાંના જેઓ આમ કરવાની ઈચ્છા ધરાવે છે તેઓએ એમ કરવું જોઈએ.

આવતા વરસોમાં અમે એવો અનુભવ કરવા ચાહીએ છીએ કે અગર જો અમે તમને અંગ્રેજી ભાષામાં પુછીએ જો કે તમારા માટે એ મુશ્કેલ હોય તો પણ અમે તમને પુછીએ કે બાતુની ધર્મ અને જાહેરી ધર્મ વચ્ચેનો તફાવત શો છે ? તો તમે અમને જણાવી શકો તેમ હો !

આ મુશ્કેલ બાબતો છે. પરંતું, તમારા ધર્મ માટેનું તમારૂં જ્ઞાન જેટલું વધું સારૂં અને વધું ઊંડુ હશે, આપણા ધર્મ વિશેની તમારી સમજણ જેટલી વધું સારી અને વધું ઊંડી હશે તો તેટલા તમે વધું મજબૂત હશો અને આપણી જમાત તેટલી વધું મજબૂત હશે. આજ કારણે અમે ઈચ્છીએ છીએ કે તમે કુરઆને શરીફની જુદી જુદી સુરાઓના અર્થ જાણીને અને દુઆના અર્થ જાણીને અટકી ન જાવ પરંતુ તમારૂં જ્ઞાન

વધું આગળ લઈ જાવ; અને એસોસીએશન તેમજ શાળાના શિક્ષકો તમને આમાં સહાય કરશે. સખત કાર્ય કરો. આ એ પાયો છે કે જેની ઉપર આપણે આપણી ભવિષ્યની જમાતનું ઘડતર કરીશું.

અમે ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે શિક્ષણ મેળવવાની તક કંઈ દરેક રૂહાની બાળકને મળતી નથી અને જેઓને શિક્ષણ મેળવવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે તેઓએ તેનો ફાયદો મેળવવો જોઈએ અમે ભારપૂર્વક ફરમાવીએ છીએ અમે અતિશય ભારપૂર્વક ફરમાવીએ છીએ કે તમારામાંના જેઓને શિક્ષણ મેળવવાનો અવસર સાંપડયો છે તેઓએ તેનો ફાયદો ઉઠાવવો જોઈએ. અમે ચાહીએ છીએ કે આપણી જમાતનો દરેક વિધાર્થી શાળા અથવા કૉલેજ કે યુનિવર્સીટીમાં જે વર્ષો પસાર કરે તેમાંથી મેળવી શકાય તેટલો વધુમાં વધું ફાયદો મેળવે.

જેઓને શિક્ષણ મેળવવાની તક સાંપડી છે, અને જેઓ શાળાઓ અને યુનીવર્સીટીઓમાં અભ્યાસ માટે જાય છે, તેઓએ અભ્યાસ માટે સખત મહેનત કરવી જોઈએ. તેઓએ પોતાની જાતને ઉત્તમ કોટીના વિદ્યાર્થીઓ તરીકે પુરવાર કરી આપવા જોઈએ, કારણ કે આ બાબત આપણા કુટુંમ્બ, આપણી કોમ અને આપણા દેશના હિત માટે અત્યંત જરૂરી છે. ઈસ્લામની સ્થાપના વખતે હ. પયંગમ્બર સાહેબના અસહાબોમાં ઈસ્લામની દાવત માટે જેવો જુસ્સો હતો, તેવો જુસ્સો આજના આ વિદ્યાર્થીઓએ શિક્ષણ ગ્રહણ કરવા માટે બતાવવો જોઈએ.

યાદ રાખો કે એક પુરૂષ અથવા એક સ્ત્રી માટે બે બાબતો ઘણી અગત્યની છે કે જેને કદી પણ છીનવી શકાય તેમ નથી પહેલો, તમારો રૂહ છે અને બીજું તમારૂં શિક્ષણ તમે ક્યાંય પણ જાઓ, આ જગત ઉપર તમે ક્યાંય પણ હો, જો તમે સારી રીતે શિક્ષણ મેળવ્યું હશે તો એ એક એવી સંપત્તિ છે જે તમે તમારા પોતા માટે ધરાવો છો. અને તેને તમારી પાસેથી કોઈ પણ છીનવી શકે તેમ નથી. અને અમે નથી ઈચ્છતા કે તમે આ ભુલી જાવ.

એ તો જગતભરની આપણી જમાત માટે હકીકત ધરાવે છે એ તમારે માટે જીવનભરની એક મોટી, એક ઘણી જ મોટી સંપત્તિ છે.

અમારી જમાતને આપણા ગિનાનો બાલતી સાંભળી અમે ઘણા ખુશી થયા છીએ. અમે અગાઉ ફરમાવ્યું છે કે આ એક અદ્‌ભુત પ્રણાલિકા છે. અને એ એક એવી પ્રણાલિકા છે જેને આવતા વરસોમાં ગુમાવવી ન જ જોઈએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૩૩ તા.૧૪-૧૧-૧૯૬૭, સિધ્ધપુર - ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે નથી ઈચ્છતા કે તમે જમાતના આગેવાનોનું કહેવું ન માનો, અમે જે કાઉન્સિલોની નિમણુંક કરી છે તેઓની દોરવણીઓને ન માનો અને જમાતના જે આગેવાનોની અમે નિમણુંક કરી છે તેઓની દોરવણીઓની વિરૂધ્ધ જાવ. અમે ઈચ્છીએ છીએ કે આ બાબતને સારી રીતે સમજી લેવામાં આવે અગર જો જમાતમાં મતભેદ હશે, અગર જો જમાતના

આગેવાનો જે દોરવણીઓ આપે તેનું તમે પાલન નહીં કરો તો આપણી જમાતને દુન્યવી પ્રગતી સાધવા માટે સહાય કરવાનું ઘણું મુશ્કેલ બનશે, વળી આ તો અંતે કંઈક એવી બાબત છે કે તમે સહું ઈચ્છી રહ્યા છો.

અમે ચાહીએ છીએ કે, તમારામાંના જેઓ જવાબદારીભરી જગ્યાઓએ છે, સત્તાભરી જગ્યાઓએ છે તેઓ આજથી દર રોજ સવારે અને દર રોજ સાંજે ખુદ પોતાને સવાલ પુછે કે શું મેં જમાતના બીજા સભ્યો સાથે એજ પ્રમાણેનું વર્તન કર્યું છે, અને શું મેં તેઓ સાથે એ મુજબનો વર્તાવ કર્યો છે કે જે પ્રમાણે કરવાનું મને મારા ઈમામે ફરમાવ્યું છે ? કે પછી શું મારૂં દિલ કાળું છે ? અને જો મેં એ પ્રમાણે વ્યવહાર નથી કર્યો કે જેવો મારે કરવો જોઈતો હતો, તો પછી કાલથી જ હું એવો વ્યવહાર કરીશ કે જેવો મારે કરવો જોઈતો હતો. વળી મારે કદી પણ ફરી એવું કંઈ પણ ન કરવું જોઈએ કે જેવું મારા ઈમામે મને આપણી જમાતમાંના બીજા રૂહાની બચ્ચાઓ સાથે ન કરવા ફરમાવ્યું છે.

અમે ઈચ્છીએ છીએ કે આ બાબતને સારી રીતે સમજવામાં આવે કે જેઓ જમાતમાં બીજા રૂહાની બચ્ચાઓ સાથે ભાઈચારાથી વ્યવહાર નથી કરતા તો અમારા માનવા પ્રમાણે, તેઓ કાળું દિલ ધરાવે છે. અને અમે એ સાંભળવા નથી માગતા કે આ જમાતમાં કોઈ પણ રૂહાની બાળક કાળું દિલ ધરાવતું હોય. તમે સાથે મળીને કામ કરો તમારામાં ભાઈચારાની અને બહેનપણાની આવી સાચી લાગણી હોય તે માટે અમે તમને અમારા ઉત્તમ પ્યાર ભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

તમારામાંથી જેઓને ખેતીવાડીની કોલેજમાં જવાની અથવા જેઓને કોઈ આદર્શ ખેતરોની મુલાકાત લેવાની તક મળે તો એ અગત્યનું છે કે તમારે આવી મુલાકાતોમાંથી શીખવું જોઈએ અને તમે જે કંઈ શીખ્યા હો તેને અમલમાં મુકવું જોઈએ, તમારે એ ન ભુલવું જોઈએ કે જો આવી સંસ્થાઓ અસ્તિત્ત્વમાં છે તો તેનું કારણ એ છે કે તેઓ પાસે તમને શીખવવા લાયક કંઈક છે અને તેઓ જે શિક્ષણ તમને આપી શકે તેમાંથી તમારે લાભ ઉઠાવવો જોઈએ અને તમે આ જ્ઞાનનો લાભ ઉઠાવો તે પછી તેને બીજા લોકો સુધી પહોંચાડવો જોઈએ જેથી તેઓને પણ ફાયદો મળી શકે, જેઓને ખેતીવાડી કોલેજમાં જવાનો કે આદર્શ ખેતરની મુલાકાત લેવાની તક મળી ન હોય.

અમે ચાહીએ છીએ કે આવતા વરસો દરમ્યાન તમે સાથે મળીને કાર્ય કરો, એક બીજાની નજીક આવો અને તમારામાંના જેઓ સારી હાલતમાં હોય તેઓ એ લોકોને મદદ કરે કે જેઓને મદદની જરૂર છે. તમારામાંના જેઓને અનુભવ છે, જેઓને સફળતા પ્રાપ્ત થઈ છે તેઓ જમાતી પ્રવૃતિઓમાં ભાગ લે અને તમને જે જ્ઞાન અને અનુભવ મળ્યાં હોય તેનો લાભ આખી જમાતને પહોંચાડો આ એક ઘણી જ અગત્યની બાબત છે અને અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ આ ફરમાન ઉપર અમલ કરે.

તો પછી અમે ખાસ કરીને ચાહીશું કે અમારા રૂહાની બચ્ચાઓ ભવિષ્યમાં આપણી જમાતમાંની એકતા ઉપર ધ્યાન આપે અમે જે જમાતી સંસ્થાઓની નિમણુંક કરી છે તેઓને માન આપે અને તેઓની દોરવણીઓ ઉપર અમલ થતો રહે એ માટે ચોકસાઈ રાખે. ....ખાનાવાદાન

ફરમાન : ૧૩૪ તા. ૧૯-૧૧-૧૯૬૭, યવતમાલ - ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

યવતમાલની આ પ્રથમ મુલાકાત પ્રસંગે અમો અમારા ખાસ પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ ચાર વર્ષ અગાઉ અહિંયા ૧૧૨ રૂહાનીઓ શહીદ થઈ ગયા તેમના રૂહોની શાંતી અને રાહત માટે અમો દુઆ કરીએ છીએ.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમો તમોને એ જણાવવા ચાહિએ છીએ કે આજે સવારે અહિંયા અમારી જમાત સાથે પ્રથમ વખત હોવા બદલ અમો ખુશ હતા, પરંતુ ચાર વર્ષ અગાઉ જે રૂહાની બાળકોએ પોતાની જાન ગુમાવી હતી તેમની યાદથી અમો ઘણા રંજીદા અને દિલગીર પણ હતા. આજે અમો તમોને જણાવીએ છીએ કે કદાપી કોઈપણ રૂહાની બાળકને આ દુનિયા છોડવી પડે, જીસ્માની રીતે દુનિયા છોડવી પડે તો એ વધારે સારૂં છે કે કોઈ બીજી બાબતથી પોતાની જાન ગુમાવી પડે તેના કરતાં આ રીતે દીનની રાહમાં રહી દુનિયામાંથી રહેલત કરી જાય તે બાબત ને યાદ રાખો જે તમને વધારે દિલાસો અને સુખુન આપશે.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૩૫ તા.૨૨-૧૧-૧૯૬૭, મુંબઈ - કરીમાબાદ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે ચાહીએ છીએ કે તમે આ ફરમાનો સાંભળો અને જે ફરમાવ્યું છે તેની સારી નોંધ લો અને તે ઉપર અમલ કરો આ ફરમાનો આપણી જમાતના ભવિષ્ય માટે ઘણાએ મહત્વના છે.

એ અગત્યનું છે કે કુરઆનના ભાગોનો અભ્યાસ કરતી વખતે તમારે સ્પષ્ટ રીતે તેનો ભાવાર્થ સમજવો જોઈએ.....અમે આશા રાખીએ છીએ કે તમે એ નહી ભુલશો કે ભાવાર્થ એ આપણી ઈસ્લામી માન્યતાનો પાયો છે. કારણ કે આપણી વિચારસરણી બાતુની છે. જો એ જાહેરી હોત તો કોઈ વાત નહોતી પરંતુ તે જાહેરી નથી એતો બાતુની છે. જેનો અર્થ એ થાય છે કે એ ભાવાર્થ આપણી જમાત માટે છે. એ આપણા તરીકા માટે છે અને આજ પાયો છે માટે આ ભુલતા નહી.

અમે ઈચ્છીએ છીએ કે તમારામાંના જેવો વાએઝીન છે તેઓ ભારતમાંના નાના નાના સેન્ટરોમાં જાય અને ત્યાં આપણા ધર્મને સારી રીતે સમજવામાં આવે તેમજ તેનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તેની ખાતરી કરે. વખતો વખત અમારી મુલાકાતો દરમ્યાન અમને એવું જણાયું છે કે આપણી જમાતમાંના કેટલાક નાના બાળકો આપણા ધર્મની કેટલીક પાયાની બાબતો, કેટલીક સૌથી અગત્યની બાબતો વિશે સ્પષ્ટ સમજ નથી ધરાવતા. આથી હવે તમે બહાર નીકળવાનો, ભારતમાં મુસાફરી કરવાનો નાના સેન્ટરોમાં જવાનો નાના બાળકો સમક્ષ વાએઝ કરવાનો નિયમ રાખો કે જેથી આ નાના રૂહાની બચ્ચાઓ

જેમ જેમ મોટા થતા જાય તેમ તેમ પોતાના વિકાસ દરમ્યાન આપણા ધર્મના પાલન તેમજ સામાન્ય સિદ્ધાંતો સંબંધી આ મુખ્ય મુદ્દાઓ સારી રીતે સમજતા થાય આ એક મહત્ત્વનું કાર્ય છે જે તમારે કરવું જોઈએ.

અમે અનેક પ્રસંગોએ ફરમાવ્યું છે કે જ્યારે તમે કુરઆનના ભાગો શીખો ત્યારે એ કેટલું અગત્યનું છે કે તમારે તેના અર્થ પણ સમજવા જોઈએ. એ અગત્ત્યનું છે કે જો તમે કુરઆનના ભાગોની તિલાવત કરો અથવા તો તે જાણતા હો તો તમે તેના અર્થ સમજાવી શકો તેમ હો, એ ભુલતા નહી કે ઈસ્લામનો આપણો તરીકો, ઈસ્લામનો એક બાતુની તરીકો છે. બાતુનનો અર્થ એ થાય છે કે જે લખેલું છે તેતો છે જ, પરંતુ તેનો ભાવાર્થ દરેક માટે નથી હોતો, એ ફક્ત તેઓને માટે છે કે જેઓ આપણી જમાતના અંગ છે આથી એ અગત્યનું છે કે જો તમે કુરઆનના ભાગો શીખો તો એ ભાગોનો બાતુની અર્થ સમજાવી શકો તેમ હો.

વળી જો અમે તમને ફરમાવીએ કે કૌકબુનનો અર્થ શો છે ? તો તમે એ જાણતા હો એવી અમે આશા રાખીએ છીએ. અને જો અમે ફરમાવીએ કે તેનું બહુવચન શું છે ? તો તમે જાણતા હોવા જોઈએ કે તે કવાકિબ છે. જેનો અર્થ અનેક તારા થાય છે. વળી જ્યારે તમે કુરઆનના ભાગોની તિલાવત કરો અને તેમાં કવાકિબ શબ્દ આવે તો તમારે જાણવું જોઈએ કે તેનો અર્થ અનેક તારાઓ થાય છે આ અગત્યનું છે. ઝૈતુન વિશે પણ આજ પ્રમાણે છે. ઝૈતુન કુરઆને શરીફમાં એક સામાન્ય શબ્દ છે અને તે પોતાનું ખાસ મહત્ત્વ ધરાવે છે, જેને સમજવું જોઈએ.

તમારે ઓછામાં ઓછી એવી તો કોશિષ કરવી જોઈએ કે તમે તમારા જ્ઞાનને એવા વિસ્તાર તરફ વાળો કે જેની આપણી જમાતને જરૂરત છે, જેથી તેઓ પોતાના ધર્મનો અર્થ, પોતાની દુઆનો અર્થ સમજી શકે.

એ અગત્યનું છે કે કુરઆનના ભાગોનો અભ્યાસ કરતી વખતે તેનો ભાવાર્થ સ્પષ્ટ રીતે સમજવો જોઈએ. જો તમે કુરઆનના ભાગોની તીલાવત કરો તો તેમાંના અમુક શબ્દો તમારે માટે એક વિચારસરણી રજૂ કરતા હોવા જોઈએ જો તમે કુરઆને શરીફનો અભ્યાસ કરશો તો આપણી વિચારસરણી તમને, અને તમારા દ્વારા આખી જમાતને સારી રીતે સમજાઈ જશે. આ બાબત ઘણા વર્ષોનો અભ્યાસ માગી લે છે. અમે એ નથી ચાહતા કે તમે એમ વિચારો કે આ સહેલાઈથી અથવા સખત મહેનત વગર શીખી શકાય તેમ છે. પણ એ અગત્યનું છે કે જ્યારે અમે તમને ચોક્કસ સવાલો પુછીએ, અગર જો એ ઘણી જ ગુંચવણ ભરેલી બાબતો ન હોય તો તમે તેના જવાબો આપી શકો તેમ હોવા જોઈએ.

અગર જો ભારતમાંના અમારા રૂહાની બચ્ચાઓ આપણી જમાતી સંસ્થાઓ અને જમાતનો આગેવાનોને સાથ નહી આપે, અગર જો આગેવાનો અને જમાત વચ્ચે નાના નાના મતભેદો હશે તો તેથી તેઓ આપણી જમાતની મજબૂતી, સંગઠન, અને શક્તિને તોડી પાડશે.

એ તદ્દન દેખીતું છે કે ઈસુ ખ્રિસ્ત (હ.ઈસા) શારીરિક રીતે ખુદાના પુત્ર ન હોઈ શકે. કારણ સાદું છે કે પિતા અને પુત્ર વચ્ચેનો શારીરિક સંબંધ તો માનવીય વિચારસરણી છે

અને મુસ્લિમો તરીકે ખુદાને માનવીય વિચારસરણી લાગું પાડવાની આપણને મનાઈ ફરમાવવામાં આવી છે. આમ પિતા-પુત્રનો સંબંધ હોય એ બનવાજોગ ન હોતું

એ અગત્યનું છે કે જેઓ આપણી જમાતને પોતાના ધર્મ પાલન વિશે શિક્ષણ આપે છે, તેઓ આ પાયાના સિધ્ધાંતોને ખુબ જ સારી રીતે સમજતા હોવા જોઈએ.

તમો આપણા મઝહબ વિષેની સારી સમજણ આપો કારણ કે તેઓ ફક્ત ધર્મ પાળે એ પૂરતુ નથી પરંતુ એ જરૂરનું છે કે તેઓ તેને સમજે.

તમારામાંના દરેકને અને જેઓ આપણી જમાતમાં આપણા મઝહબની સમજણ અને તેના પાલન માટે જવાબદાર છે તેઓને અમારા ખાસ અને અમારા અતિશય હેત પૂર્વકના વહાલ ભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

.....ખાનાવાદાન

ફરમાન : ૧૩૬ તા. ૨૬-૧૧-૧૯૬૭, મુંબઈ - ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

તમે હંમેશા એ યાદ રાખો કે ઈસ્લામ તમારામાંના દરેકે દરેક ઉપર આ બાબતનું બંધન મુકે છે કે તમારા રોજીંદા જીવન દરમ્યાન તમારે આપસમાં ભાઈચારો અને બહેનપણાની ભાવનાનું પાલન કરવું જોઈએ. દરરોજ ભાઈચારાની ભાવનાના પાલન દ્વારા જ આપણી જમાત સંગઠીત શક્તિશાળી અને કાર્યશીલ રહી શકશે.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૩૭ તા. ૩૦-૧૧-૧૯૬૭, પેશાવર - પાકિસ્તાન

(પેશાવર યુનિવર્સીટી કોનવોકેશન વખતના પ્રવચનમાંથી)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તે દિવસે કે જ્યારે અલ્લાહની ઈબાદતમાં સિજ્દો કેમ કરવો તે આપણે જાણતા નહિ હોઈશું અથવા તેમ કરવા માટે આપણા પાસે સમય કે શ્રધ્ધા નહિ હશે અને તે કારણે માનવ-આત્મા કે જેના માટે અલ્લાહે આપણને ફરમાવ્યું છે કે તે અનંત છે. તેના માટે આપણી રોજીંદી કાર્યવાહીમાંથી લાભ મેળવવા મથતા સમયમાંથી એક કલાક કાઢવા લાયકાત ધરાવવાનું જ્યારે આપણને પુરતુ મહત્વનું નહિ લાગે ત્યારે તે દિવસ અંધકાર ભર્યો અને નિરાશાજનક હશે.

ગરીબો, યતિમો, મુસાફરો, અને એકલવાયી સ્ત્રીઓ પ્રત્યેની આપણી જવાબદારીઓ આપણે ભુલાવી દેવી ન જોઈએ.

જો ઈસ્લામી સમાજે પશ્ચિમના સમાજનું આંધળુ અનુકરણ ટાળવું હોય તો આપણા પ્રણાલીગત મુલ્યોને ફરીથી શોધી કાઢી તેને ફરીથી જીવંત અને મજબૂત બનાવવા બેહદ જરૂરી છે. પશ્ચિમના કુટુંબો અત્યારે તેની જરૂરત પુરતી કમાણી અઠવાડીયાના ચાર પાંચ દિવસ અને એ પણ માત્ર છ કલાક કામ કરીને કરી લ્યે છે અને આમ તેમના ફુરસદના સમયમાં વધારો થતો જાય છે. પણ તેઓ એ ફુરસદના સમયમાં શું કરે છે ? શું તેઓ આપણા સ્વપ્ન મુજબના સંપૂર્ણ સુખી અને સંતોષી ઈન્સાનો છે ? બહું જ ઓછા માણસો આ પ્રશ્નોના જવાબ હા માં આપવાનું જોખમ ખેડશે. ....ખાનાવાદાન.

ફરમાન:૧૩૮ તા. ૨૨-૨-૧૯૬૯, પુના - ભારત, (મહિલાઓમાં)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે ઈચ્છીએ છીએ કે અમારા દરેકે દરેકે રૂહાની બાળક દુઆ મોઢે કરી લે એટલું જ નહિ પરંતુ દુઆના અર્થો પણ સમજે. તમારા માટે અને તમારા બાળકો માટે તેમજ આપણી જમાતના ભવિષ્ય માટે એ પાયાની બાબત છે કે તમારામાંના દરેકે ખાસ કરીને જમાતના નાના સભ્યોએ દુઆના અર્થ સમજવા જોઈએ એ પાયાનું છે કે તમારે દુઆના અર્થ સમજવા જોઈએ. આ એવી બાબત છે કે જે પોતાના બાળકોને, છોકરા અને છોકરીઓને શીખવવાની જવાબદારીઓ તમારામાં જેઓ માતાઓ છે તેઓએ પોતા ઉપર લેવી જોઈએ..

.......ખાનાવાદાન.

ફરમાન :૧૩૯ તા. ૨૩-૨-૧૯૬૯, મુંબઈ-ભારત
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, અમે ભાર પુર્વક ફરમાવીએ છીએ કે અમે હવે પછી એવું સાંભળવા નથી માગતા કે અમારી ભારતની જમાતમાં કુસંપ છે અથવા તો એકરંગીપણું નથી. જો તમારામાંના દરેકે દરેક થોડી શક્તિનો ફાળો આપે, થોડીક કોશીષ કરે, થોડીક શુભેચ્છા દાખવે તો આ જમાતને એક મજબૂત, આગળ નજર કરતી, આગળ વધતી જમાત બનાવી શકાય તેમ છે. પરંતુ તેથી ઉલટું જો તમે એકબીજાને વગોવશો, એકબીજાને દુ:ખ પહોંચાડશો તમારા કાર્યમાં એકબીજા માટે મુશ્કેલીઓ ઉભી કરવાની કોશિષ કરશો તો અહીં મુંબઈમાંજ નહી, પરંતુ ભારતમાંના

બીજા ભાગોમાં પણ અમારા રૂહાની બચ્ચાઓના ભવિષ્યને ઘણું એવું નુકશાન પહોંચાડશો.

અમે ફરીવાર હાલના આગેવાનોને, સ્કુલના વિદ્યાર્થિઓને, અગાઉના આગેવાનોને, ભવિષ્યમાં હશે એવા આગેવાનોને ભાર પૂર્વક ફરમાવીએ છીએ કે તમે સાથે મળીને કાર્ય કરો મુસ્લિમ ભાઈચારાની ભાવના કે જે વિશે અમે તમને વખતો વખત ફરમાવ્યું છે, અને જે આપણી જમાતના ભવિષ્ય માટે મુળભુત છે. તેને અમલમાં મુકવા માટે તમારાથી બની શકે તેટલું સઘળું તમારે કરવું જોઈએ. એવું ન બને કે અમારે તમને એ ખાસ કરીને સમજાવવું પડે કે મુસ્લિમ જગતના બીજા ભાગો કે જ્યાં મુસ્લિમ ભાઈચારાની ભાવના અમલમાં મુકવામાં આવી નથી ત્યાં શું બન્યું છે ? આનું પરીણામ શું આવ્યું છે ? એ અમે તમને જણાવીએ તે કરતાં તમે પોતે જ તમારા મનથી વિચાર કરો એ પુરતુ છે. આપણી જમાતની બાબતમાં આવું ન બનવું જોઈએ.

એ પાયાનું છે કે જેમ જેમ જગત નાનું થતું જાય છે તેમ તેમ લોકોએ એક બીજાની વિરૂધ્ધ નહી પરંતુ એકબીજાની સાથે મળીને કાર્ય કરવું જોઈએ વળી તમો અગાઉ જેટલા ઉદાર હતા તે કરતા વધું ઉદાર બનવાની કોશીષ કરો લોકોએ જો ભુલો કરી હોય તો તેઓની ભુલો માફ કરી દયો લોકોએ જો તમને દુઃખ પહોંચાડયું હોય તો તેને ભુલી જાવ અને માફ કરો. વેરભાવ ન રાખો. તેઓ તરફ વળીને એમ ન કહો કે ગઈ કાલે તેણે મને ઈજા પહોંચાડી હતી તેથી હું તો આજે તેને ઈજા પહોંચાડીશ જ. આ ઈસ્લામની ભાવના નથી, અમે માનીએ છીએ કે આ રીતે કંઈ આપણા ધર્મનું પાલન ન કરી

શકાય અને આ બાબત પાયાની છે.

અમારી એવી દ્રઢ માન્યતા છે કે જો તમે એકબીજાની સાથે મળીને કાર્ય કરશો તો તમે જોશો કે આવતા દસેક વરસમાં ભુતકાળના ઘણાએ કોયડાઓ ઉકેલાઈ જશે. પરંતુ જો તમે આપસમાં લડતા રહેશો, જો અવિશ્વાસ, અસંતોષ અને નાખુશીની લાગણી હશે તો પછી અમારા રૂહાની બચ્ચાઓને અમે ગમે તેટલી હીદાયત આપશું તે છતાં ભારતમાં અથવા જગતના બીજા ભાગોમાં આપણે આપણી એક પણ યોજનાને અમલમાં મુકવામાં સફળતા મેળવી શકીશું નહી.

અમે એ ભાર પૂર્વક ફરમાવીએ છીએ કે, આવતા વરસો દરમ્યાન જે કેટલાક દુન્યવી કોયડાઓને પહોંચી વળવાનું છે તે માટે અમારી જમાતના સર્વે પુરૂષોએ અને સ્ત્રીઓએ પોતાના જ્ઞાન, પોતાની શક્તિ અને પોતાની શ્રધ્ધાનો ઉદારતાથી ફાળો આપવો જોઈએ, સાથે મળીને કાર્ય કરવું જોઈએ અને જમાતને સહાય કરવા કોશીષ કરવી જોઈએ, અમે નથી ચાહતા કે અમારે એ કારણે ભારત ખાતે પાછું આવવું પડે, અથવા ફરમાનો મોકલવા પડે, અથવા તો એવું સાંભળવામાં પણ આવે કે ફરીથી મતભેદ, અસંતોષ અને નાખુશી ઉભા થવા પામ્યાં છે. અમે ચાહીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ એ યાદ રાખે કે, જમાતની બહાર પુરતા પ્રમાણમાં કોયડાઓ છે કે જેને પહોંચી વળવું જરૂરી છે, તો પછી શા માટે જમાતમાં વધું કોયડાઓ ઊભા કરવામાં આવે ? હવે એ માટેનો સમય પાકી ગયો છે કે જ્યારે દરેકે દરેક રૂહાની બાળક એક જ સમાન દિશામાં આગળ વધવા ખરેખર હૃદય પુર્વકની કોશીષ કરે.

અમે ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે જમાતમાંના કુસંપથી અમને જેટલું દુ:ખ થાય છે તેથી વધું દુ:ખ બીજી કોઈ પણ બાબતથી થતું નથી વળી જમાતમાં સુમેળ છે અને અમારી જમાત એક બીજા સાથે ભાઈ અને બહેન તરીકે સાથે મળીને કાર્ય કરે છે તે જાણીને અમને જેટલો આનંદ થાય છે તેથી વધું આનંદ બીજી કોઈપણ બાબતથી થતો નથી. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૪૦ તા.૨૩-૨-૧૯૬૯, મુંબઈ - ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણી જમાતના ભવિષ્ય માટે એ પાયાનું છે કે આપણે મુસ્લિમ ભાઈચારાની ખરી ભાવના પ્રમાણે વર્તવું જોઈએ અને તમારામાંના દરેકે દરેકમાં આપસમાં ભાઈ-ભાઈ અથવા ભાઈ-બહેન અથવા બહેન-બહેન તરીકેની લાગણી હોવી જોઈએ. આજે અમે તમને ભાર પૂર્વક ફરમાવીએ છીએ કે ભારતમાંની અમારી જમાતના ભવિષ્ય માટે આ પાયારૂપ છે. અમને એવું લાગે છે અથવા સંભળાય છે અથવા જાણવા મળે છે કે રૂહાની બચ્ચાઓ સાથે મળીને કામ નથી કરી રહ્યા અને તમારામાં આપસમાં મતભેદો છે તો તેથી અમને ખુબ જ નારાજી થાય છે અને તેથી અમને ઘણું જ દુ:ખ થાય છે.

અમે ચાહીએ છીએ કે તમારામાંના દરેક જણ ભલે તમારી ઉમર ગમે તે હોય, તમારો દરજ્જો ગમે તે હોય તો પણ તમે અકબીજા સાથે નિકટમાં રહીને કાર્ય કરો અને યાદ રાખો કે જ્યાં સુધી અમને લાગેવળગે છે ત્યાં સુધી દરેક રૂહાની બાળક દરેક બીજા રૂહાની બાળકની બરાબર છે. વળી તમે કાઉન્સીલના પ્રેસીડેન્ટ હો અથવા તો તમે શાળામાં

અભ્યાસ કરતા એક નાનકડા બાળક હો એ મહત્વનું નથી અમારે માટે તો દરેક રૂહાની બાળક એક સમાન છે અને અમે અમારી જમાતમાં કોઈપણ પ્રકારના ભાગલા નથી ઈચ્છતા ભારતમાંની અને જગતના બીજા ભાગોમાંની જમાતનાં ભવિષ્ય માટે આ પાયાની બાબત છે.

આપણી જમાત માટે કોઈપણ બંધારણ અડગ, જડ અને અફર દસ્તાવેજ નથી એ એક એવો દસ્તાવેજ છે કે જે જમાતને તેના પોતાના કાર્યો સંતોષ પુર્વક સમયને બંધબેસતી રીતે ચલાવવા માટે સહાય કરવા બનાવવામાં આવ્યા હોય છે. અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ એ સમજે આ બંધારણનો અમલ કરવામાં એમ જણાય કે કેટલીક બાબતોને વધું સારી રીતે લખી શકાય તેમ છે; તેમાં સુધારા કરી શકાય તેમ છે, અથવા તો તેને વધું સારૂં બનાવી શકાય તેમ છે તો આ બંધારણમાં સુધારા થતા રહેશે.

એક જમાતમાં કોઈપણ સંજોગોમાં જડ કે અફર દસ્તાવેજ હોતો નથી એણે તો સમય સાથે આગળ વધવું જોઈએ અને અમે એ ચોકસાઈ કરીશું કે તે સમય સાથે આગળ વધે.....ખાનાવાદાન.

ફરમાન : ૧૪૧ તા.૨૨-૧-૧૯૭૦, ખુલના - બંગલાદેશ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

૧૩૦૦ વરસથી જમાતની એ પ્રણાલીકા રહી છે, જમાત સુવ્યવસ્થિત, આજ્ઞાપાલક અને કાયદાને અનુંસરનારી હોવી જોઈએ આ મુળભુત બાબત છે. ભવિષ્યમાં કોઈપણ સમયે કોઈપણ રૂહાની બાળક તરફથી કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા કે કોઈ પણ પ્રકારની અરાજકતા અહીં કે જગતના બીજા કોઈ પણ ભાગમાં સર્જાતી હોય તેવું અમે ઈચ્છતા નથી.....ખાનાવાદાન.

ફરમાન : ૧૪૨ તા.૨૩-૧-૧૯૭૦, ખુલના - બંગલાદેશ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

પ્રત્યેક રૂહાની બાળકને પોતાના જમાતખાના માટે ગૌરવ હોવું જોઈએ અને જે સ્થળે તે શાંતીથી દુઆ બંદગી ગુજારી શકે છે તે સ્થળે અહી આવતાં તેને ખુશી થવી જોઈએ. દરેક રૂહાની બાળક જે જમાતખાને હાજરી આપતો હોય તેના માટે પોતાને ગૌરવ હોવું જોઈએ.

જો તમે તમારી આર્થિક હાલત સુધારી શકતા હો તો એ તમારૂં સદ્ નસીબ છે. પરંતુ તમારે તેનું પ્રદર્શન નહી કરવું જોઈએ તમારે આવકની ઉપરવટ થઈને રહેવું ન જોઈએ. તમારે ખર્ચાળ સાડી કે મોઘું ઝવેરાત પહેરવું ન જોઈએ અથવા આવા પ્રકારના વસ્ત્રો પહેરીને બહાર ઘુમવું ન જોઈએ. કારણ કે આ બાબત એ બતાવી આપશે કે તમે આર્થિક રીતે ખૂબ તરક્કી કરી રહયા છો તમો આવકની મર્યાદામાં રહીને જીવન ગુજારો. આરામપ્રદ જીવન જીવવા માટે જે જરૂરી હોય તેટલો ખર્ચ કરો પરંતુ અમે નથી ઈચ્છતા કે અમારી જમાત અતિશ્યોકતીમાં રચીપચી રહે આ કંઈક એવી બાબત છે કે જેની સામે અમે તમને ચેતવીએ છીએ. કારણ કે તેના પરિણામો હાનિકારક હોય છે. અને આવું બનવા પામે એમ અમે ઈચ્છતા નથી અમારી જમાતને કદી એવું કહેવા માંગતા નથી કે તમારા સારા સમયમાં અમે તમને ચેતવ્યા ન હતા ખુબ દેખીતી રીતે અતિશય નાણા ખર્ચો નહિ. તમારી આવકની મર્યાદામાં સાવધાની પૂર્વક અને યોગ્ય રીતે જીવન ગુજારો.

.....ખાનાવાદાન

ફરમાન : ૧૪૩ ૧૯૭૦ (પાકિસ્તાન) સિંધ યુનિવરસીટીના દિશા સમારંભ પ્રસંગે ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

અમારી જાતને જુનવાણી દર્શાવ્યા વગર અમે માનીએ છીએ કે શિક્ષણ પ્રચાર માટે શક્ય બને તેટલું મહાન મુસ્લિમ લેખકો અને ફિલસુફોના કાર્યો અને વિચારોને ફરી એકવાર આગળ લાવવા જરૂરી છે. જો આમ થાય તો નર્સરીથી વિધાપીઠોમાં અભ્યાસ કરતા આપણા બાળકોના વિચારો વિદેશી પ્રભાવને બદલે આપણા પોતાના ઉજ્જવળ વારસાથી પ્રભાવિત થશે. પણ અમે પશ્ચિમી કળા અથવા સાહિત્ય અથવા વિચારોના વિરોધી છીએ એ બાબતની ગેરસમજ કોઈ ન રાખે. અમે ફક્ત એટલું કહેવા માગીએ છીએ કે મુસ્લિમ વારસો પણ આટલો જ મહાન છે. અને આપણી એ ફરજ છે કે આપણે તેને આગળ લાવીએ. નર્સરીમાં પહેલીવાર વાંચન શિખતા આપણા બાળકોની કલ્પના વેલિંગ્ટન અથવા નેપોલિયનને બદલે આપણા મહાન ખાલેદના પરાક્રમોમાંથી શા માટે ન રંગાય ? તે જ પ્રમાણે ફિલસુફીમાં ડીગ્રીની તૈયારી કરતો વિધાર્થી હેજેલ અથવા કર્કગાડને બદલે અલ-હલ્લાજનો શા માટે અભ્યાસ ન કરે ?

દુનિયાના ઈતિહાસે વારે ઘડીયે દર્શાવી આપ્યું છે કે જે સમાજ પાસે તેનું પોતાનું વ્યક્તિત્ત્વ નથી હોતું તેવો સમાજ પતનના માર્ગે દોરવાય છે.

......ખાનાવાદાન

ફરમાન:૧૪૪ તા.૧૫-૨-૧૯૭૦, કરાંચી- પાકિસ્તાન- દરબાર
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આગામી મહિનાઓમાં ઈસમાઈલીઆ એશોસીએશનને પોતાના તંત્રને વિસ્તારવાની અને ઈસ્લામિક વિષય સાથે લાયકાત ધરાવતા વધારે અને વધારે વિદ્વાનો (સ્કોલરો) ને પોતાના પ્રભાવથી આકર્ષવાની જરૂર પડશે. અમારી એ આશા અને ઈચ્છા છે કે ઈસ્લામિક અભ્યાસ માટે અને ખાસ કરીને ઈસ્માઈલીઝમના અભ્યાસ માટે ઈસ્માઈલીઆ એશોસીએશન એક વિશ્વાસ પાત્ર બૌદ્ધિક કેન્દ્ર બની રહેશે.

.......ખાનાવાદાન

ફરમાન : ૧૪૫ તા. ૧૬-૧૧-૧૯૭૦, કમ્પાલા
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારા જીવનમાં બે વસ્તુંઓ અગત્યની છે એક તો તમારૂં ઈમાન અને બીજુ કે તમારા દુન્વવી જીવનનો કેવી રીતે તમો ઉપયોગ કરો છો તે છે. તમારામાંના ઘણાઓને દુઆ આવડતી હશે, અમો ઈચ્છીએ છીએ કે તમો દરેકને દુઆ આવડવીજ જોઈએ. ફકત દુઆ જ નહિ પણ દુઆના અર્થ પણ આવડવા જોઈએ.

જો તમો દુન્યવી દ્રષ્ટીએ સારી પ્રગતી કરી રહ્યા હો તો અમો નથી ઈચ્છતા કે, ઈસ્ટ આફ્રિકાના અમારા રૂહાની ફરજંદો પોતાની આવક કરતા વધારે ખર્ચ રાખે, અને જો તમો સારી પ્રગતી કરી રહ્યા હો તો, તમારી આબાદીનો ડોળ તથા દેખાવ જાહેરીમાં કરો નહિ. નમ્રતાપુર્વક તથા અક્કલ

હુંશીયારીથી તમો તમારૂં જીવન જીવો. આ એ બાબત ઘણી જ મહત્વની છે. અને અમો નથી ઈચ્છતા કે, અમારી જમાત ખોટી રીતે બીજાઓની લાગણી દુભાવે અને બીજાઓની ઈર્ષા અને અદેખાઈ જેવી વસ્તુંઓનો ભોગ બને.

અમો અમારા રૂહાની બચ્ચાઓને જણાવવા ઈચ્છીએ છીએ કે કોઈ પણ વ્યાધી ધરાવતી કોઈ પણ બાબત હોય, તો તેમાં તમો શાંત અને સ્થિર રહો અને સ્વચ્છ વિચારવાળા બનો. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૪૬ તા. ૨૪-૨-૧૯૭૨, કંપાલા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમોએ અમારી જમાતોને ડ્રગ્સ ઉપર અને તેનાથી થતી શરીરની નુકશાનીના માટે સખત ચેતવણી આપી છે. એક વખત જો તમો તમારી મગજ શક્તિ ગુમાવી બેસો તો તેને મટાડવાનો કોઈ પણ ઈલાજ નથી. અમારા રૂહાની બચ્ચાઓને તંદુરસ્ત બનાવવા માટે અમોને ઘણો જ સમય લાગે છે. કુમળા બચ્ચાઓ ડ્રગ્સ લીયે છે, અને જ્યારે તેઓ મોટી ઉમરના થાય છે, અને લગ્ન કરે છે, ત્યારે તેઓ પોતાનું અને કુટુંમ્બનું ભરણપોષણ માટેની આજીવીકા મેળવવા તેઓ પાસે પુરતી મગજ શક્તિ હોતી નથી. અમો તમોને આ ફરમાનો ફરમાવીએ છીએ તે એટલા માટે કે તમોને સિગારેટ અને ડ્રગ્સ લેવાથી જે નુકસાન થાય છે અને તેનાથી જે ખરાબ પરિણામો આવે છે, એના માટે સખત ચેતવણી આપીએ છીએ.

અમે તમને ભારપુર્વક ભલામણ કરીએ છીએ કે તમારે સીગારેટ કે દારૂ પીવો નાહિ. આ બન્ને વસ્તુઓ ઝેર ઉત્પન્ન

કરનારી છે. જેથી શરીર ઘણી વખત એવું બગડી જાય છે કે બુઢાપામાં તેનું દુ:ખ બીલકુલ સહન થઈ શકતું નથી.

આવું સમજવા છતાંય જો તમે તમારી જીંદગી જોખમમાં નાખવા માગતા હો તો તમારી મરજી પણ તમારા બાળકોને અને તમારા માબાપોને તમારી જરૂરત છે અને તેઓ તમને ચાહે છે. તેઓને તમારી કફોડી હાલતથી તમો કેટલા દુ:ખી કરો છો તે તમારે સમજવું જોઈએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૪૭ તા.૩૦-૯-૧૯૭૨,પેરિસ

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેયની હાઝર ઈમામે ફરમાવ્યું,

ઘણી વખત જમાતમાં અફવા ફેલાવવામાં આવે છે કે હાઝર ઈમામે આમ ફરમાવ્યું છે અથવા હાઝર ઈમામે ફરમાવ્યુ છે કે ટાન્ઝાનિયા છોડી દો અથવા હાઝર ઈમામે ફરમાવ્યું છે કે દરેક જણ ટાન્ઝાનિયા જાઓ, હાઝર ઈમામે ફરમાવ્યું છે કે દરેક જણ ઝાંઝીબાર છોડી દો, અથવા દરેક જણ ઝાંઝીબાર પાછા જાઓ. આવી અફવાઓ અમારી જમાતની અંદર ફેલાવવામાં આવે છે. આ અફવા અમારી જમાતમાં ચોમેર ચાલે છે, તેમજ એક વિરાટ અગ્નીની જેમ પ્રસરી જાય છે અમો ઈચ્છીએ છીએ કે અમારા પેરિસ જમાતના રૂહાની બાળકો યાદ રાખે કે અગર અમે કોઈ એક દેશમાં અમો અમારી જમાત માટે ફરમાન કરીએ, ત્યારે અમો તે દેશની કાઉન્સીલને લેખિત ફરમાન કરીએ છીએ, જેઓ બાદમાં તે ફરમાનને જમાત સુધી પહોંચાડે છે. અને તે જમાત સમક્ષ વાંચવામાં આવે છે. આવા સંજોગ સિવાય જમાતને માની લેવું જોઈએ કે એવું કોઈ ફરમાન થયું જ નથી..... અમો અગર

ફરમાન કરીએ જે સમસ્ત જમાત માટે બંધન કર્તા હોય, ત્યારે અમો તેને એવી રીતે કરીએ છીએ જેથી પુરી જમાત જાણે કે આ અમારી સૂચનાઓ અથવા આદેશો છે....... અને આજે અમો તમને આ તરફ એટલા માટે ભાર આપવા ઈચ્છીએ છીએ, કેમકે અમૂક રૂહાની બાળકો એવા છે જે જમાતમાં પોતાનું સ્થાન અને ગૌરવ પ્રાપ્ત કરવા માટે ડોળ કરીને, અથવા લોકોને માનવાને દોરવે છે કે અમોએ ફલાણા દેશની ફલાણી જમાત માટે ખાસ સંદેશાની નવાજેશ કરી છે.

.......ખાનાવાદાન

**ફરમાન : ૧૪૮** તા.૨૭-૧૧-૧૯૭૩, મુંબઈ- દરખાના

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

અમે અમારી જમાતને છેલ્લા ૧૫ વરસ દરમ્યાન વખતો વખત યાદ આપતા રહયા છીએ કે જિંદગીના બે વિભાગ છે. જેમાંથી કોઈ એકને પણ તજવો ન જોઈએ.

રૂહનું સર્જન કરવામાં આવ્યું છે અને તેને શારીરિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. અને આપણા મઝહબમાં આપણને એમ કહેવામાં આવ્યું છે કે જે સમય દરમ્યાન રૂહ જીસ્માની સ્વરૂપમાં રહે છે એટલે જે સમય દરમ્યાન આપણે શારીરિક રીતે આ દુનિયામાં જીવીએ છીએ ત્યારે આપણા મઝહબ પ્રમાણેનું જીવન જીવવા માટે કેટલીક બાબતોનું પાલન કરવું જોઈએ.

એવી કેટલીક બાબતો છે કે જેનું શારીરિક રીતે પાલન કરવું જોઈએ અને બીજી કેટલીક બાબતો છે કે જેનું રૂહાની

રીતે પાલન કરવું જોઈએ અને આપણો મઝહબ તદ્દન સ્પષ્ટ રીતે બતાવે છે કે અમારા રૂહાની બચ્ચાઓ ઉપર દુન્યવી અને રૂહાની એમ બન્ને પ્રકારની શી જવાબદારીઓ છે. તમારા શારીરિક જીવન દરમ્યાન એવી બાબતો છે કે જે કરવા માટે તમને કહેવામાં આવ્યું છે, અને એવી બાબતો છે કે જે ન કરવા માટે તમને કહેવામાં આવ્યું છે અને સામાન્ય રીતે તે તમારી, તમારાં બાળકોની અને તમારા પછી આવનારા રૂહાની બચ્ચાઓની શારીરિક, દુન્યવી હાલતને સુધારવા માટે છે અને એવી પણ બાબતો છે કે જે ન કરવા માટે તમને કહેવામાં આવ્યું છે કારણ કે તે જમાતને અથવા તમને વ્યક્તિગત રીતે નુકશાન પહોંચાડે તેમ છે અને તમારી રૂહાની જીંદગી માટે પણ તે સાચું છે.

અને તમારી જિંદગીના આખરી સમયે એ પ્રશ્ન પુછવો જોઈએ કે શું મારી જિંદગી દરમ્યાન મેં શારીરિક અને ભૌતિક જવાબદારીઓ તેમજ રૂહાની જવાબદારીઓ પૂર્ણ કરી છે ! અને યાદ રાખજો કે તમારો ઈન્સાફ આ બન્ને બાબતો ઉપર કરવામાં આવશે જો તમે કોઈ પણ એક અથવા બીજી બાબતમાં નિષ્ફળ જશો તો તે મુજબ તમારો ઈન્સાફ થશે.

જો તમે બન્નેમાં સફળતા મેળવી હશે તો અમે માનીએ છીએ કે સૌથી પહેલા તો તમારા જીવનકાળ દરમ્યાન તમે સુખ મેળવી શકશો. અમારો મતલબ દુન્યવી સુખનો નથી અમારો મતલબ રૂહાની સુખનો છે.

જો તમે નિષ્ફળ જશો તો તમને કોયડાઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેમાં કોઈ શક નથી. અને

આજે સવારે અમો આ ફરમાન ફરમાવીએ છીએ તેનું કારણ એ છે કે અહીં આવેલા અમારા રૂહાની બચ્ચાઓ આપણી જમાતના જીવનના ભૌત્તિક તેમજ રૂહાની વિભાગોના પ્રતિનિધિઓ છે. અમે નથી ઈચ્છતા કે તમે બિનસમતોલપણું એટલે કે તમારા જીવનના કોઈપણ એક વિભાગ પ્રત્યે ગફલત કે બેપરવાહી રાખો.

અમે વખતો વખત તમારા ભૌતિક જીવનની ભલાઈને લગતા ફરમાનો ફરમાવ્યાં છે. તેનું કારણ એ છે કે અમો માનીએ છીએ કે જગતના બીજા ભાગોની જેમ ભારતમાં જમાતના તેમજ તમારાં બાળકો અને ભવિષ્યમાં તમારા બાળકોના બાળકો અને તેઓના બાળકોના જીવન ધોરણમાં સુધારો થાય એ માટે ગંભીર પણે ધ્યાન આપવાનું જરૂરી બન્યું છે. પરંતુ તેનો અર્થ એ નથી કે તમે તમારી રૂહાની જવાબદારીઓથી અજાણ રહો કે જે સમયે દુઆ પડવાનું કહેવામાં આવ્યું હોય તે સમયે દુઆ ન પડો જે સમયે તમને બંદગી કરવાનું કહેવામાં આવ્યું હોય તે સમયે તમે બંદગી ન કરો જમાત પ્રત્યેની અને ઈમામ પ્રત્યેની જે તમારી જવાબદારીઓ અને ફરજો છે તેનું પાલન ન કરો.

અમો અમારા રૂહાની બચ્ચાઓને ફરમાવીએ છીએ તે એ છે કે તમારો જન્મ થયો તે દિવસથી તમારી ઉપર ભૌતિક અને રૂહાની જીવનની બન્ને પ્રકારની જવાબદારીઓ મુકવામાં આવી છે. જેને તમારે પૂર્ણ કરવાની છે. તેમાંથી કોઈ એકને પણ જે છોડી આપે છે તે પુરૂષ અથવા સ્ત્રી ભુલ કરે છે અને આપણે જીવન જીવી રહયા છીએ તેની વિવિધતા વિષે

તેમજ આ બન્ને પ્રકારની જવાબદારીઓ તમારે પુર્ણ કરવી જોઈએ તેની યાદ આપવાનું આજે અમને મહત્ત્વનું જણાય છે.

જ્યારે તમે આ જવાબદારીઓ પૂર્ણ કરો છો ત્યારે તમે કંઈક એવું કરો છો અથવા કરવા માગો છો કે જે તમારી સહિત સૌ કોઈની ભલાઈ માટે હોય છે. તમારો રૂહ પવિત્ર અને તમારૂં હૃદય નિર્મળ હોય એ તમારે માટે મૂળભૂત છે. પરંતુ જમાત માટે પણ એટલું જ મુળભૂત છે. મુળભૂત એ અર્થમાં કે તમે સાફ અને યોગ્ય જીવન ગુજારશો. અને તમારા કુટુંબો, તમારી જમાતો તેમજ જે દેશમાં તમે વસવાટ કરો છો તેના સંબંધમાં જે રીતનું જીવન ગુજારવું જોઈએ તે રીતનું જીવન ગુજારશો.

અને જો તમે તમારી ભૌતિક જવાબદારીઓ પૂર્ણ કરશો અને ભૌતિક જીવનમાં નીતિમાન હશો તો એ વસ્તું જમાતની સામાન્ય સ્થિતિમાં સુધારો કરશે અને તમારામાં પણ તેથી સુધારો આવશે કારણ કે જે છેતરપિંડી કરે છે, જે કોઈ ખોટું બોલે છે, જે કોઈ અનૈતિક રીતે વર્તે છે તે શું કરે છે, ? તે માત્ર પોતાને જ નહી પરંતુ જમાતને પણ નુકશાન પહોંચાડે છે અને અમે ઈચ્છીએ છીએ કે તમે એ ખાસ ધ્યાનમાં રાખો કે જે રીતે તમારે તમારી રૂહાની અને શારીરિક અથવા ભૌતિક જવાબદારીઓ પૂર્ણ કરવી જોઈએ એ રીતે પૂર્ણ કરો છો ત્યારે તમે માત્ર તમારી પોતાની અંગત સ્થિતિજ નહી પરંતુ સમગ્ર રીતે જમાતની સ્થિતિને સુધારી રહયા છો.

તમારામાંથી કોઈએ પણ એ ભુલવું ન જોઈએ કે તમે તમારા પોતાના વિસ્તારોમાં જવાબદારીભર્યા સ્થાનોએ છો.

અને જેઓને જવાબદારી સોંપવામાં આવી છે તેઓએ આ જવાબદારી પરીપૂર્ણ કરવી જોઈએ. નહીં તો તેઓ પોતાની જાતને છેતરે છે, તેઓ જમાતને છેતરે છે, અને તેઓ ઈમામને છેતરે છે.

જો ઈમામે તમારામાં પોતાનો વિશ્વાસ અને પોતાનો ભરોષો મુકેલ છે તો એ વિશ્વાસ અને ભરોષાને પરિપુર્ણ કરો. અને એ બાબતની ચોકસાઈ રાખો કે તમે તમારી સર્વોત્તમ લાયકાતથી જમાતની સેવા કરી રહયા છો અને એમ કરવામાં તમે ઈમામની પણ સેવા કરી રહયા છો.

અમે ઈચ્છીએ છીએ કે તમે આ ફરમાન ઉપર વિચાર કરો અને જુઓ કે રખે તમે ભુલો કરી હોય અને જો તમે તેમ કર્યું હોય તો તેને સુધારી લ્યો. જો તમે ભુલો નથી કરી તો અમોને ખાત્રી છે કે તમે ભવિષ્ય વિષે ખુશી અને આત્મ વિશ્વાસ અનુભવશો.

અમો ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે, દરેક વખતે જ્યારે તમે ઘડિયાળ તરફ નજર કરો, જ્યારે તમે કાંટાને એક સેંકડ અથવા એક મિનિટ આગળ જતો જુઓ ત્યારે તેનો અર્થ એ થયો કે આ ફરમાન ઉપર અમલ કરવા તમારે માટે હવે એક સેંકડ અથવા એક મિનિટ ઓછી થઈ ગઈ. દુન્યવી જીવન નહીં પણ માત્ર રૂહાની જીવન જ અનંત છે. તમારામાંના જેઓ યુવાન છે અને એમ કહે છે કે હું આ ફરજ આવતી કાલે પૂર્ણ કરીશ, તેઓ માટે આવતી કાલ આવતી નથી. અને તમારામાંના જેઓ વૃધ્ધ છે અને જેઓ એમ કહે છે કે આ કરવા માટે હવે હું અતિશય વૃધ્ધ

થઈ ચૂક્યો છું તો એ યાદ રાખો કે તમે કદી પણ અતિશય વૃધ્ધ થઈ જતા નથી. કદી પણ અતિશય વૃધ્ધ થઈ જતા નથી.

જ્યાં સુધી તમે જીવંત છો ત્યાં સુધી પ્રત્યેક દિવસ જીવવો જોઈએ અને એ દિવસ દરમ્યાન તમારી શ્રેષ્ઠ શક્તિથી પોતાની જવાબદારી પૂર્ણ કરવી જોઈએ. માટે જે સમય એક વખત વીતી ગયો તે હંમેશને માટે વીતી ગયો માટે એ બાબત પ્રત્યે સજાગ રહો કે વીતેલી પળ ફરી કદી પણ આવતી નથી. માટે સમયને નકામો પસાર થવા ન આપો આ એક એવી બાબત છે કે જે તમારે સર્વેએ ધ્યાનમાં રાખવી જોઈએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૪૯ તા. ૧૫-૨-૧૯૭૬, નેરોબી - દરખાના

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારા ભલા માટે અને તમારા ભવિષ્ય માટે એ મુળભુત છે કે તમારે સંભાળપૂર્વક, સાવચેતીપૂર્વક, સમજદારીપૂર્વક અને સર્વેથી વિશેષ તમારી આવકની બહાર જઈને જીવન જીવવું ન જોઈએ.

તમે યાદ રાખો કે વિશ્વવ્યાપી આર્થિક મંદીના સમયે ઉચ્ચ લાયકાત ધરાવનાર, વધું કાબેલ, વધું યોગ્યતા ધરાવનાર માટે જ તેમાંથી પાર ઉતરવાની ઉત્તમ તક રહેલી હોય છે, આખા જગત માટે આ વસ્તું હકીકત ધરાવે છે.

આપણા યુવાનો અને યુવતીઓએ તેઓની તમામ શક્તિ, તેઓના સઘળા પ્રયાસોનો ઉપયોગ પોતાના ભવિષ્યના ઘડતર માટે કરવો જોઈએ અને તેઓએ પોતાના જીવનના આ સમયને

એક જ વખત આવતો અવસર સમજીને તેઓની સામે રહેલા ભવિષ્ય માટે પોતાની જાતને તૈયાર કરવી જોઈએ....ખાનાવાદાન.

ફરમાન : ૧૫૦ તા.૧૫-૨-૧૯૭૬, નૈરોબી-

(સ્ટુડન્ટસ જમાત દરખાના)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે અમારા રૂહાની બચ્ચાઓને, ખાસ કરીને યુવાનો, શાળાના બાળકો, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ફરમાવીએ છીએ તમારી જીંદગીના આ સમયમાંથી શિક્ષણ મેળવવા અને પોતાને તૈયાર કરવા મળેલી આ તકમાંથી તમારા ભાવિનું ઘડતર કરવા માટે શક્ય તેટલું સર્વોત્તમ હોય તેટલું પ્રાપ્ત કરવાની બાબતને અમે પહેલા કરતાં કદાચ વધું મહત્વ આપીએ છીએ.

દુનિયાની જુદા જુદા ભાગોમાંની અમારી જમાતના ભવિષ્ય માટે અમે ચિંતાતુર હતા. આજે પણ આ ચિંતા કંઈ ઓછી નથી

ખરી રીતે અમારા રૂહાની બચ્ચાઓ કે જેઓ એક દેશમાંથી બીજા દેશમાં ગયા છે તેઓ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા છતાં પોતે અપનાવેલ નવા દેશોમાં યોગ્ય સ્થાન મેળવવામાં મુશ્કેલીઓ અનુભવે છે. જો તમે શૈક્ષણિક કારકિંદીમાંથી પસાર થયા હશો, ભવિષ્ય માટે પોતાની જાતને તૈયાર કરી હશે તે દિવસો માટે કે જ્યારે તમે જવાબદારીઓ ઉઠાવો અને સાથે સાથે તમારૂં પોતાનું કુટુંબ ધરાવવાનું સુખ માણવા પામો; આ એ જવાબદારીઓ છે કે જે પુર્ણ કરવી જ જોઈએ. અને તમારા માટે અને યોગ્ય સમયે તમારા કુટુંબો

માટે તે ત્યારેજ ઉત્તમ પ્રકારે પૂર્ણ કરી શકાશે કે જ્યારે તમે તમારા શિક્ષણનો વધુમાં વધુ લાભ મેળવશો.

અમારી જમાત હોય કે જગતની કોઈ બીજી કોમ, તેણે શિક્ષિત યુવાનો પાસેથી સહાય, જ્ઞાન, પહેલ, હિંમત અને યુવાશક્તિ મેળવવાં જરૂરી છે. એ આ યુવાનો અને યુવતીઓ છે જેઓ કોમને પોતાનું અસ્તિત્ત્વ જાળવી રાખવામાં, વિકાસ સાધવામાં અને સમૃધ્ધ બનવામાં મદદ કરી શકે છે.

જેમ જેમ તમે શિક્ષણની પ્રક્રિયામાંથી પસાર થતા જાવ તેમ તેમ તમારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે તમે તમારા કુટુંમ્બો માટે શું આપી શકો, તેમ કુટુંબો અને જમાતો માટે શું આપી શકો તેમ છો, શું ઉત્તમ પ્રબંધ કરી શકો તેમ છો, શું સર્જનાત્મક કરી શકો તેમ છો તે માટે હાકલ કરવામાં આવશે.

આનો અર્થ એ છે કે શિક્ષણ પ્રાપ્તિ એ તો શૈક્ષિણિક પ્રક્રિયાનો ફક્ત એક ભાગ જ છે. અને શીખવું એટલે પુછવું, પરંતું પુછવાનું બે પ્રકારે હોઈ શકે છે; તે ખંડનાત્મક હેતું વાળું હોઈ શકે છે તેમજ કંઈક વધું સારૂં આપવાના હેતું માટે પણ શીખવાનું હોઈ શકે છે.

અમારી જમાત પોતાની પ્રગતી, પોતાની શક્તિ અને પોતાની સમૃધ્ધિ માટે, સહાય કરવા તમને હાકલ કરશે. આથી તમે તમારા શિક્ષણમાંથી જે ગ્રહણ કરો છો તેને સર્જનાત્મક સ્વરૂપમાં, હિંમતના રૂપમાં અને સહાયના રૂપમાં તમારા કુટુંબોને પાછું આપવા માટે તમને હાકલ કરવામાં આવશે.

તમારા વડવાઓને જે કોયડાઓ નડતા તે વિષે તમારામાંના ઘણા ખરા જાણે છે. આવી કટોકટીમાંથી યુવાન પેઢીની મદદ થકી પાર ઉતરવું જોઈએ. અને આથી જ વખતો વખત અમે તમને ફરમાવ્યું છે કે ભવિષ્યમાં તમારા અને તમારી જમાતના લાભ માટે તમારી જાતને તૈયાર કરવા જીવનમાં મળેલી આ તકનો ઉપયોગ કરો. ......ખાનાવાદાન.

ફરમાન : ૧૫૧ તા.૧૫-૨-૧૯૭૬, નૈરોબી, પાર્કલેન્ડ, જમાતખાના
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમને ફરમાવ્યું હતું કે સાવચેતી પૂર્વક રહો, કાળજીપૂર્વક રહો તમારી આવકની ઉપરવટ જઈ પોતાના ગજા ઉપરાંતનું જીવન ધોરણ ન રાખો. કારણ કે જો તેમ કરશો તો તમારા કુટુંબો, તમારા બાળકો અને તમારા પૌત્રો-પૌત્રીઓ કે જેઓ તમારી પાસેથી આશા રાખવાનો હક ધરાવે છે તેઓ માટે પાછળ કંઈ મુકી જવાની સ્થિતિમાં નહી હો.

આજે અમે ફરીથી આ ફરમાન ફરમાવીએ છીએ અમે માનીએ છીએ કે કમાવવાનું અને બચત કરવાનું વધું મુશ્કેલ, વધું સરળ નહિ, પરંતુ વધું મુશ્કેલ બનશે અને અમે અમારા રૂહાની બચ્ચાઓને સંભાળપુર્વક રહેવાની, ડહાપણભરી રીતે રહેવાની, સાવચેતીપુર્વક રહેવાની અને તમારી આવક હોય તે કરતાં વધું ખર્ચાળ ધોરણ ન રાખવાની સલાહ આપીએ છીએ.

જ્યારે જ્યારે દેશના અર્થતંત્રમાં મંદી આવે છે ત્યારે ત્યારે વધું શક્તિશાળી હોય, વધું લાયકાત ધરાવનાર હોય, વધું

સધ્ધર હોય, એવી વ્યક્તિઓ જ પોતાના ભવિષ્ય તરફ સ્વસ્થતાપુર્વક મીટ માંડી શકે છે.

તમારા ભવિષ્ય માટે એ મુળભુત છે કે તમને પરવડી શકે તેવા જ ધોરણ મુજબ તમે રહો અને તમારા કુટુંમ્બો માટે તમારા ભવિષ્ય માટે તમારે જોગવાઈ કરવી જોઈએ અને પોતાના જીવનની પ્રગતિ સાથે ૫, ૧૦, કે ૧૫ વર્ષ દરમ્યાન તમે જે ખર્ચ કરવાના હો તે આજે વેડફી ન નાખો આ મુળભુત રીતે અગત્યનું છે. .....ખાનાવાદાન.

ફરમાન:૧૫૨ તા. ૧૫-૨-૧૯૭૬, નૈરોબી-ઈસ્ટલેન્ડ જમાતખાના ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારી આવકના પ્રમાણમાં રહો, નકામો ખર્ચ, ગેરવાજબી ખર્ચ ન કરો. યાદ રાખો કે આજે તમે જે કંઈ કમાવો છો તે ફક્ત તમારા પોતા માટે જ નહિ પરંતુ તમારા બચ્ચાઓ માટે પણ છે. તમારી ઉપર તમારા બાળકોની જવાબદારી રહેલી છે..... તમારામાંના દરેકે પોતે સંભાળપુર્વક અને ડહાપણભરી રીતે તેમજ પોતાની કમાવવાની શક્તિની મર્યાદામાં રહેશો તે બાબતની ખાત્રી કરવા જરૂરી પગલાં લેવા જોઈએ.

શિક્ષણ તમારા ભવિષ્ય માટેનો વિમો છે. એટલું જ નહિ, તે તમને હરવા ફરવાની મોકળાશ આપે છે.

દરેકે દરેક યુવક અને યુવતી એ હકીકતથી વાકેફગાર હોવા જોઈએ કે ભવિષ્ય માટે પોતાને તૈયાર કરવા માટે તેની પાસે માત્ર એક જ તક રહેશે અને તે એ તકનો લાભ ઉઠાવવો જોઈએ.

જે લાભ અમારા યુવાન રૂહાની બચ્ચાઓ શિક્ષણ થકી મેળવી શકે છે, તે ફક્ત જ્ઞાનનો વિકાસ કરવાની બુધ્ધિની કસરત થકી જ મળવું જોઈએ એમ નથી, પરંતુ તે લાભ ઘડતર કરવાની, સંગઠિત બનાવવાની તેમજ એ જ્ઞાન અને આવડતને ચોક્કસ પણે પોતાના કુટુમ્બના લાભ માટે અને સમ્રગ રીતે જમાતનાં લાભ માટે ઉપયોગમાં લેવાનો ઈરાદો હોવો જોઈએ.

શિક્ષણ એ બાળકોને સવાલ પુછવાનું શીખવા માટેની ફક્ત બુધ્ધિની કસરત છે એવું નથી પરંતુ તે બુધ્ધિની એવી કસરત છે કે જેનો અંતીમ ધ્યેય આ યુવાન બાળકો અને આ યુવાન બાળાઓ માટે એ શક્ય બનાવવાનો છે કે તેઓ ચોક્કસપણે અને સક્રિય રીતે પોતે જે જમાતમાં વસે છે તેની ભલાઈના કાર્યમાં પોતાનો ફાળો આપી શકે.

આજે તમને ભાર પુર્વક જણાવીએ છીએ કે કેળવણી એ ફક્ત સવાલો પૂછવા જ એવું નથી. જો તમે સવાલ પુછો તો તે સમજણ મેળવવાના હેતું માટે હોવો જોઈએ. અને સમજણ શક્તિ એ સુધારણા તરફનું પગલું છે. તે આ મુજબ જ હોવી જોઈએ અને નહિ કે માત્ર સવાલ પુછવા અથવા નબળા કરવા કે નાશ કરવા પોતાને તૈયાર કરવા માટેની કસરત.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૫૩ તા. ૧૯-૨-૧૯૭૬, - ગાર્ડન-કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ, કટોકટીના વખતમાં પ્રગતી માટેનું એક મૂળભૂત સાધન શિક્ષણ છે. અગાઉ

પાકિસ્તાનમાં, હિંદમાં, આફ્રિકામાં અને જગતના બીજા ભાગોમાં અમારા રૂહાની બચ્ચાઓને અમે વખતો વખત ફરમાવ્યું છે કે તમારા શિક્ષણમાંથી તમે જે કંઈ મેળવી શકો તે સઘળું મેળવો. આજે અમે તમને ફરમાવીએ છીએ કે આ બાબત અગાઉ કદીએ હતી તે કરતાં આજે વધું અગત્યની છે, કારણ કે આર્થિક મંદીના, આર્થિક કટોકટીના સમયમાં તેઓ માટે જ સતત પ્રગતી કરવાની ઉત્તમ તકો રહેલી છે કે જેઓએ પોતાના શિક્ષણમાંથી સૌથી વધું ફાયદો ઉઠાવ્યો હોય અને જેઓ ઉત્તમ લાયકાત ધરાવતા હોય, આથી, માત્ર શિક્ષણ પધ્ધતિમાં ફેરફાર થયો હોવાના કારણે પાકિસ્તાનના અમારા રૂહાની બચ્ચાઓ પોતાની જવાબદારીઓને તજી દે એવું અમે નથી ઈચ્છતા. અગાઉ ક્યારે પણ હતી તે કરતાં આજે માવિત્રો ઉપર એ બાબતની ખાતરી કરવાની વધું જવાબદારી છે કે તેમનાં બાળકો માત્ર જે જરૂરી છે તે જ શિક્ષણ મેળવે એટલું જ નહિ પરંતુ આ શિક્ષણમાંથી આ બાળકો વધુંમાં વધું લાભ મેળવે. અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ એ યાદ રાખે કે તેમની નાની વયમાં આજ માત્ર એક સમય છે કે જ્યારે તેઓ પોતાના ભવિષ્ય માટે પોતાને તૈયાર કરી શકે છે કે જ્યારે તેઓ બીજી જવાબદારીઓથી પુરતા પ્રમાણમાં મુક્ત છે, એ જવાબદારીઓ, કે જે ભવિષ્યનું જીવન તેઓ ઉપર નાંખશે કારણ કે એક દિવસ તેઓનું પોતાનું કુટુમ્બ હશે અને એ જ પ્રમાણે તેઓ પણ બાળકો ધરાવતા થશે. દુનિયાભરની અમારી જમાતો માટે અને અલબત્ત પાકિસ્તાનની જમાત માટે પણ આ એક મૂળભૂત બાબત છે.

....ખાનાવાદાન.

ફરમાન:૧૫૪ તા. ૧૫-૩-૧૯૭૬, કરાંચી-પાકિસ્તાન-દરબાર
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

દુનિયાથી મોહિત થવું અને શાશ્વતને (અનંતાને) ભૂલી જવું એ આ જગતનું વલણ છે. આ એવી બાબત છે કે જેનાથી અમારા રૂહાની બાળકો વાકેફગાર રહે.

અમે ઈચ્છીએ છીએ કે તમે તમારી દુઆ- બંદગીમાં નિયમિત રહો અને તમારા મઝહબના જુસ્સાને અમલમાં મુકો અને આ માટે તમે ઓનરરી ખિદમત દ્વારા, કર્તવ્ય માટેની નિષ્ઠા દ્વારા, એકતા દ્વારા, મૈત્રીપૂર્ણ ભાવના દ્વારા અને ખરેખર તો સઘળી કોમો વચ્ચે ભાઈચારા દ્વારા આ જુસ્સાને અમલમાં મુકી રહ્યા છો.

યાદ રાખો કે તમે એક બીજાના ભાઈઓ અને બહેનો છો. યાદ રાખો કે ઈસ્લામ મઝહબ અનુંસાર તમારે બીમારો અને અશક્તોની કાળજી રાખવી જ જોઈએ. આ એવા રૂહાની બાળકો છે જેની તમારે માવજત કરવી જોઈએ આ એવા રૂહાની બાળકો છે જેને સહાય કરવી જોઈએ.

અમે ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખજો કે તમારા ઈમામ માટે તમારી સારી તંદુરસ્તી કરતાં કોઈ પણ બાબત વધારે મહત્વની નથી.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૫૫ તા. ૧૮-૩-૧૯૭૬, કરાંચી -(ગાર્ડન)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ઈસ્લામના મુખ્ય સિધ્ધાંતો પૈકીના એક સિધ્ધાંત; બીજાની સેવા કરવી, તમારા ભાઈઓની સેવા કરવી અને તમારી બહેનોની સેવા કરવી એ ઓનરરી ખિદમત છે.

અને સેવાનો અર્થ સાધન થાય છે. ભૌતિક અથવા પાર્થિવ સાધનો, તેનો અર્થ સમય પણ થાય છે. તેનો અર્થ કાળજી પણ થાય છે. તેનો અર્થ હિંમત પણ થાય છે. એવા વિસ્તારોમાં જવાની હિંમત અને સાધારણ રીતે કદાચ તમે ન કરો એવા કાર્યો કરવાની હિંમત, અમે આને ઈસ્લામના મુખ્ય સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંત ગણીએ છીએ. અને તમે જે રીતની હાલતમાં ઓનરરી ખિદમત બજાવી રહ્યા છો તેના કરતાં વધારે ખુશી તમે અમને બીજી કોઈ બાબતથી કરી શકશો નહીં.

અમે અમારી પાકી ખાતરી સાથે તમારાથી વિદાય લઈએ છીએ અને તમારી ઉત્તમ શક્તિથી વફાદારી પૂર્વક અને શુધ્ધ ભાવે જમાતની સેવા કરવા માટેના તમારા પ્રયત્નો, તમારી નિખાલસતા અને તમારા સખત કાર્યમાં અમે અમારો વિશ્વાસ મુકીએ છીએ. કાર્ય-સાધક બનવા અને સ્નેહાળ બનવાની કોશિષ કરો.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૫૬ તા. ૨૫-૧૧-૭૭ લંડન ખાતે ઈન્સ્ટીટયુટ ઓફ ઈસ્માઈલી સ્ટડીઝનું વિધિસર થયેલ ઉદ્‌ઘાટન

(મૌલાના હાજર ઈમામે નવાજેશ કરેલો મુબારક તાલીકો)

પ્રેસીડેન્ટ અને સભ્યો, એચ. આર. એચ. પ્રિન્સ આગાખાન ઈસ્માઈલીયા કાઉન્સીલ ફોર ઈન્ડીયા, મુંબઈ

અમારા વહાલા પ્રેસીડેન્ટ અને મેમ્બરો,

લંડન ખાતે ઈન્સ્ટીટયુટ ઓફ ઈસ્માઈલી સ્ટડીઝ (ઈસ્માઈલીઝમના અભ્યાસ માટેની સંસ્થા) ના વિધિસરના ઉદ્‌ઘાટન વિષે અમારી જમાતને જાણ કરતાં અમે અતિશય આનંદ અનુભવીએ છીએ. અમારા રૂહાની ફરજંદો જાણે છે કે તે મુજબ ફાતિમી સમય પછી ઈસ્માઈલીઝમના અભ્યાસ માટે ખાસ કરીને આગળ પડતા ઈસ્માઈલી પુરૂષ અને સ્ત્રી વિદ્વાનો દ્વારા સંચાલિત એવું કોઈ રીસર્ચ સેન્ટર (સંશોધન કેન્દ્ર) અસ્તિત્વમાં આવેલ નથી. આથી આપણા પોતાના પ્રયાસો અને સાધનો દ્વારા સર્જાએલી આ શૈક્ષણિક સંસ્થા મારફત ઈસ્માઈલીઝમ અને ઈસ્લામના ઈતિહાસ, ફિલસુફી, ધર્મશાસ્ત્ર અને સાહિત્યના વિષયમાં ઈસ્માઈલી વિદ્વાનોના લાભ મેળવવાનું અમારી જમાત માટે શક્ય બને એ દિશામાં ભરવામાં આવેલ આ એક મહત્ત્વનું પગલું છે. જમાતના આગેવાનોની વિનંતીથી અમે હાલ તુરંત બોર્ડ ઓફ ગવર્નસ કે જે આ સંસ્થાના સંચાલન માટે જવાબદાર હશે તેનું પ્રમુખ પદ સ્વીકારેલ છે.

આ સંસ્થા પોતાના શરૂઆતના કાર્યક્રમના એક ભાગ તરીકે ઈસ્માઈલીઓના ઈતિહાસનું સંકલન કરે અને આપણી યુવાન પેઢીને આપણા મઝહબનું શિક્ષણ અને સમજણ આપી

શકે તેવા વાયેઝીનો અને ધાર્મિક શિક્ષણ તૈયાર કરવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણે એક કેળવણીના કાર્યક્રમને અમલમાં મુકે.

હવે પછીના વરસો દરમ્યાન આ ઈન્સટીટયુટમાં આપણે એક સમૃદ્ધ લાયબ્રેરી અને હસ્તલિખિત પ્રતો, પુસ્તકો, કલાકૃતિઓ તેમજ ઈસ્લામ, ઈસમાઈલીઝમ અને બીજા ધર્મોને લગતી સામગ્રીના સંગ્રહસ્થાનનું નિર્માણ કરશું.

....ખાનાવાદાન.

ફરમાન : ૧૫૭ તા. ૯-૧-૧૯૭૮, અંધેરી - મુંબઈ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણા જીવનના બે પાસા છે. ભૌતિક પાસું અને રૂહાની પાસું.

ભુતકાળથી જમાતની અને જમાનાના ઈમામની ઓનરરી સેવા કરવાની ભવ્ય, સન્માનનીય અને પડકાર ઝીલવો પડે એવી પ્રણાલિકા રહેલી છે. અમે એ પ્રણાલિકાને બદલવા નથી માગતા. તે એક અદ્‌ભુત પ્રણાલિકા છે. તે એક એવી પ્રણાલિકા છે જેણે સદીઓ સુધી આપણી જમાતને સેવા આપી છે. અને જેણે સંપૂર્ણ અસાધારણ પરિણામો આપ્યા છે.

અમે એ જોવા ઈચ્છીએ છીએ કે એક દિવસ અમારી શાળાઓ ઈસમાઈલી શિક્ષકો અને ખાસ કરીને ફક્ત ઈસમાઈલી શિક્ષકો ધરાવતી હોય. આપણી હૉસ્પિટલો અને આપણી આરોગ્ય સંસ્થાઓમાં અમે ઈસમાઈલી ડૉકટરો અને ઈસમાઈલી નર્સો જોવા ઈચ્છીએ છીએ. આપણી આર્થિક સંસ્થાઓમાં અમે નાણાંકીય બાબતને લગતા ઈસમાઈલી

અધિકારીઓ અને ઈસમાઈલી ડાયરેકટરો જોવા ઈચ્છીએ છીએ. અને આથી આજે અમે તમને જે ફરમાવીએ છીએ તે એ છે કે અમે ઈચ્છીએ છીએ કે યુવાન રૂહાની બાળકો ખાત્રી રાખે અને ઈમામના શબ્દોમાં ભરોષો રાખે કે જો તમે જમાતી સંસ્થાઓમાં તમારી વ્યવસાયિક કારકિર્દી ઘડવા ઈચ્છતા હો તો આ કંઈક એવી વસ્તું છે જેને અમે આવકારશું, જે જોવા અમે આતુર છીએ. જેને અમે ઉત્તેજન આપીશું, અને જેની અમે કદર કરીશું.

અમારી જમાતના યુવાન વ્યવસાયિકોને એવો વિશ્વાસ બેસવો જોઈએ કે તેઓ જમાતની સંસ્થાઓને તેમની સેવાઓ આપવા આગળ આવી શકે છે.

જો તેઓ જમાતમાંની કોઈ બીજી સંસ્થાઓને ઓનરરી સેવા આપવા ઈચ્છે તો અમે તે સેવાઓને પણ કબુલ ફરમાવીશું અને તે સેવાઓથી પણ અમે ઘણા જ ખુશી થઈશું.

વ્યવસાયિક રૂહાની બાળકોને અમે અંત:કરણ પુર્વક ઉત્તેજન, મંજુરી અને આવકાર આપીએ છીએ.

જમાતમાંના કાર્ય માટે ઈમામ વધું વિશાળ પધ્ધતિ દાખલ કરવા માગે છે અને તેમાં પુરા સમયના વ્યવસાયિક રૂહાની બાળકો તેમજ ઓનરરી કાર્યકરો ઉપર આધાર રાખવો પડે છે. અમે આ તેમજ શબ્દ ઉપર ભાર મુકીએ છીએ. જો અમારી જમાતમાંના રૂહાની બાળકો આ ફરમાનનો એવો અર્થ કરે કે અમે ઓનરરી સેવા નથી ઈચ્છતા અથવા તેની કદર નથી કરતા અથવા તેના પ્રત્યે અમને આદર નથી તો તેથી અમને અત્યંત નારાજી અને અતિશય દુ:ખ થશે. આ

પ્રથા બદલાવવી ન જોઈએ.

સમગ્ર ભારતમાં જમાતખાનાઓમાં મુખીઓ અને કામડીયાઓ ઝમાનાના ઈમામનું પ્રતિનિધિત્વ કરે છે અને આજે અમે સમગ્ર ભારતના આ મુખીઓ અને કામડિયાઓને તેઓ પાસેથી અમે કેવા પ્રકારના કાર્યની આશા રાખીએ છીએ તે વિષે ફરમાન ફરમાવવા ઈચ્છીએ છીએ. જમાતખાનામાં તેઓ ઈમામનું પ્રતિનિધિત્વ કરે છે અને જો તેઓ ઈમામનું પ્રતિનિધિત્વ કરે છે તો જમાત તરફથી ઈમામના ફરમાનોનું પાલન કરવામાં આવે તે જોવાની અને જમાતને આ ફરમાનોની સમજણ આપવાની જવાબદારી તેઓની છે.

અમે ઈચ્છીએ છીએ કે અમારા મુખી-કામડિયાઓ એ બાબત વિષે કાળજી લ્યે કે જમાત પોતાની દુઆ-બંદગી અને જમાતખાનાની હાજરીમાં નિયમિત હોય. આ એવી બાબતો છે કે જેના માટે ઈમામનું પ્રતિનિધિત્વ કરનાર મુખી-કામડિયાઓ એ વાતની ખાત્રી કરે કે આ ફરમાનો શા માટે ફરમાવવામાં આવ્યા છે. તેના કારણો જમાત સમજે અને તે મુજબ વર્તે.

તમે જમાતના આગેવાનો હોવા બદલ જમાત તમારા તરફ નેતાગીરી, દ્રષ્ટાંતો , સલાહ અને દોરવણી માટે મીટ માંડે છે અને આથી આપણા જીવનના બે પાસાઓ વિષે અમે જે ફરમાનો ફરમાવ્યા છે. તેના પર અમલ કરવા વિષે તમારે કાળજી લેવી જોઈએ. જમાતમાં તમે આગેવાનો હો, દુન્યવી રીતે શ્રીમંત હો, સારી સ્થિતિમાં હો આમ છતાં અમે આશા રાખીએ છીએ કે તમે તમારી દુઆ-બંદગીમાં નિયમિત

રહો. જમાત પ્રત્યેના તમારા વ્યવહારમાં નમ્ર રહો, જ્યારે પણ શક્ય હોય ત્યારે તેમને સહાય કરો, અને તેમને સારી સલાહ આપો, અને સારા દ્રષ્ટાંતો પુરા પાડો. કારણ કે એ યાદ રાખો કે ઈમામે તમને આ દરજ્જો બક્ષ્યો છે અને તે પણ જવાબદારીઓ સાથે અને આથી તમારા ઉપર જમાત અને ઝમાનાના ઈમામ પ્રત્યેની જવાબદારી છે.

તમે તમારા વ્યવસાયિક કાર્ય ઉપરાંત તમારી પોતાની સ્વતંત્ર ઈચ્છાથી કોઈ જાહેર સેવા, કોઈ ઓનરરી સેવા માટે તમે ઉમેદવારી કરો તો તેને પણ અમે આવકારીશું.

અમે ઈચ્છીએ છીએ કે ભારતમાંના મુખીઓ અને કામડીઆઓ ઉપરાંત સેન્ટ્રલ હેલ્થ બોર્ડ અને બીજી સંસ્થાઓ એ બાબત ઉપર ભાર મુકે કે જ્યારે બાળકોનો જન્મ થાય ત્યારે તેમને બાળપણમાં પોલિયો સહિત સઘળી શક્ય બિમારીઓ સામે સુરક્ષિત બનાવવામાં આવે.

અમે ઈચ્છીએ છીએ કે અમારી જમાતના આગેવાનો એ સમજે કે અમે એ દિવસોની રાહ જોઈએ છીએ કે જ્યારે આપણી સંસ્થાઓને પુરા સમયની વ્યવસાયિકોની અને ઓનરરી કાર્યકરોની સેવાઓ મળતી હોય અને તેઓ જમાતને એવી સેવાઓ આપતા હોય કે જેવી સેવાઓ તેમને બીજે ક્યાંય મળી શકે તેથી વધું સારી હોય. અમને ખાત્રી છે કે આ વસ્તું ત્યારે જ ઉત્તમ પ્રકારે સિધ્ધ કરી શકાય તેમ છે કે જ્યારે અમારા રૂહાની બાળકો સઘળી સેવાઓ પુરી પાડતા થાય.

.....ખાનાવાદાન.

ફરમાન :૧૫૮ તા. ૯-૧-૧૯૭૮, દમાસ્કસ-સીરિયા-હૉટલ શેરેટોન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારી વચ્ચે કોઈ તડાં, દુશ્મનાવટ અથવા અણબનાવ પેદા કરે એવું ચલાવી નહિ લેવું જોઈએ, જમાતમાં શાંતી, સુખ અને એકતાને જાળવી રાખવાની તમારી વ્યક્તિગત અને અંગત જવાબદારી તમારામાંના દરેકની અને એકે એકની હોવી જોઈએ.

તડાં પાડયા વગર અને મતભેદ વગર સમાન ધ્યેય માટે ઉલટાંનું સમજશક્તિ પૂર્વક અને બુધ્ધિગમ્ય રીતે સાથે મળીને કાર્ય કરવું એ જ સુસંગત પ્રગતી હાંસલ કરવા માટેનો એક માત્ર રાહ છે.

તરીકાના અર્થઘટન પ્રમાણે જે બાતિન છે એ બાતિન છે. જે ઝાહેર છે એ ઝાહેર છે તે યાદ રાખજો. આ બાબત મુળભુત છે એ યાદ રાખજો અમે ઈચ્છીએ છીએ કે કોઈ ગુંચવણ ન હોવી જોઈએ.

.......ખાનાવાદાન.

ફરમાન : ૧૫૯ તા. ૩૦-૩-૧૯૭૯, રાવળપીંડી-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.....

અમે અમારા રૂહાની બાળકોને એ યાદ રાખવા ઈચ્છીએ છીએ કે જ્યારે તમે ઈમામના ફરમાન ઉપર અમલ કરો છો ત્યારે તમે ઈમામને ખુશ કરો છો અને તેના ફરમાન ઉપર અમલ કરો છો ત્યારે ઈમામ બદલા રૂપે ખુશી આપવા હંમેશા પ્રયાસ કરે છે.

સંગઠિત રહો, શિસ્તબધ્ધ રહો અને પ્રગતી કરવા માટે આ ખાતરી પૂર્વકની ઉત્તમ રીત છે. શિસ્તબધ્ધ રહ્યા છો, શિસ્તબધ્ધ રહેજો. તમે ઈમામના ફરમાનનું પાલન કર્યું છે. ઈમામના ફરમાન મુજબ વર્તવાનું જારી રાખજો.

.....ખાનાવાદાન.

ફરમાન:૧૬૦ તા.૩૦-૧૦-૧૯૭૯, ઢાકા-બંગલાદેશ-કરીમાબાદ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારામાંના દરેક અને એકે એક જણ તમારા અંગત, તમારા રોજિંદા અને તમારા ધંધામાં જે કંઈ આચરણ કરે તો સમગ્ર જમાતની પ્રતિભાને અસર પડે છે. તેથી બંગલાદેશમાં જમાતની પ્રતિભા અને પ્રસંશનીય નામ ઉપર ઝાંખપ લગાડે અથવા હાનિ પહોંચાડે અથવા જોખમ ઉભું કરે એવું કંઈ પણ ન કરવા માટે તમે સાવચેત રહેજો.

.....ખાનાવાદાન.

ફરમાન:૧૬૧ તા.૧૨-૧૧-૧૯૭૯, કરાંચી-ખારાધર-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારી પોતાની ભૌતિક પ્રગતિ માટે સખત કાર્ય કરવું, પ્રમાણિકતાથી કાર્ય કરવું, સંગઠિત રીતે કાર્ય કરવું એ દરેકે દરેક નાગરિકની ફરજ છે. આનો અર્થ એ થાય છે, પ્રયાસોમાં મક્કમ રહેવું.

......ખાનાવાદાન.

ફરમાન:૧૬૨ તા. ૧૦ -૭ -૧૯૮૨, પેરીસ

(સિલવર જ્યુબલીની પુર્વ - સંધ્યા એ પેરીસથી ફેડરલ કાઉન્સીલ ફોર ઈન્ડીયાને પાઠવેલ મુબારક તાલીકામાંથી)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

૧૧ મી જુલાઈ ૧૯૮૨ના ઈમામત દિનના અવસરે અને અમારી સિલ્વર જ્યુબિલીના વરસના આરંભ પ્રસંગે અમારી ભારતની જમાતના અમારા સઘળા રૂહાની બચ્ચાઓને અમો અમારા અત્યંત હેતભર્યા માતા પિતા તરીકેના વ્હાલભર્યા દુઆ આશિષ ફરમાવીએ છીએ.

આએ મહાન પ્રસંગે વિશ્વભરના અમારા રૂહાની ફરજંદો અમારા હ્રદયમાં, વિચારોમાં અને દુઆઓમાં છે.

ભૌતિક સુખ મેળવવા પાછળની આંધળી દોટને જ જીવનનો એકમાત્ર ધ્યેય કદાપી ન બનવા દેવો જોઈએ. જો એમ થશે તો વિનાશક પરિબળોની અનિષ્ટ શુન્યતા સર્જાશે.

તેથી જગત ઉપરના આ જીંદગીના રૂહાની અને દુન્યવી પાસાઓ વચ્ચે સમતુલા જાળવવા માટે અમે જે વારંવાર ભાર મુકયો છે તે જવાબદારીઓ અદા કરવા માટે, એકવાર અમારી જમાતને આગ્રહ કરીએ છીએ.

તમારા ભાવિ જીવનનું ઘડતર સમજદારીપૂર્વક કરો દુઆ-બંદગી અને ભાઈચારાની ભાવના થકી તમારા જીવનનું ઘડતર કરો. કારણકે તેમને સમયનું બંધન નથી અને ફક્ત રૂહાની જીવન જ અનંત છે.

અમારા સઘળા વહાલા રૂહાની બચ્ચાઓને અમારા ખાસ ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. સાથે સાથે તમોએ મોકલાવેલ મુબારકીઓના સંદેશાઓ અને સર્વીસો બદલ અમો અમારા માતા પિતા તરીકેના ઉત્તમ વહાલ ભર્યા ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. ઉપરાંત અમારા સઘળા રૂહાની ફરજંદોની સફળતા, આરોગ્ય, સુખ અને પ્રગતી માટે અમો અમારા ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. સાથે સાથે અમારી જમાતની એકતા અને ઈમાનની મજબુતી માટે અમો અમારા ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

તમારા હેતવંતા આગાખાન.

ફરમાન : ૧૬૩ તા.૧૨-૧૦ -૧૯૮૨, નૈરોબી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

૨૫ વર્ષો પસાર થઈ ચુક્યા છે, અને ઘણું બદલાઈ ગયું છે, તેમ છતાં ઘણું બદલાયા વગરનું રહ્યું છે, બદલાયા વગરનું જે રહ્યું છે તે ઈસ્લામ વિષેની આપણી સમજદારી છે, બદલાયા વગરનું જે રહ્યું છે તે આપણા તરીકાનું આચરણ છે, બદલાયા વગરનું જે રહ્યું છે તે આપણી પ્રણાલીકાનું અનુંસરણ છે.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૬૪ તા. ૯-૧-૧૯૮૩, સીંગાપુર

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ઈસમાઈલીઓ શીઆ મુસલમાન છે. જેઓ એવી માન્યતા ધરાવે છે કે હઝરત મોહમદ સ. અ. ની વફાત પછી મુસ્લિમ ઉમ્માહની નેતાગીરી માટે તેમના જાનશીન તેમના પિત્રાઈ અને જમાઈ હઝરત અલી અ. હતા. આ નેતાગીરી રૂહાની તેમજ દુન્યવી બન્ને બાબતોમાં વંશ પરંપરાગત રીતે રસુલુલિલ્લાહના ખાનદાનમાં ચાલું રહેનારી હતી. આજે અમે તે કેટલાક શીયા ફિરકાઓમાંના એક છીએ. જેની દોરવણી એક વારસાગત ઈમામ સંભાળે છે. અમારા દાદાજાન ૪૮ માં ઈમામ હતા અને અમે પોતે ૪૯ માં ઈમામ છીએ.

.......ખાનાવાદાન.

ફરમાન : ૧૬૫ તા. ૧૫-૩-૧૯૮૩, કરાંચી

આગાખાન યુનિવર્સિટીના ચાર્ટર સ્વિકારવાના પ્રસંગે અપાયેલપ્રવચનમાંથી
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ખરેખર ઈસ્લામનું એક બળ હમેંશા એ માન્યતામાં રહ્યું છે કે સર્જન પ્રવૃતિ સ્થગિત નથી, પણ તે સતત ચાલતી ક્રિયા છે. વૈજ્ઞાનિક અને બીજા પ્રયાસો દ્વારા અલ્લાહતઆલાએ તેના સર્જનની અદ્‌ભુતતા નિહાળવા આપણા માટે નવી બારીઓ ખોલી છે અને અલ્લાહ સતતપણે આપણા માટે નવી બારીઓ ખોલતો રહે છે.

.....ખાનાવાદાન.

ફરમાન:૧૬૬ તા. ૨૨ -૩ -૧૯૮૩, ઈસ્લામાબાદ-પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો ભારપુર્વક ફરમાવીએ છીએ કે કોઈ પણ વસ્તું કરતાં વધારે અગત્યનું એ છે કે પ્રત્યેક રૂહાની બચ્ચાઓએ તેના મઝહબના મૂળ સિધ્ધાંતોને સમજવા જોઈએ.

અને તેણે ભવિષ્ય તરફથી એવી રીતે જોવું જોઈએ કે તેના મનમાં એવા સવાલો ઉભા ન થાય કે ટેકનોલોજીકલ ક્રાન્તિનો અર્થ એ થાય છે કે કોઈના મઝહબ વિષે સવાલ કરવામાં આવે, મઝહબની રિવાયતો માટે પ્રશ્નો કરવામાં આવે; અથવા તેનાથી ઉલટું ટેકનીકલ ક્રાંતિ મઝહબને માત્ર મજબૂત બનાવે છે. અને ઈસ્લામ આ બાબત પરત્વે તદ્દન સ્પષ્ટ છે. કારણ કે ઈસ્લામ કહે છે કે અલ્લાહની શક્તિ અમર્યાદિત છે. સમયની દ્રષ્ટિએ તેની કોઈ હદ નથી. ઘેરાવાની દ્રષ્ટિએ તેની કોઈ હદ નથી, સમય અને સ્થળથી તે પર છે. બીજું અમો માનીએ છીએ કે એ પણ સ્પષ્ટ છે કે જો આ પયગામ એટલોજ વિશેષ છે કે જેટલો તે ઈસ્લામમાં છે તો તે પયગામ અબદી છે. જેવી રીતે કે અલ્લાહની ઝાત ખરેખર છે અને આનો એવો અર્થ થાય છે કે જ્યારે ઈન્સાન પોતાની જાતને સવાલ કરે છે કે સાયન્સનો અર્થ શું થાય છે ? ત્યારે ઈસ્લામનો જવાબ સીધો સાદો છે. તે કહે છે કે સાયન્સ અલ્લાહના અસ્તિત્વની, તેના સર્વ શક્તિમાન હોવા વિષેની અને તેની ઝાત અવિનાશી હોવા વિષેની એક નાનકડી વધારાની સાબિતી છે. અને તેથી તમે ભવિષ્ય તરફ વિશ્વાસ અને ભરોષા સાથે જોઈ શકો છો પરંતુ તમારા મઝહબનું નિયમિત

પાલન કરો તમારા મઝહબથી વિમુખ ન થઈ જાઓ અને એ વસ્તુંને સમજો કે આ મઝહબ ભુતકાળનો છે આ મઝહબ આજનો છે અને આ મઝહબ ભવિષ્યકાળનો છે.

.......ખાનાવાદાન.

ફરમાન:૧૬૭ તા. ૨૫ -૩ -૧૯૮૩, કરાંચી - પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,.

જેમ જેમ જીવન ૨૦ મી સદીના અંત તરફ જઈ રહેલ છે અને જેમ આપણે ૨૧ મી સદીમાં દાખલ થશું તેમ એ બનવા જોગ છે કે યુવાનો વધું ને વધું કામમાં ગુચવાયેલા રહેશે. તેઓને વધું તાલીમ બહેતર તાલીમ, વધારે અટપટી તાલીમની જરૂરત રહેશે.

એ પણ બનવા જોગ છે, કે ટેકનોલોજીની, વિકાસ પામતા જગતમાંના તેમજ ઔદ્યોગિક જગતમાંના અમારા રૂહાની બચ્ચાઓના રોજીંદા જીવન ઉપર વધતી જતી ભારે અસર પડશે. પરંતુ એક વાત ચોક્કસ છે અને તે એ છે કે, વૉલિન્ટીયરી ખિદમત એ જગતભરમાં પ્રાપ્ત કરવામાં આવેલ ઘણી ઘણી જ તરક્કીની ખરેખર બુનિયાદ છે અને ભવિષ્યમાં કાંઈ પણ બને, જમાત ક્યાંય વસવાટ કરે, ઔદ્યોગિક જગતમાં અથવા વિકાસ પામતા જગતમાં અમારા અંતરના ઉંડાણ પુર્વકની ઈચ્છા છે અમારી અંતરના ઉંડાણપુર્વકની તમન્ના છે, કે આવતા વરસોમાં વોલિન્ટીયરી ખિદમતની આ અનોખી પ્રણાલિકા ચાલું રહેવી જ જોઈએ કારણ કે તે તરક્કીની બુનિયાદ છે, તે એકતાની બુનિયાદ છે, તે એવા ઉદ્દેશો સિધ્ધ કરવાની છે કે જેને આપણે તેના વગર સિધ્ધ કરી શકતા

નથી.

કોઈ વખત જ્યારે અમો ગુસ્સે થઈએ છીએ, ભાગ્યે જ પણ કોઈક વખત અમોએ આ લોકોને કહ્યું છે કે તમારૂં દિલ કાળું છે. પરંતુ અહીં ખિદમત કરતા રૂહાની બચ્ચાઓના દિલમાં નુર છે. અને અમો ઈચ્છીએ છીએ કે આ નૂર ખુશહાલી અને સંતોષનું કારણ બને. અને તે આવતા વરસોમાં સતત ખિદમત માટે ધ્યેય તરફ નિર્દેશ કરશે અને અમો ઈચ્છીએ છીએ કે તમે એ જાણો કે આ ખિદમત ઝમાનાના ઈમામ માટે સીધે સીધી ઉપયોગી છે. તમે તે જાણતા નથી, પરંતુ તમે જે ખિદમત કરો છો તેની પુર્ણાહુતી હંમેશા અમારી સમક્ષ એક યા બીજા સ્વરૂપે થાય છે. તેનોં છેડો હંમેશાં અમારી સમક્ષ એક યા બીજા સ્વરૂપે આવે છે. તેથી અમો તમારી ખિદમતને જરૂર જોઈએ છીએ અમો તમારી ખિદમત વિષે જાણીએ છીએ તમે જે કાંઈ કરો છો તેની અમને ખબર છે. જે ખિદમત તમોએ કરી છે અને ઈન્શાઅલ્લાહ જે ખિદમત કરવાનું તમે ચાલું રાખશો તે જમાતની ભલાઈ માટે નિર્ણાયાત્મક છે. ઈસમાઈલી મંતવ્ય પ્રમાણે અને સમગ્ર રીતે ઉમ્માહના મંતવ્ય પ્રમાણે તે અનુંકરણ કરવા લાયક છે. અમો તમને મુબારકબાદીઓ આપીએ છીએ અને આ અજોડ ખિદમત માટે ખાસ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

.......ખાનાવાદાન.

ફરમાન:૧૬૮ તા. ૧૩ -૬ -૧૯૮૩, શિકાગો, યુ. એસ.એ
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ઈસ્લામ એક ખુદામાં માનનારા સર્વે મઝહબોને અહલે કિતાબ-કિતાબના લોકો તરીકે ઓળખે છે એ કિતાબ કે જે માનવજાત માટે નાઝિલ થયેલ ધાર્મિક આદેશોની કિતાબ છે. અને ક્રિશ્ચનો પણ અહેલે કિતાબ, કિતાબનાં લોકોમાંના જ છે તેથી આ ફરમાનમાં અમો ભાર પુર્વક જણાવવા ઈચ્છીએ છીએ કે ક્રિશ્ચીયાનિટી અને ઈસ્લામ વચ્ચે કોઈ ઘર્ષણ છે એમ માની લેવાનું કે એવી ખાત્રી કરી લેવાનું કોઈ કારણ નથી; અને જો યુનાઈટેડ સ્ટેટસ અથવા કેનેડા અથવા સામાન્ય પણે પશ્ચિમી દુનિયાની જમાતને ક્યારેક આ ઘર્ષણ હોવાનું જણાય તો પોતાની જાતને પુછો કે, શું આ ઘર્ષણ ઘર્મમાંનું છે ? શું આ ઘર્ષણ ધર્મનું છે ? અથવા તે એ ઘર્ષણ છે જેણે ધર્મનું રૂપ ધારણ કર્યુ છે. પણ જે ધર્મનું ઘર્ષણ નથી તે ઘર્ષણ આર્થિક વલણોનું કે રાજદ્વારી વલણોનું કે સામાજીક વલણોનું હોઇ શકે છે. પણ તે ધર્મનું ઘર્ષણ નથી.

મઝહબી બાબતોમાં ક્રિશ્ચન દુનિયા અને ઈસ્લામી દુનિયા વચ્ચે કોઈ ઘર્ષણ છે એમ માનવાનું કોઈ કારણ નથી. અને તેથી ઉલટાનું મઝહબી સવાલોના તમારા જવાબમાં તમારે મક્કમ રહેવાનું, સ્પષ્ટવક્તા રહેવાનું તેમજ હિંમતવાન રહેવા માટેનું દરેક કારણ છે. પણ ખોટી રીતે અર્થતારવણીઓને સાચી માની લેવાની ભુલ નહિ કરતા. એમ માની ન લેતા કે રાજદ્વારી ચળવળોને ઈસ્લામ સાથે જોડી શકાય છે. ઈસ્લામ રાજદ્વારી ફિલસુફીના રૂપમાં નાઝીલ નહોતો થયો. અને જો પશ્ચિમી દુનિયા ઈસ્લામને ક્યારેક રાજદ્વારી રૂપમાં રજુ

કરવાની કોશિષ કરે તો તમે તમારા સ્પષ્ટીકરણમાં, તમારી સમજણમાં, તમારી દ્રઢ માન્યતામાં મક્કમ રહેજો કે ઈસ્લામ એ એક મઝહબ છે. રાજદ્વારી ફિલસુફી નથી.

બીજી વાત જે અમોને ખરેખર મહત્ત્વની જણાય છે તે એ છે કે પશ્ચિમી દુનિયાએ જીવનની ગુણવત્તાનું-ભૌત્તિક જીવનની ગુણવત્તાનું એ પ્રમાણ હાંસલ કર્યું છે જે મોટા ભાગની ઈસ્લામી દુનિયાને અને ખરેખર વિકસતી દુનિયાને પ્રાપ્ત થયેલ નથી પણ આ ભૌતિક સુખ ચેનની શોધમાં ડુબેલી પશ્ચિમી દુનિયા પોતે પુછે છે કે, શું તેણે કદાચ જીવનના બીજા તત્વોની અવગણના તો નથી કરી કે જે મહત્ત્વના છે ? અને આ તત્વો માનવ સબંધોની ગુણવત્તા સાથે સંકળાયેલા છે, તે ઈન્સાનની દુન્યવી જીંદગી અને આખરતની જીંદગી વચ્ચેના સંબંધ સાથે સંકળાયેલા છે અને આ બાબતમાં ઈસ્લામ બહું જ સ્પષ્ટ છે.

ભૌતિક સુખચેન માટેની શોધ અને પોતાના મઝહબની પ્રેક્ટીસ વચ્ચે સમતુલા જાળવવાની છે. અને એ યાદ રાખવું જરૂરી છે કે જો કે, આપણું જીવન સમયમાં મર્યાદિત છે, રૂહ અનંત છે. અને ઈસ્લામ એકને માટે બીજાને છોડી દેવાની રજા આપતો નથી. માનવ જાત માટેના પોતાના આદેશમાં ઈસ્લામ સ્પષ્ટ છે. તે એ છે કે, તમારા સઘળા કાર્યોમાં ભૌતિક અને રૂહાની વચ્ચે સમતુલા જાળવી રાખો..... ભૌતિક સુખચેન માટેની શોધ અને પોતાના મઝહબની પ્રેકટીશ વચ્ચે સાચું સમતોલપણું જાળવો. એ ધ્યાનમાં રાખો કે તમે ક્યાંય પણ રહેતા હો જીંદગીની એક હદ નિશ્ચિત છે. અને દરેક વ્યક્તિનો માત્ર હિસ્સો જે અનંત છે તે તેનો રૂહ છે.

ઈસ્લામની તાલીમ મુજબ અલ્લાહ અનંત છે, તેના સર્જનની કાંઈ હદ નથી ન તો સમયમાં કે ન તો કદમાં કે ન તો જગ્યામાં, તે સર્જન કરે છે અને તે વિસર્જન કરે છે અને તેથી અલ્લાહનું સર્જન ખુદ તેની માફક અનંત છે, અને ઈન્સાન સાયન્સ દ્વારા જે સમજ મેળવે છે તે અલ્લાહના ચાલું રહેતા સર્જન કાર્યની નિશાની જ છે, કેમ કે, ખુદ ઈન્સાનના મગજનું સર્જન અલ્લાહે કર્યુ છે. અને તેથી સાયન્સ અને મઝહબ વચ્ચેનું ઘર્ષણ જેના હોવા વિશે દુનિયાના અમુક માણસો ખ્યાલ કરે છે તેનું ઈસ્લામમાં વજુદ નથી, પરંતુ એ યાદ રાખવું તેટલું જ મહત્વનું છે કે, તમે જેનો ખ્યાલ કરો છો તે તમારા મગજનું નથી, તે તમારી સર્જન શક્તિનું નથી અને તેથી વૈજ્ઞાનિક શોધના પરિણામે અહંકારી અને અભિમાની બની જવું એ બેવકુફી છે. ઉલ્ટાનું વૈજ્ઞાનિક શોધ અગર તેના ખરા સંદર્ભમાં સમજવામાં આવે તો તે નમ્રતાનો સતત સબક શિખવનાર છે અને અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાતની યુવાન પેઢી આ સ્પષ્ટ રીતે સમજે જેથી તેઓ પાસે પોતાના કાર્યમાં, પોતાના પ્રયાસમાં એક સાચી સમજણ હોય કે આગામી વરસોમાં તેઓનું મગજ, તેઓનું શિક્ષણ, તેઓની અક્કલ તેમને કેવી જાણકારી આપશે અને અમો એ પણ જણાવીશું કે તમારા ભવિષ્ય માટેની તૈયારી કરવામાં તે ભવિષ્યનો વિકાસ કરવામાં ઈસ્લામના સિદ્ધાંતોને મજબુત રીતે જાળવી રાખો. ......ખાનાવાદાન.

ફરમાન:૧૬૯ તા.૧૧-૧૧-૧૯૮૫,

ખુદાવંદ હાઝર ઇમામે આગાખાન યુનિવર્સિટીના ઉદ્દ્ઘાટન પ્રસંગે ફરમાવ્યું,

એ અક્કલનો પ્રકાશ છે કે જે પુર્ણ-માનવને માનવ-પ્રાણીથી જુદો પાડે છે. .......ખાનાવાદાન.

ફરમાન : ૧૭૦ તા.૬-૧૧-૧૯૮૬,શિકાગો,યુ.એસ.એ.

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,.

તમારા મઝહબની પ્રેકટીસમાં નિયમિત રહો અને ઈસ્લામના આપણા તરીકાના એક મહત્ત્વના પાસાને યાદ રાખો. સમાજે જ્યારે પણ દુનિયાના જુદા જુદા ભાગોમાં જુદા જુદા સમયે લોકોની નિયમિતપણે દુઆ-બંદગી માટે આવવાની અથવા એક જમાત રૂપે એટલે સમુહમાં એકત્ર થવાની શક્તિ ઉપર દબાણ કરેલ છે. ત્યારે અંતરની પ્રેકટીસનો અંતરના ધર્મનો ઉદ્ભવ થયેલ છે કે, જે દરેક વ્યક્તિની સાથે હોય છે અને આ બાબત શિયા ઈસ્લામમાં તેમજ ખાસ કરીને આપણા તરીકામાં ફક્ત મહત્વની નથી તે ઈચ્છવાયોગ પણ છે તેથી તમે અલ્લાહની યાદને, તમારા મઝહબની યાદને તમારી સાથે રાખો અને જો તમે દરરોજ જમાતખાને આવી ન શકો તો પણ તમારી તસ્બીહ તમારી સાથે રાખો અને અલ્લાહના નામને અથવા અલીના નામને પુકારો અને એ વાતની ખાત્રી કરો કે તમારો મઝહબ દરરોજ તમારા મગજમાં, તમારા દિલમાં, અને તમારા રૂહમાં હાજર હોય. કારણ કે એ ખુદ એક ઈબાદત છે. અને અમોને લાગે છે કે તમારા સમય ઉપર દબાણ નાખનારા સમાજમાં વસતા રૂહાની બચ્ચાઓ માટે એ મહત્ત્વનું છે કે તમે એ વાતથી વાકેફગાર રહો કે તમારા મઝહબની પ્રેકટીસનો અર્થ એ નથી કે, તમે બધા સાથે મળીને રોજબરોજ મઝહબનું પાલન કરો તે મહત્વનું છે તેમ ઈચ્છવાયોગ પણ છે. પરંતુ જે વધારે મહત્ત્વનું છે તે એ છે કે, તમારો મઝહબ દરરોજ તમારા દિલમાં અને તમારા રૂહમાં અને તમારા મગજમાં હાજર હોય. જ્યારે પણ

તમને સમય મળે તમારા દીન વિશે ખ્યાલ કરો તે માટે અમો આ ફરમાનમાં અમારા રૂહાની બચ્ચાઓને આ ચીજની ભલામણ કરીએ છીએ.

અમો આજે એ પણ જણાવવા ઈચ્છીએ છીએ કે, તમારા મઝહબની પ્રેકટીસમાં કેટલાક મુળભુત સિદ્ધાંતો છે જેને જાળવી રાખવા જોઈએ અને જો આ સમાજ તે સિદ્ધાંતો ને જાળવતો નથી અથવા સમજતો નથી તો એ સમાજને તમારા સિદ્ધાંતો વિશે શિખવા દો એ સમાજને આપણા મઝહબમાં જે પ્રશંસનિય છે તથા જે અનોખું છે તે વિશે શિખવા દો ને આપણા મઝહબની અર્થ તારવણીને એક નવા સમાજ મુજબ બદલવાની કોશિષ ન કરો અને અમો ખાસ કરીને અમારી જમાતની યુવાન પેઢીઓને ચેતવણી આપીએ છીએ કે તેઓ જીંદગીની તે ભુલભરેલી અર્થતારવણીમાં પોતાને સામીલ ન કરે કારણ કે અમારી ઉંડી દ્રઢ માન્યતા છે કે જમાત ભુતકાળમાં જેનો ભાગ બની હતી તે સમાજોની માફક આ સમાજ પણ આપણા તરીકાને, આપણા મઝહબને સમજવા તથા તેનો આદર કરવા તથા તેની પ્રશંસા કરવાનું શિખશે અને તેમને સમજતા કરવા એ તમારૂં કામ છે. તેથી આજે અમો આ ફરમાવીએ છીએ કે તે મહત્ત્વનું છે. તેમ અમોએ ગઈ કાલે પહેલી મુલાકાત વખતે અમારા ફરમાનમાં જણાવ્યું હતું કે તમે સમાજના દબાણથી ઝુકી ન જાઓ પણ એ સમાજને આપણા વિશે માહિતગાર થતા શીખવો.

......ખાનાવાદાન.

ફરમાન : ૧૭૧ તા. ૮-૧૧-૮૬, હયુસ્ટન- યુ.એસ.એ.

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,.

આખરમાં અમો આશા રાખીએ છીએ કે, તમો યાદ રાખશો કે દુનિયાભરની જમાતને સલાહની, ટેકાની, સુજ બુજની તથા જ્ઞાનની ઘણી જરૂર છે અને અમો આશા રાખીએ છીએ કે તમારામાંથી કેટલાક જણ જેમ જેમ તમે મોટા થતા જશો જેને તમારા ટેકાની જરૂર છે એવા ગરીબ દેશોમાં વસતા તમારા ભાઈઓ અને બહેનોને મદદ કરવા તે જ્ઞાન તે ડહાપણ તથા તે સુજ બુજ પુરા પાડશે. આનો અર્થ એ નથી કે આ દેશની તમારી બુનિયાદને તમે છોડી આપો પરંતુ આનો અર્થ એ છે કે તમે તમારી જીંદગીઓમાં અમુંક સમય માટે કદાચ દુનિયાના બીજા ભાગોમાં વસતા બીજા માણસોને સહાય કરવાનો ખ્યાલ રાખો.....

આપણો તરીકો ફક્ત જાહેરી નથી તે બાતુની પણ છે તેની માયના એ છે કે આપણા તરીકાની પ્રેકટીસ કરનાર દરેક વ્યક્તિ તેની પોતાની પહેલ થકી પોતાની શોધખોળ થકી સુખ માટે પ્રયાસો કરી શકે છે.

તમારા મઝહબની પ્રેકટીસ કરવા માટે તમારે જમાતખાનામાં હોવું જોઈએ એમ નથી તમારા મઝહબની પ્રેકટીસ કરવાનો અર્થ તમારી જીંદગીમાં રહેલા તે કાર્યો કરવાનો થાય છે જે તમને ખુદાના અસ્તિત્ત્વનું ભાન કરાવે તેનો અર્થ ખુદાને યાદ કરવાનો થાય છે. આ કાર્ય કાંઈક તમારા ખિસ્સામાં અથવા તમારી બેગોમાં તસ્બીહ રાખવા જેટલું સરળ હોઈ શકે છે. અને જ્યારે તમે "અ" જગ્યાએથી

" બ " જગ્યાએ જઈ રહ્યા હો, ત્યારે અલ્લાહ, મહમદ, અલીના નામને યાદ કરો.

તમારી પાસે અદ્‌ભૂત તક છે. તમારી સામે મોટો પડકાર પણ છે. તે પડકારને ઉપાડી લ્યો તેનો વધુંમાં વધું ફાયદો મેળવો અને ભવિષ્ય માટે ઘડતર કરો કેમ કે તમે ફક્ત યુનાઈટેડ સ્ટેટસની જમાતના ભવિષ્ય માટે ઘડતર નથી કરતા પરંતું યાદ રાખો કે દુનિયાના બીજા ભાગોમાં સેંકડો, હઝારો રૂહાની બચ્ચાઓ છે જેમને ટેકાની, દોરવણીની, સહાયની અને જ્ઞાનની જરૂરત છે. અને અમારી ઊંડી દ્રઢ માન્યતા છે કે જો તમે આ મેદાન પસંદ કરશો તો ચોક્કસ તેમાંનો થોડોક ભાગ તમે એક દિવસ પુરો પાડી શકશો. .....ખાનવાદાન

ફરમાન:૧૭૨ તા.૯-૧૧-૮૬, હયુસ્ટન- યુ.એસ.એ.

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

યાદ રાખો કે તમારો મઝહબ એ તમારા અકીદાની પ્રેકટીસ કરવાનો અમલ છે. આ યાદ રાખો કારણ કે અમો ખાત્રી પૂર્વક માનીએ છીએ કે તે તમારી રોજીંદી જીંદગીના દબાણમાં તમને એ ભૂલી નહી જવા માટે મદદ કરશે કે તમારો રૂહ અનંત છે. તમારૂં શરીર નાશવંત છે. તેથી તમારો મઝહબ તમારી સાથે રાખો અને તમારી રોજીંદી જીંદગીમાં કોઈ સાદા નાના અથવા ટુંકા પ્રસંગ ઉપર પણ તેની પ્રેકટીસ કરો અને અમો તમને સફળતા માટે તથા સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબુત રહેવા માટે અમારા ખાસ દુઆ આશિષો ફરમાવીએ છીએ. ......ખાનવાદાન.

ફરમાન:૧૭૩ તા.૧૧-૧૧-૮૬, ન્યુયૉર્ક

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,.

વિદ્યાર્થીઓ હોવાના લીધે નિયમિત રીતે જમાતખાને હાજરી આપવી મુશ્કિલ છે. અને અમો તમને ભારપુર્વક જણાવવા માગીએ છીએ કે આનો અર્થ એ નથી કે તમે તમારા મઝહબની પ્રેકટીસ નથી કરી શકતા કારણ કે તમારા મઝહબની પ્રેકટીસ તમે દિવસ કે રાત દરમ્યાન કોઈ પણ સમયે કરી શકો છો. અલ્લાહના નામની માત્ર યાદગીરી રાખવી એ તમારા મઝહબની પ્રેકટીસ છે. અને જો તમારી સાથે તમારી તસ્બીહ હોય, ભાઈઓ સાથે તેમના ખીસ્સાઓમાં, બાઈઓ સાથે તેઓની બેગોમાં તો તે (યાદગીરી) એક સેંકન્ડના લાંખોમા ભાગમાં થઈ શકે છે. જ્યારે તમે મુસાફરી કરી રહ્યા હો, જ્યારે તમને નિરાંતની એક પળ મળે તમારી તસ્બીહ બહાર કાઢો અને અલ્લાહના નામને, મહમદના નામને, હ. અલીના નામને યાદ કરો. એક સેંકન્ડના એકસોમા ભાગ માટે પણ તમારા મઝહબની યાદગીરી રાખવાનો તે એક અમલ તમારા મઝહબની પ્રેકટીસ છે. અને અમો ઈચ્છીએ છીએ કે તમો આ યાદ રાખો કારણ કે અમો માનીએ છીએ કે તમારા મઝહબની પ્રેકટીસ માત્ર યાદગીરીના અમલ થકી કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે થઈ શકે છે. એ યાદ રાખવાથી તમો ઘણું વધારે સુખ, ઘણી વધારે કુવ્વત તથા ઘણી વધારે હિમ્મત હાંસલ કરી શકશો અને અમો તમને ખાસ દુઆ આશિષો ફરમાવીએ છીએ.

જિંદગીમાં કોઈપણ સમસ્યાઓ હોતી નથી એમ માનવું

મુર્ખાઈભર્યું છે એમ અમે માનીએ છીએ. જિંદગી સમસ્યાઓ દ્વારા જ બને છે, તે જગતમાં વસતા દરેક માનવીના જીવનમાં ઉદ્ભવી હોય છે અને તેથી એ અગત્યનું છે કે આપણે તેનો સ્વાભાવિક રીતે સ્વીકાર કરીએ કે તેજ જિંદગી છે અને આપણે સંપુર્ણપણે અને હિંમતપૂર્વક જીંદગી જીવવી જોઈએ

.........ખાનાવાદાન

ફરમાન : ૧૭૪ તા. ૧૧-૧૧-૧૯૮૬, અમેરીકા

(મૌલાના હાજરી ઈમામે અમેરીકા ખાતે જમાતના આગેવાનો સાથેના બેન્કવેટ પ્રસંગે આપેલ પ્રવચનમાંથી)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અંગ્રજીમાં એક કહેવત પ્રચલિત છે કે શાહમૃગ પક્ષીની જેમ વર્તવું.....આ કદાચ ઈસ્લામના કેટલાક ભાગોમાં થયું છે, થઈ રહ્યું છે અને કદાચ થતું રહેશે એમ માનીને કે તમે ભુતકાળમાં વળી શકો છો અને આજની સમસ્યાઓને ભુતકાળની ધુળમાં દફનાવી શકો છો. આ આપણી માન્યતા નથી આ માટે ઝમાનાના ઈમામ જમાતને હિદાયત આપતા નથી અને વિશ્વના કોઈપણ ભાગમાં અમારી કોઈપણ જમાત માટે અમારા જીવન દરમ્યાન આમ બને એ અમે ચોક્કસ પણે કદાપી નહી ઈચ્છીએ આથી શાહમૃગની નીતિ આપણા માટે નથી.

......ખાનાવદાન

ફરમાન:૧૭૫ તા.૧૦-૪-૧૯૮૭,પોર્ટુગલ,સ્ટુડન્ટ જમાત
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જેઓને પોતાના મઝહબની જાણકારી છે, જેઓ પોતાના મઝહબમાં ઈમાન રાખે છે, જેઓ પોતાના મઝહબનું પાલન કરે છે, એ અભિપ્રાય સાથે તમે દ્રઢતાથી, રાજીખુશીથી અને નિરાંતથી સહમત થઈ શકો કે, આપણો મઝહબ એક ખુદામાં માનનારો મઝહબ છે. આપણા મઝહબના નીતિ નિયમો બીજા કોઈપણ એક ખુદામાં માનનારા મઝહબના નીતિ નિયમો જેટલાંજ મજબૂત, પ્રશંસનિય અને અનોખા છે અને તેથી એ દુનિયાના બહારની ઈસ્લામી દુનિયા બાબતે ઘણી જ આસાનીથી કરવામાં આવતા બિન માહિતીપૂર્ણ અને બિન અકલી ઉચ્ચારણોને કદીપણ કબૂલ કરવાનું કોઈ કારણ નથી તો ફીકર-ચિંતાનો અથવા બેચેનીનો અહેસાસ નહીં રાખો તેનાથી ઉલટું, જ્યારે લોકો એવું સમજે કે, તેઓ સારી રીતે જાણકાર અને અક્કલમંદ છે ત્યારે તમો તેમને બતાવી આપો કે તેઓ કદાચ અક્કલમંદ છે પણ તેઓ બેખબર છે.

ઔદ્યોગિક દુનિયામાં સઘળી ચીજો સારી કે તંદુરસ્ત કે સંપૂર્ણ કે સુખ આપનારી નથી. તમારી આસપાસની સઘળી ચીજો પરિપૂર્ણ છે એવું સમજવવામાં છેતરાઈ જતા નહિ. તમારી પરખ શક્તિ અને ડહાપણનો ઉપયોગ કરો અને જે કાંઈ સારૂં હોય તેની પસંદગી કરો તે તમને તમારી જિંદગીઓમાં ફાયદો કરે તેમ કરો. અને એ ચીજોને રદ કરી દો કે જે વ્યર્થ નુકશાન કારક અને જોખમી હોય છે.

અગર તમે અક્કલવાળા છો, જો તમને ખુદાએ અક્કલની

બક્ષીસ કરી છે તો એમ કહીને સ્કુલ અને યુનિવર્સીટીના અભ્યાસમાંથી પસાર નહિ થાઓ; હું ભૂતકાળ કરતાં થોડુંક વધારે સારૂં કરી રહ્યો છું અને તેનાથી મને સંતોષ છે. તમોએ સાંભળ્યું છે ? અગર તમને અક્કલ અને આવડતની બક્ષિસ મળી છે તો ભૂતકાળથી માત્ર થોડુંક વધારે સારૂં કરવાનું કબુલ નહિ કરો. તમે દરરોજ જે ઉત્તમ કરી શકતા હો તે કરો કારણ કે તે એ બુનિયાદો છે જેના ઉપર તમે પોતાના માટે તેમજ ભવિષ્યની જમાત માટે શક્તિનું ઘડતર કરશો.

શિસ્ત સાથે સખત કામ કરો અને હિમંતવાળા થાઓ સહેલાઈથી હાંસલ થઈ શકતી મધ્યમ કક્ષાનો બીજો જ માર્ગ અપનાવવા કરતાં એકધારી સફળતા પ્રાપ્ત કરવા માટે ઘણી જ વધારે હિંમત અને ઘણી જ વધારે શક્તિની જરૂર પડે છે. સહેલાઈથી હાંસલ થઈ શકતી મધ્યમ કક્ષાની અસર હેઠળ આવી નહિ જાઓ. કારણ કે આજે જે સહેલું અને આરામદાયક જણાય છે તેની કોઈ કિંમત હોય છે અને તે કિંમત તમારે તમારી બાકી રહેલી જીંદગી સુધી ચુકવવી પડે છે, તો આજે અમો તમને ફરમાવીએ છીએ કે તેને એક લક્ષાંક તરીકે, એક ઉદ્દેશ તરીકે કબૂલ નહિ કરો યાદ રાખો કે તમે મેરીટોક્રેસીમાં સફળ થવા માટે પોતાને તૈયાર કરવાનું કામ કરો.

ઈસ્લામની શિયા પ્રેકટીસમાં પોતાના મઝહબ માટે સમય નીકાળવો, પોતાના મઝહબ વિશે ખ્યાલ કરવો, પોતાના મઝહબને આધીન થવું તે ખુદ એક ઈબાદત છે. આનો અર્થ એ નથી કે જ્યારે તમે જમાતખાને આવી શકતા હો ત્યારે પણ ન આવો; એવી છૂટ તે આપતો નથી. પરંતુ એક સાદી બાબત જેવી કે, તમારી પાસે તસ્બીહ રાખવી અને એ

તસ્બીહ ઉપર મોહમ્મદ, હ. અલી અથવા જમાનાના ઈમામનું નામ લેવું તે આધિનતાનો એ અમલ છે, કે જે શિયા ઈસ્લામમાં એક પ્રકારની ઈબાદત છે. અને જે કરવાની અમો તમને ભલામણ કરીએ છીએ કારણ કે તેનો જે અર્થ થાય છે તે એ છે કે, તમે દિવસ દરમ્યાન, જ્યારે તમે જાગૃત અવસ્થામાં હો છો ત્યારે, તમે આધિનતાના એ અમલને તમારા ખ્યાલમાંથી, તમારા દિલમાંથી, તમારા રૂહમાંથી સંપૂર્ણ પણે અલગ નહિ કરી દો કે, જે તમારી પાંચ સેકન્ડ લઈ શકે છે. જે તમે તમારા મઝહબની પ્રેકટીશ કરવા માટે ખર્ચો છો. હવે અમો ઊંડી દ્રઢ માન્યતા ધરાવીએ છીએ કે, જો તમે આ સલાહ મુજબ ચાલશો તો તમને જણાશે કે જ્યારે તમારી પાસે નિરાંતની એક પળ હોય, જ્યારે તમે મુસાફરીમાં હો, જ્યારે તમે એકાંતમાં હો, ત્યારે ફક્ત તસ્બીહ લઈ, તસ્બીહ માટે આપણી પાસે જે નામો છે તેમાંનું કોઈ નામ લેવાથી તમને સુખનો, અંદરની શક્તિનો, અને મઝહબની પ્રેકટીશ કર્યાનો અહેસાસ થશે.

તમે ઔદ્યોગિક દુનિયામાં વસો છો અને તમારા ઉપર દબાણો અથવા જે કાંઈ પણ છે તેથી તે તમને તમારા મઝહબની પ્રેકટીશ કરવાથી બાકાત રાખે છે તેમને તેમ કરવાની જરૂર નથી, તો યાદ રાખો કે જ્યારે તમને નવરાશની એક પળ મળે તે પળનો ઉપયોગ કરી લો; કેમકે અમો માનીએ છીએ કે તે તમને સુખનો, અંદરની શક્તિનો એ અહેસાસ આપશે કે જે ઔદ્યગિક દુનિયા અથવા બીજી જગ્યાની અન્ય કોઈ ચીજો નહિ આપે.

.....ખાનાવાદાન.

ફરમાન:૧૭૬ તા. ૨૨-૧૧-૧૯૮૭, ઈસ્લામાબાદ-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે ઈચ્છીએ છીએ કે તમે તમારા મઝહબમાં મક્કમ અને ચુસ્ત રહો. તમે આપણા તરીકા ઉપર બરાબર અમલ કરજો તેમાં તમને કોઈ ગેરમાર્ગે દોરવે તો તેમની વાતોમાં તમે બિલકુલ નહિ આવજો તમો ફક્ત અમારા ફરમાન તરફ ધ્યાન આપજો. તમે તમારો મઝહબ બરાબર સંભાળજો. સિરાતલ-મુસ્તકીમ ઉપર મક્કમ રહો તેવી અમે દુઆ ફરમાવીએ છીએ.

દુન્યવી જીવન બહું જ ટુંક મુદત માટે છે તે પછીનું જીવન (અબદી) અનંત છે. માટે જેમ તમે દુન્યવી હાલત સુધારવા કોશિષ કરો છો તેમ રૂહાની હાલત સુધારવા કોશિષ કરજો. તમોએ તમારા મઝહબમાં નિયમિત અને પાબંદ રહેવું જોઈએ. તમે ગરીબ હો કે પૈસાવાળા તે જરૂરી નથી પણ તમારે તમારા તરીકાનો નિયમિત અમલ કરવો જોઈએ.

.......ખાનાવાદાન

ફરમાન : ૧૭૭ તા.૨૪-૧૧-૧૯૮૭, લાહોર-પાકિસ્તાન
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમને આપણા તરીકા વિશે ફરમાવીએ છીએ કે આ દુન્યવી જીવન બહું જ ટુંક મુદત માટે છે. તે પછીનું જીવન અનંત છે માટે તમારે મઝહબનું નિયમસર પાલન કરવું જોઈએ. તમારી દુન્યવી ઘણી તરક્કી થશે પણ તમારે તમારા મઝહબમાં મક્કમ રહેવું જોઈએ તથા નિયમિત દુઆ-

બંદગી ગુજારવી જોઈએ. તેમાં તમને દુનિયાના બીજા લોકો ગેરમાર્ગે દોરવે (mislead) પણ તમારે કોઈની વાતોમાં આવવાનું નથી. તમારી સાથે તમારો મૌલા છે. તમારે અમારા ફરમાન પ્રમાણે આપણા તરીકા ઉપર ચુસ્ત અને મક્કમ રહેવું જોઈએ. તમારે કોઈની પણ વાત સાંભળવી નહિ. તમારે તમારા મઝહબમાં નિયમિત રહેવું જોઈએ, અમો તમારી દરેકની મુશ્કેલી આસાન માટે તથા સિરાતલ મુસ્તકીમ ઉપર કાયમ રહો તેવી દુઆ ફરમાવીએ છીએ.

.......ખાનાવાદાન.

ફરમાન : ૧૭૮ તા.૨૬-૧૧-૧૯૮૭, લાહોર-પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ હવે અમો તમોને આપણા તરીકા વિષે ફરમાવીએ છીએ તમોએ આપણા તરીકા ઉપર મજબૂત રહીને તે મુજબ જીંદગી ગુજારવી જોઈએ. તમારા મઝહબનું ચુસ્તપણે નિયમિત પાલન કરવું જોઈએ. તેમાં તમોને કોઈ ગેરમાર્ગે દોરવે તો તમો તેના તરફ ધ્યાન નહિ આપશો. તમો કોઈની પણ વાતોમાં નહિ આવશો, તમારે આપણા તરીકા મુજબ યોગ્ય રીતે પાલન કરવું જોઈએ, તમારે તમારા મઝહબ વિશે જ્ઞાન મેળવવું જોઈએ. તમોને કોઈ ભડકાવે તો તેની વાતોમાં નહિ આવવું જોઈએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૭૯ તા. ૬-૧૦-૧૯૮૮, દારેસ્લામ-ટાન્ઝાનિયા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આ રૂહાની બાળકોમાંના દરેકે દરેક ઝમાનાના ઈમામનો મુરીદ છે. આપણી જમાત પાસે હૈયાત ઈમામ છે. અને આપણી એ પ્રણાલિકા રહી છે. આપણી એ માન્યતા રહી છે કે એ માત્ર ઝમાનાના ઈમામજ છે કે જે તરીકા સાથે સંકળાયેલી બાબતો સંબંધી હિદાયત અને માર્ગદર્શન આપે છે.

એ સ્પષ્ટ રીતે સમજવામાં આવે છે કે તરીકાને લગતી બાબતો સંબંધી અમે હિદાયત આપતા રહીશું અમે એવું માર્ગદર્શન આપીશું જેનું અમે માનીએ છીએ કે તમારે પાલન કરવું જોઈએ. જગતભરની જમાત તરફ દ્રષ્ટી કરતી વખતે અમે પ્રણાલિકાના તફાવત વિષે સચેત રહીશું અને તેની નોંધ લઈશું, તે વિષે અમે વિચાર કરીશું અમે તે પ્રત્યે વહાલ અને પ્રેમથી જોઈશું પરંતુ જ્યાં જરૂર છે ત્યાં અમે યોગ્ય ગોઠવણ પણ કરીશું કારણ કે હકીકત એ છે કે જગત બદલાઈ રહ્યું છે. કારણ કે આ એ કાર્ય છે કે જે ઝમાનાના ઈમામે જમાત માટે કરવાનું છે.

અમારી જમાત માટે એ સ્પષ્ટ થઈ જાય છે કે ઝમાનાના ઈમામજ છે કે જે તરીકાની બાબતમાં હિદાયત અને માર્ગદર્શન આપવાની જવાબદારી ધરાવે છે. આથી તમે ગેરમાર્ગે દોરવાઈ જશો નહિ અને એમ નહિ માનશો કે ઈમામ જાણતા નથી કારણ કે જગતના માત્ર આ ભાગમાં જ નહીં પણ અન્ય પ્રદેશોમાંની જમાતમાં શું બની રહ્યું છે તે વિષે ઈમામ જાણે છે.આપણા તરીકાના મુળભુત સિધ્ધાંતો ઉપર કોઈપણ બાંધછોડ

કરવામાં નહિ આવે એ વિષે તમારે પુરેપુરી ખાતરી રાખવી.

આપણી પ્રણાલિકા સદીઓથી ચાલતી આવી છે તે એક બાતુની પ્રણાલિકા છે, તે એક બૌધ્ધિક પ્રણાલિકા છે, તે એક અંગત પ્રણાલિકા છે. તે એક એવી પ્રણાલિકા છે, જે હઝરત અલીથી શરૂ થઈ છે અને એ પ્રણાલિકાઓના મુળતત્ત્વમાં કોઈપણ બાંધછોડ નહી થાય.

તરીકાના પાલન માટે મુળભૂત હોય એવા નિર્ણયો ઝમાનાના ઈમામ જ લે છે. તો આપણા મઝહબના પાલનના મુળભૂત તત્ત્વમાં કોઈપણ પરિવર્તન થવાનું નથી કેટલાક સ્વરૂપમાં પરિવર્તન થઈ શકે છે. આપણે જે પ્રકારનું જીવન જીવીએ છીએ એ ધ્યાનમાં લેતા કોઈ પણ તરીકામાં એ સામાન્ય બાબત ગણાય પરંતુ એ તદ્દન સ્પષ્ટ થઈ જવું જોઈએ કે એ ઝમાનાના ઈમામ અને માત્ર ઝમાનાના ઈમામજ છે જે તરીકાની બાબતોમાં દોરવણી આપવાનો અધિકાર ધરાવે છે.

પ્રણાલિકાઓ ખુદ જમાતમાં અને બહાર સમજાઈ રહી છે અને તે મનદુઃખ નથી ઉપજાવતી તેની ખાતરી કરવા પ્રયાસ થશે પરંતુ જેઓને એમ લાગતું હોય કે આપણી જમાતની પ્રણાલિકાઓ બદલાઈ જશે તેઓએ નાહક આવી ચિંતા ન રાખવી જોઈએ કારણ એ ચિંતા તો જમાતમાં હોવી જ ન જોઈએ, કારણ કે એ ઝમાનાના ઈમામજ છે કે જેઓ આ નિર્ણયો લઈ શકે છે.

યાદ રાખો કે જ્યારે તમે જમાતખાને આવો છો તો તમારી હાજરીમાં નિયમિત રહો, તમારી ઈબાદતમાં નમ્ર રહો, સાચા અને પ્રમાણિક રહો તેમજ નૂર અને રૂહાની સુખ

મેળવવાનો પ્રયાસ કરો, કારણકે આ જગતના દુન્યવી જીવનને સમયની મર્યાદા છે. જ્યારે આત્માનું જીવન અનંત છે. એકને બીજા માટે છોડી નહીં આપો.

તમારા મઝહબના પાલનની શક્તિ માટે, એકતા માટે, સારી તંદુરસ્તી માટે, નુર માટેની તમારી ખોજની સફળતા માટે, તમારા દુન્યવી જીવનમાં સફળતા માટે, મુશ્કેલી આસાન માટે અમે અમારા પ્યાર ભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.
......ખાનાવાદાન.

ફરમાન:૧૮૦ તા. ૮-૧૦-૧૯૮૮, મ્વાન્ઝા(ટાન્ઝાનિયા)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

તમારે માટે અને અમારે માટે દિવસમાં ચોવીસ કલાક છે અને તેને કોઈ બદલી શકતું નથી તેને કોઈ પણ બદલી શકતું નથી કોઈ પણ નહિ, માત્ર અલ્લાહ કદાચ એક દિવસે પોતાની મરજીથી તે બદલે ! અન્ય કોઈ તે બદલી શકતું નથી.

જેમ જેમ આપણે ૨૦ મી સદીના અંત તરફ જઈ રહયા છીએ તેમ તેમ આપણને ઘણી બાબતો હાથ ધરવાની રહે છે એ કઈ બાબતો છે : તેમાં સૌથી પહેલાં આવે છે; આધુનિક જગતમાં આપણા તરીકાના પાલન વિષેની સ્પષ્ટ દ્રષ્ટિ, અલબત જ્યારે તમે આધુનિક શબ્દનો ઉપયોગ કરો છો. ત્યારે ખરૂં જોતા તમે તેનો અયોગ્ય રીતે ઉપયોગ કરો છો કારણ જે કોઈ પણ વ્યક્તિ પોતાના સમયમાં જીવન જીવે છે તે પાતાના સમયને આધુનિક જગત તરીકે સંબોધશે, પરંતુ

આથી આધુનિકતાની વિચારસરણીનો અંત નથી આવતો. હકીકત તો એ છે કે તરીકા અને તરીકાનું પાલન વધુંને વધું પ્રમાણમાં સંગઠિત બનવું જોઈએ, વધું ને વધું પ્રમાણમાં સમજમાં આવવું જોઈએ અને જગતના સર્વે જુદા જુદા ભાગોમાં વસતી જમાતો તેમાં વધું ને વધું પ્રમાણમાં સહભાગી બનતી થવી જોઈએ.

આ છે આવતા વર્ષોના ધ્યેયો; એવી શક્તિશાળી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું નિર્માણ કરવું કે જગતભરની જમાતને ટેકો આપી શકે, તમે જે સમાજોમાં રહો છો તેના જીવનની ગુણવત્તાને અસર પહોંચાડી શકે તેવી હોય કે જેથી તમારી અને તમે જે સમાજોમાં રહો છો તેની વચ્ચે કોઈ ફાંટ ન રહે આ સદીના અંત પ્રત્યે નજર કરતા; જમાત ઔદ્યોગિક જગતમાં હશે.

આફ્રિકામાં, એશિયામાં, દક્ષિણ પૂર્વ એશિયામાં, મીડલ ઈસ્ટેટમાં, સોવિયત યુનિયનમાં, ચીનમાં આ એક એવી વિવિધતા છે જે પડકાર રૂપ છે અને આકર્ષક છે. એક જ ભાઈચારો છે એક જ જમાત છે એક જ પ્રણાલિકાને અનુસરે છે. અને આ પ્રણાલિકા મઝહબની બાતુની સમજણ આપતી શીયા પ્રણાલિકા છે. એ સિદ્ધાંતોને જગતભરમાં જાળવી રાખવા જોઈએ. એ સિદ્ધાંતો છે; માનવીએ પોતાના દીનધર્મના પાલનમાં માનવીય અક્કલનો ઉપયોગ કરવો. રોશની અને સુખ માટેની વ્યક્તિગત ખોજ તેમજ દુન્યવી અને રૂહાની બાબતો વચ્ચે સમતુલા જાળવવી આ એવી મુદ્દાની બાબતો છે જેને આધારે જમાતે પોતાના મઝહબનું અર્થઘટન અને પાલન કરવું જોઈએ.

અમે ઈચ્છીએ છીએ તેઓ અંગ્રજી ભાષા ઉપર કાબુ ધરાવે કારણ કે અંગ્રજી ભાષા વિજ્ઞાનની ભાષા છે. તે ટેકનોલોજીની ભાષા છે. અને તે વધું ને વધું પ્રમાણમાં ઈકોનોમીકસની ભાષા છે. આથી જમાતની ભાવિ પેઢીઓ માટે અંગ્રેજી ભાષા ઉપર કાબું ધરાવવું મહત્વનું છે.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૮૧ તા.૧૧-૧૨-૧૯૮૮, નૈરોબી(કેન્યા)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ઝમાનાના ઈમામ સાથે સંપર્ક વિના પણ આ પ્રણાલિકા જે રીતે અમલમાં રહી છે તે વિષે જાણી શકીએ, એ પ્રથા કેવી રીતે ચાલું રહી છે, એ પ્રણાલિકા કેવી રીતે વિકસી છે. આનો અર્થ એ થાય છે કે, જ્યારે ભારતીય ઉપખંડની જમાતો તમે જેને ગિનાન કહો છો તે ધરાવે છે, તો ઈરાન કે અફઘાનિસ્તાનની જમાતો તમે જેને કસીદા કહો છો તે ધરાવી શકે છે.

જ્યારે જગતના એ ભાગોમાંથી આ પ્રણાલિકાઓ વધું વ્યાપકપણે જાણમાં આવતી જાય છે કે જ્યાંથી જમાત સંપર્ક સાધી નહોતી શકતી અને હવે તેઓ ઝમાનાના ઈમામ સાથે સંપર્કમાં આવતા જાય છે તો આ પ્રણાલિકાઓને જાળવવી જોઈએ, તેને સમજવી જોઈએ અને ઈમામની દોરવણી હેઠળ જમાતે તેમાં વધું ને વધું હિસ્સો લેવો જોઈએ.

આપણા તરીકામાં નિર્ણયો લેવાની એકમાત્ર સત્તા ફક્ત ઈમામની જ છે અને ઈમામ એ નિર્ણયો શીઆ તરીકાના તેમજ હ. અલીની નિમણુંકના ભૂતકાળના મૂળમાંથી લે છે એ યાદ રાખો, કારણ કે તે તત્ત્વની બાબત છે. અને કોઈ પણ

સમયે તેમાં વધઘટ કે ફેરફાર થવો ન જોઈએ.

જગતના એ ભાગો કે જેની સાથે ન માત્ર દાયકાઓ સુધી પણ સદીઓ સુધી આપણો સંપર્ક ઓછો હતો અથવા ન હતો..... જેમ જેમ તેઓ આગળ આવતા જશે તેમ તેમ તેઓ આપણી સમક્ષ પોતાની પ્રણાલિકાઓ, પોતાનું સાહિત્ય, પોતાનો પ્રેમ, પોતાના ગીતો, પોતાનો પોષાક, પોતાની ભાષા, પોતાની પ્રથા લાવતા જશે, અને આજ એ બાબત છે કે જે આપણા તરીકામાં આટલી વિશિષ્ટતા છે.

આ તરીકો દુનિયાના જુદા જુદા ભાગોમાં જુદી જુદી ભાષાઓમાં, જુદા જુદા સમાજોમાં વિકાસ પામ્યો છે. વળી જો કે કેટલીક વખત ઉમ્મા-મુસ્લિમ સમાજમાં અને તેની બહાર એવી લાગણી પ્રવર્તતી હોય છે કે વિવિધતા એ એક પ્રકારની નબળાઈ છે અમે તમને ખાતરી પૂર્વક જણાવીએ છીએ કે વિવિધતા શક્તિ છે.

જમાતની દરેક વ્યક્તિની શક્તિ, બૌધ્ધિકબળ, અને કાબેલીયત, થકી જ જમાત સમગ્રપણે પોતાની પરિસ્થિતિ સુધારી શકશે.

તમે તમારા જીવનમાંથી બધું જ ખોઈ બેસો, પરંતુ-સિવાય કે તમારૂં માથું જ લઈ લે. તમારૂં જ્ઞાન, તમારી બુધ્ધિ અને તમારૂં શિક્ષણ કોઈ છીનવી શકતું નથી આ એવી વસ્તું છે જે દરેક વ્યક્તિ માટે તેના જીવન દરમ્યાન અંગત હોય છે.

....ખાનાવાદાન.

ફરમાન:૧૮૨ તા. ૧૯૮૯, ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આવતા વર્ષો દરમ્યાન જ્યારે આપણા ધાર્મિક શિક્ષણમાં ફેરફારો આવશે પરંતુ અમે ઈચ્છીએ છીએ કે તમે તમારા મનમાં સ્પષ્ટ રહો અને ખાત્રી રાખો કે શિયા ફિરકાની મુળભૂત પ્રણાલિકાઓ, ઈમામતની પ્રણાલિકાઓ ને જાળવી રાખવામાં આવશે અને એ પ્રણાલિકાઓમાં ન તો કોઈ બાંધછોડ થશે કે ન તો કોઈ ફેરફાર. આથી એ મહત્વનું છે કે અમારી જમાત પોતાના તરીકાના પાલનમાં સંગઠિત રહે. તમે એ યાદ રાખો કે માત્ર ઈમામ જ નિર્ણયો લેવાની સત્તા ધરાવે છે. અને અર્થઘટન તથા મઝહબ પાલન સબંધી તેમને જે પણ ફેરફારો યોગ્ય લાગે એ ફેરફારોની નવાજેશ કરશે.

કારણ એ આપણી ઐતિહાસીક પ્રણાલિકા રહી છે અને તેમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ શક્ય નથી. આથી સંગઠિત રહો તમારા મઝહબના પાલનમાં સ્પષ્ટ રહો અને યાદ રાખો કે માત્ર ઈમામ જ ફેરફારો કરવાની જ નહીં પરંતુ જમાના પ્રમાણે અર્થઘટન પણ કરવાની જવાબદારી અને સત્તા ધરાવે છે. વળી તમે ઈમામને ઝમાનાના ઈમામ તરીકે સંબોધો છો એ ઈમામની જવાબદારી છે કે તેઓ મઝહબનું અર્થઘટન એવી રીતે કરે કે તેનું પાલન નિરંતર જે જમાનામાં જમાત જીવી રહી હોય તે જમાના પ્રમાણેનું હોય. કારણ એ યાદ રાખો કે ઈસ્લામ સર્વે જમાના માટે છે. યાદ રાખો કે ઈસ્લામ સર્વે જમાના માટે છે અહીં જેઓ આપણા મઝહબને કોઈ એકાદ જમાનામાં મઝહબ કે વિચારવા માંગતા હોય તો તે એક એવો અર્થઘટન છે કે જેનો સ્વીકાર કરવો અંગત રીતે

અમને મુશ્કેલ જણાશે કારણ ઈસ્લામ સર્વે જમાના માટે છે.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અને યાદ રાખો કે માત્ર ઈમામ જ દીન ધર્મની બાબતોમાં દોરવણી આપે છે. અને અમે તરીકા એન્ડ રીલીજીયસ બોર્ડો મારફત દોરવણી આપીએ છીએ, જે અમે સમય મુજબની દોરવણી આપીએ છીએ અને એ હકીકત ધ્યાનમાં રાખીને દોરવણી આપીએ છીએ કે જમાતમાં ઘણી પ્રણાલિકાઓ છે અને ઘણા રીત-રીવાજો અસ્તિત્વ ધરાવે છે. એટલું વિચારવું પુરતું છે કે જગતમાં કેટલાક ભાગોમાં જમાત ગીનાનો બોલે છે. જગતના બીજા ભાગોમાં તેઓ કસીદાઓ બોલે છે અને અમે તમને સ્પષ્ટ આ બાબતના દ્રષ્ટાંત આપીએ છીએ જેથી તમે એ જાણો કારણ કે રૂહાની બચ્ચાઓ જગતભરમાં વસવાટ કરી રહ્યા છે અને તેઓના દેશો-દેશમાં રીત-રિવાજોમાં ફરક હોય છે આજ કારણે ઝમાનાના ઈમામની એ જવાબદારી હોય છે કે હિદાયત આપે અને અન્ય બાબતોની જેમ તરીકાની બાબતમાં પણ અમે દોરવણી આપીએ છીએ અને આપતા રહીશું.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે એમ પણ જાણીએ છીએ કે દરેક રૂહાની બાળક એ યાદ રાખે કે પોતાની ધાર્મિક ફરજો બજાવવી એ મહત્વનું છે. દુન્યવી જીવન મુશ્કેલ ભર્યું હોય તો પણ પોતાના દીન ધર્મનું નિયમિત અને યોગ્ય પાલન ન કરવાનું કોઈ કારણ નથી એટલે આજે અમે તમને ફરમાવીએ છીએ કે તમારા દીન-ધર્મનું નિયમિત પણે અને યોગ્ય રીતે પાલન કરો.

તમો દીન ધર્મનું નિયમિત પાલન કરો અને તમને ગેર માર્ગે દોરવવા માગતા હોય તેઓ દ્વારા ગેર માર્ગે દોરવાઈ ના જાવ અને યાદ રાખો કે આપણા તરીકામાં એ ફક્ત ઈમામનીજ સત્તા અને માર્ગદર્શન છે, જે જમાતને તેના રોજિંદા ધર્મના પાલનમાં દોરવે છે.

.....ખાનાવાદાન.'

ફરમાન :૧૮૩ તા. ૧૧ -૩ -૧૯૮૯, હયદ્રાબાદ,
(પાકિસ્તાન) સ્ટુડન્ટસ મુલાકાત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અને અમે દ્રઢતાપૂર્વક માનીએ છીએ કે, આપણી પ્રણાલિકા એક શક્તિશાળી પ્રણાલિકા છે, ઈસ્લામમાં શિયા પ્રણાલિકા એક અક્કલી પ્રણાલિકા છે. તે એ પ્રણાલિકા છે જેમાં અક્કલની પ્રચંડ અસર છે. અને દુનિયાના અમુક ભાગો કદાચ શિયા પ્રણાલિકાને એ રીતે રજૂ નથી કરતા જે રીતે આપણે તેની રજૂઆત કરીએ છીએ.

જો તમે હઝરત અલીના બોધ વચનો વાંચશો, જો તમે ઈમામતની અતુટ સાંકળને જોશો તેમજ જે ચીજ તે અતુટતાના હેતુંને વ્યક્ત કરે છે અને મહાનતા બક્ષે છે તે ઉપર નિગાહ કરશો તો તમને જણાશે કે તે અક્કલ અને મઝહબની પ્રેકટીશ વચ્ચેનો સબંધ છે. તેથી આપણા તરીકામાં અક્કલનો સર્જનાત્મક ઉપયોગ કરવાના વિરૂધ્ધ કંઈ નથી. તેનાથી ઉલટું તમારી અક્કલની સર્જનાત્મક શક્તિનો જેટલો વધારે ઉપયોગ કરશો તેટલા વધારે તમે તમારા કુટુંબમાં, તમારી જમાતમાં અને ઉમ્મતમાં તમારો ફાળો આપવા શક્તિમાન બનશો.

તમારી જીંદગીઓમાં સલામતીની એકમાત્ર ખરી જામીન તમારી કેળવણી છે. તમે બધું જ ગુમાવી શકો છો તમારૂં કુટુંમ્બ, તમારા પૈસા..... તમે સઘળું ગુમાવી શકો છો પણ જ્યાં સુધી તમે જીવંત છો અને તમારૂં મગજ કામ કરી શકે છે. તેમજ જો તે એક કેળવાયેલ મગજ છે તો તમે હંમેશા, હંમેશા તમારી સામેના કોયડાઓને ઉકેલી શકશો.

તમારે તમારી જાતને કહેવું જોઈએ કે જો તમે વિદ્યાર્થીઓ તરીકેનો તમારા સમયનો ઉપયોગ યોગ્ય રીતે નહિ કરો તો તમારે તેનો હિસાબ આપવો પડશે. કુરાન હિસાબ-કિતાબ વિષેની વાત કરે છે. પુછાણાની ક્રિયા છે.

.....ખાનાવાદાન.

ફરમાન :૧૮૪ તા.૨૧-૩-૧૯૮૯, કરીમાબાદ, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આગાખાન યુનિવર્સીટી શા માટે મહત્વની છે ? એ કઈ રીતે આપણી પ્રણાલિકાઓને જાળવી રાખે છે ? હઝરત અલીના સમયથી આપણા દીનની અર્થ તારવણી એ રહી છે કે ઈન્સાનની અક્કલ અને અહીં અમો ઈન્સાનનો સામાન્ય અર્થ કે જે સ્ત્રી અને પુરૂષ થાય છે, તે લઈએ છીએ, પણ એ કે ઈન્સાનની અક્કલને તેના તમામ દ્રષ્ટીકોણથી લેવામાં આવે તેને મઝહબની સમજ હાંસલ કરવાના ઉપયોગમાં લેવામાં આવે તે તેના મઝહબની વધારે સારી તથા વધારે પૂર્ણ સમજ પ્રાપ્ત કરવા ઈન્સાનના મગજને શક્તિમાન બનાવે; અને મગજની અક્કલ ખરૂં જોતાં ઈન્સાનની અક્કલ મઝહબની અર્થતારવણીનું એક પાસું હોવું જોઈએ તથા તેને તેમ બનવા

દેવાની છુટ આપવી જોઈએ અને નહિ કે મઝહબની તે અર્થતારવણી ઉપર અંકુશ મુકવા જોઈએ.

યાદ રાખો કે ઈન્સાનની અક્કલ સમાજમાં બદલાઈ રહી છે. તે પોતાના ઈલ્મમાં બદલાઈ રહી છે. તથા ઈન્સાન જેમાં રહે છે તે દુનિયાની સમજમાં બદલાઈ રહી છે. અને જો તમે ઈન્સાનની અક્કલને અંકુશમાં રાખશો તો તમે તેની સમજવાની શક્તિને તથા તેનો મઝહબ તેને જે ફાયદો પહોંચાડે છે તેમાં ભાગ લેવાની તથા તે ફાયદો પૂરેપૂરો હાંસલ કરવાની શક્તિને રોકી રાખશો ; અને જો તમે ઈન્સાનની અક્કલને અંકુશમાં રાખશો તો તમે તેને એક સમય, એક સ્થળ તથા સમાજની એક ચોક્કસ હાલતમાં રોકી રાખશો ; અને જેમ કે આપણી ખરેખર માન્યતા છે, દ્રઢ માન્યતા છે કે, ઈસ્લામ અનંત છે તો પછી જો તમે ઈન્સાનની અક્કલને અંકુશમાં રાખશો તો તમે ઈન્સાનની સમજ તથા માનવ ઈતિહાસના કોઈ પણ આપેલ સમયના તેના મઝહબ વચ્ચે એક ઊંડી ખાઈ પેદા કરશો ; અને તે બરદાસ કરી શકાય નહિ અથવા તેની છૂટ આપી શકાય નહિ અને તે કારણે આપણો તરીકો ઘણી સદીઓથી ઈન્સાનની અક્કલના વિકાસમાં આગળ અને આગળ રહેલ છે.

ઈબ્નેસીના એ એક દાખલો છે પણ માત્ર એક દાખલો છે. અઝહર એ બીજો દાખલો છે. પણ ફક્ત બીજો જ. કયરવાનને ભુલી ન જજો બીજા ઘણા સ્થળો કે જે ઈન્સાનની અક્કલ તથા રોશનીના કેન્દ્ર રહયા છે તેમને ભુલશો નહિ.

અને તેથી આજે અમો તમને જણાવીએ છીએ કે આગાખાન યુનિવસીર્ટી એ સિર્ફ એક યુનિવસીર્ટીથી ઘણી વધારે છે એ ઈતિહાસના કોઈ પણ સમયમાં ઈન્સાનની અક્કલને વિકસાવતા રહેવાની તથા તેને આપણા મઝહબની આપણા તરીકાની અર્થતારવણી માટે ઉપયોગમાં લઈ શકવાની સતત ચાલું રહેતી પ્રણાલિકા છે. અને અમો ઘણાં જ ખુશ છીએ કે અમારી જમાત આ સમજી શકી છે તેણે પાકિસ્તાનમાં જ નહિ પણ દુનિયાભરમાં યુનિવર્સીટીને ટેકો આપેલ છે.

અને આ ટેકો આપણી પ્રણાલિકામાં દ્રઢ માન્યતાની પુન: સાબિતી છે કે, ઈન્સાનની અક્કલને તેના મઝહબથી કદી પણ અલગ કરવી નહિં જોઈએ તથા તેને કદી પણ સમયમાં રોકી રાખવી નહિં જોઈએ કારણ કે આપણા તરીકામાં તેની છૂટ આપી શકાય નહિ.

ઈલ્મ તથા હિકમત તે જે તેણે વિકસાવ્યા હશે તેમાં આપણી જમાત સાથે, આપણી તાલીમી સંસ્થાઓ સાથે, આપણી તંદુરસ્તીની સંસ્થાઓ સાથે ભાગીદારી બનવા તે શક્તિમાન બનશે જેનો લાભ ફક્ત પાકિસ્તાનની જમાત માટે નહિં પણ દુનિયાભરની જમાત માટે અને ખરેખર જેસમાજોમાં જમાત વસે છે તેમના પણ ફાયદા માટે હશે.

જે વાત આપણે કરીએ છીએ તેમાં પાકિસ્તાનની એક યુનિવર્સીટીથી ઘણી વધારે વાત કહીએ છીંએ આપણે એક મૂળભૂત મહત્વની પ્રણાલીકા તથા આપણા તરીકાના જવહરની અર્થતારવણીના વિકાસની વાત કરીએ છીએ અને તેને પાકિસ્તાન તથા પાકિસ્તાન બહાર ચાલું રહેવા શક્તિમાન બનાવવાની

વાત કરીએ છીએ.

તેથી આ સંસ્થામાં જેઓએ પોતાના વિચારોથી, પોતાના કાર્યથી પોતાના સમયથી, પોતાની ઉદારતાથી ફાળો આપેલ છે તે સઘળાઓને અમો જણાવીએ છીએ કે તમારો ફાળો શાનદાર છે અને અમો તેઓને અમારા ખાસ ઉત્તમ દુઆ આશિષો ફરમાવીએ છીએ.

તેઓ એ સમજે કે તેઓએ આ સંસ્થાઓનો લાભ અકલમંદી તથા સમજદારીથી લેવાનો છે. અમો એ હજું એવા નાના રૂહાની બચ્ચાઓને પોલીયોમાં સપડાયેલા જોયા છે, જ્યારે કે તેઓ જનમ્યા તે સમયથી પોલીયો મીલાઈટીસની રસી હસ્તી ધરાવે છે. આનો અર્થ એ છે કે હજુ સુધી આપણી જમાતમાં યુવાન છોકરાઓ અને છોકરીઓ એવા રોગથી અપંગ બની રહ્યા છે કે જેને રોકવાનો ઈલાજ ઈન્સાન જાણે છે. અમો નથી ઈચ્છતા કે આમ વધુંવાર બને.

(આ વખતે એકાએક વરસાદ પડવાનું શરૂં થતા મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું)....

વરસાદ એક રહેમત છે. આ યાદ રાખો આ યાદ રાખો.

ઈસ્લામ એ શાંતિ અને ભાઈચારાનો મઝહબ છે જો એ માયનામાં આપણે ઈસ્લામની અર્થ તારવણી કરીએ તથા અમલ કરીએ તો ઈસ્લામના ઘણા તરીકાઓમાંના એકની હેસીયતે આપણે મુસલમાનોને એકત્ર કરવા માટે, તેમને શાંતી તથા ભાઈચારાનું મહત્ત્વ સમજાવવા માટે શક્ય બધું

જ કરવું જોઈએ.

અને કોઈ પણ બે માનવી એક મતના હોય એવું ભાગ્યે જ બને છે. ખરેખર તેઓ ક્યારેય પણ એક મતના નથી હોતા. તેથી જ આપણે જુદી જુદી સમજ સાથે પેદા થયા છીએ અને આપણા એ મતભેદો છતાં પણ આપણે સાથે રહેતા શિખવું જોઈએ અને તેને નાકામીયો તથા નબળાઈઓ સમજવાને બદલે આપણે એ મતભેદોમાં પણ સંગઠીત રહેતા શિખવું જોઈએ કારણ કે ડહાપણ ઉપર કોઈની ઈજારાદારી નથી. પરંતુ ભાઈચારાની સંપુર્ણતા હોઈ શકે છે.

......ખાનાવાદાન.

ફરમાન :૧૮૫ તા.૧-૧૨-૧૯૯૦, એગ્લેમો

મૌલાના હાજર ઈમામે એગ્લેમો ખાતે ફરમાવેલ ફરમાનનો તરજુમો

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણા તરીકામાં અક્કલની ભુમિકાને યાદ રાખજો. તમારી અક્કલનો ઉપયોગ કરવામાં ભય રાખશો નહી, પ્રત્યેક વ્યક્તિનો બુદ્ધિ સહિત જન્મ થાય છે. તેને તેના કટુંબના હિતમાં અને જે દેશમાં રહે છે તેની જમાતના હિતમાં તેનો વિકાસ થવા દો. બુદ્ધિનો તે વિકાસ બૌધ્ધિક પાસું આપણા તરીકાનું સત્વ છે, અથવા સત્વોમાંનું એક સત્વ છે અને આપણી જમાતની કોઈ પણ પેઢી દ્વારા તેમાં ક્યારે પણ બાંધછોડ થવી ન જ જોઈએ અને અમે ઝમાનાના ઈમામ તરીકે ક્યારે પણ નહી ઈચ્છીએ કે તમે બૌધ્ધિક પાસામાં ક્યારે પણ બાંધછોડ કરો, અને એ પળે કે જ્યારે બૌધ્ધિક

ગુણો કે બૌધ્ધિક કાબેલિયતમાં કોઈ બાંધછોડ થઈ તો આપણી જમાત તેના સમયના વર્તુળની બહાર જીવવા માંડશે, તે આગળ જનાર નહી પરંતું પાછળ જનાર બની જશે. અને અમારી એ મોટામાં મોટી ચિંતા છે કે જમાત હમેંશા આગળ જનાર બની રહે.

તમે તમારા બચ્ચાઓ માટે શું છોડો છો ? તમે તમારા પૌત્રાઓ માટે શું છોડો છો ? અને અમે આશા રાખીએ છીએ કે અંતે તો તમે તેઓને માટે ધર્મ અને અક્કલ મુકો છો. ધર્મ કે જેથી વફાદાર મુરીદો બની રહે અને અક્કલ કે જેથી બૌધ્ધિ રીતે પોતાના સમયમાં જીવી શકે આ તે બાબતો છે જે મહત્વની છે. અને આપણો તરીકો ઘણો જ સદ્ભાગી છે કે આ બન્ને મુદ્દાઓના સત્વને આપણા તરીકાના અર્થઘટનના અંતર્ગત ભાગ તરીકે ધરાવે છે.

સત્વને યાદ રાખો; ધર્મ અને અક્કલ આપણા તરીકામાં આ બન્ને વચ્ચે વિરોધાભાસ નથી આપણે ધર્મના અમલ થકી અક્કલને અવરોધતા નથી. આપણે બન્ને વચ્ચે વિરોધાભાસ જગાડતા નથી.... તમે આ બન્નેને એક વ્યક્તિમાં જુદા પાડી શકતા નથી, તમે તેમ કરી શકતા નથી. અગર જો તમે તેમ કરો છો તો તમે ધર્મનો નકાર કરો છો; તમે સર્જનનો નકાર કરો છો, જ્યાં પ્રત્યેક વ્યક્તિ અક્કલ અને રૂહ સહિત જન્મે છે.

.....ખાનાવાદાન.

ફરમાન : ૧૮૬ તા.૧૧-૭-૧૯૯૧, નૈરોબી, કેન્યા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

પહેલી બાબત એ છે કે જમાતની પ્રણાલિકાને ચાલું રાખવામાં આવે આપણા મઝહબની નિયમિત પ્રેકટીશ કરવાની પ્રણાલિકા, ભાઈઓ અને બહેનો વચ્ચેના સબંધની પ્રણાલિકા, ખિદમતમાં વિશ્વાસ ધરાવવાની પ્રણાલિકા, ખરાબ સામાજિક વલણો કે જે આજે પ્રચલિત હોય અને કાલે ખોટા ઠરતા હોય પરંતુ જે નુકશાન કરનારા જખમો છોડી જતા હોય તેવા વલણોને જાકારો આપવાની પ્રણાલિકાને ચાલું રાખવામાં આવે આ બાબતો છે જેમાં આપણે આપણી આંખો ખુલ્લી રાખવી જોઈએ અને તેમને સમજવી જોઈએ.

આપણે જમાતમાંથી ગરીબીને, શહેરોમાંથી ગરીબીને, ગ્રામ્ય વિસ્તારોમાંથી ગરીબીને ખતમ કરવાનું ચાલું રાખવું જોઈએ જેઓને સહાયની જરૂર છે તેઓને સહાય કરવી જોઈએ બિમારોની સંભાળ લેવાનું તેમજ માનવીને શોધેલ સારવાર તેઓ સુધી લઈ આવવાનું ચાલું રાખવું જોઈએ ......ખાનાવાદાન.

ફરમાન :૧૮૭ તા. ૧૧-૭-૧૯૯૧, દારેસ્લામ, તાન્ઝાનીયા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

. હાલની વિચારસરણી ત્રીજી દુનિયાના વિકાસ કાર્ય ઉપર જેવી પોતાની અસર પાડશે કે ત્રીજી દુનિયામાં વસ્તી જમાત ઘણી વધારે શાંતિ સાથે, ઘણી વધારે આશા સાથે અને ઘણી વધારે મનની સ્થિરતા સાથે ભવિષ્ય તરફ નિગાહ કરી શકશે.

એ સંસ્થાઓ છે કે, જેમની પાસે દિશાનો એક ખ્યાલ છે. જેમની પાસે ગુણવત્તાનો એક ખ્યાલ છે. જેમની પાસે મકસદનો એક ખ્યાલ છે. જેમને જમાતની અંદર તથા બહાર માન્ય રાખવામાં આવેલ છે. .....ખાનાવાદાન.

ફરમાન :૧૮૮ તા. ૧૦ -૧૧ -૧૯૯૨, સુરત -ભારત

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે જ્યારે છેલ્લે ગુજરાતમાં હતા ત્યારે જગત બે વિભાગોમાં વહેંચાયેલું હતું કે જે એકબીજા સાથે ઘર્ષણમાં હતા. જે ક્યારેક લડાઈ કરતા અને ક્યારેક તો ફક્ત એક સિદ્ધાંતનું બીજા સિદ્ધાંત સાથે ઘર્ષણ રહેતું અમે અહીં સામ્યવાદી જગત વિશે અને મુડીવાદી જગત વિશે ફરમાવી રહ્યા છીએ.

શિક્ષણ એ જમાત સહિત દરેક માટે જીવનનું એક ઘણું જ મહત્વનું પાસું બની રહે છે.

સમયને વેડફો નહિ. શિક્ષણની પ્રક્રિયામાં એ પ્રમાણે ન વર્તો કે જાણે તે એક બિનમહત્વની અને અનિચ્છનીય બાબત હોય પરંતુ તમારા શિક્ષણમાં તમારી બુદ્ધિ વડે તમે યુવાન સ્ત્રી અને યુવાન પુરૂષ તરીકે પોતાના ભવિષ્ય માટે પોતાને તૈયાર કરો.

જગતના સંજોગોમાંના આ ફેરફારમાંથી જે ત્રીજું તારણ કાઢવું જોઈએ તે એ છે કે, શાંતિ અને એકતા એ એવા મહત્વના બળો રહેશે કે જે લોકોની શક્તિનું ઘડતર કરી શકે તેમ છે. વળી જ્યાં તેનું અસ્તિત્વ નથી ત્યાં લોકોને નબળા બનાવી મુકશે. તમારે જે કરવું જોઈએ તે એ છે કે પુર્વ યુરોપમાં શું બની રહ્યું છે અને મધ્ય એશિયામાં શું બની રહ્યું છે તેનો વિચાર કરો તો તમે તુરત જ એ તારણ ઉપર આવશો કે, જ્યાં ન તો શાંતિ છે અને ન તો એકતા છે ત્યાં ગરીબાઈ, નાખુશી અને નબળાઈ જ છે. અને એટલા માટે જો જગત વધું સ્વતંત્ર દેખાતું હોય તો પણ જગત વધું

શિસ્ત, વધું એકતા અને સામાજિક વર્તણુકના સિદ્ધાંત પ્રત્યે વધું જવાબદારી માગી લે છે.

યાદ રાખો કે ફક્ત અલ્લાહ જ સંપૂર્ણ છે. બીજું કંઈ પણ સંપૂર્ણ નથી આથી સંપૂર્ણતાની આશા ન રાખો અને તેને માટે આગ્રહ ન રાખો કારણ કે એમ કરવૂં ગેરવ્યાજબી અને અવ્યવહારૂં છે. વળી તે આપણી માન્યતાઓની વિરૂધ્ધ છે. પરંતુ તમારે કાબેલિયત, હેતુંમાં નિખાલસતા, એકતા, નક્કર હેતુંઓ અને જવાબદારીપણાની અપેક્ષા રાખવી જોઈએ કોઈપણ માનવી અથવા સંસ્થા પાસેથી એવી અપેક્ષા ન રાખો કે તે સંપૂર્ણપણે પરિપૂર્ણ હોય.

સામ્યવાદના સમયે ધર્મના પાલનને ઉત્તેજન આપવામાં નહોતું આવતું તેને સક્રિય રીતે નકારવામાં આવતું હતું.

એ પરિસ્થિતી હવે નથી રહી..... જેમ જેમ આ જમાતોને પોતાના ધર્મપાલનની આઝાદી મળતી જશે તેમ તેમ તેઓ પોતે કેવી રીતે પાલન કરે છે તે કહેવાની શક્તિ ધરાવતી થશે.

તરીકાની બાબતમાં નિર્ણયો લેવાનું ઝમાનાના ઈમામના અખત્યારમાં છે. તેઓ જ એવી હસ્તિ છે કે જેઓ જમાતને સન્મુખ લાવવાની, ધર્મનું અર્થઘટન કરવાની અને જુદી જુદી પ્રણાલિકાઓ ધરાવતી જમાતમાં વધતા પ્રમાણમાં એકતા લાવવાની જવાબદારી ધરાવે છે. માટે એ ખાસ અધિકારને જ્યાં છે ત્યાં જ રહેવા દો એ આપણા તરીકામાં પાયાની બાબત છે કે એ તો ઝમાનાના ઈમામ જ છે કે જેઓ આ અર્થઘટનો કરે છે.

એ યાદ રાખો કે આ મુરીદો એક સમાન જ અર્થઘટન ધરાવે છે, પરંતુ ઘણીવાર જુદા જુદા ઐતિહાસિક સંદર્ભમાંથી આવે છે, અને તે ઐતિહાસિક સંદર્ભ જે નાસિર ખુસરૂનો સંદર્ભ છે, તે સંદર્ભ ઘણો અગત્યનો છે અને તેને ભુલવો જોઈએ નહિ. ......ખાનાવાદાન.

ફરમાન :૧૮૯ તા.૧૧-૧૧-૧૯૯૨, માળિયા હાટીના(ભારત)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

સમાજની અંદર વ્યક્તિની ભૂમિકા સંબંધી એક નવી વલણ અસ્તિત્વમાં આવી છે. એવી આશા રાખવામાં આવે છે કે લોકોએ પોતાના ભવિષ્યને પોતાના જ હાથમાં લેવું જોઈએ અને પોતાની બહેતરી માટે પોતે જ કાર્ય કરવું જોઈએ અને નહિ કે, પોતાની સંભાળ લેવા માટે સંપૂર્ણ રીતે સરકાર અને સાર્વજનીક વિભાગની સંસ્થાઓ ઉપર આધાર રાખે.

યાદ રાખો કે શિક્ષણ શાળામાં જ અટકી નથી જતું. દાયકાઓથી એવી લાગણી પ્રવર્તે છે એક વખત બાળકોએ પોતાનું ભણતર પુરૂં કરી લીધું એટલે તે ત્યાંજ અટકી જાય છે એ ખરૂં નથી, શિક્ષણ એ જીવન પર્યંત સતત ચાલતી રહેતી ક્રિયા છે અને દરેક સમયે તમારી વ્યવસાયિક પ્રવૃતિ સંબધી પોતાના જ્ઞાનને સમય અનુંસાર બનાવવા તમારે શિક્ષણના સાધનો તરફ ફરી વળવું જરૂરી છે. તમારા સમગ્ર જીવન દરમ્યાન આ જ્ઞાનને સમયસરનું બનાવવું એ એક અન્ય પાસું છે.

ઈસમાઈલી તરીકામાં ઘણી ભાષાઓ ધરાવતા, ઘણી ઐતિહાસિક પ્રણાલિકાવાળા ઘણાએ લોકો છે અને આપણે એ વિવિધતા માટે ખુશી થવું જોઈએ અને આપણે તેને એક

નબળાઈની અથવા ભાગલાની બાબત તરીકે ન જોવી જોઈએ.

તમે એ સમજો કે આપણી પોતાની જમાતમાં વિવિધતા છે અને આ વિવિધતાને આવકારવામાં આવશે પછી ભલે તે ભાષામાં હોય કે સામાજિક સંસ્થાઓમાં હોય, પરંતુ મુળતત્વ ઝમાનાના ઈમામ પ્રત્યેની વફાદારીનું જે મુળતત્વ છે તે બદલાવું જોઈએ નહિ.

સંપુર્ણ તો ફક્ત અલ્લાહ જ છે, માનવી સંપૂર્ણ નથી.

.......ખાનાવાદાન.

ફરમાન :૧૯૦ તા.૧૮ -૧૧ -૧૯૯૨, હૈદરાબાદ(ભારત)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

તમારા નવા જમાતખાનાની અમે આ પહેલી મુલાકાત લઈ રહ્યા છીએ અને અમે ચાહીએ છીએ કે તમે એ જાણો કે અમે કેટલા ખુશી છીએ કે હૈદરાબાદમાં આપણે એક નવું જમાતખાનું ધરાવીએ છીએ, જે આપણા તરીકાનું યોગ્ય પ્રતિનિધિત્વ કરે છે અને આપણે આપણી જમાત માટે અહીં ભારતમાં અને જગતના બીજા ભાગોમાં જીવનની જે ગુણવત્તા મેળવવા ચાહીએ છીએ તેનું યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરે છે. તમારા જમાતખાનાને સ્વચ્છ રાખો, તેને સમારકામ કરીને તેમજ જાળવીને સારી હાલતમાં રાખો કે જેથી આવતા વરસોમાં તે હૈદરાબાદમાંની અને અન્ય જગ્યાઓની જમાતનું યોગ્ય પ્રતિનિધિત્વ કરે. અને સમય અનુસાર, ઈન્શાઅલ્લાહ, બીજી જમાતો માટે કે જેઓને, હૈદરાબાદની જમાત ધરાવે છે

તેવું નવું જમાતખાનું ધરાવવાનો હજુ સુધી મોકો નથી મળ્યો તેઓ માટે નવા જમાતખાનાઓ બાંધવામાં આવશે.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમારી ભારતની છેલ્લી મુલાકાત પછી, તમે જે જગતમાં વસી રહ્યા છો, પછી અહીં ભારતમાં કે બીજે ક્યાંય, તે ઘણી મહત્ત્વપૂર્ણ રીતે બદલાઈ ગયું છે અને એ યોગ્ય છે, અને એ બરાબર છે કે અમે ભારતમાંના તમારા ભવિષ્ય માટે, તમારા ભવિષ્યની પેઢીઓ માટે અને જગતભરની જમાત માટે આ ફેરફારનો શો અર્થ થાય છે તે વિષે કેટલાક વિચારો, કેટલાક ખ્યાલો અમારી જમાતને જણાવીએ.

હમણાં સુધી આપણું જગત બે મહત્વપૂર્ણ વિભાગોમાં વહેંચાયેલું હતું જે મોટે ભાગે ઘર્ષણમાં રહેતા, નિશ્ચિત વિચારસરણીઓના ઘર્ષણમાં તો કેટલીક વખત હથિયારોની લડાઈમાં કે જેણે જગતને સામ્યવાદી અને મુડીવાદી જગત વચ્ચે વહેંચી દીધું હતું. આ લડાઈઓ પશ્ચિમના જગત સુધી મર્યાદિત નહોતી તેઓએ ભારતના જનજીવન ઉપર અસર કરી છે, તેઓએ ત્રીજા જગતમાંના બીજા દેશોના જીવન ઉપર પણ અસર કરી છે. આજે સામ્યવાદી જગત અદ્રશ્ય થઈ ગયું છે. આનો ભારતમાંની જમાતને માટે શો અર્થ થાય છે ? આનો હૈદરાબાદમાંની જમાત માટે શો અર્થ થાય છે ? આનો ભારતમાંની આપણી ભવિષ્યની પેઢીઓ માટે શો અર્થ થાય છે ?

સૌથી પ્રથમ તો સામ્યવાદનું આ અદ્રશ્ય થવું, તે ઓછેવત્તે અંશે એ જ સમયે થયેલ છે જ્યારે ભારતમાં આર્થિક નીતિની ફેરવિચારણા, આર્થિક નીતિની ઉદારતા અને

ભારતના વિકાસમાં વધું ને વધું લોકો, વધું ને વધું સંસ્થાઓ અને વધું ને વધું બિનસરકારી સંસ્થાઓ સાથે આવે તે માટેની શોધ કરવામાં આવી રહી છે. એટલા માટે આજે તમારી સમક્ષ એકસાથે બનતી બે ઘટનાઓ છે : એક તો ચોક્કસ વિચારસરણીનું અને તેના પરિણામે નિર્ણય લેવાની બાબત જે ધીમી પડતી હતી તેનું અદ્રશ્ય થવું અને બીજી, ભારતના આર્થિક ભવિષ્યમાં લોકો અને સંસ્થાઓની ભૂમિકા વિશેની વિચારસરણીનું ઉદાર બનવું. ફરી, ભારતમાંની જમાતને માટે આનો શો અર્થ થાય છે ? આપણી ભવિષ્યની પેઢીઓને માટે આનો શો અર્થ થાય છે ? અને, તમારે ભવિષ્ય માટે પોતાની જાતને કેવી રીતે તૈયાર કરવી જોઈએ ?

પહેલું પરિણામ એ છે કે ભારતમાંનો સમાજ અને ત્રીજા જગતમાંનો સમાજ આવતા વરસોમાં વધું ને વધું પ્રમાણમાં એ તરફ પરિવર્તન પામશે કે જેને અમે કેનેડામાં મેરીટોક્રેટિક સોસાયટી (કાબેલિયતને મહત્ત્વ આપતો સમાજ) કહ્યો છે. આ એવો શબ્દ છે કે જેને સમજવામાં મુરીદોએ અહી અને અન્ય જગ્યાઓએ મુશ્કેલી અનુભવી છે. પરંતુ અમે તેને ફરી દોહરાવીશું. અને તેને સમજાવીશું ભારતમાં અને ત્રીજા જગતના બીજા દેશોમા તમે એવા સમાજમાં રહો છો કે જે કાબેલિયતને વધું ને વધું મહત્ત્વ આપતો બનશે. તેનો અર્થ એ થાય છે કે લોકોની પ્રગતી, સંસ્થાઓની પ્રગતી અને આંતરરાષ્ટ્રીય સંબંધો પણ લોકોની, અને સંસ્થાઓની, અને સરકારોની કામગીરીની ગુણવત્તા ઉપર આધાર રાખતા થશે. મતલબ, એ કાબેલિયત હશે, એ જ્ઞાન હશે, એ આવડત હશે, એ જવાબદારી હશે કે જે એવા પરિબળો હશે, જે

સમય સાથે એવા બળો બનવા પામશે કે જે ત્રીજા જગતમાં અને ત્રીજા જગતની અંદરના સમાજમાં વિકાસનું સંચાલન કરશે.

આ શિક્ષણ, કે જે વિશે અમે ફરમાવી રહ્યા છીએ તે નાની છોકરીઓ અને નાના છોકરાઓનું પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા કે યુનિવર્સિટીનું ફક્ત શૈક્ષણિક શિક્ષણ જ નથી દરેક વ્યક્તિ એ શિક્ષણમાંથી જે સહુંથી ઉત્તમ છે તે હાંસલ કરી શકે તે મેળવવા શોધ કરે તેથી શિક્ષણમાં સાધારણ કક્ષાનો સ્વીકાર કરવો એ એક ભુલ તરીકે સાબિત થશે.

એકેક યુવાન પુરૂષ અને એકેક યુવાન સ્ત્રીએ તેના શૈક્ષણિક શિક્ષણમાંથી જે સહુંથી ઉત્તમ છે તે હાંસલ કરવું જ જોઈએ. વધુંમાં શિક્ષણ શાળામાં અટકતું નથી ઘણીએ વખત ત્રીજા જગતમાં એમ વિચારવામાં આવે છે કે એક વખત તમે તમારૂં વિધિસરનું શિક્ષણ પુરૂં કરી લીધું તો તમારૂં શિક્ષણ ત્યાંજ અટકી જાય છે. શિક્ષણ સબંધી આ અર્થઘટન હવે ૨૦ મી સદીના અંત વખતે જરાયે માન્ય રખાય એમ નથી.

શિક્ષણ એ તો સતત પ્રક્રિયા છે. જો તમે વકીલ હો, જો તમે ડૉકટર હો, જો તમે વેપારી હો, પછી તમારી જે પણ પ્રવૃતિ હોય, તમારે એમ ન વિચારવું જોઈએ કે વીસ કે પચ્ચીસ વરસની ઉમરે તમે તમારા વિધિસરના શિક્ષણમાંથી એક વખત મેળવેલું તમારૂં જ્ઞાન અને કાબેલીયત તમારા પૂરા જીવન દરમ્યાન પૂરતા થઈ પડશે એટલા માટે જીવન પર્યંત શિક્ષણ ચાલું રાખવું અને તમારી વ્યવસાયિક કાબેલીયત અને જ્ઞાનમાં વધારો કરતા રહેવું એ આવતા વરસોમાં એક

અગત્યનું પાસું બની રહેશે.

માટે, શિક્ષણનો જીવનભરની પ્રક્રિયા તરીકેનો પણ વિચાર કરો કે જે આવતા વરસોમાં ભારતમાં કાબેલિયતને મહત્ત્વ આપતા સમાજમાં જમાતને પોતાનું ખરું સ્થાન શોધવા માટે વધું ને વધું લાયક બનાવવા મહત્ત્વનું બની રહેશે. આ પહેલો મુદ્દો છે. જગતના વાતાવરણમાં અને ભારતમાંના પરિવર્તનનું આ પહેલું પરિણામ છે.

બીજું પરિણામ શું છે ? બીજું પરિણામ એ છે કે ભાગલા, અસહમતી અને લડાઈ ઝઘડો વધું ને વધું પ્રમાણમાં સમાજો અને લોકોની નબળાઈનું મૂળ બનશે. અને એટલા માટે, કોઈ પણ દેશમાં જુદી જુદી ભાષાઓના અને જુદા જુદા ધર્મોના લોકો વચ્ચે એકતા અને શાંતિભર્યા સંબંધો આવનાર વરસોમાં ઘણા જ મહત્ત્વના પરિબળો બની રહેશે. પૂર્વ યુરોપ વિશે વિચાર કરો. મધ્ય એશિયા વિશે વિચાર કરો, ત્યાં જે લડાઈ ઝઘડા થઈ રહ્યા છે તેનો વિચાર કરો. વળી એ સમાજોને એ લડાઈ ઝઘડાની શી કિંમત ચૂકવવી પડી રહી છે તેનો વિચાર કરો. તો તમે તુરત જ સમજી લેશો કે ભારતમાં તમારા આગળના ભવિષ્યના જગતમાં એ જરૂરી છે કે લડાઈ ઝઘડાને બાજુએ મૂકવા જોઈએ અને એકંદરે સમાજના બહોળા હિતને ખાતર દરેક સંદર્ભના લોકોએ એકસાથે મળીને કાર્ય કરવું જોઈએ. આમ આ એજ સંદેશ છે કે અમે ભૂતકાળમાં આપ્યો હતો, તે છે બીજી કોમો સાથે સંબંધો બાંધો અને આજે ફક્ત એ જ ફરમાવીએ છીએ કે બીજી કોમો સાથે શાંતિના, મિત્રતાના અને સામાન્ય હેતુંઓ માટેના

સંબંધો બાંધવાનું ચાલું રાખો વળી, એ ધ્યાનમાં રાખો કે લોકો વચ્ચેના માનવજાતિના સમૂહો વચ્ચેના, ધર્મો વચ્ચેના ભાષાકીય સમૂહો વચ્ચેના ભાગલા સમાજો અને દેશોના ભવિષ્ય માટે અગાઉ હતા તે કરતાં પણ વધું મોંઘા પડશે.

સામ્યવાદી જગતના અદ્રશ્ય થવાનું ત્રીજું પરિણામ ભારતમાંની આપણી જમાત માટે શું છે ? ત્રીજું પરિણામ એ છે કે આપણે તમે ભારતમાંની જમાત, ઝમાનાના ઈમામ અને ઈમામતની સંસ્થાઓ એ જમાતોના સંપર્કમાં આવીશું કે જેઓનો ઈમામ અથવા જે દેશોમાં તેઓ પોતે વસે છે તેની બહારની જમાત સાથે ઘણો જ ઓછો સંપર્ક હતો. અમે અફઘાનિસ્તાનમાંની જમાતો વિશે ફરમાવીએ છીએ અને અમે તાજીકિસ્તાનમાંની જમાતો વિષે ફરમાવીએ છીએ. ત્યાં એ દેશોમાં ઘણા ઘણા મુરીદો છે કે જેઓ બંધિયાર સમાજમાં કેદ થઈ ગયા હતા અને જેઓને ભૂતકાળમાં આપણી જમાત કે આપણી સંસ્થાઓ સાથે કોઈ સંપર્ક નહોતો . આ જમાતોની તેમની પોતાની પ્રણાલિકાઓ, તેમની પોતાની પ્રથાઓ, તેમની પોતાની ભાષાઓ અને તેમનો પોતાનો ઈતિહાસ છે કે જે ભારતમાંની જમાતો કે અન્ય જગ્યાઓની જમાતો કરતાં જુદા છે. એ ઝમાનાના ઈમામની જવાબદારી અને અધિકાર છે કે એ પ્રણાલિકાઓને આગળ આવવા દે, એ જમાત પોતાના ધર્મના અર્થઘટન અને પોતાના ધર્મના પાલન સંબંધમાં પોતાના ભવિષ્યનું ઘડતર કરી શકે તે માટે તેઓને મદદ કરે અને જમાતમાં વધું ને વધું સીનર્જી લાવે (સીનર્જી એટલે એવી શક્તિ કે જેની એકંદરે અસર તેને સર્જન કરતી જુદી જુદી શક્તિઓના કુલ સરવાળા કરતા પણ

વધું હોય) અને વધું ને વધું એકતા લાવે કે જેથી, અમે અગાઉ ફરમાવ્યું છે તે મુજબ તેઓ સીમા વગરના ભાઈચારાનું, જગતભરના મુરીદોના સીમા વગરના ભાઈચારાનું પ્રતિબિંબ પાડી શકે. પછી ભલે તેઓ મધ્ય એશિયાના હોય, ભલે તેઓ ઉપખંડના હોય, ભલે તેઓ આફ્રિકાના હોય, પછી તેઓ ક્યાંયના પણ હોય. અને એટલા માટે યાદ રાખો કે જો કે કેટલીક વખતે વિવિધતાને નબળાઈ તરીકે જોવામાં આવે છે પણ આપણા તરીકામાં વિવિધતાને શક્તિ તરીકે જોવામાં આવે છે. કારણ, આપણી જમાત આ પ્રણાલિકાઓને, આ જ્ઞાનને અને આ પ્રથાઓને આગળ લાવે છે એટલા માટે તે શક્તિશાળી છે. માટે એ યાદ રાખો કે આ જમાતી બાબતો અને ધર્મનું અર્થઘટન આપવું એ ઈમામનો અધિકાર છે એ તેમની જવાબદારી છે. અને અમે એ પ્રમાણે કાર્ય કરીશું કે જેથી ઈન્શાઅલ્લાહ, આવતા વરસોમાં જમાત વધું ને વધું એકતાથી સંગઠિત થઈ શકે.

સામ્યવાદી જગતનું અદ્રષ્ય થવાનું ચોથું પરિણામ માનવજાતના લડાઈ ઝઘડા છે અને જે થઈ રહ્યા છે, અને જેના પરિણામરૂપ પશ્ચિમ જગતના દેશો નિર્વાસિતો અને દેશાંતર કરનારાઓને સ્વીકારવા ઓછા ને ઓછા પ્રમાણમાં ઈચ્છા ધરાવશે. અમે ભારતમાંની જમાતને આ ભારપૂર્વક જણાવવા ચાહીએ છીએ, કે જેવી રીતે અમે અન્ય જગ્યાઓએ જણાવેલ છે. અમે અમારી જમાતને ફરમાવ્યું છે કે પશ્ચિમના જગતમાં દેશાંતર કરનારાઓ માટેના કાયદાઓ ન તોડો, પશ્ચિમના જગતમાં નવા દેશાંતર કરનારાઓ માટેના કાયદાઓ ન તોડો. જો તમે દેશાંતર કરનારાઓ માટેના કાયદાઓ તોડો

છો તો હકીકતમાં શું થાય છે ? લોકો અયોગ્ય દસ્તાવેજોના આધારે એક દેશમાં જાય છે, તેઓ એ દેશમાં પોતાના હોવા માટેનું કારણ ખોટી રીતે સમજાવે છે. પછી તેઓ ગેર કાનૂની રીતે વેપારધંધાના કે નોકરીના ક્ષેત્રમાં દાખલ થાય છે. તેઓ કાનૂન સામે કોઈ હક્કો ધરાવતા નથી. તેઓ શિક્ષણ અને તંદુરસ્તીની સંભાળ જેવી સામાજિક સેવાઓ માટે કોઈ હક્ક ધરાવતા નથી. અને તેઓ છેવટે એ સમાજમાં ગરીબ, ઓછા હક્ક ધરાવનાર અને દુ:ખનો ભોગ બનેલ જૂથ બની રહે છે. અમારી જમાતનું દુનિયાના કોઈપણ ભાગમાં આવું નસીબ હોય એવું અમે નથી ચાહતા. અને એટલા માટે અમે આજે તમને ફરમાવીએ છીએ કે જો તમે બીજા દેશમાં જવા ઈચ્છતા હો તો એ દેશના કાયદાની અંદર રહીને તેમ કરો, એ દેશની સંબંધિત નેશનલ કાઉન્સિલની મદદ મેળવો, પરંતુ એમ નહી કે ત્યાં જઈ તમે કાયદાનો ભંગ કરો અને પછી તમે જ્યારે મુશ્કેલીમાં આવી પડો તો નેશનલ કાઉન્સિલ પાસે જાઓ અને કહો કે હું મુશ્કેલીમાં છું, હવે તમે મારા કોયડાઓને સંભાળી લો. કેટલીક વખત એવું બને છે. એ આપણી જમાતની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે, એ સંબંધિત કુટુંબો અને વ્યક્તિઓને પણ નુકસાન પહોંચાડે છે, એ નેશનલ કાઉન્સિલના કાર્યને વધું ગૂંચવણભર્યું બનાવે છે અને એટલા માટે અમે અમારી ભારતમાંની અને અન્ય જગ્યાઓમાંની જમાતને ફરમાવીએ છીએ કે જો તમે બીજા દેશમાં જવા માંગતા હો તો તમે ત્યાં દેશાંતર કરનારાઓ માટેના કાનૂનોનું સખતપણે પાલન કરીને તેમ કરો અને નહીં કે તેને તોડીને.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે જ્યારે ભારતમાંની જમાતના ભવિષ્ય તરફ નજર કરીએ છીએ તો અમે ચાહીએ છીએ કે તમે એ ધ્યાનમાં રાખો કે નિર્ણયો લેવાનું કાર્ય વધું ઝડપી બનશે, કાબેલિયતને મહત્ત્વ આપવાનું વધું પ્રચલિત બનશે અને એટલા માટે આપણી સંસ્થાઓએ વધું ને વધું અસરકારક રીતે અને વધું ને વધું કાબેલિયતપૂર્વક કાર્ય કરવાનું ચાલું રાખવું પડશે. આ એ બાબત છે જે જમાતને માટે મહત્ત્વની છે અને જે અમારે માટે પણ મહત્ત્વની છે.

પરંતુ એક તરફ અસરકારકતા, કાબેલિયત, જવાબદારીપણું અને દિશાનું ભાન અને બીજી તરફ સંપૂર્ણતા એ બેમાં મોટો તફાવત છે. ફક્ત અલ્લાહ જ સંપૂર્ણ છે, એટલે કોઈ વ્યક્તિ કે સંસ્થા પાસેથી સંપૂર્ણતાની આશા ન રાખો ઉદાર અને મદદ કરનાર બનો સાથે મળીને કામ કરો. ગુણવત્તા કાબેલિયત, જવાબદારીપણું અને દિશાસુઝની અપેક્ષા રાખો.

પરંતુ પરિપુર્ણતાની અપેક્ષા ન રાખો અને જો તમે પરિપુર્ણતાની અપેક્ષા રાખનારાઓમાંના છો તો પોતાની જાતને એ પ્રશ્ન પુછો કે જો તમને એક સંસ્થામાં જવાબદારીભર્યા સ્થાને મુકવામાં આવે અને તમારા પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે કે તમે પરિપૂર્ણ હો, તો તમે શું કહેશો ? તમે કહેશો કે એ અપેક્ષા ગેરવાજબી અને અયોગ્ય છે. અને એટલા માટે બીજાઓ પાસેથી, પછી તે વ્યક્તિઓ હોય કે સંસ્થાઓ, એવી આશા ન રાખો, પરંતુ તેઓને ટેકો આપો, તેઓને ઉતેજન આપો, અને આપણે આપણી જમાતમાં જે

ભવ્ય મરજિયાત સેવા ધરાવીએ છીએ તે ચાલુ રાખો કે જેણે આવી શક્તિ આપી છે. અને અમે સંસ્થાઓ ઉપર ધ્યાન આપવાનું ચાલું રાખીશું.

પરંતુ યાદ રાખો કે સંપૂર્ણતા એ એવો હેતું નથી કે જેની તમારે આશા રાખવી જોઈએ કારણ કે કોઈપણ વ્યક્તિ અને કોઈપણ સંસ્થા પાસેથી સંપૂર્ણતાની આશા રાખવી એ ગેરવાજબી અને અવાસ્તવિક છે.

અહીં અમે અમારા સર્વે રૂહાની બચ્ચાઓને તમારા સુખ માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તમારા લાંબા જીવન માટે, તમારી સારી તંદુરસ્તી માટે, તમારા કોયડાઓના ઉકેલ માટે, તમારા જીવનના પ્રત્યેક દિવસે બરકાત, બરકાત, બરકાત માટે અને મુશ્કિલ-આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય વહાલભર્યા અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

.......ખાનાવાદાન.

ફરમાન:૧૯૧ તા. ૨૩ -૧૧ -૧૯૯૨, બાન્દરા, મુંબઈ

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારી દ્રષ્ટિએ જે કે તે મહત્ત્વનું છે કે આપણે ક્યાં જવા માંગીએ છીએ તે વિષેની સ્પષ્ટ સુઝ હોવી જોઈએ. આપણી સંસ્થાઓ પાસે આપણા લક્ષ્યાંકો શું છે ? કારણ કે આધુનિક જગતમાં સમાજો અને કોમોનો વિકાસ સમૃદ્ધિ અને જીવનની ગુણવત્તાનો સુધારો તેઓની સંસ્થાઓની શક્તિ અને કાબેલીયત અને અસરકારકતા સાથે સીધે સીધો સંબંધ ધરાવે છે.

અમે અફઘાનિસ્તાન, તાજિકીસ્તાન વિગેરેનો ઉલ્લેખ કરી રહ્યા છીએ .....તેઓની પોતાની ભાષાઓ છે. તેઓની પોતાની પ્રણાલિકાઓ છે. અને તેઓનો પોતાનો ઈતિહાસ છે.

આપણે તેઓની પ્રણાલિકાઓનો આદર કરવો જોઈએ અને ભારતની પ્રણાલિકાથી અગર તે જુદી હોય તો તે ભલે રહી, તો તે ભલે રહી કારણ કે ઘણી વાર એવો ભય હોય છે કે વિવિધતા એ કમજોરી છે. પરંતુ જ્યાં સુધી આપણા તરીકાના સત્ત્વનો આદર થતો હોય ત્યાં સુધી તે વિવિધતા એ શક્તિ છે. કોઈ મુરીદ ફારસી બોલે છે, કોઈ મુરીદ અરબી બોલે છે કે ગુજરાતી બોલે છે કે તાજિક ભાષા બોલે છે એથી કોઈ ફરક પડતો નથી મહત્ત્વનું એ છે કે આપણા તરીકામાં સત્ત્વનો આદર થાય.

અમે માત્ર અમારી પ્રણાલિકાગત ટ્રેડીશન, શિક્ષણની વાત નથી કરી રહ્યા તે માત્ર શાળામાં જતા યુવાન દીકરા કે દીકરીના શિક્ષણ વિષે જ અમે ચિંતીત નથી, અમે શિક્ષણ પ્રત્યેની વલણ માટે ચિંતીત છીએ તે એ છે કે વ્યવસાયિક રીતે જે પણ ક્ષેત્રમાં હો તમે દુકાનવાળા હો, કે તમે વકીલ હો, કે તમે ડૉકટર હો, તેમ તમે નર્સ હો, કે તમે ટીચર્સ હો, તમે જે પણ પ્રવૃતિ કરતા હો, તમે તમારા જીવન પર્યંત જ્ઞાન માટેની સતત શોધ વડે તે પ્રવૃતિમાં તમે વધુંને વધું કાબેલ બનો એજ સંદેશો છે.

અમે તમારા ભવિષ્ય માટે, તમારી સુખાકારી માટે, તમારા કુટુંબોની એકતા માટે, તમારી સારી તંદુરસ્તી માટે અને મુશ્કેલ આસાન માટે, તમારી જે પણ સમસ્યા હોય તેના નિરાકરણ માટે બરકતો અને વધું બરકતો અને મુશ્કેલ આસાન માટે અમે અમારા ઉત્તમો ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

......ખાનાવાદાન

ફરમાન : ૧૯૨ તા. ૫-૮-૧૯૯૪, લંડન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણી જમાતના નવયુવાનો પાસે, પછી તેઓ પશ્ચિમી યુરોપમાં હોય કે કોઈ બીજી જગ્યાએ હોય, પોતાના ભાવિની યોજના જે રીતે કરવી જોઈએ તે દિશાની સ્પષ્ટ સમજ હોય.

સમાજો એ રીતે વિકાસ પામશે કે, આ સમાજોમાં કાબેલીયતને, લાયકાતને, બુદ્ધિ કૌશલ્યને અને આવડતને વધતા જતા પ્રમાણમાં અર્થપૂર્ણ ગણવામાં આવશે.

હઝરત અલીના સમયથી જ, પોતાની અનેક અનોખી લાક્ષણિકતાઓમાં શિયા ઈસ્લામે, ઈન્સાનની અકલને, ઈન્સાનની ક્ષમતાને, તેના મગજ તથા બુદ્ધિ કૌશલ્યનો ઉપયોગ કાબેલીયત પૂર્વક કરવા અને તે મઝહબ તથા મઝહબના નીતિ- નિયમોની ખિદમતમાં કરવા, અતિશય મહત્વતા આપી છે.

મઝહબ અને અક્કલ વચ્ચે કોઈ ટકરાવ નથી. ઉલટાનું, જો અક્કલની બરાબર રીતે અર્થ તારવણી કરવામાં આવે તો તે મઝહબનું બીજું પાસું જ છે.

આપણી પ્રણાલિકાનું એ એક અદ્‌ભુત લક્ષણ છે કે આપણે ભવિષ્ય માટેની તૈયારી કરતા હોઈએ, જ્યાં પણ બની શકે કેળવણી મેળવવા પ્રયત્ન કરતા હોઈએ, આપણે આપણા તરીકાની મૂળભૂત બુનિયાદોમાંની એકને હંમેશા વળગી રહી શકીએ છીએ, અને તે છે; માનવ અક્કલનો વિકાસ.

એકત્રીત રહો અને મઝહબની પ્રેક્ટીસમાં મજબૂત અને વફાદાર રહો. એ મઝહબ દ્રઢ માન્યતાનો છે; એ મઝહબ દ્રઢ માન્યતાનો હોવો જોઈએ; બીજા ધર્મોમાં બનેલ

છે તેમ, તે સગવડનો મઝહબ નહિ હોવો જોઈએ.

અને જો તે દ્રઢ માન્યતાનો મઝહબ છે, તો પછી તે ફક્ત દિલની દ્રઢ માન્યતાનો જ નહિ, પરંતુ રૂહની અને અક્કલની દ્રઢ માન્યતાનો પણ મઝહબ છે. તે મઝહબ દ્રઢ માન્યતાનો છે, અક્કલનો છે, અને નીતિ-નિયમનો છે.

તમે ભાઈઓ અને બહેનો માફક એકત્રિત રહો, મઝહબના નીતિ-નિયમને સચ્ચાઈથી વળગી રહો, અને તમે પોતાને ઈસ્લામ વિશેના કેટલાંક ખોટી માહિતીવાળા અભિપ્રાયોથી પ્રભાવિત થવા નહિ દો કે જે વિશે તમો અને અમો દરરોજ વાંચીએ છીએ.

આપણો તરીકો એ એક શાંતિનો, એકતાનો, અક્કલનો અને દ્રઢ માન્યતાનો તરીકો છે. આ શાનદાર બળો એ સ્થંભો છે કે, જેના ઉપર તમે એકત્રિતપણે અને કાબેલિયતપૂર્વક, જ્યાં પણ રહેતા હો અને જ્યાં પણ કામ કરતા હો, તમારા ભવિષ્યનું ઘડતર કરી શકો છો.

જો તમે સખત મહેનતના સિદ્ધાંતોને, ભાઈચારાના સિદ્ધાંતોને, મંદીના બોજનું વિભાજન કરી દેવાના સિદ્ધાંતોને, ભવિષ્યના માટે જોખમની કિંમત આંકવાના તથા હિંમતથી કામ કરવાના સિદ્ધાંતોને વફાદાર રહેશો તો ઈન્શાઅલ્લાહ, તમે આ મંદીમાંથી માનપૂર્વક ઉન્નત મસ્તકે બહાર આવી શકશો.

.......ખાનાવાદાન.

ફરમાન :૧૯૩ લંડન ૮ મી ઑગસ્ટ ૧૯૯૪

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, બધી જ પ્રવૃતિઓમાં બધા જ મુરીદો માટે કેટલીક સુખની ક્ષણો હોય છે. કેટલીક દુ:ખની ક્ષણો હોય છે. પરંતુ એ યાદ રાખો કે કોઈપણ ક્ષણ હોય ઈમામ તમારી પડખે છે. તેઓ તમારી સાથે છે. અને જીંદગીની મુશ્કેલીઓ અને આપત્તિઓનો સામનો કરતી વખતે એ યાદ રાખો કે તમે ક્યારેય એકલા નથી, તમે એકલા નથી. કેટલીક વખતે તમને કદાચ એવી લાગણી થાય કે તમે એકલા છો, પરંતુ તમે એકલા નથી અને અમે નથી ચાહતા કે તમે એવી લાગણી અનુંભવો કે તમે ક્યારેય એકલા છો. તમારી સાથે હોવા બદલ અમે આનંદિત છીએ. અગર જો કે અમે શારીરિક રીતે હોઈએ કે ન હોઈએ તેનાથી કશો ફરક પડતો નથી. અમે હમેશાં તમારી સાથે છીએ. તમે જ્યાં પણ હો અમે તમારી સાથેજ છીએ. .....ખાનાવાદાન.

ફરમાન : ૧૯૪ તા. ૧૪-૮-૧૯૯૪, લંડન દરબાર

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારી એ આશા અને દુઆ છે કે એ મંદીમાં જે સૌથી ખરાબ હતું તે હવે પુરું થઈ ગયું છે અને અમારી જમાતને જે પણ નુકશાન થયું છે તેનું સખત કાર્ય સાથે, એકતા સાથે, પ્રમાણિકતા સાથે અને ડહાપણ સાથે ફરી ઘડતર કરવા શક્તિમાન થશે.

અમારી એ દ્રઢ માન્યતા છે કે જો તેઓ પોતાના દેશોમાં બધા જુથો વચ્ચે આપસમાં વાતચીત કરવામાં મદદ કરનાર

તરીકેનો ભાગ ભજવી શકશો તો ઈન્શાઅલ્લાહ, એ વાતચીત હથિયારોની જગ્યા લેશે, ચર્ચાવિચારણા ખુનરેજીની જગ્યા લેશે અને શાંતિની કેટલીક પ્રક્રિયા પાછી આવશે કે જેની અતરાફમાં સંસ્કૃતિવાળો સમાજ ફરીવાર વજૂદમાં આવી શકે.

અમે તમને જણાવ્યું હતું કે મેરીટોક્રેસી (કાબેલીયત) વધુંને વધું પ્રમાણમાં સમાજને ચલાવતું બળ બની રહેશે; એટલે કે સંસ્થાઓની ગુણવત્તા તેમજ વ્યક્તિઓની ગુણવત્તા વધું ને વધું પ્રમાણમાં એવું બળ બનતું જશે કે જે કાબેલીયતને ઓછી કાબેલીયતથી અને સફળતાને ઓછી સફળતાથી જુદી તારવી બતાવશે.

સંસ્થાઓએ બદલાવું પડશે, તેઓએ પોતાની કાર્ય કરવાની રીતો બદલવી પડશે. અને ભવિષ્યની પેઢીઓની વધું સારી સેવા કરવા તેઓએ શું મેળવવું જોઈએ તેની વધું અસરકારક રીતે સમજણ આપવી પડશે.

પશ્ચિમના જગતમાં સારૂં પણ શિક્ષણ છે તેમજ, મધ્યમ દરજ્જાનું પણ શિક્ષણ છે. હકીકતમાં તો, પશ્ચિમની દુનિયામાં શિક્ષણ શબ્દ ત્રીજા જગતના દેશોમાં જે અર્થ ધરાવે છે તે જ પ્રમાણેનો અર્થ ધરાવતું નથી ત્રીજા જગતમાં જે પણ શિક્ષણ મળી શકતું હોય તે મેળવવું એક ન્યામત ગણાય છે. પશ્ચિમના જગતમાં લગભગ દરેક જણ શિક્ષણ મેળવી શકે છે, પરંતુ હર કોઈ સારૂં શિક્ષણ મેળવી શકતો નથી. તમારે ભવિષ્ય માટે પોતાને તૈયાર કરવા માટેનું આ એક પાસું છે.

મેરીટોક્રેસી માટે પોતાને તૈયાર કરતી વખતે મધ્યમ દરજ્જાને કબૂલ ન કરો એ બાબતને કબૂલ ન કરો કે નામ ખાતર મેળવેલું શિક્ષણ તમને જીવનભર કામ આવશે એ તો શિક્ષણની ગુણવત્તા જ છે જે તમારે માટે મહત્વની છે.

પશ્ચિમના જગતમાં શિક્ષણમાંથી લાભ ઉઠાવવાની તમને એક તક મળી છે તેને મધ્યમ દરજ્જામાં અને અર્ધા મનથી ન લો તેને કાબેલીયતથી અને લગન સાથે ઝડપી લો અને આવતા વરસોમાં તેને તમારી અને જમાતની ભવિષ્યની પેઢીની સેવામાં લગાવો.

મેરીટોક્રેસીનું સંચાલન ખાસ કરીને બુદ્ધિં દ્વારા થાય છે, અને અમે તમને યાદ અપાવેલ કે આપણી પ્રણાલિકામાં બુદ્ધિ કેવી રીતે એક ખાસ શક્તિશાળી ભાગ ભજવે છે માટે તમારી પ્રણાલિકાને વફાદાર રહો, જમાતખાનામાં નિયમિત હાજર રહો, તમારા તરીકાને વફાદાર રહો.

તમારી બુદ્ધિનો વિસ્તાર એ સમાજ પ્રમાણેનો હશે અને તે છતાં પણ તમે તરીકાને વફાદાર હશો એટલા માટે નિયમિત પાલન કરો.

જો તમે નિયમિતપણે જમાતખાનામાં હાજર ન રહી શકો તેમ હો તો ઓછામાં ઓછું, ઓછામાં ઓછું તમારા વિચારો ધર્મ ઉપર રાખો અને તમને એકાદ પળ મળે તો તસ્બીહ લો અને યા મુહમદ કહો, યા અલી કહો, યા અલ્લાહ કહો.

તમે જે દરેક સેકંડ તમારા ધર્મને અર્પણ કરો છો તે એક ખોજ છે એક રહેમત છે.

જો કે અમે શારીરિક રીતે તમારાથી વિદાય લઈશું પરંતુ અમે તમને કદી અમારા દિલમાંથી વિદાય નથી આપતા, અમે તમને કદી અમારા વિચારોમાંથી વિદાય નથી આપતા, અમે તમને કદી અમારી દુઆઓમાંથી વિદાય નથી આપતા.

તમને જે પણ મુશ્કેલી હોય તેમાં ઈમામનો પ્રેમ તમારી સાથે છે એ વિષે તમે ક્યારે પણ શંકા ન કરજો. .....ખાનાવાદાન.

ફરમાન:૧૯૫

તા. ૧૩-૧૧-૧૯૯૪,
ઈસ્લામાબાદ(પાકિસ્તાન)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું.,

બીજો અગત્યનો સંદેશો એ છે કે જ્યાં પણ માનવ સમાજ વસે છે. ત્યાં શાંતિ હોય, શાંતિ એ સંસ્કૃતિવાળો સમાજમાં સૌથી અગત્યનું એકમાત્ર તત્વ છે. જે એ છે કે સમાજ શાંતિમાં રહે.

અફઘાનીસ્તાન જ્યારે શાંતિ અને આબાદીની સ્થિતિમાં પહોંચશે ત્યારે તે પોતાને શક્યપણે કેવા પ્રકારના જગતમાં પામશે ? એ કાબેલિયતને મહત્ત્વ આપતી દુનિયા હશે. એ સ્વતંત્ર બજારના અર્થતંત્રવાળી દુનિયા હશે. એ ઘણાયે મતમતાંતર ધરાવતી દુનિયા હશે આ એવા સિધ્ધાંતો છે કે જેને સમજવા તમારે માટે અગત્યનું છે અને તમારા ભવિષ્ય માટે તે વડે પોતાને તૈયાર કરવાના છે. અને આ પ્રમાણે જો મેરીટોક્રેસી રહેવાની હોય તો તમારે પોતાને અને તમારા બાળકોને ભવિષ્ય માટે કેવી રીતે તૈયાર કરી શકો તેમ છો ? તમે સૌથી પહેલાં જે કરો તે એ છે કે તેઓને સારૂં શિક્ષણ અપાવો. તમે બીજું એ કરો કે તમે જે દેશમાં વસવાટ કરશો તેના આર્થિક વિકાસના ક્ષેત્રો કયા હોઈ શકે તે ઓળખી કાઢો (ત્રીજું તમે એ ભાષા.. ભાષા છે.) અને એટલા માટે આ સમય દરમ્યાન, દુ:ખમય ભલે એ અત્યંત દુ:ખમય હોય તો પણ એવું ન વિચારતા કે એ સમય એવો છે જેને ગુમાવી દેવામાં આવે. એ ગુમાવી દેવાનો સમય નથી એ એવો સમય છે જેનો ઈન્શાઅલ્લાહ આવતા વરસોમાં તમારા ફાયદા માટે

ઉપયોગ કરવો જોઈએ. આથી એ સમયનો ભવિષ્ય માટે તૈયારી કરવા અર્થે ઉપયોગ કરો.

ત્રીજુ; તમે એ ભાષા શીખો જે જગતભરની સંદેશવ્યવહારની ભાષા છે, વિજ્ઞાનની ભાષા છે, વિશ્વભરની ઈલ્મની ભાષા છે.

અમે આશા રાખીએ છીએ કે, તમે યોગ્ય પસંદગીઓ કરશો. તમે ઈલ્મ અને સારૂં ઈલ્મ મેળવવાની કોશિષ કરશો. તમે ઈચ્છવાયોગ્ય આર્થિક ભવિષ્ય માટે તૈયારી કરશો. અને તમે ઈચ્છવાયોગ્ય ન હોય એવી પ્રવૃત્તિઓની અસરમાં નહીં આવો એવી પ્રવૃત્તિઓ જે આજે જમાત માટે નુકશાનકારક છે. અને જે આવતી કાલે જમાત માટે નુકશાનકારક હશે.

અમે અમારી જમાતને ચોખ્ખું ફરમાન કર્યું હતું; કેફી પદાર્થો ઉગાડવામાં ન પડો, કેફી પદાર્થોના વેપારમાં ન પડો, કેફી પદાર્થોના ઉપયોગ કરવામાં ન પડો.

કે જે ગેરકાયદેસર પ્રવૃતિ છે, નૈતિક રીતે એ ખરાબ પ્રવૃતિ છે. અમે નથી ચાહતા કે અમારા રૂહાની બચ્ચાઓ આ પ્રવૃતિમાં પડે.

ડહાપણપૂર્વક વિચાર કરો, સંભાળપૂર્વક વિચાર કરો, એકતાથી રહો. અને એ યાદ રાખો કે આપણા તરીકાની નીતિમત્તા એવી નીતિમત્તા હોવી જોઈએ કે જે તમને આ સમયમાંથી ભવિષ્યમાં પ્રવેશવા તરફ દોરવે.

......ખાનાવાદાન.

ફરમાન :૧૯૬ તા. ૨૯ -૧ -૧૯૯૫, મોસ્કો (રશિયા)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

સદીઓમાં આ પહેલી વાર છે કે ઈમામ મધ્ય એશિયામાંની પોતાની જમાત વચ્ચે શારીરિક રીતે હાજર છે. અને જો કે રૂહાની બંધન જે દરેક મુરીદને સમય દરમ્યાન, ઈતિહાસની આરપાર, ભુગોળની આરપાર ઝમાનાના ઈમામની સાથે બાંધે છે તે એક કાયમી બંધન છે.

તમને એ યાદ અપાવવાદો કે ઈમામના સઘળા મુરીદો માટે, ભલે પછી તેઓ મધ્ય એશિયામાંથી હોય, હિંદમાંથી હોય, પાકિસ્તાનમાંથી હોય કે પશ્ચિમના જગતમાંથી હોય તેઓ માટે મૂળભૂત સિધ્ધાંત છે ઝમાનાના ઈમામની ઓળખ.

એ તેઓ (ઈમામ) જ છે જે ધર્મનું અર્થઘટન કરે છે. એ તેઓ (ઈમામ) જ છે જે જમાતને તેના જીવન દરમ્યાન કોઈ પણ સમયે તેના ધર્મની સમજણ મેળવવા હિદાયત આપે છે.

આજે અમને અર્થઘટનના કેટલાક સિદ્ધાંતોની પણ તમને યાદ અપાવવા દો કે જે હઝરત અલી ઈસ્લામના આપણા અર્થઘટનમાં લાવ્યા હતા. મુખ્ય સિદ્ધાંતોમાંનો એક જે તેઓ લાવ્યા હતા તે એ છે કે ઈસ્લામ ફક્ત સમજ્યા વગરની ગોખણ પટ્ટીનો ધર્મ નથી. એતો અકલથી સમજવાનો એક ધર્મ છે, એતો વ્યક્તિગત શોધ કરવાનો ધર્મ છે એ તો સમાજમાં બીજાઓની જવાબદારી સ્વીકારવાનો એક ધર્મ છે.

આ અકલપૂર્વકની શોધમાં હઝરત અલીએ ધર્મ અને અકલને જુદા નહોતા પાડયા. હઝરત અલીએ ફરમાવ્યું હતું કે અકલ એ તો ધર્મની એક બીજી બાજું છે.

આપણા ધર્મની નીતિરીતિમાં રહીને તમારી અકલનો ઉપયોગ કરો. ભલે તમે કોઈ પણ સમયમાં અને કોઈ પણ જગ્યાએ રહેતા હો, આમ તમારે માટે અક્કલ અને ધર્મ વચ્ચે કોઈ જુદાઈ નથી. અક્કલનો ઉપયોગ કરવો એ સમાજમાં કોઈપણ અપાયેલ સમયમાં યોગ્ય વહેવાર કહેવાય.

પહેલો સિદ્ધાંત એ છે કે ધર્મની નીતિરીતિના માળખામાં રહીને તમારે તમારી અકલનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ ભવિષ્ય માટે પોતાને તૈયાર કરવામાં તમારી અકલનો ઉપયોગ કરવામાં ડર ન રાખો. કારણ કે ભવિષ્ય એક મેરીટોક્રેટિક (લાયકાતને મહત્વ આપતું) ભવિષ્ય હશે.

બીજો સિદ્ધાંત કે જે હ. અલીએ ભાર આપ્યો હતો પરંતુ જે જગતભરમાં ઈસ્લામના અર્થઘટનમાં એક ભાગરૂપ છે તે સિધ્ધાંત છે. ઉદારતાનો, દયાભાવનો, સંભાળ લેવાનો, માફીનો એટલે કે જેઓ જરૂરતમંદ છે તેઓની સેવા માટે શોધ કરતા રહેવાનો, જેઓએ ભુલ કરી હોય અથવા તો તમને નુકશાન પહોચાડયું હોય તેઓને માફી આપવાનો કારણ કે એ માફી જ છે જે તમને શક્તિ પ્રદાન કરશે. અને જે તેઓમાં તમારી વર્તણુંક માટે માન પેદા કરશે અને જે તેઓને તમારી વર્તણુંક પ્રમાણે ચાલવા ઉત્તેજન આપશે એમ નબળાઓની સેવા કરવી, ગરીબોની સેવા કરવી, સામાજિક સમસ્યાઓને ઉકેલવા સાથે મળીને કામ કરવું એ આપણા ધર્મનું મુળભુત પાસું છે.

તમારામાંના ઘણા એવા સમાજોમાં રહે છે કે જ્યાં ઊંડા ભેદભાવો છે, જ્યાં ઘણા દુ:ખ દર્દો છે. અને એ અગત્યનું છે

કે તમારે આપણા ધર્મની નીતિરીતિના, ઉદારતાના, દયાના અને માફીના સિદ્ધાંત ઉપર રહી ભવિષ્ય તરફ નજર કરવી જોઈએ.

જો તમે અક્કલ સાથે જનમ્યા છો તો કોયડાઓના ઉકેલની ખોજ એ અક્કલ સાથે કરવી જોઈએ. તમારી સામે આવનાર અથવા હાલ જે તમારી સમક્ષ છે તે કોયડાઓનો ઉકેલ હિંસક સાધનો દ્વારા નહીં, પરંતું બાંધછોડ અને વાતચીત દ્વારા સાથે મળીને પ્રયાસ દ્વારા થવો જોઈએ.

એ યાદ રાખો કે જો તમે જુદા જુદા દેશોમાંથી, જુદી જુદી ભાષાઓ સાથે, જુદી જુદી પ્રણાલિકાઓ સાથે આવો છો તો એ તો એક શક્તિ છે. કારણ કે બહુંપણામાં શક્તિ રહેલી છે. જુદા જુદા સંદર્ભ ધરાવતા સમાજોના સાથે આવવામાં શક્તિ રહેલી છે.

સમયના વહેણ સાથે જો એવી બાબતો હોય કે જેનું અર્થઘટન આપવું હોય અને ખાસ કરીને ધર્મની બાબતોમાં તો એ ઈમામ જ છે જે એ નિર્ણયો લેશે એ ઈમામજ છે, જે જમાતને હિદાયત આપશે.

તમારો એક બીજા સાથેનો સંબંધ તેમજ તમારો ઈમામ સાથેનો સંબંધ એક રૂહાની બંધનનો છે. તમારી રાજકારણની માન્યતા શી છે એ આપણા ધર્મની બાબત નથી.

અમારે માટે ઝમાનાના ઈમામ તરીકે તમે સહું કોઈ અમારા મુરીદો છો અને અમે જે આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ તે એ છે કે ઈમામ સાથેના આ સંબંધમાં

તમે બસ આપણા ધર્મની નીતિરીતિ ઉપર અમલ કરશો.

અમે હમેશાં અમારા દિલ થકી, અમારી દુઆ થકી અને અમારા વિચારો થકી તમારી સાથે છીએ તમારા ઈમામ હંમેશ તમારી સહુ કોઈની સાથે છે. ભલે તમે જ્યાં પણ હો અને જે પણ જગ્યાએ હો. અને આજે તમારી સાથે અમારા ખાસ ખાસ દુઆઆશિષો છે. .......ખાનાવાદાન.

ફરમાન:૧૯૭ તા.૨૪-૫-૧૯૯૫, દોશમ્બે (ઈર્શાદએ)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારી એ ઊંડામાં ઊંડી આશા છે અને દુઆ છે કે, તમારો દીનધર્મ, તમારી બુદ્ધિ, તમારૂં ડહાપણ અને તમારૂં વહેવારપણું તમને ભુતકાળના દુ:ખ દર્દ અને મતભેદોને જો ભુલી જઈને નહિ તો છેવટે માફ કરીને એવા સિદ્ધાંતો ઉપર સહમતિ સાધવા એક સાથે લાવશે.

આપણે મુસ્લિમ છીએ એ કારણે, ઝઘડાની જગ્યાએ એવી શાંતિ સ્થાપવી જોઈએ કે જે આપણા દીનધર્મની નીતિરીતિ સાથે જોડાએલી છે. આપણે આપણા મતભેદોનો નિવેડો લાવવા ખૂનરેજી ન કરવી જોઈએ, પછી ભલે એ ગમે તે હોય, તેઓનો ઉકેલ અમે જણાવ્યું છે તે મુજબ, આપણા દીનધર્મની નીતિરીતિની અંદર રહીને વાતચિત દ્વારા, દયાભાવ દ્વારા, સહનશિલતા દ્વારા, ઉદારતા દ્વારા, માફી દ્વારા, અને માયાળુપણાથી લાવવો જોઈએ આજ એવા સ્થંભો છે કે જેની ઉપર આધુનિક સમયોમાં એક બળવાન સમાજનું ચણતર કરવું જોઈએ, અને ન કે હથિયારો થકી. ........ખાનાવાદાન.

ફરમાન:૧૯૮ તા.૨૬-૫-૧૯૯૫, સિજ્દ બદકશાન ઈર્શાદ ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણે આપણી જમાતમાં બૌધ્ધિક ખોજની એક લાંબી પ્રણાલિકા ધરાવીએ છીએ. આપણે એટલા માટે, આપણી અતરાફના વાતાવરણના ફેરફારથી ડરવું ન જોઈએ. પરંતુ આપણે આપણી જાતને, અને આપણા બાળકોને શિક્ષિત કરવા જોઈએ, કે જેથી કરીને જે ફેરફારો આવવાના છે તેને તેઓ સમજે તેમજ પોતાને તેના માટે બરાબર રીતે તૈયાર કરે, અને તેઓ એ ફેરફારોને જેઓની વચ્ચે તમે વસો છો એ લોકોના અને ભવિષ્યની પેઢીઓના ઉપયોગમાં લઈ શકે અમારી એ ઊંડી માન્યતા છે કે, જો કે તાજેતરના વરસો દુ:ખદર્દ અને ઉદાસિનતાના રહ્યા હતા, પરંતું આવનારા વરસો ઈન્શાઅલ્લાહ તકોના વરસો હશે.

તમારે તમારી બુધ્ધિનો અને તમારા જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ કે, જેથી તમે એ પરિવર્તનો માટે તૈયાર થઈ શકો અને તેને તમે યોગ્ય ઉપયોગમાં લઈ શકો.

બહુંમતપણાનો સિધ્ધાંત તે એ છે કે કારણ કે લોકો જગતના જુદા જુદા ભાગોમાં જનમ્યા હોય, જુદી જુદી ભાષાઓ બોલતા હોય, અને અમુંક કિસ્સાઓમાં એક બીજા વચ્ચે કેટલીક બાબતોમાં ધર્મનું જુદી રીતે અર્થઘટન કરતા હોય, તો તેનો અર્થ એમ નથી થતો કે તેઓ ભાઈઓ અને બહેનો નથી તેનો અર્થ એમ નથી થતો કે તેઓ સાથે મળીને કાર્ય ન કરી શકે, તેઓ સામાન્ય લક્ષ્યોમાં સહભાગી ન બની શકે, અને સામાન્ય હેતુંઓ સિધ્ધ ન કરી શકે.

જો કે ઈમામ તમારી સાથે દરેક સમયે શારીરિક રીતે હાજર ન પણ હોય, તેમ છતાં, તે દરેક સમયે રૂહાની રીતે તમારી સાથે છે અને એ "કડી " જે મુરીદ અને ઈમામ વચ્ચે છે તે એક હમેંશની કડી છે.

તમે હંમેશા અમારા હૃદયમાં, અમારા વિચારોમાં, અમારી દુઆઓમાં છો. અને અમે ફરીવાર તમારામાંના દરેકે દરેકને, વ્યક્તિગત રીતે અમારા અતિશય ઉષ્માભર્યા, અમારા અતિ વહાલભર્યા અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

જેઓ મુસ્લિમ છે અને જેઓ શહાદા- લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુરુ રસુલિલ્લાહ થકી પોતાના ધર્મ સાથે બંધાએલા છે, અને તેમ છતાં તેઓ સદીઓ થયા જુદી જુદી આબોહવામાં રહેતા આવ્યા છે. જુદી જુદી ભાષાઓ બોલે છે, જુદા જુદા સંદર્ભોમાં રહે છે અને જેઓ પોતાના ધર્મના કેટલાક અર્થઘટનોમાં તફાવત ધરાવે છે. ઉમ્માહનો એક ભાગ તરીકે, ઈસ્માઈલી જમાત ઘણુંખરૂં આવા જ બહુંમતપણાનું પ્રતિબિંબ પાડે છે.

કુર્આન ખુદ પોતે મુસ્લિમોમાંના તફાવતોને સ્વીકારે છે અને તે કહે છે કે, તમે જે રીતે તમારૂં જીવન જીવો છો તે મુજબ અલ્લાહ તમારો ન્યાય કરશે.

.....ખાનાવાદાન.

ફરમાન :૧૯૯ તા. ૨૬-૫-૧૯૯૫, મુર્ગાબ બદકશાન (તાજિકિસ્તાન) મુબારક ઈર્શાદ :-

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જો તમે આપણા ઈતિહાસમાં ભુતકાળ વિશે વિચાર કરો તો તમને એ યાદ આવશે જેમ અમને યાદ આવે છે કે માનવ ઈતિહાસની કેટલીય સદીઓ સુધી મુસ્લિમ સંસ્કૃતિએ ઘણી મોટી સંખ્યાના વિષયો વિશે દુનીયાની તેના વિચારમાં અને જ્ઞાનમાં આગેવાની કરી હતી એ આગેવાનીને ગુમાવવી ન જ જોઈએ, અને અગર જો તે ગુમાવી દીધી છે તો, ઈન્શાઅલ્લાહ તેને ફરી પાછી મેળવી શકાશે.

ઉમ્માહની અંદર રહીને ઈસ્માઈલી જમાત ઘણું ખરૂં આવા જ બહુમતપણાનું પ્રતિબિંબ પાડે છે. અગર કેટલાક ખાતરીપૂર્વક એમ માનતા પણ હોય કે ઈસ્લામી જગતમાં બહુમતપણું ઈચ્છવાજોગ નથી અથવા તો કેટલીક રીતે એ એક નબળાઈ છે તો અમે તમારી સામે અમારી જ દ્રઢ માન્યતા, અમારી ઘણી જ ઉંડી માન્યતા મુકવા માગીએ છીએ કે, મુસ્લિમ જગતના લોકોનું બહુંમતપણું એ એક પાછી વાળી ન શકાય એવી ઐતિહાસિક હકીકત જ નથી પરંતુ એ એક એવું બળ છે કે, જેને માટે આપણે આભારી બનવું જોઈએ, એ એક એવું બળ છે કે જેને ઈસ્લામની નીતિરીતિમાં રહીને આ તેમજ બીજા દેશોના ચણતરમાં સર્જનાત્મક રીતે ઉપયોગમાં લેવું જોઈએ.

આ મતભેદો ઈસ્લામ નાઝિલ થવાના સૌથી શરૂઆતના દિવસોના સમયથી છે. પવિત્ર કુર્આન કહે છે ; હે લોકો ! ખરેખર અમે તમને પુરૂષ અને સ્ત્રીમાંથી પેદા કર્યા છે, અને અમે તમને જુદા જદ્દા કુટુંબો અને કબીલાઓ બનાવ્યા છે કે

જેથી તમે એકબીજાને ઓળખો ખરેખર અલ્લાહ પાસે તમારામાંના વધારે માનવંત તેજ છે કે જે તમારામાં વધારે પરહેઝગાર છે. ખરેખર અલ્લાહ જાણકાર અને ખબર રાખનાર છે. આમ કુર્આન ખુદ પોતે મુસ્લિમોમાંના મતભેદો સ્વીકારે છે. અને તે માત્ર એમ કહે છે કે, તમે જે રીતે તમારૂં જીવન જીવો છો તે મુજબ અલ્લાહ તમારો ન્યાય કરશે.

આપણે આપણા મતભેદોનો નિવેડો લાવવા ખુનરેજી ન કરવી જોઈએ, પછી ભલે એ મતભેદો જે પણ હોય તેઓનો ઉકેલ અમે જણાવ્યું છે તે મુજબ એ આપણા દીનધર્મની નીતિરીતિની અંદર રહીને, વાતચિત દ્વારા, દયાભાવ દ્વારા, સહનશિલતા દ્વારા, ઉદારતા દ્વારા અને માફી દ્વારા લાવવો જોઈએ. આ જ એવા સ્થંભો છે કે જેની ઉપર આજના આધુનીક સમયોમાં એક બળવાન સમાજનું ચણતર કરવું જોઈએ. .....ખાનાવાદાન

ફરમાન:૨૦૦ તા.૨૭-૫-૯૫, રૂશાન(બદકશાન-ઈર્શાદ)

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેયની હાઝર ઈમામે ફરમાવ્યું,

કુર્આન ઘણી વખત કુદરતને અલ્લાહની સર્જન શક્તિનું પ્રતિબિંબ હોવાનો નિર્દેશ કરે છે, અને તે કહે છે કે, અલ્લાહે જે લોકોનું સર્જન કર્યું છે તેમના માટેના તેના પ્રેમની સાબિતી તરીકે, પર્વતો તરફ નજર કરો, નદીઓ તરફ નજર કરો, ઝાડો તરફ નજર કરો, ફુલો તરફ નજર કરો, આજે અમે આ વાતાવરણ તરફ નજર કરીએ છીએ, અને અમે તમને ફરમાવીએ છીએ કે, અમે માનીએ છીએ કે અલ્લાહ તમારી ઉપર સ્મિત વેરે છે. અને તમારી ઉપર તેનું એ સ્મિત હમેંશ ને માટે હો ! .......ખાનાવાદાન.

ફરમાન:૨૦૧ તા.૧-૧૦-૧૯૯૬, ગીલ્ગીટ(ઉ.પાકિસ્તાન)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો અહીં પાકિસ્તાનની જમાત માટે, પરંતુ દુનિયાભરની આપણી જમાત માટે પણ, એક અતિ ઉંચી અગત્યની બાબતનો ઉલ્લેખ કરવા ચાહીએ છીએ. એ જમાત કે જે આપણા જેટલી પ્રબળ પ્રણાલિકા અને ઈતિહાસ ધરાવતી હોય તેણે એ ઈતિહાસને માનપૂર્વક જાળવી રાખવો જોઈએ તેણે પોતાને વારસામાં મેળવેલી પ્રણાલિકાઓના સંદર્ભમાં રહી કામ કરવું જોઈએ અને જીવન ગુજારવું જોઈએ અને તમોએ એક અતી સુંદર કસીદો સાંભળેલ હશે એ તમારી પ્રણાલિકા છે, એ તમારો ઈતિહાસ છે, તે એ છે જે ગત પેઢીઓ પાસેથી તમને વારસામાં મળેલ છે. તમને કિલ્લો વારસામાં મળેલ છે, તે પણ તમારી પ્રણાલિકાનો ભાગ છે.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

વૃધ્ધિ કરવાના આ પ્રયાસમાં આપણી જમાતમાંની સ્ત્રીઓને ભુલશો નહિ. એ અગત્યનું છે કે, તેઓ પાકિસ્તાનની તથા બીજે દરેક ઠેકાણે આપણી સંસ્થાઓમાં થતા વિચાર કાર્ય તેમજ નિર્ણય લેવાના કાર્ય સાથે વધું અને વધું પ્રમાણમાં સંકળાયેલ હોવી જોઈએ. અને અમો દ્દઢ પણે માનીએ છીએ કે, આજ રીતે છે જે પ્રમાણે તે હોવું જોઈએ. બીબી ખદીજાના જીવનના ઈતિહાસના એ બોધને ભુલશો નહિ અને ભુલશો નહિ તેણીની મિસાલ ઈસ્લામમાંની સ્ત્રીઓ માટે એક મહત્ત્વપૂર્ણ મિસાલ છે. અને અમોને લાગે છે કે, આપણે તેને આપણા મનમાં હંમેશા એક સર્વોપરી બાબત તરીકે રાખવી જોઈએ.

એ અત્યંત અગત્યનું છે કે આપણે આ પ્રણાલિકાઓની કદર કરવી જોઈએ અને તેમને આગળ લાવવી જોઈએ અને એ કે તે પ્રણાલિકાઓ આપણા જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ હોવાનું ચાલું રહેવું જોઈએ.

તમારી વિદાય લેતાં પહેલાં ફરી એક વાર અમો તમારામાંના દરેકે દરેકને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ અને યાદ રાખો કે, અમો સઘળો સમય તમારી સાથેજ છીએ, અને તેનો અર્થ એ છે કે, સઘળો સમય અમો તમારી સાથે છીએ. .........ખાનાવાદાન.

ફરમાન:૨૦૨ તા.૧-૧૦-૧૯૯૬, ગુપીસ (ઉ.પાકિસ્તાન)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા રૂહાની બચ્ચાઓ મઝહબી શિક્ષણ હાંસલ કરી રહયા છે. તેઓ પાસે મજહબી શિક્ષણ સુધીની પહોંચ છે. અને અમો આશા રાખીએ છીએ કે તમે અત્યારે આ શિક્ષણ હાંસલ કરવાનું ચાલું રાખશો એટલું જ નહિ પરંતુ તમારા જીવન દરમ્યાન જેમ જેમ તમે મોટા થતા જાઓ ત્યારે પણ તેને હાંસલ કરવાનું ચાલું રાખશો એ ધ્યાનમાં રાખો કે મઝહબની પ્રેકટીશ ઘણી ઘણી અગત્યની બાબત છે.

એ પુરતું નથી કે તમે આર્થિક પ્રગતી સાધો અને શાંતીમય જીવન ગુજારો, પરંતુ દરેક રૂહાની બાળક રૂહ ધરાવે છે અને તેથી તમારી મઝહબી ફરજોમાં નિયમિત રહો અને તમારી દુઆ-બંદગીમાં નિયમિત રીતે ભાગ લો પાક અને સાફ જીવન ગુજારો; ખરાબ આદતોમાં સંડોવાઈ ન

જાઓ અમુક આદતો દુષ્ટ હોય છે. અમો એવા રૂહાની બચ્ચાંઓ વિશે જોવા કે સાંભળવા ચાહતા નથી જેઓ ગેર કાનુની માલ સામાનની હેરફેરમાં અથવા નશાકારક પદાર્થના દુરૂપયોગમાં કે, નશાકારક પદાર્થના વેપારમાં સંડોવાયેલા છે. આ દ્રવ્યો તમારા માટે હાનીકારક છે, તે તમારા કુટુંબો માટે હાનીકારક છે, તે દેશ માટે હાનીકારક છે. એ માટે અમો ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ આ પ્રકારની ખરાબ આદતોને ઘણી સખ્તાઈથી ઘણી સખ્તાઈથી એક તરફ છોડી આપે. .....ખાનાવાદાન.

ફરમાન : ૨૦૩ તા. ૧-૧૦ -૧૯૯૬, અલીઆબાદ, હુન્ઝા (ઉ. પાકિસ્તાન)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો આશા રાખીએ છીએ કે, આપણા ઈતિહાસમાં ફરી ચેતન રેડવા, તેનું ફરીથી અર્થઘટન કરવા, તેમાંથી તેમજ આપણો ભૂતકાળના મહાન ચિંતકોથી સબકો અને શિખામણો ગ્રહણ કરવા વધારે અને વધારે કામ કરવામાં આવશે.

યાદ રાખો કે, શીયા ઈસ્લામમાં તેમજ હઝરત અલીની પ્રણાલિકામાં અક્કલનો સિદ્ધાંત એ મઝહબનું એક અત્યંત અગત્યનું પાસું છે. પરંતુ તે જ્ઞાનના ખાતર જ્ઞાન હાંસલ કરવાની વાત નથી; તે ખુદાના સર્જનને વધારે સારી રીતે સમજવા માટે જ્ઞાન હાંસલ કરવાની વાત છે.

દુનિયાભરની અમારી જમાતના જીવનની ગુણવત્તામાં વધારો કરવાનો અર્થ જીવનમાં શાંતિ લાવવાનો, જીવનમાં

એકતા કેળવવાનો, જીવનમાં સુખ હાંસલ કરવાનો, અને જીવનમાં પોતાના મઝહબની નિયમિત પ્રેકટીશ કરવાનો હોવો જોઈએ.

શિસ્ત પૂર્વક સખત કામ કરો અને ખરાબ આદતોથી દુર રહો અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાત પાક-સાફ જીવન ગુજારે. પાક-સાફ જીવન ગુજારવાનો અર્થ, દુષ્ટ આદતોથી દુર રહેવાનો થાય છે. ખાસ કરીને એ નશાકારક પદાર્થોના વેપારથી, એ નશાકારક પદાર્થોના સેવનથી અથવા તેના મોહતાજ બની જવાથી દુર રહેવાનો થાય છે. આ પ્રવૃતિઓ નુકશાનકારક છે અને તે દુષ્ટ છે.

તમારા મઝહબની પ્રેકટીશમાં નિયમિત રહો. શૈક્ષણીક પ્રક્રિયામાં દાખલ થઈને પછી પીછેહઠ નહિ કરો. કારણ કે એ અગત્યનું છે કે તમે તમારા મઝહબને સંસ્કૃતિના અથવા અમો કહેશું કે ઈસ્લામની સંસ્કૃતિઓના એક ભાગ તરીકે જુઓ અને તેમાંથી ઘણું બધું શીખવાનું રહે છે અને બીજી સંસ્કૃતિઓમાંથી આપણે જે લઈએ તે ડહાપણથી લેવું જોઈએ જેથી તે આપણને યોગ્ય પણે લાભ પહોંચાડે, પણ આપણે બીજી સંસ્કૃતિઓની દરેક બાબતની નકલ જ નહી કરવી જોઈએ અમોને ખાત્રી છે કે, અમો જેનો નિર્દેશ કરી રહયા છીએ તેને અમારી જમાત સમજી લેશે.

......ખાનાવાદાન

ફરમાન:૨૦૪ તા. ૧૮ -૧૨ -૧૯૯૬, લિસ્બન(પોર્ટુગલ)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમને આશા છે કે સૌથી પ્રથમ તો તમારામાંના સહુંકોઈ જમાતખાનાની હાજરીમાં નિયમિત હોવાનું ચાલું રાખશો, અને તમે યાદ કરશો કે દરેક વ્યક્તિનું શારીરિક પાસું હોય છે, અને રૂહાની પાસું હોય છે અને જે રૂહાની છે તે અનંત છે અને વ્યક્તિનો માત્ર એજ ભાગ અનંત છે. એટલા માટે જમાતખાનામાં નિયમિત પણે હાજરી આપો.

.....ખાનાવાદાન

ફરમાન : ૨૦૫ તા. ૧૯૯૭ ઢાકા (બંગલાદેશ)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

માનવીના સર્વે પ્રયાસો પછી તે સરકારી હોય કે ખાનગી, આર્થિક, વ્યવસાયિક, સામાજિક કે કળા સંબંધી હોય, તેઓ પરિણામો સિધ્ધ કરવા માટે ત્રણ તદ્દન સાદી આવશ્યકતાઓ ધરાવે છે.

પ્રથમ :- તેણે લક્ષ્યો અને ઉદ્દેશો સ્પષ્ટ કરવા જરૂરી છે.

બીજું :- તેણે આ લક્ષ્યાંકોને સિધ્ધ કરવાના માર્ગને તેઓને પરિપુર્ણ કરવાના સમયને નક્કી કરવો જોઈએ.

ત્રીજું :- સૌથી મહત્વની તેની કાર્યવાહીનું તટસ્થપણે અને એકધારી રીતે નીરીક્ષણ કરવું અને તેને મુળ નિર્ધારીત લક્ષ્યાંકની સામે મુલવવું જરૂરી છે.

.......ખાનાવાદાન.

ફરમાન : ૨૦૬ તા. ૧૦-૩-૧૯૯૭ કંમ્પાલા (યુગાન્ડા)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,

બીજું અગત્યનું પાસું છે શિક્ષણ. શિક્ષણ વગર વિકાસ નથી અને એ મહત્વનું છે. આપણા તરીકામાં, આપણી પ્રણાલિકા માટે દાયકાઓથી, ખરેખર તો સદીઓથી એ મહત્વનું રહયું છે કે આપણે વ્યક્તિના બૌધ્ધિક પાસાને મહત્વ આપીએ છીએ.

શિક્ષણના વિચારમાં એ યાદ રાખો કે શિક્ષણ કંઈ થીજી ગયેલ પ્રવૃતિ નથી એ કંઈ થીજી ગયેલ વિચાર નથી માનવ જરૂરીયાતો વિકસતી જાય છે, અને એ ઘણું અગત્યનું હશે કે આપણા સમગ્ર શૈક્ષણિક માળખામાં અભ્યાસ ક્રમોને ભવિષ્યની જરૂરીયાતો મુજબ બંધબેસતા કરવા જોઈએ.

જીવનમાં પસંદગીઓ કરતી વખતે, યાદ રાખો કે તમે ફક્ત તમારે જ માટે ઘડતર કરતા નથી, પરંતુ, તમે તમારા કુટુંમ્બની ભવિષ્યની પેઢીઓ માટે ઘડતર કરો છો. તમે ભવિષ્યની એ પેઢીઓ માટે જે મુકી જાઓ તે એ હોવું જોઈએ કે, ભવિષ્યની પેઢીઓ પોતાને સુખ અને સફળતા પુર્વક વિકસવા માટેની સંપત્તિ અને શક્તિ ધરાવતી હોય. તમારા કુટુંમ્બોમાં ખરાબ ટેવો ન લાવતા.

યાદ રાખો કે પસંદગી કરતી વખતે તમારે તકોની સંભાળપૂર્વક મુલવણી કરવી જરૂરી છે. જે કોઈ જોયા પહેલાં કુદકો મારે છે તે નથી જાણતો કે પોતે ક્યાં પડવાનો છે. એટલા માટે આ પસંદગીઓ કરો તો સંભાળ પૂર્વક કરો. તકનું મુલ્યાંકન કરી શકાય છે તે વિશે સંભાળ પૂર્વક વિચાર કરી શકાય છે.

એ ધ્યાનમાં રાખો કે અક્કલ પુર્વકની પસંદગીઓ કરવાની પ્રક્રિયા માત્ર યુગાન્ડામાંની જમાતને જ નહી દુનિયાભર માં લાગું પાડવી જોઈએ. તમે કૂદી પડો તે પહેલાં જોવું બહેતર રહેશે.

આપણા તરીકાના પાયાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખો. તમારા ધર્મના પાલનમાં નિયમીત રહો. જમાતના સભ્યોને ભાઈઓ અને બહેનો તરીકે જુઓ, એક ભાઈચારાના ભાગ તરીકે એવા પુરૂષો અને સ્ત્રીઓ તરીકે કે જેઓ એક સરખી વલણો, એક સરખા સિદ્ધાંતો,એક સરખી નીતિરીતિઓ ધરાવે છે. જમાતને સંગઠિત રાખો,શિક્ષણમાં રોકાણ કરો એટલે કે આવતી પેઢીઓ માટે સાધન સંપત્તિઓ મળતી રહે એમ કરો અને સૌથી ઉપર તો તમારા પોતાને માટે અને તમારા બાળકોના જીવન માટે ગંભીર પસંદગીઓ કરો અને તમારા ભવિષ્ય માટે ઘડતર કરો.

ફક્ત અલ્લાહ જ પરિપૂર્ણ છે. અન્ય રીતે કોઈ પણ પરિપૂર્ણતા નથી આપણે સારી રીતે કાર્ય કરવા કોશિષ કરીએ છીએ, પરંતું આ ધરતી ઉપર આપણે પરિપૂર્ણ નથી.

અને એટલા માટે વ્યક્તિઓ, કુટુંમ્બો, સંસ્થાઓ, કાર્યક્રમો- એ બધા સતતપણે પુન: તપાસણી, એકધારો પડકાર, એકધારી સુધારણા માગી લે છે. કે જેથી તેઓ બદલવા પામે, તેઓ સેવા આપે થીજી ગયેલ સંસ્થાઓનો વિચાર એ સમાજમાં સૌથી ભયાનક વિચાર છે. ફેરફાર અપનાવે અને પોતાને આગળ વધારે એવી સંસ્થાઓનો વિચાર એ છે. ભવિષ્ય માટેનું ઘડતર અને અમે આ અમારી યુગાન્ડામાંની જમાતને ફરમાવી રહયા છીએ પરંતું આ આપણી જગતભરની બધી સંસ્થાઓ અને જમાતોને લાગું પડે છે. ....ખાનાવાદાન.

ફરમાન : ૨૦૭ તા. ૧૩-૩-૧૯૯૭ નૈરોબી (કેનિયા)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જ્યારે તમેં ભવિષ્ય તરફ નજર કરો ત્યારે ધ્યાનમાં રાખો કે જો કે દુનિયાના ઘણા ભાગોમાં દુન્યવી પ્રગતિ કરવામાં આવી રહી છે, તો પણ જીવનનો મુળભુત સ્વભાવ બદલાયો નથી. એ એક ભૌતિક સમયની મર્યાદા ધરાવતો વિચાર છે.

વ્યક્તિનો એક માત્ર ભાગ જે અનંત છે, તે રૂહ છે. વ્યક્તિનો માત્ર એજ ભાગ છે જે અનંત છે એ કદી ભૂલી ન જતા, એને કદીયે ન ભૂલતા અને જો તમે જીવનનું યોગ્ય રીતે અર્થઘટન કરો અને તેને ધ્યાનમાં રાખો તો તમારી દુઆ નિયમિત અદા કરો. અને તમારાથી બની શકે ત્યારે, અને બની શકે તેટલા નિયમિતપણે જમાતખાનામાં હાજરી આપો તમારા ધર્મને હંમેશ તમારા દિલમાં, તમારા વિચારોમાં અને તમારા જીવનમાં હાજર રાખો.

ધર્મની નીતિમત્તાને એવા માર્ગ તરીકે રાખો કે જે અનુંસાર તમે તમારૂં દુન્યવી જીવન જીવો કે જેથી તમે તમારા રોજિંદા જીવનમાં ભટકવા ન પામો. પરંતુ તમારા નૈતિક સિદ્ધાંતો ને પેઢી દર પેઢી મજબૂત અને સ્પષ્ટ રાખો કારણ કે એ જીવનનું તત્વ છે.

દુન્યવી જીવન, કેટલીક વખતે શારીરિક માનવ જીવનની એ હકીકત કે જે જીવનનો એક માત્ર ભાગ છે જે અપાર છે, જે અનંત છે, જે રૂહનું અસ્તિત્વ છે, તેને ઢાંકી દેવાની અને તેના તરફ અંધ બનવાની વલણ દાખવી શકે છે.

આવતા વર્ષોમાં, જમાતમાં અમે નોંધપાત્ર ફેર ફારો જોઈ રહ્યા છીએ, અને તેમાંનો એક જેની અમે અપેક્ષા રાખીએ છીએ તે એ છે કે કુટુંબો દુનિયાના જુદા જુદા ભાગોમાં પ્રવૃતિઓ ધરાવવાની વલણ રાખશે. વિશ્વવ્યાપક બનવાની બાબત એક એવી બાબત હશે કે જેમાં તમે રહેશો અને ભાગ લેશો એ એક સારી ચીજ છે, પરંતુ તે સંભાળપૂર્વક અને ડહાપણપૂર્વક એની પસંદગી કરો કે તમે શું કરવા માગો છો તમે એ ક્યાં કરવા માગો છો, અને તમે એ પસંદગીઓ શા માટે કરો છો અને બની શકે ત્યાં સુધી જોખમોની જવાબદારી લો. જોખમોની જવાબદારી લેવી એટલે કે તકો ખોજવી.

તમે ભલે જ્યાં પણ હો, એ માર્ગ ઉપરથી ભટકી ન જાવ ભલે તમે પશ્ચિમમાં કે આફ્રિકામાં અથવા એશિયામાં રહેતા હો, ભટકતા ન રહો.

સિરાત-અલ-મુસ્તકીમના માર્ગ ઉપર ટકી રહો. ભટકતા ન રહો. તમારા મનમાં એ માર્ગ ઉપર રહેવા સ્પષ્ટ રહો. તે એવો માર્ગ છે જે તમારે માટે સારો છે એજ એક માત્ર માર્ગ છે જે તમારે માટે સારો છે, અને તે એવો એક માર્ગ છે જે તમે શારીરિક રીતે આ દુનિયાના ભાગ રૂપ હો તે દરમ્યાન દરરોજ તમારા જીવનનો ભાગ બની રહેવો જોઈએ. અમે તમારામાંના દરેકને અને એકે એકને ફરીવાર અમારા ઉત્તમ, ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

.....ખાનાવાદાન.

ફરમાન : ૨૦૮ તા.૧૪-૩-૧૯૯૭ દારેસ્લામ તાન્ઝાનીયા
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમને ભલામણ કરીએ છીએ કે એવું ન સમજતા કે તમારી આસપાસનું આ દુન્યવી જગતજ માત્ર એવું છે જે તમારું ધ્યાન, તમારો વિચાર, તમારો સમય આપવા યોગ્ય છે ભલે તે આ શારીરીક જીવન દરમ્યાન જ્યાં પણ હોય.

એ કદી ન ભૂલશો, એ કદી પણ ન ભુલશો કે વ્યક્તિનો માત્ર એક જ ભાગ જે અનંત છે એ તેનો રૂહ છે. તે શારીરિક રીતે અનંત નથી.

આપણો તરીકો ઈસ્લામ, ભૌતિક જીવન કેવી રીતે જીવવું; શું સારૂં છે શું સારૂં નથી, સામાજિક વર્તણુંકની શી નીતિરીતિઓ છે, એવા કયા સિદ્ધાંતો છે કે જે પ્રમાણે તમારે જીવવું જોઈએ તે સંબંધી સ્પષ્ટ માર્ગદર્શન આપે છે.

અમારા રૂહાની બચ્ચાઓને આજે અમે ફરમાવીએ છીએ ભટકી ન જાઓ, સિરાતલ-મુસ્તકીમથી ભટકી ન જાઓ એ સીધા માર્ગ ઉપર રહો. સીધા માર્ગનો વિચાર અને તેની સમજ દરરોજ તમારા દિલોમાં રાખો એ સીધા માર્ગના સિદ્ધાંત મુજબ જીવવાની કોશીષ કરો. વળી એવું નથી કે તમે ૨૦ મી સદીને અંતે જીવી રહયા છો એ કારણે એ સીધો માર્ગ કંઈક જુદો છે, નીતિમત્તા અને સિદ્ધાંતો અને યોગ્ય વર્તણુકના વિચારો તો એના એ જ છે એ આપણા ધર્મની નીતિમત્તામાંથી, આપણા ધર્મના અર્થઘટનમાંથી આવે છે.

અન્ય પ્રવૃતિઓ તમને ભટકાવી દે એવું ન બનવા દો એટલા માટે (જમાતખાનાની હાજરીમાં) નિયમિત બનો. તમારા

દિલોમાં સર્વ સમયે ધર્મના સિદ્ધાંતો જાળવી રાખો. અમારી જમાત માટે આ બેહદ મહત્ત્વનું છે,અમારે માટે એ બેહદ મહત્ત્વનું છે.

આ એ બાબત છે જે જમાતને દેશોની પાર, સરહદોની પાર, ભાષાઓની પાર, સાંકળી રાખે છે. આ એ છે જે જમાતને મુરીદોના એક સમુહ તરીકે જાળવી રાખે છે.

જેના આધારે તમે જીવન જીવો એવી અમારી ઝંખના રહી છે. અને એ આજની પેઢીઓ માટેની અમારી ઝંખના રહી છે, અને એ આવતી કાલની પેઢીઓ પાસેની અમારી ઝંખના રહી છે આ બેહદ મહત્ત્વનું છે.

કાબેલીયત ઉપર આધારીત સમાજનો વિચાર એ એક બહેદ મહત્વનો વિચાર છે કોઈ ભૂલ ન કરતા અમને તેની ઘણા, ઘણાએ દાયકાઓથી જાણ છે. અમારા દાદાશ્રી તેઓશ્રીના જીવનકાળ દરમ્યાન એ જાણતા હતા પરંતુ તમારા ઈતિહાસમાં પાછળ જાઓ હ. અલીના સમયમાં પાછળ જાઓ મુળભૂત સિદ્ધાંતોમાંનો એક એ સિદ્ધાંત હતો કે પુરૂષો અને સ્ત્રીઓએ પોતાની અક્કલી લાયકાત વિકસાવવી જોઈએ, કારણ કે અક્કલી લાયકાત ઈસ્લામના આપણા અર્થઘટનનો ભાગ છે અને જે અર્થ નીકળે છે તે એ છે કે તમારા જ્ઞાન અને સમજને, સામાજિક સબંધોમાં તમારી કાબલિયતને સુધારવા તમારે સમય ફાળવવો જોઈએ, તમારા બાળકોએ સમય કાઢવો જોઈએ.

ઈન્શાઅલ્લાહ તમે તમારી કોશિષોમાં સફળ થશો, આ કોશિષો આ સફળ પ્રવૃતિઓ હરહંમેશ આપણા ધર્મના સધ્ધર

સિદ્ધાંતો; પ્રમાણિકતાના, ઉદારતાના, વિનય-વિવેકના, માનઆદરના અને બીજાઓની કાળજીના દાયરામાં હોવા જરૂરી છે.

તમારા સમગ્ર જીવન દરમ્યાન પોતાને શિક્ષણ આપતા રહો. શિક્ષણ મેળવવાનો વિચાર મૂળભૂત છે.

તમારા જીવન દરમ્યાન પોતાની લાયકાતો વધારવાની કોઈપણ તકને ન ગુમાવો.

થીજી ગએલું, જડ બની ગયેલું નહીં હોય એવું શિક્ષણ ચાલું રાખવા માટેની તમારી પાસે તક હોય તો તેને ગુમાવી ન દેતા.

તમારા નવરાશના સમયનો ઉપયોગ કરી શકો છો, અને તેને વેડફી પણ દઈ શકો છો, વળી તમે તમારા નવરાશના સમયનો ઉપયોગ એ સમયને અંગત વિકાસની ઈલ્મ-જ્ઞાન મેળવવાની, સમજણ મેળવવાની તમારી પ્રક્રિયાના ભાગ તરીકે ઉપયોગ કરી શકો છો.

જેઓ પોતાને પૂછી રહ્યા છે કે મારું ભવિષ્ય શું છે ? એવા ઘણા બધા વેપારી લોકો છે, જેઓને અહીં ટાન્ઝાનીયામાં આર્થિક પ્રવૃત્તિઓમાં આઝાદી થકી પડકાર અપાઈ રહ્યો છે. આ પડકારોનો જવાબ કોયડાની અકલમંદી પૂર્વકની સમજણ અને અકલમંદી પૂર્વકના ઉકેલોને વિકસાવવા થકી આવે છે. અને તે અકલમાંથી, સમજદારીમાંથી, એટલે કે ભવિષ્ય શું છે તે વિશે વિચારવાની કાબેલીયતમાંથી આવે છે.

જેઓ જુદી જુદી પ્રવૃતિઓમાં છે, બની શકે તો એકસરખી પ્રવૃત્તિઓ વચ્ચે પૂલો બાંધો, જેથી કરીને તમે વ્યક્તિવાદની

હદમાં ન રહી જાવ તમે તમારી કાબેલિયતોને, તમારી આર્થિક કાબેલિયતોને મજબૂત બનાવવા અર્થે સાથે મળીને કાર્ય કરતા જુથો બની શકો છો.

જ્યારે જીવનની પવિત્રતા જોખમમાં મુકાય છે, ત્યારે જમાતનું ધ્યાન, ઈમામનું ધ્યાન, જમાતની દુઆઓ અને ઈમામની દુઆઓ ઘણી જ મહત્ત્વની હોય છે.

એ ઘણું ઘણું જ અગત્યનું છે કે, જમાતખાનામાં નિયમિત પણે હાજરી આપો, દુઆના સમયની બહાર પણ તસ્બીહમાં અલ્લાહનું નામ યાદ કરો કે ઈમામોનું નામ યાદ કરો, પરંતુ તમારા રોજિંદા જીવનમાંથી તમારો ધર્મ ગેરહાજર હોય એવું ન થવા દેતા, એવું બનવા ન દેતા, આ ઘણું જ અગત્યનું છે એ આજે મહત્ત્વનું છે, એ આવતી કાલે મહત્ત્વનું છે, અને એ આવતા વર્ષોમાં પણ મહત્ત્વનું છે.

અમે મુશ્કિલ આસાન માટે અને તમારી સર્વે, ઉમ્મીદો પરિપૂર્ણ થવા માટે અમારા ઉત્તમ વહાલ ભર્યા દુઆ- આશિષો ફરમાવીએ છીએ.

અને અંતમાં અમે તમને ફરમાવીએ છીએ : નવરોજ મુબારક! નવું વર્ષ સુખ અને શાંતિ અને ખુશીનું વર્ષ હો, અને એ દિવસો દરમ્યાન તમારા ચહેરાઓ ઉપર હર હંમેશ સ્મિત રહે!

......ખાનાવાદાન.

ફરમાન : ૨૦૯ તા. ૨૪-૮-૧૯૯૭ ઝાન્ઝિબાર

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

સંખ્યાબંધ સિદ્ધાંતો છે જે ઉપર અમે ચાહીશું કે અમારી જમાત જીવન જીવે અને કાર્ય કરે.

પહેલું એ છે કે તમારા દીનધર્મનું પાલન કરવામાં નિયમિત રહો અને તમારા હૃદયમાં અને તમારા કાર્યમાં ઈસ્લામની નીતિમતા ધરાવતા રહો; આદરમાનની, નમ્રતાની, ઈમાનદારીની, પ્રમાણિકતાની, ઉદારતાની દોરવણીઓ જેઈસ્લામ એ સર્વેને શીખવે છે કે જેઓ ઈસ્લામ ધર્મનું પાલન કરે છે ભલે પછી તેઓ ઈસ્લામનું જે પણ અર્થઘટન આપતા હોય આ એ છે જેને અમે ૪૯ માં ઈમામ તરીકે ઈસ્લામની નીતિમત્તા કહીએ છીએ.

બીજો મહત્વનો સિદ્ધાંત છે : બીજાઓ માટેનો આદર, ઉમ્માહમાં વિવિધતા છે. ચૌદસો વર્ષોથી વિવિધતા રહેતી આવી છે. પરંતુ બીજાઓનું આદરમાન જાળવો અને તેઓ તરફથી આદરમાન મેળવવાનો પ્રયાસ કરો.

એકતાથી રહો એક બીજાને માન આપો એક બીજાના વિચારોની વલણોની અનેકતાને માન આપો પરંતું એ યાદ રાખો કે તમે શીયા મુસ્લિમો છો અને જ્યારે તમે એક બીજાને માન આપતા હો ત્યારે શીઆ ઈસ્લામ પ્રત્યેની તમારી બાંયધરીને વળગી રહો આનો અર્થ એ નથી થતો કે તમે ઈસ્લામના અન્ય અર્થઘટનોને માન ન આપો તેવી જ રીતે તેઓએ તમારા અર્થઘટનોને માન આપવું જોઈએ.

દરેક ધર્મમાંની પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક બીજી વ્યક્તિ

સાથે વિચારોની આપલે કરવા શક્તિમાન હશે.

એ પાયાનું છે કે આપણા ધર્મના માર્ગદર્શન આપતા સિદ્ધાંતો તમારા સિદ્ધાંતો બને; એ સ્પષ્ટ હોવા જોઈએ અને તે સમજાવા જોઈએ.

પરંતું એ પણ યાદ રાખો કે સરહદો પાર, એક ખંડથી બીજા ખંડ સાથે વિચારોની આપ લે કરવા શક્તિમાન બનવાના, માનવ સમાજના વિશ્વવ્યાપી બનવાની આ ઘટનાની અંદર જ લાયકાતની હરીફાઈની ઘટના પણ રહેલી છે. જેઓ નોંધપાત્ર પ્રગતી કરશે તેઓ એ લોકો હશે કે જેઓએ પોતાનું શિક્ષણ ચીવટતાથી લીધું હશે.

જેઓ એ સમજ્યા હશે કે તે નવા ભવિષ્ય માટે તૈયારી કરવાનું અગાઉ કરતાં આજે વધું અગત્યનું છે. એ ભવિષ્ય કે જેનો માનવ સમાજે આપણા ઈતિહાસમાં અગાઉ જે પણ અનુભવ કર્યો હોય તેનાથી નોંધપાત્ર રીતે જુદુ જ છે.

શીયા ઈસ્લામમાં અક્કલને અને એ અક્કલને વિચારવા, છણાવટ કરવા અને ઊંડાણપૂર્વક ગ્રહણ કરવા તેમજ રૂહાની અને દુન્યવી બાબતો વચ્ચેના એ પુલને તમારી જીવન જીવવાની રીત સાથે સતત એકતાલ બનાવવા માટેની ક્ષમતાને વિકસાવવાને મહત્વ આપવામાં આવ્યું છે.

એવું ન સમજતા કે સામાજિક શિક્ષણ અને ધર્મના પાલનમાં ટકરાવ છે જેઓ ઈસ્લામનો ખરો અર્થ જાણે છે તેઓ માટે એ બંન્ને એકબીજા ઉપર ઘડતર કરતા હોય છે.

માનવ ઈતિહાસમાં કોઈ પણ સમાજમાં કોઈપણ વખતે શિક્ષણ એટલું મહત્વનું નહોતું કે જેટલું તે આજે છે.

શિક્ષણનો વિચાર પૂર્વ-પ્રાથમિક, માધ્યમિક, અને યુનિવર્સિટીનું શિક્ષણ એવો થાય છે, આજે નિયમ પ્રમાણેનો શિક્ષણનો એ વિચાર ખતમ થઈ ગયો છે.

સમાજ અને જ્ઞાન એટલી ઝડપથી આગળ વધી રહ્યા છે કે તમારાં સમગ્ર જીવન દરમ્યાન તમારે વિજ્ઞાનમાં, અર્થશાસ્ત્રમાં, માનવજ્ઞાનનાં અન્ય ક્ષેત્રોમાં પોતાને આધુનિક રીતો અને જ્ઞાન વિશે પુન:શિક્ષિત કરવાની જરૂરત છે, જેથી કરીને તમે તમારા સમયના જ્ઞાન સાથે આગળ વધવા શક્તિમાન બનો અને એ જ્ઞાન દ્વારા કદીએ હડસેલાઈ ન જાવ અને બાજુએ મુકાઈ ન જાવ.

અક્કલ અને હિંમત સાથે એ ભવિષ્ય તરફ આગળ નજર કરો એ ભવિષ્યનું ઘડતર કરો. તેનાથી ડરો નહિ તેમાં એકતાથી ઘડતર કરો અને ઈસ્લામની નીતિમત્તા ઉપર તમારી વર્તણુકને, તમારી સામાજિક વર્તણુકને આધારિત બનાવીને તેમાં ઘડતર કરો.

જો તમે આપણા તરીકાના સિદ્ધાંતો ઉપર મજબુત રહો, તો એ સિદ્ધાંતો તમને આજે અને આવતા દાયકાઓમાં અને સૈકાઓમાં સારી સેવા આપશે એ અગત્યનું છે કે એ સિદ્ધાંતો તમારા રોજિંદા જીવનના ભાગરૂપ બની રહે, એ સામાજિક અને ધાર્મિકતામાં વહેંચાઈ ન જાય, સમાજમાં તમે જે રીતે રહો છો તેના એ ભાગરૂપ બની રહે.

બીજી કોમો સાથે ઉષ્માભર્યા સંબંધો બાંધો, તમારી ઓળખ જાળવી રાખો, તમારી ઈમાનદારી જાળવી રાખો અને પોતાને ભવિષ્ય માટે સારી રીતે તૈયાર કરો. ......ખાનાવાદાન.

ફરમાન : ૨૧૦ તા. ૧૧-૭ -૧૯૯૮ લિસ્બન, પોર્ટુગલખાતે
દરબારમાં ફરમાવેલું મુબારક ફરમાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

બીજા ધર્મો અને બીજા લોકો વચ્ચે પુલો બાંધવાની કોશીષ કરો કે જેથી તમે જે લોકો વચ્ચે વસતા હો તેઓ સાથે માન અને સુમેળતાભર્યું વાતાવરણ સર્જાય એ સબંધો માટે તમારે તમારી નીતિમત્તાને તમારા ધર્મની પ્રમાણિકતાને છોડી આપવાની કોઈ જરૂર નથી.

કોઈ પણ રીતે તમારી માન્યતાઓ, તમારા ધર્મના પાલન અને તમારા ધર્મની નીતિમત્તાને છોડી આપ્યા વગર બાંધી શકાય તેમ છે.

......ખાનાવાદાન.

ફરમાન : ૨૧૧ તા.૧૨-૮-૧૯૯૮ મોઝામ્બીક, માપુટો

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ઘડતર કરો, સંભાળપૂર્વક ઘડતર કરો, ડહાપણપૂર્વક ઘડતર કરો અને જો એક દિવસ કોયડાઓ ઊભા થવા પામે તો એ સંજોગોમાં સુરક્ષા માટે કંઈક રાખો આનો અર્થ એ થાય છે કે સુરક્ષા માટે કંઈ રાખો, જો ટાળી શકો તેમ હો તો કોઈ એકાદ ખાસ પ્રવૃત્તિમાં પોતાને એક તરફી જોખમમાં ન નાખો.

જમાતના યુવાન વર્ગને ફરમાવ્યું છે તમને પોતાને શિક્ષિત બનાવો. તમારા સમગ્ર જીવનકાળ દરમ્યાન તમારી પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં તમારૂં જ્ઞાન વધારવાનું ચાલું રાખો. શિક્ષણનું અર્થઘટન માત્ર શાળાકીય જીવન દરમ્યાન ઔપચારીક શિક્ષણ હોવા

તરીકેનું ન કરો માનવ ઈતિહાસમાં કદીયે હતું તેથી વધું શિક્ષણ મેળવવાની પ્રક્રિયા એક વ્યક્તિના જીવનકાળ દરમ્યાન એકધારી ચાલતી પ્રક્રિયા બની છે.

આપણી પ્રણાલિકાની નીતિમત્તાએ તમારા જીવનને, તમારા કુટુંમ્બોમાંની, તમારી વર્તણુંકને, તમારા ધંધાકીય સંબંધોમાં તમારી વર્તણુંકને, અન્ય મુસ્લિમો સાથેની તમારી વર્તણુંકને અને સમાજના બીજા સભ્યો સાથેની તમારી વર્તણુંકને માર્ગદર્શન આપવું જોઈએ. સ્વતંત્ર સાહસના, ધનસંપત્તિ સર્જવાના નવા વિચારો એ સબળ વિચારો છે, પરંતું તેને આપણા ધર્મની નીતિમત્તાના વિચારોમાં રહીને અનુંસરવા જોઈએ.

એ કહેવું કે પૂછવું મહત્ત્વનું છે ; મેં શા માટે એના માટે મારો સમય અને પ્રયાસ આપ્યો ? શું એ મારા કુટુંબ માટે સલામત પાયો સ્થાપવાના આશયથી હતું ? અથવા તો એ ધનસંપત્તિ એકઠી કરવાના આશયથી હતું ? જો એ વિચાર ધનસંપત્તિ એકઠી કરવા માટેનો હતો કારણ કે તે પાયાનો હેતું હતો તો પછી તે આપણા ધર્મની નીતીમત્તા પ્રમાણેનો નથી.

ધનસંપત્તિ એકઠી કરવી એ કુટુમ્બનું, જમાતનું રક્ષણ કરવા માટે છે જે કંઈ વધું પ્રમાણમાં હોય તો પછી તેનાથી ઉદારતા દાખવો આપણા ધર્મની એ નીતિમત્તા છે. સવાલ માત્ર એટલો જ નથી કે મેં શું મેળવ્યું છે, સવાલ એ છે કે બીજાઓ મેળવવા પામે તે માટે મેં શું મદદ કરી છે, એ વિચાર ઈસ્લામમાં સામાજિક ઈમાનદારીનો છે.

તમારી પોતાની સફળતા માટે તમારા પોતા દ્વારા જ ચુકાદાઓ અપાવા જોઈએ, એ ચુકાદા તમારે જ કરવા જોઈએ, અને તમારે પોતાને તમારે વિશે એ સવાલો પૂછવા જોઈએ, અને જો તમે એ યોગ્ય રીતે પૂછો તો, અમે વિચારીએ છીએ કે તમે ખરા જવાબો શોધી કાઢશો અને તમે એ જવાબોથી ખુશી હશો કારણ કે એ તમને દરરોજ ધર્મની નીતિમત્તાની અંદર રહીને જીવવાનું ભાન કરાવશે.

આપણા તરીકાની નીતિમત્તાઓ એ હોવી જોઈએ કે જે તમને તમારા રોજિંદા જીવન પ્રત્યેના તમારા વલણોમાં દોરવણી આપે.

આપણી નીતિમત્તામાં, ઈસ્માઈલીમાં, શીઆ ઈસ્માઈલી નીતિમત્તામાં, અલ્લાહનો વિચાર અને તમારા દરરોજના જીવનમાં અલ્લાહની મૌજુદગી ઘણી જ અર્થપૂર્ણ છે.

જો તમે કાર્ય કરી રહ્યા હો અને તમારી સાથે તમારી તસ્બીહ હોય તો તમારી તસ્બીહ લો, અને ભલે એ ૩૦ સેંકંડ માટે હોય, અલ્લાહ કે અલી કે મુહમ્મદનું નામ લો, કે જેથી તમારા રોજિંદા જીવનમાં એવી પળો હોય કે જે તમે ધર્મના પાલનને, તમારા ધર્મના વિચારને અર્પણ કરો.

એ નાની પળોમાંથી કે જે તમે તમારા ધર્મની નીતિમત્તાને અને ધર્મના પાલનને અર્પણ કરો છો તેમાંથી તમે મહાન અંગત સુખ મેળવવા પામશો. અમને ખાતરી છે કે તમને આ ખરૂં જણાશે.

જમાતખાનામાં હાજરી આપો જમાત સાથેની દુઆ-

બંદગી મહત્વની છે અને અમે ચાહીશું કે એ હાજરી તમારાથી બની શકે એટલી નિયમિત હોય એ મહત્વનું છે કે તમે બની શકે ત્યારે હાજરી આપતા રહો.

અમારી એ ઊંડી ઊંડી આશા અને દુઆ છે કે અફઘાનિસ્તાનમાં શાંતી સ્થપાશે જુદા જુદા અર્થઘટનો ધરાવતા મુસ્લિમ ભાઈઓ અને બહેનો તરીકે રહેતા શીખશે.

તેઓ એ સમજશે કે ઈસ્લામ તેઓને એકબીજા વિશે ચુકાદો આપવાનો હક આપતો નથી. એ ચુકાદો તો અલ્લાહ આપે છે. અને કુઑન આ બાબત વિશે ઘણું જ સ્પષ્ટ છે : "લ કુમ દીનકુમ વ લીય દીન" પ્રત્યેક વ્યક્તિને તેનો પોતાનો ધર્મ છેં અને એ માની લેવામાં આવેલ અધિકારની બાબત ન હોવી જોઈએ કે મુસ્લિમોએ બીજા મુસ્લિમોના ઈમાનના બારામાં ચુકાદો આપવો. વળી આ ઈસ્લામનું એક અગત્યનું પાસું છે. જે આપણા ઈતિહાસનું કેન્દ્રિય પાસું છે.

......ખાનાવાદાન.

ફરમાન : ૨૧૨ તા. ૨૫-૯-૧૯૯૮તાજિકસ્તાનમાં બદકશાનના પાર્શનીવ ખાતે ફરમાવેલું ઈર્શાદ- મુબારક ફરમાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે તમને આગ્રહ કર્યો હતો કે ભેદભાવોનું નિરાકરણ કરવા માટે ફરીથી ક્યારે પણ હથિયારોનો ઉપયોગ ન કરવો જોઈએ, અને અમને અત્યંત ખુશી થાય છે કે ૧૯૯૫ પછી બદકશાન શાંતિમય રહયો છે. તમારા રોજિંદા જીવન અને તમારા પરસ્પરના સબંધોમાં ઈસ્લામની શાંતિની નીતિમત્તાને મુખ્ય કેન્દ્રબિંદુ બનાવવા માટે અમે તમને અમારી

મુબારકબાદીઓ અને માનઆદર આપીએ છીએ.

તમારા કુટુંબોની ભવિષ્યની પેઢીઓએ એ સમજવું જરૂરી રહેશે કે તે ધનસંપતિને કેવી રીતે સાચવવી અને કેવી રીતે તેનો વીકાસ કરવો, જેથી કરીને જ્યારે એક પેઢી તેની પછીની પેઢીને આ ધનસંપતિ સોંપી જાય ત્યારે તે ન માત્ર સહીસલામત રહે, પણ ખરેખર વધવા પામે.

એવું ન થવું જોઈએ કે તમારા સમાજમાં અનૈતિક ચાલચલગત અથવા એવી સામાજિક વર્તણુકો આવી જાય કે જેને આપણો ઈસ્લામ ધર્મ આપણને પાળવાનું કહે છે તેને બંધબેસતી ન હોય.

આ વિશ્વવ્યાપી દીનધર્મને તેની ૧૪૦૦ વર્ષોના ઈતિહાસમાં અને એક અબજ કરતાં પણ વધું લોકો દ્વારા તેના પાલન દરમ્યાન જુદાં જુદાં અર્થઘટનો આપવામાં આવ્યા છે. આ બાબત એવા લાખો મુસ્લિમો કે જેઓ થકી ઉમ્મા બની છે, તેના લોકોની, ઈતિહાસની અને ભાષાઓની વિવિધતાનું પ્રતિબિંબ પાડે છે. આપણે આ બહુંમતની માન સહિત નાંધ લેવી જ જોઈએ, પરંતુ આપણે કદાપી એ બાબતની ઉપેક્ષા ન કરવી જોઈએ, કે એવા મૂળભૂત સિધ્ધાંતો અને માન્યતાઓ છે, જે સર્વે મુસ્લિમોને એક સાથે બાંધી રાખે છે. તે છે; અલ્લાહનું એકપણું અને પયગમ્બર હ. મુહમ્મદ સ.અ. તેના (અલ્લાહના) છેલ્લા અને આખરી રસૂલ હતા. આ એવી દ્રઢ માન્યતાઓ છે; જેમાં પ્રત્યેક મુસ્લિમ સહભાગી બને છે. પછી ભલે તે અથવા તેણી જ્યાં પણ હોય  એ જરૂરી છે કે આપણા રોજિંદા જીવનની ગુણવત્તાને સુધારવા આપણે જે કોશિષો કરીએ તે આપણા દીનધર્મના નીતિમત્તાની અંદર રહીને

કરવી જોઈએ, અને આપણે જે પણ પરિણામો મેળવીએ તેનો લાભ એ નીતિમત્તાના માળખાની અંદર રહીને લેવો જોઈએ. સામાજીક જીવનની નીતિમત્તા અને નીતિમત્તાના સિદ્ધાંતો ઈસ્લામની સર્વે વિચારસરણીઓમાં એક સરખાંજ છે.

આપણી પાસે એ નોંધપાત્ર તક રહેલી છે કે આપણે જે સાંસ્કૃતિક સમાજમાં રહીએ છીએ તેના ભવિષ્યનું ઘડતર એ સિદ્ધાંતોના પાયા ઉપર કરીએ કે જે સર્વે મુસ્લિમોને એક કરે અને તેઓમાં ભાગલા ન પાડે.

ધનસંપતિ અને બળ મેળવવા એ જ કંઈ હેતુંઓ નથી હોતા પરંતું તેને બીજાઓની સેવાના ઉપયોગમાં લેવા જોઈએ જેઓને જીંદગીએ બાજુએ હડસેલી દીધા છે તેઓને મદદ કરવી જોઈએ આ મદદનો સર્વોત્તમ આશય હડસેલી દેવામાં આવેલાઓને તેઓની તકલીફોમાંથી છોડાવવાનો હોવો જોઈએ.

અલ્લાહની માનવજાત માટેની સૌથી મહાન ભેટ આપણી અક્કલનું રક્ષણ કરવું જોઈએ અને તેને આગળ વધારવી જોઈએ તેને નુકશાન પહોંચાડવું ન જ જોઈએ, ઓછામાં ઓછું તેનો નાશ તો ન જ કરાય આ કારણે નશો કરાવતી કોઈ પણ ચીજને સખ્તાઈપૂર્વક દુર રાખવી જોઈએ.

ઈલ્મ-જ્ઞાન જ્યાંથી પણ મળી શકે ત્યાંથી મેળવવું જોઈએ પરંતું તેનો ઉપયોગ આપણા દીનધર્મની નીતિમત્તાની અંદર રહીને કરવો જોઈએ.

આપણે સુલેહ શાંતિથી અને બીજાઓ માટે યોગ્ય આદરમાન સહિત જીવવું જોઈએ.

આપણે આપણા જીવનની પવિત્રતાને સંપૂર્ણપણે માન આપવું જોઈએ. ખુદ પવિત્ર કુર્આન ફરમાવે છે, અને જે કોઈ એક જીવને બચાવે છે, તેણે જાણે આખી માનવજાતને બચાવી લીધી.

આપણા જીવનની ગુણવત્તાને સુધારવા માટેની આપણી કોશિષોનું પરિણામ એવી સામાજિક વલણો અને વર્તણુંકોમાં ન આવે કે જે આ નીતિમત્તાની વિરુધ્ધ હોય. ...ખાનાવાદાન

ફરમાન :૨૧૩ તા. ૨૭ -૯ -૧૯૯૮ યોગેદ (બદકશાન)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

બદકશાનમાંના જીવનની ગુણવત્તામાં જે સુધારો લાવવા આપણે બધા સાથે મળીને કાર્ય કરી રહ્યા છીએ તેને લીધે એવું ન થવું જોઈએ કે, તમારા સમાજમાં અનૈતિક ચાલચલગત અથવા એવી સામાજિક વર્તણુંકો આવી જાય કે જેને આપણો ઈસ્લામ ધર્મ આપણને પાળવાનું કહે છે તેને બંધ બેસતી ન હોય.

અલ્લાહની માનવજાત માટેની સૌથી મહાન ભેટ આપણી અક્કલનું રક્ષણ કરવું જોઈએ અને તેને આગળ વધારવી જોઈએ તેને નુકશાન પહોંચાડવું ન જ જોઈએ પરંતુ તેનો ઉપયોગ આપણા દીનધર્મની નીતિમત્તાની અંદર રહીને કરવો જોઈએ. કેટલાક નીતિમત્તાના એવા સિદ્ધાંતો છે કે જેની ઉપર આપણે અહીં તેમજ જગતના અન્ય ભાગોમાં સાંસ્કૃતિક સમાજનું ઘડતર કરવાની કોશિષ કરવી જોઈએ એવા સિદ્ધાંતો છે, જે માર્ગદર્શન આપી શકે તેમ છે, અને આપણા રોજિંદા જીવનના સર્વે કાર્યો સાથે વણી લેવાય એવા છે. .....ખાનાવાદાન

ફરમાન :૨૧૪ તા.૧૮-૧૦-૨૦૦૦, ગાહકૂચ, પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

યાદ રાખો કે ઈસ્લામ સુલેહ શાંતિનો ધર્મ છે. એ ભાઈચારાનો ધર્મ છે. એટલા માટે, રોજબરોજના જીવનમાં આ સિદ્ધાંતોનું પાલન કરો.

અમારે અમારી જમાતને એ યાદ અપાવવું જોઇએ કે જો આપણે પ્રગતી કરવી હોય તો એકતા અને શિસ્ત મૂળભૂત બાબતો છે. .....ખાનાવાદાન

ફરમાન :૨૧૫ તા. ૧૮-૧૦-૨૦૦૦ હુન્ઝા, પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમે અગાઉના ફરમાનોમાં આ ફરમાવ્યું છે કે તમારે તમારી આજુબાજુની કોમો સાથે ઉષ્માભર્યા સંબંધો બાંધવા જોઈએ અને તેને જાળવી રાખવા જોઈએ. યાદ રાખો કે ઈસ્લામ ભાઈચારાનો ધર્મ છે. એ ઉદારતાનો ધર્મ છે, એ સંભાળ લેવાનો ધર્મ છે.

એ બાબત ધ્યાનમાં રાખો કે પોતાને તૈયાર કરવાનો સમય તમારા શિક્ષણ દ્વારા છે, અને એટલા માટે, અમારી જમાતની વધું યુવાન પેઢીઓને અમે ભલામણ કરીએ છીએ કે તમે એકધારી રીતે, જોશપૂર્વક અને સખત રીતે કાર્ય કરો, જેથી તમે પોતાને ભવિષ્ય માટે તૈયાર કરી શકો.

યાદ રાખો કે આપણા મઝહબનાં નીતિનિયમો, સિદ્ધાંતો અને પ્રૅક્ટીસ બદલાતા નથી. અને આથી, તમારા મઝહબની પ્રૅક્ટીસમાં નિયમિત રહો, તમારા મઝહબના નીતિનિયમો મુજબ જીવન ગુજારો, અનિચ્છનીય પ્રવૃત્તિઓમાં સંડોવાઇ ન જાઓ, અને એક ઠોસ નૈતિક સંદર્ભનું ઘડતર કરો જેમાં તમે અને તમારા કુટુંબીજનો આગળ વધી શકો અને કામ કરી શકો અને વિકાસ સાધી શકો ....ખાનાવાદાન

ફરમાન :૨૧૬ તા. ૧૮ -૧૦- ૨૦૦૦, ગિલગિટ, પાકિસ્તાન

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

યાદ રાખો કે અમે અમારી જમાત માટે જીવનની જે ગુણવત્તા ઈચ્છીએ છીએ તે માટે, તમે જે નીતિરીતિ સાથે રહો છો તેમજ તમારા ધર્મના પાલન સંબંધી આશયની પ્રમાણિકતા એ (બન્ને) મૂળભૂત માપદંડો છે. એટલા માટે તમારી દુઆ-બંદગીમાં નિયમિત રહો, ભાઈઓ અને બહેનો તરીકે રહો, ખરાબ આદતો-શેતાની આદતોને છોડી આપો.

.....ખાનાવાદાન

ફરમાન :૨૧૭ તા. ૨૨ -૧૦-૨૦૦૦, દરખાના, કરાચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જ્યારે અલ્લાહ મુસ્લિમોની કસોટી કરે છે ત્યારે તેઓએ, અલ્લાહે તેમને નવાજેશ કરેલ અક્કલથી તેનો સામનો કરવો જોઇએ. અને આજે, અમારી એ દ્રઢ માન્યતા છે કે અમારી અફઘાની જમાતે નિરાશાજનકની હાલતમાં જીવવું ન જોઈએ, પરંતુ તેઓએ હિંમતની, દ્રઢ સંકલ્પની તેમજ દ્રઢ મનોબળની હાલતમાં જીવવું જોઈએ, જેથી તમો તમારી જાતને વધુ સારા ભવિષ્ય માટે તૈયાર કરી શકો.

પાકિસ્તાનમાંની જમાતની સંસ્થાઓ, ઈમામતની સંસ્થાઓ તમારી મદદ કરવા માટે છે, પરંતુ તેઓ તમને માત્ર એટલી હદે જ સહાય કરી શકે કે જેટલું તમે ઈચ્છો અને તમે ખુદ પણ પોતાને મદદ કરો ! અમે તમારા માટે જે લક્ષ્યાંકોની આશા સેવીએ છીએ તે લક્ષ્યાંકોને સિદ્ધ કરવા તમે પોતે જ

વચનબદ્ધ ન બનો તો તે લક્ષ્યાંકો આપણે સિદ્ધ કરી શકીએ નહીં.

યાદ રાખો કે ભૌતિક જીવનને રૂહાની જીવનનું, આપણા ધર્મના નીતિનિયમોનું, આપણા ધર્મની નિયમિત પ્રૅક્ટીસનું આવરણ હોવું જોઈએ, નિયંત્રણ હોવું જોઈએ. આથી, જમાતખાનામાં નિયમિત રીતે હાજરી આપો. ખરાબ આદતોમાં સપડાઈ ન જાઓ. તમારી રોઝી પ્રમાણિકપણે કમાઓ. પોતાના માટે અને બીજાઓ માટે ખૂબ કામ કરો.

અમારી જમાતે અફઘાનિસ્તાનના ભાવિના બુદ્ધિશાળી વર્ગનું પ્રતિનિધિત્વ કરવાની ચાહના, વધું અને વધું ધરાવવી જોઈએ. અક્કલના વિકાસ સંબંધે મહત્ત્વાકાંક્ષી બનો. અક્કલી કાબેલિયત એ આપણા તરીકાની પ્રણાલિકા છે. એ પ્રણાલિકા છેક હઝરત અલીના સમય સુધી જાય છે. તેઓએ એ વખતે જે બોધપાઠ શીખવ્યા હતા તેમને આજે આપણે શા માટે જીવંત ન રાખીએ ? ચાલો, આપણે આપણી પ્રણાલિકાને વફાદાર રહીએ ! ચાલો, આપણે એ પ્રણાલિકામાં વિશ્વાસ ધરાવીએ ! જો કે આ પ્રણાલિકા સ્થાપિત થઈ તેને સદીઓ વીતી ગઈ છે છતાં ચાલો, આપણે એ પ્રણાલીકાને આપણી પોતાની બનાવીએ ! અમો તમને અમારા ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ અને મુશ્કિલ આસાન તથા સફળતા માટે અમારી દુઆઓ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ફરમાન :૨૧૮ તા. ૨૨-૧૦-૨૦૦૦ ખારાધર, કરાચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

પહેલો મુદ્દો, કદાચ, તમે અફઘાનિસ્તાનની બહાર રહો એ સમય દરમ્યાન એક નવી ભાષા શીખવાનો મુદ્દો છે. અને આ નવી ભાષા એ ઈંગ્લીશ ભાષા છે. આનો અર્થ એ નથી કે તે તમારી પ્રણાલિકાગત ભાષા છે. આનો અર્થ એ નથી કે તમે તમારી પ્રણાલિકાગત ભાષા-ફારસીને, અથવા તે જે પણ હોય તેને, છોડી આપો, બલકે તમે એક બીજી ભાષામાં સંપર્ક-વ્યવહાર કરવાની આવડતનો તમારી જાણકારીમાં વધારો કરો. એ ભાષા, આજે, વિશ્વવ્યાપી ભાષા બની ગઈ છે. એ ભાષા સાયન્સની ભાષા છે, તે અર્થકારણની ભાષા છે, તે આંતરરાષ્ટ્રિય કામકાજની ભાષા છે. અને અમારા યુવાન અફઘાનો, તેઓ જ્યાં પણ હોય, અગર ઈંગ્લીશમાં સંપર્ક-વ્યવહાર કરવા અને ઈંગ્લીશ સમજવા શક્તિમાન થાય તો તે અત્યંત ફાયદાકારક નીવડશે. તે ભાષા તમને વિશ્વવ્યાપી પ્રક્રિયા સુધીની પહોંચ આપશે. એ કારણે, તે ઈન્ટરનેટ સહિત સંપર્ક-વ્યવહારની આધુનિક ટૅકનૉલૉજી મારફત વિશ્વવ્યાપક જ્ઞાનને તમારા માટે પ્રાપ્ય બનાવશે.

તમે ભિન્ન ભિન્ન ભાષા બોલતા વિસ્તારોથી, ભિન્ન ભિન્ન પાશ્ચાદભૂમિકાઓમાંથી આવો છો, પરંતુ આપણા તરીકામાં રહેલું આ બહુમતપણું કોઈ કમજોરી નથી, એ તો એક શક્તિ છે. તે દુનિયાભરમાં આપણી જમાત સુધી ઈલ્મ તથા ભાષા તથા પ્રણાલિકાની બહુંવિધતા લાવે છે.

...ખાનાવાદાન

ફરમાન :૨૧૯ તા. ૨૩-૧૦-૨૦૦૦ દરખાના, કરાચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણો ભાઈચારો એક એવો ભાઈચારો છે કે જે સરહદો, ભાષાઓ, પાશ્ચાદભૂમિકાઓને પાર કરે છે, તે કારણે, એ ભાઈચારાની વિચારસરણી એવી છે કે જેમાં ભાઈઓ એકબીજાને સહાય કરે છે, બહેનો એકબીજાને મદદ કરે છે, અને તેઓ આમ એટલા માટે કરે છે કે તેઓ જે સહાય આપે છે, તેમાંથી પોતાના સમયને, અને જો શક્ય હોય તો પોતાની સાધન સંપત્તિને ઉદારતાપૂર્વક આપવા થકી સંતોષ અને આનંદ મેળવે. આ એક એવી પ્રણાલિકા છે કે જે આપણા ઈતિહાસમાં સદીઓથી ચાલતી આવી છે. આ એક એવી પ્રણાલિકા છે કે જેને અમે અતિ ઘણું મહત્ત્વ આપીએ છીએ.

અમે પાછલાં વર્ષોથી એ પ્રશ્ન ઉપર વિચારણા કરી રહ્યા છીએ કે અમારી જમાત શિક્ષણનો કેવી રીતે ઉપયોગ કરે છે ? શું તે શિક્ષણના આશયને સમજે છે ? શું તે શિક્ષણને નૈતિક મૂલ્યોની અંદર સંદર્ભિત બનાવે છે ? શું શિક્ષણ, યોગ્ય નૈતિક સંદર્ભમાં મેળવવામાં આવે છે અને શું તેનો તે રીતે ઉપયોગ કરવામાં આવે છે ? અને આજે અમે તમને જે ફરમાન ફરમાવી રહ્યા છીએ તે એક અગત્યનું ફરમાન છે, કારણ કે, સદ્નસીબે પાકિસ્તાનમાંની અને જગતના અન્ય ભાગોમાંની અમારી જમાત સારા શિક્ષણની વધું અને વધું પહોંચ ધરાવે છે. ઈસ્લામમાં શિક્ષણ એક નૈતિક આશય ધરાવે છે. તે કાંઈ બૌદ્ધિક અહંકાર સર્જવા માટે નથી. શિક્ષણનું અસ્તિત્વ, અલ્લાહે જે કંઈ સર્જન કર્યું છે, અલ્લાહ જ્યારે

પણ ચાહે છે, જ્યાં પણ ચાહે છે, તે જે પણ સ્વરૂપમાં ચાહે છે ત્યારે તે જે કંઈ સર્જન કરે છે, તેની વધું સારી કદર સમજવા સ્ત્રીપૂરૂષોને શક્તિમાન બનાવવા માટે છે. અને અમે નથી ચાહતા કે અમારા રૂહાની બચ્ચાઓ શિક્ષણનો વિચાર, માત્ર ભૌતિક ફાયદો મેળવવા માટે, આગળ વધવાના એક સાધન તરીકે જ કરે, કારણ કે તો પછી તે બૌદ્ધિક અહંકાર અને ભૌતિક લાલસાને જન્મ આપે છે. આ બાબત સંબંધી કાળજીપૂર્વક વિચાર કરો. અને જે શિક્ષણ તમે મેળવો છો તેનો સદ્ ઉપયોગ કરો. તેનો યોગ્ય રીતે ઉપયોગ કરો. તેનો નૈતિક રીતે ઉપયોગ કરો, કારણકે અમને ખાત્રી છે કે વિકાસ પામતા જગતમાંની જમાતનું ભવિષ્ય, કદાચ તેનાથી પણ વધું ઔધોગિક જગતમાંની જમાતનું ભવિષ્ય, વધતા જતાં પ્રમાણમાં શિક્ષણના અર્થ અને તેનો ઉપયોગી સાચી સમજણ ઉપર આધારિત હશે. શિક્ષણ કાંઈ માનવીય મૂલ્યોને તજી દેવા માટે નથી, અથવા તો તેને રૂંધી દેવા માટે નથી. તે સમાજને, ખોટા આડંબર અને લાલચ ભરેલા માર્ગે નહી, પરંતુ નમ્ર અને આભારવશ માર્ગે કાર્ય કરવા શક્તિમાન બનાવવા માટે છે. આથી આ વિચારોને આધુનિક શિક્ષણ દ્વારા, જમાતના માનસમાં પ્રવેશ થવા નહિ આપો અને તેને ઈસ્લામમાં રહેલા શિક્ષણના ખરા મૂલ્ય અને સાચા અર્થ સંબંધી તમને ગેરમાર્ગે દોરવી જવા નહિ આપો.

આજનું આ ફરમાન માત્ર એ જમાતો માટે જ નથી, જેઓ અહીં શારીરિક રીતે અમારી હુઝૂરમાં છે. આ એક એવું ફરમાન છે, જેના સંબંધી અમે ઈચ્છીએ છીએ કે તમે

વિચાર કરો, કારણ કે એ અગત્યનું છે કે એ મૂલ્ય પદ્ધતિ અને એ નૈતિક પાયાઓ કે જે વડે ઈસ્લામમાં શિક્ષણને પ્રોત્સાહન અપાય છે, તેને આધુનિક શિક્ષણ દ્વારા ગુમાવી દેવા માટે તમારે ગેરમાર્ગે દોરવાઈ જવું ન જોઈએ. આ અમારી એ જમાત જે આજે અહીં હાજર છે તેના માટે અમારૂં સરળ ફરમાન છે, પરંતુ તે અગત્યનું છે, અને અમે ચાહીએ છીએ કે તમે તે સંબંધી વિચાર કરો.

.....ખાનાવાદાન

ફરમાન :૨૨૦ તા. ૨૩-૧૦-૨૦૦૦ કરીમઆબાદ, કરાચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એક સર્વ સામાન્ય આર્થિક હેતું માટે વ્યક્તિઓનો સાથે મળીને કાર્ય કરવાનો વિચાર, એ તમારી પ્રવૃત્તિઓને વિકસાવવા માટેનો એક મજબૂત માર્ગ છે, અને આ બાબત અનેક સમયે, ખાસ કરીને અહીં, પાકિસ્તાનમાં, ઉત્તરીય વિસ્તારોમાંની આપણી પ્રવૃત્તિઓમાં પ્રમાણભૂત ઠરી છે. અને આ બાબત, જમાતની મહિલાઓ માટે પણ લાગું પડે છે. તેઓ જ્યારે સાથે મળીને કાર્ય કરે છે, ત્યારે તેઓ અદ્‌ભુત કાર્યો, અદ્‌ભુત કાર્યો કરી શકે છે, અને તેઓને સાથે મળીને કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

એ અગત્યનું છે કે તમે ઈમામ પાસેથી, તમારા ભવિષ્ય માટેના દિશાસૂચનો મેળવો. ઈમામ તમારી સમક્ષ એ માર્ગ સંબંધી પોતાના વિચારો અને ભલામણો વ્યકત કરે કે જેમાં તમે આજે અને ભવિષ્ય માટે, તમારા જીવનમાં વિકાસ સાધવા દષ્ટિ કરી શકો તેમ હો.

યાદ રાખો કે જો કે, અમે તમને દુન્યવી બાબતો સંબંધી દોરવણી આપીએ છીએ, (પરંતુ) મૂળભૂત બાબત તો એ છે કે તમે એક વંશ પરંપરાગત જમાનાના ઈમામનો સ્વીકાર કરતી જગતભરની જમાત સાથે સંબંધ ધરાવો છો, અને આપણા ભાઈચારાની નીતિમત્તા, આપણા ધર્મની નીતિમત્તા એવી નીતિમત્તા છે કે જેણે તમને ટકાવી રાખવા જોઈએ, અને જેણે તમને પ્રોત્સાહન આપવું જોઈએ તેમજ તમને માર્ગદર્શન આપવું જોઈએ. આથી, તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો, અને આપણા ધર્મની નિતિમત્તાઓને જગતભરમાં તમારી પોતાની વચ્ચે અમલમાં મૂકો. .....ખાનાવાદાન

ફરમાન :૨૨૧ તા. ૨૪-૧૦-૨૦૦૦ -ખારાધર, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

એ અગત્યનું છે કે અમારી જમાત એ સમજે કે ઈસ્લામના સંદર્ભમાં શિક્ષણનેં ન ફક્ત દુન્યા સુધારવા માટે ઉપયોગમાં લેવું જોઈએ, પરંતુ તેને ઈસ્લામની નીતિમત્તાના સિદ્ધાંતોના સંદર્ભમાં પણ ઉપયોગમાં લેવું જોઈએ. ઈસ્લામ આપણને ફરમાવે છે કે અલ્લાહના સર્જનને વધું સારી રીતે સમજવા માટે, એટલે કે, ધર્મના અર્થની વિશાળ સમજણ મેળવવા માટે આપણે પોતાને શિક્ષિત બનાવવા જોઈએ. અને એ મહત્ત્વનું છે કે અમારા એ રૂહાની બચ્ચાંઓ કે જેઓએ આટલો બધો સમય અને આટલા બધા પ્રયાસો,સારું શિક્ષણ મેળવવામાં રોકેલ છે, તેઓએ સમજવું જોઈએ કે શિક્ષણનો હેતું માત્ર દુન્યવી જીવન જ નથી. રૂહાની જીવનને પણ સમજવું ઘણું સારૂ છે.

આજે અમે અમારા રૂહાની બચ્ચાઓને ફરમાવીશું કે શિક્ષણના હેતુંને સમજવું એ આવતા દાયકાઓમાં, ફક્ત પાકિસ્તાનમાંની જમાત માટે જ નહી, પરંતુ જગતભરની જમાત માટે એક મુખ્ય બાબત છે. પોતાના ધર્મની નીતિમત્તાની, પોતાના તરીકાના ઈતિહાસને, આપણો તરીકો જે સિદ્ધાંતો ઉપર કાર્ય કરી રહ્યો છે, જેનું તે સમર્થન કરે છે, તેની સમજણ મેળવવી જમાતના ભવિષ્ય માટે ઘણી, ઘણી જ મહત્ત્વની છે, અને અમો એ ચાહીએ છીએ કે તમે એ જાણો અને ખરેખર, અમે માનીએ છીએ કે તમે જાણો છો કે જમાતના ધાર્મિક શિક્ષણની ગુણવત્તાને ઊચી લાવવા ઘણીબધી કોશિષ કરવામાં આવી છે. આ એક લાંબી અને વિશાળ પ્રવૃત્તિ છે, કારણ કે તેનો અર્થ ભૂતકાળના વિચારોને, એ સિદ્ધાંતો કે જે જીવનમાં કાયમી છે તેને, (તેમજ) જમાત માટે નીતિમત્તાના જે સંદર્ભો ઈચ્છવા યોગ્ય છે તેને આજના જમાનામાં આગળ લઈ આવવાનો છે. આથી, અમો અમારા રૂહાની બચ્ચાંઓને ફરમાવીએ છીએ કે ધર્મનું (Faith)શિક્ષણ આપતા વર્ગોમાં નિયમિત હાજરી આપો, જમાતખાનામાં નિયમિત હાજરી આપો, તેમજ તમારા જીવનમાં દુનિયા અને દીન વચ્ચે સમતુલા જાળવો. તમારા જીવનમાં દુનિયા અને દીન વચ્ચે એ સમતુલા જાળવી રાખો. તમારે એ જાણવું જ જોઈએ કે સુખશાંતિ માટેનો એ સર્વોત્તમ માર્ગ છે. તે સુખશાંતિ માટેનો સર્વોત્તમ માર્ગ છે. તમારા જીવનમાં એ સમતુલા જાળવી રાખો.

બીજું જમાતની વધું યુવાન પેઢીઓ જે, ઈન્શાઅલ્લાહ,

અગાઉની પેઢીઓ કરતાં વધુ સારું શિક્ષણ મેળવશે, તેઓએ પોતાના જીવનમાં ભાઈચારાના, સેવાના, નમ્રતાના, ઉદારતાના સિદ્ધાંતો જીવંત રાખવા જોઈએ. તેઓએ પોતાના સમય અને પોતાના જ્ઞાનમાંથી ફાળો આપવો જોઈએ, તેઓએ આપણી સંસ્થાઓને ટકાવી રાખવી જોઈએ, તેઓએ બીજી કોમો સાથે પુલો બાંધવા પોતાના જ્ઞાનને અન્ય સંસ્થાઓ અને સમાજો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ. નીતિમત્તાના સિદ્ધાંતની આસપાસ, સમાજના ઘડતરનો વિચાર (અમારી) જમાત અને અમારી જમાત જેમાં વસે છે એ સર્વે સમાજો માટે પાયાનો છે.

અમે સમતોલ જીવન જીવવાની જરૂરિયાત વિષે ફરીવાર ફરમાવીએ છીએ. એ બાબતની સંભાળ રાખો કે દુન્યવી લક્ષ્યાંકો, દુન્યવી હેતુંઓ તમારાં જીવનમાં એક માત્ર મહત્ત્વનું પાસું બનવા ન પામે. આ બાબતની સંભાળ રાખો. જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો. એની ચોકસાઈ કરો કે તમારા બાળકો સારૂં ધાર્મિક શિક્ષણ મેળવે. એની ચોકસાઇ કરો કે તેઓ આપણા ધર્મના સિદ્ધાંતો અને નીતિમત્તા સમજે. એ બાબતની ચોકસાઈ કરો કે તમે જે પ્રમાણેનું જીવન જીવો છો, તેમાં તેઓ અને તમે એ સિદ્ધાંતોને રોજબરોજના પાલનમાં લાવો. આપણી દુનિયાની હકીકત એ છે કે શિક્ષણ તથા જ્ઞાન માનવ સમાજમાં એક માત્ર સૌથી વધું મહત્ત્વનું ચાલક બળ બનતું જાય છે.

માનવ સમાજમાં કદી પણ આટલું બધું સારું જ્ઞાન, સાધારણ પ્રકારનું જ્ઞાન અને ખરાબ જ્ઞાન લોકોને મળવા

પામ્યું નથી. એટલા માટે કયું જ્ઞાન સારું છે, કયું જ્ઞાન સાધારણ કક્ષાનું છે, અને કયું જ્ઞાન બિલ્કુલ જ્ઞાન જ નથી, એ તો માત્ર એવી જાણકારી જ છે, જે સમાજ માટે સારી નથી, આ વિશેના ફેંસલાઓ, સંભાળપૂર્વકના ફેંસલાઓ તમારે કરવા પડશે. ડહાપણપૂર્વક પસંદગી કરો, અને એ જ્ઞાન એવી રીતે પસંદ કરો કે જે તમારા જીવનના સમતોલ આશયને ઉપયોગી નીવડી શકે. એટલા માટે, માત્ર ભૌતિક (પાસા) માંથી જ નહિ, પરંતુ રૂહાની (પાસા) માંથી પણ જ્ઞાન મેળવવું જ જોઈએ. જ્ઞાન મેળવવામાં એ યાદ રાખો કે એ જ્ઞાન તમારા જીવનમાં વધુંને વધું પ્રમાણમાં મહત્ત્વનું હોવાનું ચાલુ રહેશે. કેટલાક સમાજો, જેઓ ૨૫ વર્ષો અગાઉ, પોતાને શિક્ષણ મેળવેલ સમાજ ગણવા માટે માધ્યમિક શિક્ષણની ડિગ્રી સ્વીકારતા હતા, તેઓને આજે ગ્રૅજ્યુએટ અથવા તો માસ્ટર્સની ડિગ્રીની જરૂરત પડે છે. આવું પાકિસ્તાનમાં બનવા પામશે. આવતા દાયકાઓમાં આવું આખા ત્રીજા વિશ્વમાં બનવા પામશે, અને એટલા માટે, અમે નાનાં બાળકોને, જમાતમાંના યુવાનો અને યુવતીઓને ફરમાવીએ છીએ, કે યુવાન લોકો તરીકે તમે તમારા સમયનો ઉપયોગ પોતાને શિક્ષિત બનાવવા માટે કરો. તમારા શિક્ષણને ટુંકાવી ન દો. તમારું શિક્ષણ પૂરૂં કરો. પરંતુ યાદ રાખો કે ઈસ્લામમાં શિક્ષણ, સર્વોત્તમ શિક્ષણ, એ શિક્ષણ છે કે જે આપણા ધર્મની નીતિમત્તાના સિદ્ધાંતોમાં સમાયેલું હોય.

.....ખાનાવાદાન

ફરમાન :૨૨૨ તા. ૨૪-૧૦-૨૦૦૦ દરખાના, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

બીજી બાબત, જે આજે અમો અમારી જમાતને જણાવવા ઈચ્છીએ છીએ તે તમારા જીવનોમાં રહેલી સમતોલપણાની વિચારસરણી છે ભૌતિક તથા રૂહાની વચ્ચેની સમતુલા ! તમારામાંના જેઓ તમારી પ્રૅકટીસમાં નિયમિત છે, તમે જાણો છો કે જે સુખ તમે તમારી રૂહાની પ્રૅક્ટિસમાંથી મેળવો છો તે સુખના પ્રકારને, તે સુખની ગુણવત્તાને દુન્યવી સુખ સાથે કોઈ સંબંધ નથી પણ તે તો એ સુખનું હાર્દ જ હોય છે કે જે ગહન (deep) છે, અને જે તમારા જીવનોના ભાગરૂપ હોવું જોઈએ. તમે તમારો સઘળો સમય તથા વિચારો દુન્યવી બાબતોને આપતા હો એ કારણે આ રૂહાની સુખને છોડી નહિ દો. (જો તેમ ન કરો તો) આ એ ખોટો માર્ગ છે જેને અમારી જમાતે અનુસરવો ન જોઈએ.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમો એ જોવા માંગતા નથી, અમો એ મહેસુસ કરવા માગતા નથી કે આગામી દસકાઓમાં અમારા રૂહાની બચ્ચાંઓ સમતોલપણાનો એ ખ્યાલ ખોઈ ચૂક્યા હોય કે જે તમારામાં અને તમારા કુટુંબોમાં સુખ લાવવાનો એકમાત્ર સાચો અને સંપૂર્ણ તરીકો છે. આથી, તમારી પ્રૅકટીસમાં નિયમિત રહો, આપણા મઝહબના નૈતિક સિદ્ધાંતોને, ઉદાર પણાને, ભાઈચારાને, વિનમ્રતાને, શિક્ષણના ઉચિત ઉપયોગને દરરોજ તમારી જીંદગીઓમાં સ્થાન આપો. તમારા મઝહબના નીતિનિયમો મુજબ જીવન ગુજારો.

જો તમને સારૂં શિક્ષણ મેળવવાનું સદ્‌ભાગ્ય સાંપડયું હોય તો પછી તેનો અર્થ એ થયો કે અક્કલ-હોશિયારીમાં તમે વિશેષાધિકાર ભોગવો છો, તેનો અર્થ એ થયો કે અક્કલ-હોશિયારીમાં તમને તમારા જ્ઞાનમાં વધારો કરવા માટે જરૂરી નાણાંકિય સાધન સુધીની પહોંચ પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ સવાલ એ છે કે તમે એ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરો છો ? તમે તે જ્ઞાન સાથે શું કરો છો ? ઈસ્લામ કહે છે : તમે જ્ઞાનનો ઉપયોગ ખુદાના સર્જન વિશે વધારે શીખવા અર્થે કરો. તેનો અર્થ એ છે કે તમે સમાજનું નિરીક્ષણ કરો, તમે બ્રહ્માંડનું નિરીક્ષણ કરો - એ સઘળું ખુદાનું સર્જન છે. અને તેથી, તે સર્જનની સેવા કરો, ઈસ્લામના સંદર્ભમાં સેવા કરો કે જે ઉદારપણું શીખવે છે, જે કમજોરની સંભાળ લેવાનું શીખવે છે, જે નમ્રતા છે, જે માફ કરી દેવાનું શીખવે છે.

અમો આશા રાખીએ છીએ કે અમારી જમાત જેમ જેમ વધારે અને વધારે શિક્ષિત થતી જાય છે તેમ તેમ દુનિયાભરની તેની સંસ્થાઓની તેમજ જમાતની તેની સેવામાં વધારો થતો જશે, કેમ કે શિક્ષણનો એ ઉચિત ઉપયોગ છે. શિક્ષણને લોકોના લાભાર્થે, સમાજના લાભાર્થે લગાડવાની એ વાત છે, અને નહિ કે મતલબી તથા સ્વાર્થી બની જઈ માત્ર પોતાના લાભાર્થે જ વાપરવાની વાત ! અને અમો આશા રાખીએ છીએ કે આ ફરમાનને જમાતમાં સારી રીતે સમજવામાં આવશે અને એ કે આગામી દસકાઓમાં પાકિસ્તાન તથા અન્ય દરેક જગ્યાએ શિક્ષણનો આ ઉચિત ઉપયોગ પાકિસ્તાન તથા દુનિયાભરની જમાતના જીવનની ગુણવત્તામાં વધારો કરવા માટે એક સ્તંભ બની જશે તે એક સ્તંભ છે, તે એક

સ્તંભ તરીકે રહેશે, તે એક વધારે મજબૂત સ્તંભ બની જશે. તો અમારા રૂહાની બચ્ચાંઓને અમારૂં આજનું ફરમાન છે : શિક્ષણ હાંસલ કરો, જ્ઞાન તલબ કરો, પરંતુ સ્વાર્થી હેતું માટે તેનો દુરૂપયોગ નહિ કરો. તેનો ઉપયોગ એ મકસદ સાધવા કરો જે ઈસ્લામ શીખવે છે.

એટલા જ પ્રમાણમાં, અમો અમારા રૂહાની બચ્ચાંઓને ફરી ફરમાવીએ છીએ કે દરેક મુરીદમાં રૂહ તથા શરીર હોય છે. અનેં દરેક મુરીદનો એક માત્ર ભાગ જે અનંત છે તે રૂહ છે. ભૂલ નહિ ખાતા તમારા જીવનમાં સમતોલપણું જાળવો. તમારા મઝહબની પ્રૅક્ટીસ નિયમિતપણે કરો. તેમાંથી શક્તિ, ખુશી, હિંમત અને માર્ગદર્શન મેળવવા ચાહો. અને અમોને ખાત્રી છે કે તમારામાંના પ્રત્યેક જણ તમારી જીંદગીઓમાં એક યા બીજા સમયે એથી ખુશી થશે કે તમોએ તમારા મઝહબની પ્રૅક્ટીસ નિયમિત રીતે કરી છે ! અને અમો તમોને સુખ માટે, સિરાતઅલ-મુસ્તકીમ ઉપરની શક્તિ માટે અને મુશ્કિલ આસાન માટે ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ..

.....ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

તમારૂં જીવન સમતોલપણા સાથે ગુજારો. એકમાત્ર દુન્યવી સુખ તલબ ન કરો, બન્ને સુખ તલબ કરો : રૂહાની તથા દુન્યવી; આત્મિક તથા ભૌતિક. તેને તમારો ધ્યેય બનાવો.

.....ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ફરમાન :૨૨૩ તા. ૨૫-૧૦-૨૦૦૦ દરખાના, કરાચી
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ગત દાયકાઓ દરમ્યાન, વિકસી રહેલા જગતમાંના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. ઈન્શાઅલ્લાહ, ગુણવત્તામાં વધારો થવાનું જારી રહેશે, પરંતુ તે ગુણવત્તામાં થતો વધારો નસીબ ઉપર આધાર રાખતો નથી. તે વધારો સખત કાર્ય ઉપર, સંસ્થાઓ ઉપર, કોયડાઓને શોધીને જાહેર કરવા આપવામાં આવતા અક્કલમંદ પ્રત્યુત્તર ઉપર આધાર રાખે છે.

એક હદીસ છે જે કહે છે કે પયગમ્બર (સ.અ.વ) સાહેબે ફરમાવ્યું હતું કે ઈસ્લામમાં ૭૨ ફિરકાઓ થશે. પયગમ્બર (સ.અ.વ) સાહેબે ખરેખર એમ ફરમાવ્યું હતું કે નહિ તેનો આધાર એ હદીસની ગુણવત્તા ઉપર રહેલો છે. પરંતુ, તેમ છતાં, તે એમ દર્શાવે છે કે પયગમ્બર (સ.અ.વ) ના જીવનકાળ દરમ્યાન તેઓએ એ સ્વીકાર્યું હતું કે મુસલમાનો વચ્ચે વિભાગો પડશે, પણ તેઓએ એ વિશે કોઈ ફેંસલો નહોતો કર્યો કે તે ૭૨ ફિરકાઓ યા અર્થઘટનોમાંના કયા ફિરકાઓ યા અર્થઘટનો હશે કે જેમને તેઓ, બીજાઓને આપવા કરતાં, અધિકતર માન્યતા આપશે. તેઓએ જુદા જુદા મત ધરાવવાના લોકોના અધિકારનો સ્વીકાર કર્યો હતો. આધુનિક જીવનનું આ એક અતિ અગત્યનું પાસું છે, અને અમોને લાગે છે કે અમારી જમાતને આ બાબતે સ્પષ્ટ રહેવાની જરૂરત છે કે માનવ સમાજ જુદા જુદા મત ધરાવવાનો અધિકાર ધરાવે છે, એ કે બહુંમતપણું એ સમાજની કમજોરી

નથી. અગર તેને રચનાત્મક વાતાવરણની અંદર કામ કરવાની છૂટ આપવામાં આવે તો બહુંમતપણું સમાજની વૃદ્ધિ કરનારૂં છે, સમાજને બળ આપનારૂં છે. આથી, અમારી જમાત, તે જ્યાં પણ રહેતી હોય, આ વિચારસરણીમાં સહભાગી થાય કે અગર બહુંમતપણાનો ઉદ્દેશ સમાજમાંના સર્વે લોકો માટે જીવનની સારી ગુણવત્તાની રચના કરવાનો હોય, તો બહુંમતપણું સમાજમાંનું બળ હોઈ શકે છે અને હોય છે.

...ખાનાવાદાન

ફરમાન :૨૨૪ તા.૨૫-૧૦-૨૦૦૦ કરીમઆબાદ, કરાચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

આપણી તવારીખમાં અગાઉ કદી પણ જમાતે આટલા બધા જુદા-જુદા દેશોમાં વસવાટ કરેલ નથી. અને જગતભરની જમાતના ભાવિ માટે આ, સૌથી પહેલા તો, પોતાની તવારીખ વિશે શીખવાની એક તક છે અને, બીજું કે, ભૂતકાળના આપણા મહાન ફિલોસોફરો, આપણા મહાન ઈતિહાસકારો, આપણા મહાન કવિઓની હિકમત તથા વિચારસરણીમાંથી લાભ હાંસલ કરવાની એક તક છે. આપણી પ્રણાલિકા એક લાંબી પ્રણાલિકા છે, અને એ પ્રણાલિકાની અંદર, અક્કલની ભૂમિકા કેન્દ્રીય છે. આથી અમો ચાહીશું કે અમારા રૂહાની બચ્ચાંઓ, ખાસ કરીને નવયુવાનો, આ અદ્‌ભુત પ્રણાલિકા સુધીની પહોંચ ધરાવીને પરિપક્વ થાય, મોટા થાય, અને તેમાંથી ઈમાન, ખુશી તથા માર્ગદર્શન મેળવવા શક્તિમાન થાય.

.....ખાનાવાદાન

ફરમાન :૨૨૫ તા.૨૬-૧૦-૨૦૦૦ દરખાના, કરાચી(સવાર)
ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમો એ દિવસ જોઈ શકીએ છીએ કે જ્યારે પાકિસ્તાનમાં શિક્ષિત થયેલા યુવાન પુરૂષો અને યુવાન સ્ત્રીઓ ઔદ્યોગિક દુનિયામાં જઈ ત્યાંની સંસ્થાઓમાં તેઓને તમે અહીં ધરાવો છો તે જ્ઞાન, ઈતિહાસ અને કાબેલિયતો શીખવવા પોતાની સેવા આપશે. દાખલા તરીકે, એ અતિશય ઈચ્છવાયોગ્ય છે કે ઔદ્યોગિક જગત અરબી બોલતા શીખે, ઉર્દૂ બોલતા શીખે. એ અતિશય મહત્ત્વનું છે કે વિકસતી દુનિયાની આપણી સંસ્કૃતિઓને ઔદ્યોગિક દુનિયામાં આપણી ભાષાઓમાં સમજવામાં આવે તો ઓદ્યોગિક દુનિયા અને ત્રીજી દુનિયા વચ્ચે જ્ઞાનની આ બદલી ફક્ત એકમાર્ગી ન હોવી જોઈએ.

આ જ્ઞાન ખેડુતોને, દુકાનદારોને, વ્યાવસાયિક લોકોને, ડૉક્ટરોને શિક્ષકોને અને હિસાબનીશોને પ્રાપ્ય હોય ! આધુનિક જ્ઞાનનો ઉપયોગ કરવા માટે જોઈતા આવશ્યક નાણાં જમાતના ભાવિ માટેનો એક કેન્દ્રિય મુદ્દો છે.

આપણા સમક્ષ માનવ જ્ઞાનમાં આવી રહેલી એક ક્રાંતિ ઊભી છે, અને એ કે માનવ જ્ઞાનમાં આવી રહેલી એ ક્રાંતિ દુનિયાના ફક્ત એક ભાગના લોકો માટે જ નહિ પણ દુનિયાભરના લોકો માટે લાભકારી નીવડવી જોઈએ. તેને તેમના જીવનની ગુણવત્તામાં વધારો કરવા લોકોને ઉપલબ્ધ કરવી જોઈએ, અને તેને નૈતિક તથા નીતિરીતિને લગતા એ માળખામાં કાયમ કરવી જોઈએ કે જે ઈસ્લામી જગત તથા આપણા તરીકાને સ્વીકાર્ય હોય !

અમો આશા રાખીએ છીએ કે ઔદ્યોગિક દુનિયામાં શિક્ષિત થયેલા આપણા યુવાન લોકો, પોતાની કારકિર્દીઓ દરમ્યાન, ત્રીજી દુનિયામાં આવી આપણી સંસ્થાઓને ટકાવી રાખવાના કામમાં પોતાનો સમય, પોતાનું જ્ઞાન અર્પણ કરશે.

અમો તમારી ઉમેદો પૂરી થવા માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને એ કે ભાવિમાં તમને રાત દિવસ, દરરોજ, દર અઠવાડીએ, દર મહીને અને દર વર્ષે બરકતો નસીબ થવા માટે પણ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. અને અમો તમને મુશ્કિલ આસાન માટે ઉત્તમ, ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ફરમાન :૨૨૬ ૨૬-૧૦-૨૦૦૦ દરખાના, કરાંચી(બપોર પછીનું)

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

જમાતને અને બીજાઓને તમારા જ્ઞાનમાંથી, તમારી કાબેલિયતમાંથી અને તમારી કલ્પનાશક્તિ તેમજ તમારી યુવાશક્તિમાંથી લાભ મેળવવા દો, કારણ કે, યુવાની ધગશવાળી હોય છે, યુવાની સર્જનશીલ હોય છે, અને જ્યાં સુધી આપણા યુવાનો-યુવતીઓ આપણા તરીકાના સિદ્ધાંતો પ્રમાણે કાર્ય કરે છે અને જીવન જીવે છે, ત્યાં સુધી તેઓએ આગળ આવવું જોઈએ, આપણી સંસ્થાઓને ટકાવી રાખવી જોઈએ અને જમાતની ભવિષ્યની પેઢીઓને સેવા આપવાનો કેટલોક ભાર પોતાના ઉપર લેવો જોઈએ.

સિંધમાંના, પંજાબમાંના, બલૂચિસ્તાનમાંના, ગુજરાતમાંના, ગોર્નો બદખશાનમાંના, નૈરોબીમાંના, ડલ્લાસમાંના એક મુરીદે

જે અંતિમ સવાલ પોતાને પૂછવો જોઈએ, જે સવાલ દરેક મુરીદે પોતાને પૂછવો જ રહ્યો, તે એ છે કે: જમાત માટે શું સારું છે અને જમાતના જીવનની ગુણવત્તાને સુધારવામાં તેને મદદ કરવા હું શું કરી શકું તેમ છું ? અને એ સવાલો એ રીતે વહેંચાઈ ન જવા જોઈએ કે સિંધી જમાત માટે હું શું કરી શકું તેમ છું, અથવા પંજાબી જમાત માટે હું શું કરી શકું તેમ છું, અથવા તો ગુજરાતી જમાત માટે હું શું કરી શકું તેમ છું ? સવાલ તો એ છે કે જમાત માટે હું શું કરી શકું તેમ છું ? સવાલ આ જ છે. એટલે સંસ્કૃતિની, ભાષાની, ઈતિહાસની વિવિધતા તો છે જ. આપણે એ વિવિધતા ધરાવવા બદલ ભાગ્યશાળી છીએ. પરંતુ એ વિવિધતાને સર્વે જમાતના લાભ અને ભલાઈ માટે કાર્ય કરતી બનાવો. ........ખાનાવાદાન

ફરમાન :૨૨૭ તા.૨૭-૧૦-૨૦૦૦ કરીમઆબાદ, કરાચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

ભૌતિક સુખચેન માટે પ્રયાસ કરવા એ બિલકુલ વાજબી છે પરંતુ એક વ્યક્તિના જીવનકાળમાં તે તેનો યા તેણીનો એકમાત્ર મકસદ ક્યારેય બનવો ન જોઈએ. જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો, તમારી ઈબાદતમાં નિયમિત રહો, સમાજમાં પુરૂષો તથા સ્ત્રીઓ સાથે તમે જે રીતે દયાભાવથી, વિચારશિલતાથી, ઉદારપણાથી સંકલિત થાઓ છો તેમાં નિયમબદ્ધ રહો જેથી તમારા જીવનકાળ દરમ્યાન, આ દુનિયામાંના તમારા જીવનકાળ દરમ્યાન તમે દુન્યવી અને રૂહાની બાબતો વચ્ચે સાચી અને સમજદારીભરી સમતુલા જાળવી શકો. તમારા જીવનમાં જો તમો આ સમતોલપણું જાળવો તો તમો

જરૂર સુખી થાઓ એવો દ્રઢ વિશ્વાસ અમો ધરાવીએ છીએ. અને તેથી, આજે અમો અમારા રૂહાની બચ્ચાંઓને ફરમાવીએ છીએ : એવી મૂલ્ય-પ્રથાઓથી તે સમતોલપણામાં ભંગ પડવા ન દો કે જે મૂલ્ય-પ્રથાઓ આપણી તવારીખના, આપણા તરીકાના ભાગરૂપ ન હોય. મૂલ્ય-પ્રથાઓને તમારા નજદીક રાખો અને તેમની સાથે જીવન ગુજારો.

.....ખાનાવાદાન

ફરમાન :૨૨૮ તા. ૨૭-૧૦ ૨૦૦૦ દરખાના, કરાંચી

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અગર કોઈ વાત ઉપર તમારા વચ્ચે મતભેદ ઉભા થાય, તો તેનો ઉકેલ એ રીતે નહિ લાવવા ચાહો કે જેમાં એક શખ્સ જીતે અને બીજો શખ્સ હારે, પણ પોતાની જાતને પૂછો કે જમાતના શ્રેષ્ઠ હિતમાં શું છે ? એ ઉકેલ ઉત્તમ ઉકેલ છે. અગર કુટુંબમાં તે મતભેદ હોય, તો પૂછો કે કુટુંબના સઘળા સભ્યોના હિતમાં શ્રેષ્ઠ શું છે પોત પોતાની અંદર લડો નહિ, અને ખાસ કરીને કે જ્યારે તમે જુદી જુદી પાશ્ચાદ્ભૂમિકાઓમાંથી આવતા હો ! અમોએ જેમ અગાઉ અમારા ફરમાનોમા ફરમાવેલ છે તેમ જમાતમાં રહેલી વિભિન્નતાને એક આશીર્વાદ તરીકે જોવાની કોશિષ કરો કે જેને આપણે પ્રોત્સાહન આપવું જોઈએ, જેનું રક્ષણ કરવું જોઈએ. અને આપણે પ્રોત્સાહન આપવું જોઈએ, જેથી દુનિયાના ગમે તે ભાગમાંથી આવતા, ગમે તે પાશ્ચાદભૂમિકાઓમાંથી આવતા, ગમે તે ભાષા બોલતા સઘળા મુરીદો એ સમજે કે તેઓ દુનિયાભરમાં રહેતા બીજા દરેક મુરીદના ભાઈઓ અને બહેનો

છે. આપણા ભાઈચારાનો એજ અર્થ થાય છે.

તમે જે રીતે જીવન ગુજારો તેમાં ઈસ્લામના મૂલ્યોને વ્યક્ત કરો. અગર બીજાઓ આ મૂલ્યો વ્યક્ત કરતા ન હોય, તો તમે પોતે તેમને વ્યક્ત કરવાનું ચાલુ રાખો, કારણ કે તે મૂલ્યો આપણા મૂલ્યો છે, તે આપણા તરીકાના મૂલ્યો છે, અને આપણે તે મૂલ્યો ઉપર કોઈ બાંધછોડ કરવા માંગતા નથી.

આપણા તરીકાએ શિક્ષણને તેમજ અક્કલને મહત્વતાના અતિ ઊચા સ્તર ઉપર રાખ્યા છે. આપણે અક્કલમાં વિશ્વાસ ધરાવીએ છીએ, કારણ કે તે એ છે કે જે પૂરૂષ તથા સ્ત્રીને પૃથ્વી ઉપર રહેતા બીજા બધાયથી જુદા તારવે છે. અલ્લાહ ફરમાવે છે કે ઈન્સાન તેનું શ્રેષ્ઠતમ સર્જન છે. આ શ્રેષ્ઠતમ સર્જનને કઈ ચીજ બીજાઓથી અલગ પાડે છે ? તે શું છે ? એ અક્કલ છે. બીજું કાંઈ નથી.

જે નૈતિક સિદ્ધાંતો સાથે તમે જિંદગી ગુજારો છો તેમાં શિક્ષણનો સમાવેશ કરો. જ્ઞાનનો ઉપયોગ સારા હેતું માટે કરો. જ્ઞાનનો ઉપયોગ સારા હેતું માટે કરો. ઉપરાંત, તમારા જીવનમાં ભૌતિક અને રૂહાની બાબતો વચ્ચે સમતુલા જાળવો. આ સમતુલાને અકસ્માતથી કે વધારે ખરાબ રીતથી છોડી ન દેવાની સાવચેતી રાખો. તેને છોડી ન આપો. તમારા મઝહબની પ્રૅકટીસ નિયમિતપણે કરો. તમારા મઝહબનો વિચાર કરો. તેને દરરોજ તમારા જીવનનો ભાગ બનાવો કે જેથી તે તમારી હસ્તીનો તમારી ભૌતિક, માનવ હસ્તીનો ભાગ બની જાય.

.....ખાનાવાદાન

ફરમાન : ૨૨૯ તા.૧૦-૧૧-૨૦૦૧, સીરિયા, સલમિયા

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

આવનારા દાયકાઓમાં સુલેહશાંતિ માત્ર ત્યારે જ હાંસલ કરી શકાય તેમ છે કે જ્યારે એક વધું સારા ભવિષ્યનું સર્જન કરવા માટે માનવસમાજના બહુંમતપણાના સ્વભાવ ને સમજવામાં આવે, તેની કદર કરવામાં આવે, અને તેના ઉપર ઘડતર કરવામાં આવે. ઈસ્લામમાં માનવ સમાજના બહુંમતને સારી રીતે સ્વીકારવામાં આવેલ છે અને તેની અનેક વિધિ અર્થઘટનોની નીતિમત્તા માટે એ જરૂરી છે કે આ વિવિધતાને આદરમાન આપવામાં આવે. કોઈપણ મતભેદોનું સહનશીલતા દ્વારા, સમજદારી દ્વારા, સહાનુભૂતિ દ્વારા, વાતચીત દ્વારા, માફી દ્વારા, ઉદારતા દ્વારા નિરાકરણ કરવું જોઈએ, આ સઘળી બાબતો ઈસ્લામની નીતિમત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. એ યાદ રાખો કે ઝડપી ફેરફારના આજના જગતમાં શિક્ષણ એ જીવનભરની પ્રક્રિયા છે અને તે જીવનભરની પ્રક્રિયા રહેવી જોઈએ. માત્ર તમારી બૌદ્ધિક કાબેલિયતોમાં સતત રીતે રોકાણ કરવા દ્વારા જ તમે આવતી કાલના જગતમાં ટકી રહેવાની આશા રાખી શકો.

ઈસ્લામ આપણને અને દરેક વ્યક્તિને રૂહાની જીવન અને દુન્યવી સુખાકારી વચ્ચે સમતુલા જાળવી રાખવાનો અને તેના અથવા તેણીના દુન્યવી પ્રયાસો ઈસ્લામની નીતિમત્તાના સિદ્ધાંતો પ્રમાણેના હોય તેની ચોકસાઈ કરવાનો આદેશ આપે છે. દીન અને દુનિયા વચ્ચેની આ સમતુલામાં માત્ર વ્યક્તિની રૂહાની જવાબદારીઓની પરિપૂર્ણતા જ નહીં પરંતુ જ્ઞાન મેળવવાની જવાબદારી અને બીજાઓના ભલા માટે તેનો ઉપયોગ કરવાની જવાબદારી પણ આવી જાય છે....ખાનાવાદાન

ફરમાન : ૨૩૦ તા.૪–૧૨-૨૦૦૩, બૂની, અપ્પર ચિત્રાલ
ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

આપણે એ ધ્યાનમાં રાખીએ કે ઈસ્લામની અંદર અનેક અર્થઘટનો છે; જે કોઈપણ શહાદાનો સ્વીકાર કરે છે તે મુસ્લિમ છે, અને એ કારણે, તે આપણો ભાઈ અથવા આપણી બહેન છે, અને આપણે તેઓનાં ભાઈ બહેનો છીએ.

સૌથી પહેલાં, તમારે અનિચ્છનીય સામાજિક દૂષણોનો અસ્વીકાર કરવા માટે શિસ્ત ધરાવવી જ પડશે, કારણ કે તે તમારા પોતાના અને તમારા બાળકોના જીવનની ગુણવત્તામાં અવરોધ પેદા કરે છે. અને આથી, જે કંઈપણ વસ્તુંનો સંબંધ અનિચ્છનીય સામાજિક દૂષણો સાથે છે, તેને અમારી જમાતે અને બીજા સર્વ કોઈએ ત્યજી દેવું જોઈએ. અમે નથી ચાહતા કે અમારી જમાત જગતના આ ભાગમાં અથવા જગતના અન્ય કોઈપણ ભાગમાં કોઈપણ સ્વરૂપે ડ્રગ્સ (નશાકારક પદાર્થો) નો વપરાશ કરે અથવા તેનો વ્યાપાર કરે.

શિક્ષણ માટે બે પાસાઓ એવાં છે કે જે મહત્ત્વનાં છે. પ્રથમ એ છે કે અમે ઈચ્છીએ છીએ, અમે એવી અભિલાષા ધરાવીએ છીએ કે આપણી મહિલાઓ શિક્ષિત બને. બીજું, અમે એવી ઈચ્છા રાખીએ છીએ કે તમારા સમગ્ર જીવન દરમ્યાન શૈક્ષણિક પ્રક્રિયામાં તમે આગળ વધતા રહો તે માટે શિક્ષણની ગુણવત્તા તમને પ્રોત્સાહન આપતી હોવી જોઈએ, અને તમારે તમારા જ્ઞાનમાં સુધારણા લાવવાનો પ્રયાસ કરવો જોઈએ, કારણ કે એ શિક્ષણ જ છે કે જેની સાથે તમે

ચિત્રાલમાં, ન માત્ર ચિત્રાલમાં પરંતુ જગતના અન્ય ભાગોમાં જીવનની ગુણવત્તાની સમસ્યાઓને હાથ ધરવા ઉત્તમ રીતે શક્તિમાન બની શકશો.

.....ખાનાવાદાન

ફરમાન:૨૩૧ તા.૪-૧૨-૨૦૦૩, ગરમ ચશ્મા, લોઅર ચિત્રાલ

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે ચિત્રાલમાં શારીરિક રીતે ૧૬ વરસ માટે ઉપસ્થિત નહિ હતા, પરંતું અમે સર્વ સમયે અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં તમારી સાથે હતા.

ઈસ્લામમાં અનેક અર્થઘટનો છે, પરંતુ જે કોઈપણ શહાદાનો સ્વીકાર કરે છે તે મુસ્લિમ છે, અને સઘળા મુસ્લિમો ભાઈઓ અને બહેનો છે, અને એ બાબત આપણે કદીપણ ભૂલવી જોઈએ નહિ.

એ યાદ રાખો કે આપણા તરીકામાં અક્કલ એક ઘણી, ઘણી જ મહત્ત્વની બાબત છે અને આથી શિક્ષણ મહત્ત્વનું છે. પરંતુ માત્ર શાળામાંનું જ શિક્ષણ નહિ તમારા સમગ્ર જીવન દરમ્યાન સતત રીતે ચાલુ રહેનારું શિક્ષણ મહત્ત્વનું છે. દરરોજ વધારે અને વધારે શીખતા રહો, કારણ કે શિક્ષણ કદીપણ અટકતું નથી. આ આપણી પ્રણાલિકામાં છે. આથી તે પ્રણાલિકાનું સન્માન કરો અને તેને તમે જે રીતે રોજિંદું જીવન જીવો છો તેના ભાગરૂપ બનાવો.

....ખાનાવાદાન

ફરમાન : ૨૩૨ તા. ૧૩-૧૨-૨૦૦૩, દુબઈ, યુ.એ.ઈ.

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમે અમારા રૂહાની બાળકોને ભારપૂર્વક ફરમાવીએ છીએ, અને તે એ છે કે આપણા તરીકાની પ્રણાલિકાને સત્યપૂર્વક વળગી રહો. અમે જગતના વિવિધ ભાગોમાં પ્રથાઓમાં ફેરફારો કરેલ છે અને ફેરફારો કરતા રહીશું કે, જેથી જમાત જુદી જુદી પાશ્ચાદ્ભૂમિકાઓમાંથી આવતી હોવા છતાં, તેઓ સમાન પ્રથાઓમાં સંગઠિત બની શકે. પણ આ પ્રથાઓનાં મૂળ એકમાત્ર પણે આપણા તરીકાના ઈતિહાસમાં સમાયેલાં હશે, અને આથી, જે પણ ફેરફારો કરવામાં આવશે, તે આપણો તરીકો ઐતિહાસિક રીતે જે પ્રમાણે વિકાસ પામેલ છે તેની પ્રમાણિકતાને અનુંરૂપ હશે. અને અમે એવી ઈચ્છા રાખીએ છીએ કે અમારી જમાત એ જાણે કે આ બાબત ઉપર કોઈપણ બાંધછોડ કરવામાં આવશે નહિ આ સમયે કોઈપણ મુરીદ ક્યાં પણ રહેતો હોય, આપણા તરીકાનું સત્ત્વ એ આપણા તરીકાનું સત્ત્વ રહેશે.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

સિરાતલ્ મુસ્તકીમ પર મજબૂત રહો. તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો. એક મોટા કુટુંબ તરીકે એકતાપૂર્વક રહો. ખરાબ આદતોને ત્યજી દો. તમારા સમગ્ર જીવન પર્યંત તમારી જાતને શિક્ષિત બનાવો. અને અમે ઈમાનની મજબૂતી માટે સિરાતલ્ મુસ્તકીમ ઉપર રહેવાની શક્તિ માટે, તમારી સારી તંદુરસ્તી માટે, તમારા લાંબા જીવન માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અને તમારા કુટુંબોમાં એકતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના પ્યાર ભર્યા દુઆ-આશિષો

ફરમાવીએ છીએ.

.......ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારી જમાત એ જાણશે કે આપણા ઈતિહાસનું આપણું એ જ્ઞાન કે જેને સમય દ્વારા ભૂલાવી દેવામાં આવ્યું છે, જેને અમુક વખતે બીજાઓ દ્વારા ઈરાદાપૂર્વક ભુલાવી દેવામાં આવ્યું છે, તે જ્ઞાનની પુન:રચના કરવા માટે ભૂતકાળના દાયકાઓ દરમ્યાન ઘણો સમય આપવામાં આવેલ છે અને ઘણો પ્રયાસ કરવામાં આવેલ છે. પરંતુ એ અતિ આવશ્યક છે કે એ જમાતની અંદર ભૂતકાળની નીતિમત્તાની પ્રથાઓ અને માન્યતાઓથી, ઝમાનાના ઈમામો દ્વારા આપવામાં આવેલ હિદાયતથી આપણને માહિતગાર કરવા માટે આપણને એ જ્ઞાનની પુન:રચના કરવી જોઈએ અને તેનો ઉપયોગ કરવો જોઈએ, અને આપણને એ બાબતથી માહિતગાર રાખવા જોઈએ કે જેથી સંખ્યાબંધ મહત્ત્વના નિર્ણયોને ભવિષ્યમાં વધુ સારી રીતે આગળ ધપાવી શકાય.

અમારી જમાત અને બીજાઓ પોતાનું જ્ઞાન, પોતાનું ડહાપણ, પોતાની વિદ્ધતા અને બેશક તેમની પાસે જે દસ્તાવેજો અને લખાણો છે તે પ્રદાન કરશે કે જેથી આપણી પાસે એક એવી કેન્દ્રીય સંસ્થા હોય કે જેમાં આપણી જમાતનો ઈતિહાસ અને એ સમયે જમાત જેમની વચ્ચે વસતી હતી તે ઉમ્માહનો ઈતિહાસ વધું સારી રીતે જાણમાં આવે, કારણકે આપણે ભવિષ્યમાં એ જ્ઞાનને, એ નીતમત્તાઓને પ્રસ્તુત કરીએ એ અતિ મહત્ત્વનું છે.

અમારા રૂહાની બચ્ચાઓ, તમે એ ધ્યાનમાં રાખો કે તમે જ્યાં પણ રહેતા હો, આપણા તરીકાનું સત્ત્વ એવું છે કે

જેના દ્વારા તમારું જીવન દોરવાયેલું હોવું જોઈએ. અને તરીકાનું સત્ત્વ નીતિમત્તાના એ જ્ઞાનમાંથી આવે છે કે જે જ્ઞાન આપણા ઈતિહાસમાંથી, આપણા ધર્મના અર્થઘટનમાંથી, આવનારાં વર્ષોમાં જમાતના ફાયદા માટે આપણે જે રીતે અકલનો-જ્ઞાનનો ઉપયોગ કરીએ છીએ તેમાંથી આવેલ છે. આથી એ, ધ્યાનમાં રાખો કે જો કે, આપણે ભલે ભૌતિક જગતમાં રહેતા હોઈએ પરંતુ છેવટે, એ આખરતનું જીવન છે કે જે પ્રત્યેક સ્ત્રી-પુરુષની દ્રષ્ટિમાં હોય છે. એ યાદ રાખો એ માત્ર આત્મા જ છે કે જે દરેક મનુષ્યમાં અનંત છે અને આથી, તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો. જ્યારે તમે સમય કે કાર્ય માટે દુન્યવી રીતે તકલીફમાં હો તમારી તસ્બીહ કાઢો, તમારી તસ્બીહ લો, યા અલ્લાહ, યા મુહમ્મદ, યા અલીનું સ્મરણ કરો. તસ્બીહ પઢો કારણ કે તે પોતાની રીતે એ સમયની ઈબાદત-બંદગી છે. અને અતિ વધારે ભૌતિકવાદથી તમને પોતાને સુરક્ષિત રાખવું એ આપણા તરીકાની અત્યંત આવશ્યક આધારભૂત હકીકતોમાંની એક હકીકત છે. એ ખરેખર, ઈસ્લામનું સત્ત્વ છે, પરંતુ એ ખાસ કરીને આપણી પોતાની વારસાગત પ્રણાલિકાના પણ ભાગરૂપ છે....ખાનાવાદાન

ફરમાન : ૨૩૩ — તા. ૧૯-૩-૨૦૦૫, દારેસ્લામ, ટાન્ઝાનિયા

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

જેમ તમારી આસપાસનું જગત વિકસતું જાય છે, તમે એ ધ્યાનમાં રાખો કે તમારે દુનિયા માટે દીનને છોડી નહિ દેવો જોઈએ. એ ધ્યાનમાં રાખો કે જમાતખાનામાં હાજરી, નિયમિત

દુઆ-બંદગી, ધર્મની અને ધર્મના સિદ્ધાંતોની સતત સમજણ, એ તમારા રોજિંદા જીવનનો ભાગ છે. એ ધ્યાનમાં રાખો કે જીવન અનંત નથી. શારીરિક જીવન પછી તમે અનંત જીવનમાં દાખલ થાઓ છો એટલા માટે, જમાતખાનામાંની તમારી હાજરીમાં, નિયમિત દુઆ-બંદગીમાં બાંધછોડ કરો નહિ. અને અમે અમારી જમાતને ભૂતકાળમાં ફરમાવ્યું છે કે શાળાના બાળકોથી લઈને એ લોકો કે જેઓ પોતાની ભવિષ્યની પેઢીઓ માટે ભવિષ્યની ક્ષમતાનું ઘડતર કરવા માટે સખત મહેનત કરે છે, તમારા ઉપર જીવનના દબાણોથી અમે વાકેફગાર છીએ. પણ તેનો અર્થ એ નથી થતો કે તમે જમાતખાનામાં નિયમિત રહેવા માટેના સમય કે ઈચ્છાને તજી દો. અને સમયે સમયે ફક્ત તમારી તસ્બીહ લો, ફક્ત તમારી તસ્બીહ લો. અલ્લાહ પ્રત્યે તમારો ઉચ્ચ આદરભાવ વ્યક્ત કરવા, હઝરત અલીના નામને યાદ કરવા, થોડી સેંકન્ડો અર્પણ કરો, જેથી આ હંમેશ માટે તમારા રોજિંદા જીવનનો એક ભાગ બની રહે. તે હાંસિલ કરવું મુશ્કેલ નથી. તમે તે કરી શકો છો. તમે વ્યવહારીક રીતે જીવનમાં કોઈ પણ સંજોગમાં તમારી તસ્બીહ કાઢી શકો છો, પણ એ જ વખતે, તેનો અર્થ એ છે કે તમે માત્ર દુનિયા માટે નહીં પરંતુ દીન માટે સભાન છો. આથી અમે ઈચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓ, તેઓ ક્યાં પણ હોય, તમારા રોજિંદા જીવનમાં દીન અને દુનિયા વચ્ચે સમતુલાનો ખ્યાલ જીવંત રાખશો. આ મહત્ત્વનું છે અને અમને સંપૂર્ણ ખાત્રી છે કે તે તમને સુખ આપશે.
અને અમને સંપૂર્ણ ખાત્રી છે કે તે તમને સુખ આપશે.

......ખાનાવાદાન

ફરમાન : ૨૩૪ તા. ૨૦-૩-૨૦૦૫,કમ્પાલા-યુગાન્ડા

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

જગતની બાબતો સંબંધી અત્યારે અમે તમને વિસ્તાર પૂર્વક ફરમાવ્યું છે, પરંતુ અમે અમારી જમાતને વારંવાર ફરમાવ્યું છે : ધર્મની બાબતોને ભૂલી જાઓ નહિ. અને એ મહત્ત્વનું છે કે તમે તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો. એ મહત્ત્વનું છે કે તમે તમારા ધર્મની નીતિમત્તાઓને તમારા જીવનમાં અમલી બનાવો. એ મહત્ત્વનું છે કે તમારા જીવનમાં તમે જે રીતે જીવન જીવો છો તેમાં તમારો ધર્મ કાયમી રીતે હાજર હોય, અને એ હાંસલ કરવાનું આસાન છે, કારણ કે તમારામાંના મોટા ભાગના લોકો પાસે તસ્બીહ હોય છે. તમે હઝરત પૈગમ્બર સ. ના નામનું સ્મરણ કરી શકો છો. તમે હઝરત અલી અ. ના નામનું સ્મરણ કરી શકો છો. તમે ઈમામોના નામનું સ્મરણ કરી શકો છો. તમે ઝમાનાના ઈમામના નામનું સ્મરણ કરી શકો છો. તમારી પાસે શક્યતા રહેલી છે કે બીજાઓને જાણ થયા વગર પણ, સરળ રીતે તમારા ધર્મને યાદ કરીને, યાદ કરીને, યાદ કરીને, યાદ કરીને પાલન કરી શકો. યાદ રાખો અને કદી પણ ભૂલી જતા નહિ. જો તમે ભૂલી જશો તો તમે આત્માના જગતને છોડી દીધેલ છે અને તમારી આજુબાજુના ભૌતિક જગતથી તેને સંપૂર્ણપણે બદલાવી દીધેલ છે, અને આ બાબત સ્વીકાર્ય નથી. આથી, અમે અમારા રૂહાની બાળકોને ફરમાવીએ છીએ : તમે યુવાન હો, મધ્યમ ઉંમરના હો, વૃદ્ધ હો ત્યારે તમારા જીવનના જે કંઈપણ દબાણો હોય, (તો પણ) તમારા ધર્મના સ્મરણને

કદી પણ ભૂલી જતા નહિ.

તમારી વચ્ચેથી સીધાવી જતા પહેલાં ફરી એકવાર અમે તમારી જમાતોને, તમારા કુટુંબોને અને એ સઘળા મુરીદો કે જેમને તમે તમારા જીવન દરમ્યાન મળો તેમને અમારા ઉત્તમ, વહાલભર્યા દુઆ-આશિષો પાઠવીએ છીએ. અમે તમારા કુટુંબોના રૂહાની સભ્યોને પણ અમારા ઉત્તમ દુઆ- આશિષો પાઠવીએ છીએ. તેઓ અમારા વિચારોમાં છે, તેઓ અમારી દુઆઓમાં છે, અને અમે તેઓના રૂહની અખંડ શાંતિ અને રાહત માટે દુઆ-આશિષો મોકલાવીએ છીએ. આપણું જીવન ક્ષણિક છે. તે કોઈપણ રીતે કાયમી નથી. અને જેઓ શારીરિક રીતે અહીં નથી, તેઓ આત્માના સ્વરૂપમાં અનંત રીતે ત્યાં છે. અને એ રૂહાનીઓને અમે અમારા ઉત્તમ, ખાસ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

.....ખાનાવાદાન

ફરમાન : ૨૩૫ તા. ૨૨-૩-૨૦૦૫, નૈરોબી, કેન્યા

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

આજે અહીં હાજર અમારા સર્વે રૂહાની બાળકોને, તમારા કુટુંબોને અને તમારી જમાતોને અમે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય વહાલભર્યા અને અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમે અમારી જમાતને એ જણાવવા ચાહીએ છીએ કે અહીં પૂર્વ આફ્રિકામાં ફરી એક વાર હોવા બદલ અને આજે

આ મુલાકાતોના હેતુઓ સંબંધી અમુક વિચારણાઓમાં તમને સહભાગી બનાવવા બદલ અમે કેટલા બધા ખુશી છીએ. (આ મુલાકાતો દરમ્યાન) જ્યાં અમુક વખતે અમે અમારી જમાતને મળ્યા છીએ અન્ય સમયે અમે અમારી મુલાકાતોને ખાનગી રાખી છે પરંતુ તેમ છતાં ખાસ કરીને અહીં આફ્રિકામાં જમાતો માટે ભવિષ્ય શું હોઈ શકે, તે સંબંધી અમે જે માનીએ છીએ તેની તમને સમજ હોય.

ભૂતકાળમાં એવા સમય હતા કે જ્યારે જગતનો આ ભાગ, જમાતને રહેવા માટે મુશ્કેલ હતો, કે જ્યાં સુરક્ષાની ખાતરી ન હતી, જ્યારે આર્થિક તકની ખાતરી ન હતી, જ્યારે શિક્ષણ અને આરોગ્ય-સંભાળની ગુણવત્તા વિશ્વાસપાત્ર ન હતી, અને અનેક મુરીદો કે જેઓ ભૂતકાળમાં અહી હતા, તેઓ બીજા દેશોમાં જઈ વસ્યા છે; અમુક (અહી) રોકાઈ ગયા છે, પરંતુ જમાતની સંસ્થાઓની અને ઈમામતની સંસ્થાઓની ઉપસ્થિતિ જળવાઈ રહી છે. અને આ સંસ્થાઓએ આફ્રિકામાં ભૂતકાળના બદલાતા સમય પ્રમાણે પોતાને અનુંરૂપ બનાવેલ છે; અને ભવિષ્યમાંના બદલાતા સમય સંબંધી અમે કાળજીપૂર્વક વિચારી રહ્યા છીએ.

મૂળભૂત સવાલોમાંનો એક સવાલ જે ઈમામે પોતાને એશિયા અને આફ્રિકા સંબંધી એક વખત નહિ, પરંતુ અનેક, અનેક વખતે પૂછેલ છે, તે એ છે કે શું જગતના આ ભાગો અમુંક તબક્કે, અમુંક સમયે, જીવનની એવી ભરોસાપાત્ર ગુણવત્તા આપશે, કે જ્યાં તમે તમારા ભવિષ્યનું વિશ્વાસની સાથે ઘડતર કરી શકો, તમે સંતોષપ્રદ રીતે રહેવા માટે શક્તિમાન બની શકો, આરોગ્ય-સંભાળ અને શિક્ષણની સારી

પહોંચ ધરાવી શકો,અને તમને એમ બહું વિચાર કરવાની જરૂર ન રહે કે ઔધોગિક જગત જ આપણા વિશ્વનો એકમાત્ર એવો ભાગ છે કે જ્યાં મુરીદો સુખ અને સલામતીની સાથે રહી શકે છે. આફ્રિકા સંબંધી,મધ્ય એશિયા સંબંધી, ભારતીય ઉપખંડ સંબંધી અને જગતના અન્ય ભાગો સંબંધી આ સવાલ અમે અનેક વખતે પૂછેલ છે. અને છેવટનો સવાલ એ રહ્યો છે: શું એવો આત્મ વિશ્વાસ ધરાવવાનું શક્ય છે કે અમુક તબક્કે, સંસ્થાકીય ક્ષમતા એવી ગુણવત્તા- કામગીરીની એવી ગુણવત્તા પર પહોંચશે કે જ્યાં કુટુંબો અને ભવિષ્યની પેઢીઓ એમ કહી શકે કે, અમે જગતના આ ભાગોમાં જીવનની ગુણવત્તા ઉપર અથવા શિક્ષણ કે આરોગ્ય-સંભાળ, વગેરેની પહોંચ ઉપર, બાંધછોડ કર્યા વગર જીવન જીવી શકીએ છીએ.

આ પ્રથમ વાર છે અને અમે દસ,પંદર,વીસ વરસો અગાઉ આમ કહી શકવાની હિંમત કરી ન હોત અમે માનીએ છીએ કે આ પ્રથમ વખત એમ કહેવાનું શક્ય છે કે જો કે, આફ્રિકાની ઘણીબધી સમસ્યાઓ છે,પરંતુ અહીં પૂર્વ આફ્રિકામાં આપણે ભવિષ્ય તરફ વિશ્વાસપૂર્વક દૃષ્ટિ કરી શકીએ છીએ. આપણે ભવિષ્ય તરફ એવી આશા અને માન્યતા સાથે દૃષ્ટિ કરી શકીએ છીએ કે અહીં પુર્વ આફ્રિકામાં ભવિષ્યમાં ભરોસાપાત્ર સંસ્થાઓ ગુણવત્તાના એવા સ્તરો સુધી આગળ વધી શકીએ કે જેને તમે ઔધોગિક જગતની સંસ્થાઓના સ્તરોની સમાન નહિ તો પણ તેની નજદીક રહેલા જોઈ શકશો. એ સમયે જગતભરની જમાત ઈન્શાઅલ્લાહ, આફ્રિકા તરફ અને એશિયા તેમજ મધ્ય એશિયા તરફ જગતના એવા ભાગો તરીકે દૃષ્ટિ કરવા

શક્તિમાન હશે કે જ્યાં તેઓ પોતાને એવા વાસ્તવિક ભરોસા સાથે સ્થિર કરી શકે કે જ્યાં સલામતી રહેલી હશે. અને અમે જાણીએ છીએ કે અહીં કેન્યામાં એ સમસ્યા છે. પરંતુ અમે સુરક્ષા સંબંધી ફરમાવીએ છીએ; અમે ગુણવત્તા પૂર્વકના શિક્ષણની પહોંચ સંબંધી ફરમાવીએ છીએ; અમે ગુણવત્તાભરી ઔષધીની પહોંચ સંબંધી ફરમાવીએ છીએ; અમે નાણાકીય સેવાઓ, ઓછા દરના ધીરાણથી લઈને, ધંધા-વ્યાપાર માટે નાણાં પૂરા પાડવા સુધીની પહોંચ, વગેરે વગેરે બાબતો સંબંધી ફરમાવીએ છીએ, એટલે સુધી કે જ્યાં જમાત આત્મ વિશ્વાસની એવી લાગણી અનુંભવી શકે કે તમારી આગળ, તમારી અને ભવિષ્યની પેઢીઓની આગળ જે રહેલું છે તે માનવ જીવનનું એક સૌથી મહત્વનું પાસુ : તાર્કિક પસંદગીઓ કરવા માટે શક્તિમાન બનવાનું પાસું રહેલું છે.

અને અમને પાકી ખાતરી છે કે આપણું જગત જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ અહીંની જમાતો અન્ય જગ્યાએ સ્થળાંતર કરવાનું કદાચ વિચારે અને અન્ય સ્થળોની જમાત આફ્રિકા સ્થળાંતર કરવાનું વિચારશે. પરંતુ જે અગત્યની બાબત છે તે એ છે કે તમે એની ખાતરી રાખો કે તે સ્થળાંતરોનો ખાતરીપૂર્વકનો નિર્દેશ એવા સબળ નિર્ણય અને વિશ્વાસ પર કરી શકાય છે કે તમે જે દેશોમાં રહો છો અથવા જેમાં રહેવાનો હો, તેનો શિષ્ટ સમાજ એ પ્રકારનો હોય જીવનની એ ગણુવતાનો હોય કે જેના ઉપર તમે અને ભવિષ્યની પેઢીઓ ભરોસો રાખી શકો. આ કારણે જ ભૂતકાળમાં તાજેતરનાં વરસો દરમ્યાન અમારો ઘણો બધો સમય જાહેર સંસ્થાઓ સાથે, જગતના જુદા જુદા ભાગોમાંની આંતરરાષ્ટ્રીય

સંસ્થાઓ સાથે આ શક્તિનું ઘડતર કરવાના પ્રયત્નોમાં અર્પણ કરવામાં આવ્યો છે, કે જેથી જમાત વિવિધ દેશો તરફ દૃષ્ટિ કરી શકે અને કહી શકે કે અમારી પાસે આત્મ વિશ્વાસની એવી સૂઝ છે કે અમે આગળ વધી શકીએ તેમ છીએ, આનો અર્થ એવો નથી કે ભવિષ્યમાં દરેક બાબત ગુલાબનો એક બગીચો બની જશે. સામાન્ય રીતે ગુલાબના ફૂલ જવલ્લે જોવામાં આવતા ફૂલો છે, તે મુશ્કેલી ભરેલ આબોહવામાં સારી રીતે ટકી રહેતાં નથી, અને તેમને માવજતની જરૂરત હોય છે, તેમજ તેમને પાલન-પોષણની જરૂરત હોય છે. પરંતુ એ બાબત ધ્યાનમાં રાખો કે આજે આપણી પાસે એવી પરિસ્થિતિ છે કે જ્યાં અમે માનીએ છીએ કે ઘણાખરા ઔદ્યોગિક જગતમાંની જમાત માટે આવનારા દાયકાઓ ભૂતકાળમાં દેખાયા હતા તેના કરતાં ઘણા,ઘણા જ જુદા દેખાઈ શકે તેમ છે.

એ બાબત પણ ધ્યાનમાં રાખો કે જગતના આ ભાગો જેમ જેમ આગળ વધતા જાય છે, તેમ તેમ આપણે વધતા પ્રમાણમાં એવા હરીફાઈભર્યા સમાજોમાં રહેતા હશું અને તેમ તેમાં રહેતા હશો કે જ્યાં કાબેલિયત ઉપર, જ્ઞાન ઉપર, લાયકાત ઉપર વધારે મૂલ્ય રહેલું હશે; અને એટલા માટે એ અતિ આવશ્યક છે કે તમે તમારા ભવિષ્યનો પાયો સારા શિક્ષણ ઉપર અને સતત શિક્ષણના સિદ્ધાંતો ઉપર રાખો. એ અમારી માન્યતા છે કે આવનારાં વરસો દરમ્યાન આજના અનેક યુવાન સ્ત્રીપુરુષો પોતાના જીવનકાળ દરમ્યાન પોતાની કારકિર્દીઓ અને પોતાની પ્રવૃતિઓને બે અથવા કદાચ ત્રણ વખત પણ બદલાવશે, અને આથી, તેઓની પાસે માનવ

પ્રયાસના નવા ક્ષેત્રોમાં કાર્યક્ષમ બનવા માટે નવીન જ્ઞાન સુધીની પહોંચ ધરાવવાનું અને હરીફાઈભર્યા સ્તરે કામગીરી કરવાનું કૌશલ્ય હોવું જ જોઈએ. સામાન્ય રીતે કહીએ તો અમારી જમાત સુશિક્ષિત છે, શિક્ષણને મહત્ત્વ આપે છે અને આજે અમે એ બાબત ભારપૂર્વક ફરમાવવા ચાહીએ છીએ કે મજબૂત શિક્ષણ અને જ્ઞાન સુધીની પહોંચ ઉપર તમારી ભવિષ્યમાંની સ્થિતિઓનું ખાતરી પૂર્વકના વિધાનનો ખયાલ એ એક ઘણું જ મહત્ત્વનું પાસું છે.

જો જગત હરીફાઈભર્યુ બનતું જાય છે, વધું અને વધું હરીફાઈભર્યુ બનતું જાય છે, તો પછી અમે એવી આશા રાખીએ છીએ કે મુરીદો વ્યવસાયિક પ્રયાસોમાં, વ્યાપારિક પ્રયાસોમાં સંગઠિત થશે, તમે પ્રયાસના જે પણ ક્ષેત્રમાં હો, પરંતુ શક્તિ અને ક્ષમતાનું ઘડતર કરવા સંગઠિત બનો. આ માટે બે પ્રસ્થાપિત બાબતો છે કે જે અતિ આવશ્યક છે, અને જેના ઉપર અનેક વરસો પહેલાં અભિપ્રાય આપી શકાયો હોત, પરંતુ અમને લાગે છે કે આજે તેના પ્રતિ જમાતનું ધ્યાન દોરવામાં આવે એ જરૂરી છે. જો યુવાન લોકો પ્રયાસોમાં સંગઠિત બને, તો શક્તિઓનું એ જોડાણ બે ઘણા જ અગત્યના સિદ્ધાંતોના આધાર પર થવું જોઈએ. પ્રથમ બાબત પારદર્શકતા છે, એટલે કે બધા ભાગીદારો એવા મંડળમાં સંગઠિત બને કે જેને તેઓ બધા જોઈ શકે અને સમજી શકે તેમ હોય; અને બીજું, આ સમાન પહેલો નૈતિકતા અને પ્રમાણિકતા ઉપર આધારિત હોવી જોઈએ, કે જેથી દરેક ભાગીદારને એવી ખાતરી હોય કે વિસ્તૃત કરાયેલ સંસ્થા, કંપની અથવા તે જે પણ હોય, તેમાં તે અથવા તેણીનો ન્યાયપૂર્વકનો હિસ્સો

રહેલો છે.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આજે, જ્યારે જગતની જમાત આગળ વધી રહી છે અને જ્યારે અનેક ભાગોમાંથી રૂહાની બાળકો અહીં છે એ યાદ રાખો કે જો કે, દુનિયા મહત્ત્વની છે, તે કંઈ માનવ જીવન માટે અનંત નથી. માનવીના જીવનમાં જે એકમાત્ર વસ્તું અનંત છે તે દીન છે. આ બાબતને ધ્યાનમાં રાખો. તમારા ધર્મનું નિયમિત રીતે, નિયમિત રીતે પાલન કરો. જમાતખાનામાં નિયમિત રીતે હાજરી આપો. જો તમે દુઆ-બંદગી અદા કરવા શક્તિમાન ન હો, તો તમારી તસ્બીહ લો, દીન સંબંધી ખ્યાલો માટે થોડો સમય આપો. હઝરત અલી (અ.સ.) અથવા ઈમામોના નામનું સ્મરણ કરો. તમારા જીવન મારફત માર્ગદર્શન મેળવવાનો પ્રયાસ કરો, એ જરૂરી નથી કે તે રીતસરનો હોય પરંતુ તે સતત રીતે હોય. એ સર્મપણ અને ચિંતન-મનન તેમજ નમ્રતાની સાતત્યતા અને નૈતિક સિદ્ધાંતોનો સ્વીકાર છે કે જે આજે કોઈપણ પુરુષ અથવા સ્ત્રીના જીવન માટે મૂળભૂત છે. આથી, તમારા પાલનમાં નિયમિત રહો.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે જાણીએ છીએ કે તમારામાંના ઘણા લોકો પોતાને એવું પૂછે છે કે, આવનારા દાયકાઓમાં અમે પોતાને ક્યાં સ્થાપિત કરી શકીએ ? અમને કઈ અપેક્ષાઓ રાખવી જોઈએ ? અમે માનીએ છીએ કે જગત ભૂતકાળમાં હતું તેના કરતાં હવે આવનારા વરસોમાં ઘણું જ જુદું હશે. અને મહત્ત્વના સવાલોમાંનો એક સવાલ જે ઈમામ પોતાની જાતને પૂછે છે અને જમાતને જેમાં સહભાગી બનાવવા ઈચ્છે છે તે

આગળની વિચારણા છે જગતના વિવિધ ભાગોમાં પરિવર્તનની પ્રક્રિયાને અગાઉથી જાણી લેવાનો પ્રયાસ છે, કે જેથી જમાત તે પરિવર્તનો માટે પોતાને તૈયાર કરી શકે અને તે પરિવર્તનોને પોતાને માટે ઉપયોગી બનાવી શકે. એક અતિ આવશ્યક મુદ્દો ભાષાનો છે. અનેક વરસો અગાઉ, ઘણાં બધા દેશો અંગ્રેજી ભાષાને સમાન (ભાષાના) જૂથ તરીકે નહોતા ચાહતા. તેમની પાસે તેના માટે સારું એવું કારણ હતું. પરંતુ આપણી સંસ્થાઓમાં આપણે અંગ્રેજી ચાલુ રાખેલ છે માત્ર અંગ્રેજી નહિ, પરંતુ અંગ્રેજીને ચાલુ રાખેલ છે. એ નિર્ણયો અતિ મહત્ત્વપૂર્ણ હતા, અને અમને લાગે છે જમાત માટે એ બાબત ધ્યાનમાં રાખવી મહત્ત્વની છે કે તમારા ભવિષ્ય માટે રાષ્ટ્રીય ભાષા અતિ આવશ્યક બનશે. પરંતુ જ્ઞાનના વૈશ્વિક સંદર્ભમાં, નવા વિજ્ઞાનોની પહોંચના સંદર્ભમાં, પ્રયાસને બજાવી લાવવાની નવીન રીતોના સંદર્ભમાં, અંગ્રેજી પ્રસારણની ભાષા બનશે અને આથી, એ અગત્યનું છે કે તમે અંગ્રેજી તેમજ રાષ્ટ્રીય ભાષામાં સંદેશવ્યવહાર કરવા શક્તિમાન હો.

અંતમાં, અમે અહીં હાજર અમારા સર્વે રૂહાની બાળકોને, તમને, તમારી જમાતોને, તમારા કુટુંબોને સુખ માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, લાંબા આયુષ્ય માટે, સારી તંદુરસ્તી માટે, અને મુશ્કીલ આસાન માટે, તેમજ સિરાતલ્-મુસ્તકીમ ઉપર મજબૂતીપૂર્વક રહેવાની શક્તિ માટે અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ. અમે તમારી સાથે હોવા બદલ ઘણા જ આનંદિત થયા છીએ અને એ યાદ રાખો કે જો કે, અમે તેમને શારીરિક રીતે છોડી જઈએ, અમારી જમાતો સર્વ સમયે અમારા હૃદયમાં, અમારા મનમાં અને અમારી દુઆઓમાં હોય છે. ......ખાનાવાદાન

અમે આ પ્રસંગે જમાતમાં આટલા બધા મુરીદો દ્વારા અદ્‌ભુત મરજિયાત કાર્ય કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે તે માટે અમારી પ્રશંસા અને આભારને ભાર પૂર્વક દર્શાવવાની પણ તક ઝડપી લેવા ચાહીએ છીએ, અને એ દરેક કે જેણે ભૂતકાળમાં અથવા હમણાં આ મરજિયાત કાર્યમાં યોગદાન આપ્યું છે અથવા જે કોઈ ભવિષ્યમાં તેમ કરશે, અમે તેઓને એ જણાવવા ચાહીએ છીએ કે અમે તેમના કાર્યની કેટલી બધી કદર કરીએ છીએ, અમે તેનું કેટલું બધું બહુમૂલ્ય કરીએ છીએ અને અમે કેટલી બધી આશા રાખીએ છીએ કે તેઓ એ કાર્ય ચાલુ રાખશે. અને અમે તેઓને અમારો ખાસ આનંદ, અમારો ખાસ આભાર અને અમારા ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. .....ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

આ મુલાકાતના અંતમાં અમે ચાહીએ છીએ કે તમારા હૃદયમાં આત્મ વિશ્વાસ અને આનંદ હોય, તમે ભવિષ્ય તરફ આશાપૂર્વક દૃષ્ટિ કરો, અને જો કે, દરેક વ્યક્તિના જીવનમાં મુશ્કેલીઓ હોય છે, પરંતુ એ મહત્ત્વનું છે કે જમાત, જમાતી સંસ્થાઓ, ડેવલપમેન્ટ નેટવર્ક અને ઝમાનાના ઈમામ ભવિષ્ય માટે આયોજન કરવા, જગતના વધું અને વધું દેશોમાં સ્થિર તકને ઉપલબ્ધ બનાવવા માટે સાથે મળીને કાર્ય કરે, કે જેથી જગત જેમ જેમ વધું વૈશ્વિક બનતું જાય, જમાત પાસે પસંદગી કરવા માટેના વિકલ્પો હોય. અને ઈન્શાઅલ્લાહ, તમે ડહાપણ પૂર્વકની પસંદગીઓ કરશો. અમને તમારા માટે તે (પસંદગીઓ) તૈયાર કરવી પડશે.

.....ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ફરમાન:૨૩૬ તા. ૮-૬-૨૦૦૫, ટોરેન્ટો, સવારે ૧૦-૦૦ કલાકે
ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આજે અહીં અમારા સઘળા રૂહાની બચ્ચાંઓને, તમારા કુટુંબોને, તમારી જમાતોને, અમો અમારા અત્યંત ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમો ઈચ્છીએ છીએ કે કેનેડામાં ફરી એકવાર અમારી જમાત સાથે હોવાની અમારી અતિશય વધારે ખુશીને અમો કેનેડામાંની અમારી જમાત સમક્ષ વ્યકત કરીએ, અને કેનેડાની સરકાર તથા ગવર્નર જનરલ સમક્ષ એ બહુમાન માટે, કે જેની તેઓએ અમારા ઉપર નવાજેશ કરી છે, તેમજ એ શિષ્ટાચાર માટે, કે જે તેઓએ કેનેડાની આ મુલાકાત દરમ્યાન અમારા પ્રત્યે દાખવેલ છે, અમારો આભાર વ્યકત કરીએ.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

કેનેડામાંની અમારી જમાત સાથેની અમારી છેલ્લી મુલાકાત પછી, દુનિયામાં ઘણી ચીજો બદલાઈ ગઈ છે. આ પહેલાં ક્યારેય એશિયામાં, આફ્રિકામાં અને અન્ય જગ્યાએ જમાતને પરિવર્તનની આટલી બધી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડયું નથી. અને આ એ સમય રહ્યો છે કે જ્યારે જમાતના આગેવાનો અને અમો પોતે દુનિયાભરમાં જમાત માટે નવી તકોનું ઘડતર કરવા, જે દેશોમાં લડાઈ ચાલી રહી

હતી ત્યાં શાંતિ કાયમ કરવાની કોશિષ કરવા, આ દેશોમાં જમાતોના ભાવિ માટે તક પેદા કરવાની કોશિષ કરવા, અને સંસ્થાઓની કાર્યક્ષમતાનું ઘડતર કરવા મક્કમપણે કટિબદ્ધ રહ્યા છીએ, જેથી આ દેશોમાંની જમાતો પુન:બહાલ થયેલ શાંતિમાં લોકો વચ્ચે પુન:બહાલ થયેલ પ્રમાણિક વ્યવહારમાં, મતભેદો ધરાવતા હોવા છતાં એજ દેશોમાં રહેતા લોકો વચ્ચેના તે મતભેદોનો સ્વીકાર કરવામાં વિશ્વાસ સાથે ભાવિ તરફ નિગાહ કરી શકે. અને અમો ખુશી છીએ કે આટલા બધા દેશોમાં જમાત માટે શાંતિ તથા તકનું ઘડતર કરવાના આ પ્રયાસમાં કેનેડાની જમાત આટલી બધી ઉદારદિલ, આટલી બધી વિચારસભર રહી છે અને આટલો બધો ટેકો આપેલ છે !

અમારું એ દ્રઢપણે માનવું છે કે આપણે મોટાભાગની દુનિયામાં રાહતના અહેસાસ સાથે તેમજ શાંતિના અહેસાસ સાથે ભાવિ તરફ નિગાહ કરી શકીએ છીએ, પણ આપણે તે ફક્ત ત્યારે જ કરી શકીએ કે જો આપણા મૂલ્યો આપણા મૂલ્યો રહે, જો આપણે ઈસ્લામના શિયા ઈસ્માઈલી અર્થઘટન પ્રત્યેની આપણી જવાબદારીને તેમજ આપણા મૂલ્યોને સચ્ચાઈપૂર્વક વળગી રહીએ કે જે ભાઈચારાના, ઉદારપણાના, જ્ઞાનમાં વિશ્વાસ ધરાવવાના, જ્ઞાન મેળવવાના અને જ્ઞાનને જમાત તથા જેઓ વચ્ચે આપણે રહીએ છીએ તે લોકોના ઉપયોગ તથા લાભમાં વાળવાના આપણા મૂલ્યો છે.

આગામી થોડા દાયકાઓમાં, કેનેડાની જમાત પાસે, યુનાઈટેડ સ્ટેટસની જમાત પાસે, પશ્ચિમી યુરોપની જમાત પાસે દુનિયાભરમાં ગતિમાન રહેવાની અને પસંદગીઓ કરવાની

તકો હશે અને અમારી ઉમેદ તથા દુઆ છે કે અનુંકૂળ સંયોગ સાથે પસંદગીઓ કરવાની તકો હશે જ્યાં તમે જમાતી સંસ્થાઓ તરફ, દેશની સંસ્થાઓ તરફ એ વિશ્વાસ સાથે નિગાહ કરી શકશો કે ગુણસંપન્ન શિક્ષણ ઉપલબ્ધ હશે, સ્વરથ્ય સંભાળ સુધીની પહોંચ પ્રાપ્ય હશે, આર્થિક સહાય સુધીની પહોંચ પ્રાપ્ય હશે, એ કે તમે આ દેશોમાં વિભન્ન બિરાદરીઓ સાથે ભાઈચારા તથા શાંતિના અહેસાસમાં કામ કરી શકશો. અને અમારા માટે એ અતિ અગત્યનું છે, પરંતુ અમો માનીએ છીએ કે પશ્ચિમી જગતમાંની જમાતના ભાવિ માટે પણ એ અતિ અગત્યનું છે કે આ તકોનું તમારા માટે ઘડતર કરવામાં આવે, અને એ કે આ જમાતો પશ્ચિમી દુનિયામાં પ્રાપ્ત કરેલ પરંતુ આપણા મૂલ્યોમાં જડ થયેલ તમારા જ્ઞાનમાંથી, તમારી કાબેલિયતોમાંથી લાભ મેળવી શકે. વિશ્વવ્યાપી જમાતની સરખામણીમાં પશ્ચિમની, ઔદ્યોગિક જગતની અમારી જમાત નાની સંખ્યામાં છે, પરંતુ જ્ઞાનમાં તમે શ્રીમંત છો, કાબેલિયતમાં તમે પેઢી દર પેઢી આગળ વધી રહ્યા છો. અને એ તમો છો કે જેઓ તરફ દુનિયાભરમાં મોટાભાગની જમાત તમારું જ્ઞાન અને તમારી કાબેલિયતો મેળવવા માટે નિગાહ કરશે. આપણે પાછળ નિગાહ નહિ કરીએ અને આપણા ઈતિહાસમાંથી ફક્ત અનુંભવ અને જાણકારી હાંસલ નહિ કરીએ: આપણે નવા જ્ઞાનનો વિકાસ કરીશું અને તેને જમાતો સુધી લાવીશું પછી તેઓ જેટલા પણ દૂર દૂરના સ્થળોએ રહેતા હોય, જેટલા પણ એકલા- અટૂલા રહેતા હોય !

અહીં, કેનેડામાં, અમો માનીએ છીએ કે એક ઠોસ ભાવિ રહ્યું છે. અને ડેલીગેશન બિલ્ડીંગ કે જેનું બાંધકામ હાલમાં જ ઓટાવામાં શરૂ કરવામાં આવ્યું તે અમારા એ વિશ્વાસને વ્યક્ત કરે છે કે આપણે અહીંના તેમજ અન્ય જગ્યાઓના આપણા ભાવિનુ કેનેડાના મૂલ્યો પ્રદાન કરીને કેનેડાની જમાતના લાભ માટે તેમજ દુનિયાભરની જમાતના લાભ માટે કેનેડામાં મહત્ત્વપૂર્ણ સંસ્થાઓ ઊભી કરી શકીએ છીએ. પોતાની ઓળખ જાળવી રાખવાનો અધિકાર અને પોતાની આપણી મૂલ્ય-પ્રથાઓ જાળવી રાખવાનો અધિકાર અતિ અગત્યના છે. શિયા ઈસ્માઈલી ઈસ્લામની મૂલ્ય-પ્રથાઓ આ છે: જમાતમાં એકતા, ઈબાદતમાં નિયમિતતા, બીજાઓ પ્રત્યે ઉદારતા, જેઓને સહાયની જરૂરત હોય તેઓને સહાય કરવાની ચાહના, ઘર્ષણના નહિ પણ શાંતિના પુલો બાંધવાની ચાહના, તમારા વ્યવસાયિક તથા ધંધાકિય જીવનોમાં નીતિમત્તા અને પ્રમાણિકતા ! આ એ મૂલ્યો છે કે જેમની દુનિયાભરમાં બીજાઓ દ્વારા, જેઓ જમાતના સભ્યો નથી તેઓ દ્વારા પ્રશંસા થાય છે. અને જ્યારે અમો કેનેડાની જમાત તથા દુનિયાભરની જમાતના વિશે આ સાંભળીએ છીએ ત્યારે અમો ઈમામની હેસિયતે ઘણું ગૌરવ અનુભવીએ છીએ.

પશ્ચિમમાંની જમાતે અમુક બાબતોમાં પસંદગીઓ કરવાની છે. કે આપણી મૂલ્ય-પ્રથાની અખંડતાને જાળવી રાખવામાં આવે યા પછી પેઢીઓ ગુજરવા સાથે તે મૂલ્ય-પ્રથાની જગ્યા એવી મૂલ્ય-પ્રથાઓને લઈ લેવા દેવામાં આવે

કે જે ઈસ્લામમાંથી તેમજ ઈસ્લામના શિયા ઈસ્માઈલી તરીકામાંથી આવતી નથી. અને અમો જમાતના યુવાન વર્ગને ફરમાવીએ છીએ: જે સર્વોત્તમ હોય તેને આપણા સુધી, તમારી જમાત સુધી લાવો. કેનેડા તથા દુનિયાભરમાંની આપણી જમાતના ભાવિ માટે જે મૂલ્ય ધરાવતું હોય તેના મૂલ્યો વિશે સાવચેતીભર્યા નિર્ણયો લો, અને આવનારી પેઢીઓ માટે જે મૂલ્ય ધરાવનારૂં ન હોય તેને એક તરફ છોડી આપો. તમે ગુણસંપન્ન શિક્ષણ સુધીની પહોંચ ધરાવવાનું સદ્ભાગ્ય ધરાવશો બલકે તે સદ્ભાગ્ય તમે ધરાવો છો જ્ઞાનનો ઉપયોગ આગામી દસકાઓમાં જમાતના લાભમાં કરો.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

તમો દુનિયાભરમાં સંસ્થાઓના ઘડતરમાં તમારૂં જ્ઞાન અને તમારા સાધનો પૂરા પાડવામાં અતિશય ઉદાર રહ્યા છો, અને દુનિયાભરમાં આ સંસ્થાઓના ઘડતર માટે તમોએ જે ટેકો આપેલ છે તે માટે કેનેડાની અમારી જમાત સમક્ષ અમો અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમો માનીએ છીએ કે એક સમય આવશે કે જ્યારે જમાતના ભાવિ માટે મહત્ત્વ ધરાવતા સંખ્યાબંધ દેશોમાં, જે રીતે આ દેશો વિકાસ સાધે, જે રીતે તેઓ તક પેદા કરે, જે રીતે તેઓ શાંતિ પાછી હાંસલ કરે તેમાં, જમાત તથા તેની સંસ્થાઓની ક્ષમતા એક મહત્ત્વની ભૂમિકા ભજવી શકશે, કારણ કે એ તો આપણી મૂલ્ય-પ્રથાઓ છે કે જે આ દેશોમાં આપણી સંસ્થાઓની કાર્યક્ષમતા થકી સ્થાપિત થઈ હશે અને માન્યતા મેળવી હશે ! અમો ભાવિ તરફ વિશ્વાસ અને

આશા સાથે નિગાહ કરીએ છીએ, પણ અમો તમને આગ્રહ કરવા ચાહીશું કે તમે અન્ય બિરાદરીઓ સાથે ઉષ્માભર્યા સંબંધો જાળવો. અમોને કહેવામાં આવ્યું છે કે આજે અહીં જુદા જુદા અઢાર દેશોમાંથી આવેલા મુરીદો હાજર છે, અને અમો તમોને ફરમાવીએ છીએ કે એ અઢાર દેશોમાં દોસ્તી તથા વિશ્વાસના સંબંધો કાયમ કરો. આપણે તેઓ માટે જે કરી શકીએ તેને આપણને પાછું વાળવાની પણ તેઓથી અપેક્ષા રાખીએ, જેથી આગામી વર્ષો માટે જવાબદારીની બજવણીમાં બધા શામિલ હોય !

જમાતમાંના અમારા વૉલિયન્ટરો પોતાનો સમય આપવામાં ઘણા ઉદાર રહ્યા છે, અને આજે અમો જમાતમાંના વૉલિયન્ટરોને ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમે એ પણ આશા રાખીએ છીએ કે સમય અને જ્ઞાન આપવાની આ ઉદારતા કેનેડા તથા દુનિયાભરની જમાતને સંગઠિત કરતી રહેશે, એ કે કાર્યક્ષમતાનું ઘડતર કરવા માટેની આ ઉદારતા આગામી વર્ષોમાં સમય ગુજરવા સાથે એક નોંધપાત્ર તાકાત બનશે, અને એ કે સમય ગુજરતાં દુનિયાભરમાં જમાત માટે ખરેખરી ક્ષમતા તરફ નિગાહ કરવાનું શક્ય બનશે પછી જમાત જ્યાં પણ રહેતી હોય ! અને અમો તાજીકિસ્તાન, અફઘાનિસ્તાન તથા સીરીયા વિશે તેમજ મધ્ય એશિયા, પૂર્વ આફ્રિકા તથા પશ્ચિમ આફ્રિકાના અન્ય દેશો વિશે વાત કરી રહ્યા છીએ. ઘણા બધા દેશો છે કે જ્યાં, અમો માનીએ છીએ કે આગામી દસકાઓમાં, આપણી

સંસ્થાઓની કાર્યક્ષમતા અતિ, અતિશય અર્થપૂર્ણ ભૂમિકા ભજવવાની રહેશે.

અમો ફરી એકવાર તમારામાંના દરેકને અને તમારા કુટુંબોને અમારા અત્યંત ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમો સુખ માટે, લાંબા આયુષ્ય માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, અને મુશ્કેલ આસાન માટે દુઆ-આશિષો ફરમાવીએ છીએ. તમને ગમે તે બાબતોમાં મુશ્કેલીઓ હોય અમો દુઆ-આશિષો ફરમાવીએ છીએ કે તેમનો ઉકેલ આવી જાય!

જમાતમાં એકતા જાળવો. આપણા મૂલ્યોને મજબૂતપણે જાળવી રાખો. તમારા શિક્ષણનો અને તમારા જ્ઞાનનો ઉપયોગ જમાતના લાભમાં કરો. ઈસ્લામનું આપણું અર્થઘટન જ્ઞાનને બેહદ મહત્ત્વ આપે છે. અગર તેનો ઉપયોગ ઉચિતપણે કરવામાં આવે તો જ્ઞાન મઝહબનું પ્રતિબિંબ હોય છે. તે જ્ઞાન હાંસલ કરો અને તેનો ઉપયોગ ઉચિતપણે કરો.

તમે જ્યાં પણ હો અને તમે જે પણ કામ કરતા હો, ધ્યાનમાં રાખો કે તમે હમેશાં અમારા દિલમાં અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છો. વરસમાં એવો કોઈ દિવસ નથી હોતો કે જ્યારે અમો દુનિયાભરની અમારી જમાતનો વિચાર ન કરતા હોઈએ અને જમાત માટે કામ ન કરતા હોઈએ! અને એ જ અમારી ખુશી છે તે એ છે જે અમારા જીવનમાં આનંદ લાવે છે. અને અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાત

એ જાણે કે જ્યાં સુધી અમારી જમાત પોતાની મૂલ્ય-પ્રથાઓને વફાદાર રહે છે, અમો દુનિયાભરમાં ભાવિ તરફ ઠોસ આશા સાથે, ઠોસ વિશ્વાસ સાથે નિગાહ કરીએ છીએ !

અમો ફરી એકવાર તમને અમારા ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ અને તમને આગ્રહ કરીએ છીએ કે આજના અમારા દુઆ-આશિષો તમારી જમાતોને પહોંચાડો પછી તેઓ જ્યાં પણ હોય, તેઓ જ્યાં પણ હોય ! તમારા કુટુંબોને અને તમારી જમાતોને કહેજો કે આજે આપણે સાથે રહ્યા છીએ અને એ કે તેઓના સુખ માટે, તેઓની એકતા માટે, અને તેઓના પ્રયાસોમાં તેમની સફળતા માટે તેઓ અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

ભૂતકાળની જેમ, અને ભાવિમાં પણ, અમો મઝહબનું અર્થઘટન કરવાનું આપણા ઈતિહાસમાંથી હાંસલ કરવાનું, ઈસ્માઈલી તરીકાની અંદર રહેલી વિવિધ બિરાદરીઓને એકત્ર કરવાનું જારી રાખીશું કેમ કે આપણા પોતાના તરીકામાં બહુમતપણું રહેલું છે, અને અમો ચાહીએ છીએ કે અમારી જમાત એ જાણે કે અમો તે બહુમતપણાનો આદર કરીશું. અમો દુનિયાભરની વિવિધ જમાતોના મૂલ્યોને જાળવી રાખીશું. (પરંતુ) સર્વ ઉપરાંત, ઔદ્યોગિક જગતમાં રહેતી જમાત માટે : ધ્યાનમાં રાખો કે ભૌતિક જીવનની પ્રક્રિયા એ છે કે જે ખતમ થાય છે ત્યારે વ્યક્તિમાંથી એકમાત્ર ચીજ જે બાકી રહે છે, તેમજ જે હમેશાં રહેનાર છે, તે રૂહ છે. આથી

ભૌતિક માટે આત્મિકને છોડી નહિ દો. અમો ચાહીશું કે અમારી જમાતના ભાઈઓ અને બાઈઓ મઝહબી હોય ! એ મઝહબ પોતાને અનેક રીતે વ્યક્ત કરી શકે છે. એક રીતે, અમારૂં માનવું છે કે જેને તમે તમને ખુશી આપનારી પામશો તે, જ્યારે તમારી પાસે દિવસ દરમ્યાન અથવા રાત્રે નવરાશની પળ હોય એ વખતે ફક્ત તમારી તસ્બીહ લઈ હઝરત અલીનું નામ અથવા હઝરત નબી મુહમ્મદનું નામ અથવા ઈમામોના નામ લેવાની રીત છે. ઈબાદતના સમય ઉપરાંત દરેક સેંકન્ડ જે તમે તમારા મઝહબને અર્પણ કરો છો તે મઝહબનો એક અમલ છે. અને અમો માનીએ છીએ કે તે તમને ખુશી એ અર્થમાં આપશે કે તે તમને દુનિયા માટે દીનને છોડી દેવાથી બચાવશે. તે તમને યાદ અપાવશે કે જીંદગી હમેંશાં રહેનાર નથી રૂહ હમેંશાં રહેનાર છે. અને અમો આધુનિક દુનિયાના દબાણોથી સારી રીતે વાકેફગાર છીએ. અમો તેમને સમજીએ છીએ; અમો તેમને જાણીએ છીએ. અને તે ઝમાનાના ઈમામ ઉપર છે કે તેઓ પોતાની જમાતને એ હિદાયત આપે જેથી તેઓ મઝહબી ભાઈઓ અને મઝહબી બાઈઓ બની રહે ! અને, તમારા કાર્યમય દિવસ દરમ્યાન, સાંજની વેળાએ, જ્યારે પણ તમને મોકો મળે ત્યારે, મઝહબની સતત યાદદાસ્તનો આ અમલ એ અમલ છે કે જેને અમો ઉંચામાં ઉંચી મહત્ત્વતા આપીએ છીએ, કેમકે અમો માનીએ છીએ કે આ એ રીત છે કે જે વડે અમારી જમાત પોતાના મઝહબને વ્યક્ત કરી શકે છે અને તમારી આસપાસ દબાણો હોવા છતાં ઔદ્યોગિક જગતમાં જીવન ગુજારી શકે છે. તો અમો આશા રાખીએ છીએ કે

અમારી જમાત એ ધ્યાનમાં રાખશે કે તસ્બીહ ઉપર સીધેસાદી રીતે પયગમ્બર સાહેબનું નામ, હઝરત અલીનું નામ અથવા ઈમામોના નામ લઈ સતતપણે ગુજારવામાં આવતો આધિનતાનો એ અમલ તમને સુખની અનેક સૅકન્ડો આપશે, પણ તમારા મઝહબના રોજિંદા અમલમાં તે સૅકન્ડોનો અર્થ કલાકોના અને દિવસોનો થશે. અને તેથી, આજે, અમો અમારી જમાતને ફરમાવીએ છીએ: તમારી ભૌતિક જીંદગીઓ ગમે તેટલી ગૂંચવણભરી હોય, આધિનતાની એ પળોને છોડી ન દો કે તમે દરરોજ, દર સાંજે કોઈ વિધિ વગર, મઝહબના એક અમલ તરીકે, આધિન થવામાં ગુજારી શકો છો. અને અમો તમને અમારા ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ કે જો તમે આમ કરો તો તમને સુખ હાંસલ થાય, રૂહાની રોશની હાંસલ થાય, દુનિયાના દબાણોમાં રાહતની પળો હાંસલ થાય, એવી પળો હાંસલ થાય કે જેમાં તમે તમારા કુટુંબોમાં, તમારા કાર્યમાં, તમારા વિચારોમાં સુખ અનુભવો, તમને ભાવિમાં આત્મ વિશ્વાસ હાંસલ થાય અને કોયડાઓનો સફળતા પૂર્વકનો સામનો કરવાની હિંમત હાંસલ થાય!

અમો ફરીથી તમારામાંના દરેકને, કેનેડાની અમારી જમાતને અને જેઓ બહારથી આવલા છે તેઓને, અમારા ઉત્તમ, ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ. તમોએ જે રીતે કેનેડામાં પ્રગતિ કરી છે તેનું અમોને ઘણું ગૌરવ છે, અને અમો તમને ઉચ્ચતમ સફળતા માટે અને તમારી સઘળી ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમો આ પ્રસંગે તમારા કુટુંબોના સર્વે રૂહાની મેમ્બરોને પણ તેમના રૂહોની શાંતિ અને આરામ માટે અમારા દુઆ-આશિષો ફરમાવીએ છીએ. ...ખાનાવાદાન, ખાનાવાદાન.

ફરમાન:૨૩૭ તા.૮-૬-૨૦૦૫, ટોરેન્ટો, સાંજે: ૬.૨૮ કલાકે
ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમારામાં ઘણા ખરા જુવાન છે. તમો સારૂં શિક્ષણ લઈ શકો છો. અમો ઈચ્છીએ છીએ કે જ્યારે તમો ભવિષ્ય તરફ નજર કરો ત્યારે દરેક ચીજો ગ્રહણ ન કરો, પરંતુ જે સારૂં જ્ઞાન છે તે શિખો; અને તમારી જમાત અને દુનિયાની બીજી જમાતોને તેનો લાભ આપો. તમારા કુટુંબને તેનો લાભ આપો જેથી તમારા કુટુંબમાં એકતા આવશે. જે તમને સિરાતલ-મુસ્તકીમ ઉપર કાયમ રાખશે. તે આપણા જીવન મુલ્યો (સદ્ગુણો) સાથે ભવિષ્યમાં વિશ્વાસ અને આશા આપશે.

આપસ આપસમાં ભાઈ અને બહેન, ઉદારતા, અખંડતા, વોલીન્ટરી સેવા, દુન્યવી જીવનમાં નીતિમત્તાના સિદ્ધાંત ઉપર રહો, કારણ કે તમો નાની સંખ્યામાં (નાની કોમ) છો, તમો નાણાકિય સાધનો અને અક્કલનો વિકાસ કરી રહ્યા છો. અમો માનીએ છીએ કે તમો આવતા વર્ષોમાં દુનિયાની જમાત અને જે દેશોમાંથી તમો આવ્યા છો અથવા પાછા ફરવાના છો, તેના ઉપર સારી અસર પાડી શકશો.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

તમો ઔદ્યોગીક સમાજમાં વસો છો, જ્યાં ઘણી વખતે

સામાજીક દુનિયા, ભૌતિક જગત તમારા વિચારો અને સમય ઉપર સરસાઈ ભોગવે છે.

અમો અમારા ઔદ્યોગીક જગતના રૂહાની બચ્ચાઓને જણાવીએ છીએ કે યાદ રાખો કે દરેક મનુષ્યનું આયુષ્ય સીમિત હોય છે. અને તે સમય પુરો થઈ જાય છે ત્યાર પછી ફક્ત જે બાકી રહી જાય છે, તે વ્યક્તિનો રૂહ જ છે, કે જે અનંત છે. એટલા માટે અમારા રૂહાની બચ્ચાઓને જણાવીએ છીએ કે દુનિયાની ખાતર દીનને છોડી દેવાની ભૂલ ન કરતા.

તમારા જીવનમાં શિક્ષણનું, દુન્યવી કામકાજનું દબાણ છે તે અમે સમજીએ છીએ, પરંતુ તમારા ધર્મના અમલ કરવાના રસ્તા ઘણા છે. અને તેમાંનો એક રસ્તો એ છે કે દિવસ દરમિયાન તમારી તસ્બીહ લ્યો. અને દિવસમાં જેટલી વખત શક્ય હોય એટલી વખત અલ્લાહને યાદ કરો, હ. અલીને યાદ કરો, ઈમામોના નામ લ્યો, અને આ યાદ કરવામાં વધું સમય જતો નથી. તે આનંદથી અને નોખી રીતે તે યાદ કરી શકાય છે.

અમો માનીએ છીએ કે આ થોડા સેકંડો (થોડો સમય) દિવસમાં અનેક વખત યાદગીરી માટે આપો છો, તે તમને વ્યક્તિગત રીતે સુખ આપશે. અને તમે જે જીવન જીવો છો તેમાં વિશ્વાસ આપશે.

ખાસ કરીને ઔદ્યોગીક જગતમાં તમારી આ યાદગીરી ધર્મ માટેની ભાવનાને તમારા દરરોજના જીવનનો અંતર્ગત ભાગ બનાવો તે ઘણું, ઘણું અગત્યનું છે. તમારા કુટુંબમાં એકતા માટે, સારી તંદુરસ્તીમાં ફળીભૂત થવા માટે, સીરાતલ મુસ્તકીમ ઉપરની પ્રગતિ માટે, તમારી દુન્યવી પ્રગતિ માટે,

તમારી ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે અને ખાસ કરીને મુશ્કેલ આસાન માટે અમો દુઆ ફરમાવીએ છીએ.

આપણે આપણા તરીકાને વફાદાર રહેવું જોઈએ. અમોએ તમોને ઘણી વખત ફરમાવ્યું છે કે જ્ઞાન અને અક્કલ આપણા તરીકાનો એક ભાગ છે. ફરી એક વખત અમો તમારામાંના દરેકને અમારા ઉત્તમ વ્હાલભર્યા, દુઆ-આશિષ, ઉત્તમ વહાલભર્યા દુઆ-આશિષ ફરમાવીએ છીએ, તેને તમો તમારી સાથે તમારા માટે, તમારા કુટુંબ માટે તમારી જમાત માટે અને અમો આશા રાખીએ છીએ કે તમારા હૃદયમાં રૂહાની પ્રકાશ પથરાય.

.....ખાનાવાદાન.

ફરમાન : ૨૩૮ તા.૧૦-૬-૨૦૦૫,વેનકુવર, કેનેડા (સવાર)

ખુદાવિંદ નૂર મૌલાના શાહ કરીમ અલ્-હુસૈની હાઝર ઈમામે ફરમાવ્યું,

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

છેલ્લે જ્યારે અમો કેનેડામાં હતા; દુનિયામાં કેટલીક ઘટનાઓ ઘટી છે. જેના કારણે ઘણા માણસોએ ઈસ્લામમાં સંશય કર્યો છે અને તેઓ આપણા મજહબનું ઓછું મુલ્યાંકન કરે છે. ખરી રીતે તો તેઓ આપણા મઝહબના મુલ્યોને તેઓ પોતાના મઝહબ સાથેનો સંઘર્ષ સમજે છે. યાદ રાખો કે ઈસ્લામનો શિયા ઈસ્માઈલી તરીકો એવો તરીકો છે કે જે સર્વ પ્રથમ દરેક બાબતમાં શાંતિનો તરીકો છે.

બીજુ તે બુધ્ધી અને જ્ઞાનનો તરીકો છે. આપણે જ્ઞાન મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે જ્ઞાન ને નકારતા નથી. અને આપણે જ્ઞાન સારા હેતુંઓ માટે મેળવીએ છીએ.

અલ્લાહના સર્જનને સારી રીતે સમજવા, વળી જે લોકો સાથે આપણે રહીએ છીએ તેમની સારી ખીદમત કરવાનું જે પ્રમાણે કુરાન કહે છે. અને તે રીતે આપણે સારા હેતુંઓ માટે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ.

એટલા માટે શાંતિના, ઉદારતાના અને માયાળું પણાના મુલ્યોમાં વધારો કરો અને બીજી કોમો સાથે સારા સંબધો બાંધો. વર્ષોથી આવા મુલ્યો આપણા રહ્યા છે. અને અહિંયા કેનેડા અને દુનિયાના બીજા ભાગોમાં પણ આ મુલ્યો આપણા રહેવા જોઈએ અને તે ઈસ્લામના ખરાં મુલ્યો છે. અને જ્ઞાનની શોધ કરતી વખતે યાદ રાખો કે આપણા તરીકામાં જ્ઞાન એ ઈમાનનું પ્રતિબિંબ છે. જ્ઞાન છે તે ઈમાનનું પ્રતિબિંબ છે. એટલા માટે તમે જ્ઞાન મેળવો અને તેનો બરાબર ઉપયોગ કરો કે જે પોતાની રીતે જ ધર્મનું પાલન છે.

પરંતુ ધર્મ અને જ્ઞાનનો એવો સુમેળ હોવો જોઈએ કે જેથી તમે દુનિયા ખાતર દીનને છોડી ન આપો. સ્ત્રીઓ અને પુરૂષોની જ્ઞાન મેળવવાની મુશ્કેલીઓથી અમો માહિતગાર છીએ. તેઓ પોતાની જાતને સારી રીતે શિક્ષિત કરવા જ્ઞાનને તેઓ હરિફાઈ ભર્યા વાતાવરણમાં મેળવે છે. જમાતના ભૌતિક જીવનના દબાણથી અમો માહિતગાર છીએ. આવા વાતાવરણમાં પણ યાદ રાખો કે તમો કેટલીક બાબતો કરી શકો છો કે જે તમને અંગત આનંદ આપી શકે. તમારી તસ્બીહ લ્યો જ્યારે પણ તમને પાંચ સેકંડ, દસ સેકંડ કે, એક મીનીટ પણ મળે ત્યારે તમારી તસ્બીહ લ્યો; અને અલ્લાહનું નામ લ્યો; હ. પયગંમ્બનું નામ લ્યો; ઈમામોના નામ લ્યો; અમોને

ખાત્રી છે કે દિવસ દરમ્યાન તમને જે પળો મળશે તે પળો તમને સુખ, શાંતિ અને વિશ્વાસ આપશે. અને જે તમને દરરોજના જીવનમાં જ્યાં દીન અને દુનિયા સુસંગત છે, જ્યાં તમે એક ને માટે બીજાને ભૂલી જશો નહિ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

આજે સાંજે અમો જીસ્માની રીતે તમારાથી વિદાય લઈશું. આજે અમારી કેનેડાની જમાત અને દુનિયાના બીજા ભાગોમાંથી આવેલ જમાતને જણાવીએ છીએ કે તમો દરરોજ અમારા હૃદયમાં અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છો. અમારી જીંદગીનો એવો એક પણ દિવસ પસાર થતો નથી કે જ્યારે અમો અમારી જમાતને યાદ કરતા ન હોઈએ કે જમાત માટે કાર્ય કરતા ન હોઈએ.

અમો તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે તમારા લાંબા આયુષ્ય માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તમારી ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે અને ખાસ કરીને મુશ્કીલ આસાન માટે અમારા ઉમળકા ભર્યા, ઉત્તમ વ્હાલ અને પ્યાર ભર્યા દુઆ-આશિષ ફરમાવીએ છીએ,

......ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન